# આચારાંગ સૂત્ર.

મૂળ નિર્યુક્તિ અને ટીકાને આધારે ભાષાંતર

(ભાગ ૨ જો.)


લેખક—

મુનિરાજ શ્રી માણેક મુનિજી



પ્રસિદ્ધ કર્તા—

શેઠ ગીરધરલાલ હુંગરશી, ઑ. સેક્રેટરી.

શ્રીમાન્ મોહનલાલજી જૈન શ્વે. જ્ઞાન ભંડાર

ગોપીપરા—સુરત.

આવૃત્તિ ૧ લી ] વીર સં. ૨૪૪૮ [પ્રત ૭૦૦

"જૈન વિજય" પ્રિન્ટીંગ

કાપડિયાએ

મૂલ્ય

# આચારાંગ સૂત્ર બીજા ભાગની પ્રસ્તાવના.

પ્રથમ ભાગમાં શસ્ત્ર પરીજ્ઞા નામનું પહેલું અધ્યયન ટીકાના ભાષાંતર સાથે છપાઇ ગયેલ છે. તેમાં નવ અધ્યયનનું વર્ણન પાંત્રીસમે પૃષ્ટે આપેલ છે. આ બીજા ભાગમાં લોકવિજય, નામનું અધ્યયન આવેલ છે. તેના છ ઉદ્દેશા છે તે દરેક ઉદ્દેશામાં શુ અધિકાર છે તે નિર્યુક્તિ કારે બતાવેલ છે તે અનુક્રમણિકામાં જોવાશે. મુખ્યત્વે લોક એટલે સંસારી જીવ જે કારણોથી અશુભ કર્મ બાંધી ચાર ગતિમાં ભ્રમણ કરે છે. તેવું મિથ્યાત્વ અવિરતી કષાય વીગેરે અશુભ કૃત્ય સાધુ ન કરે તે આ અધ્યયનનો સર છે. ટીકા કાર મહારજે અમારા જેવા બાળ બુદ્ધિના માટે કેટલું વિસ્તારથી લખાણ કર્યું છે. અને તે વાંચતાં આત્માને કેવી અધ્યાત્મ શાંતિ થાય છે. અને તે એકેક પદ વાંચતાં આપો આપ સમજાશે. સૂત્રનો અર્થ ન સમજાય, ત્યાં તેમણે ભાવાર્થ પણ મુકેલ છે તે છતાં વર્ત્તમાન કાળના જીવોને વધારે સરળ થવા કાઉંસમાં પણ ખુલાસો કરેલ છે. દૃષ્ટાંત પણ કાઉંસમા મુકેલ છે. એટલું છતાં જીવોને વધારે સુગમ થાય તેવું કધરે વિદ્વાન હોય તે કરી શકે તેમ છે. સમજવું અને સમજાવવું એમાં ઘણો ભેદ પડે છે. માટે ટીકા સાથે રાખીને વાંચનાર બંધુઓને જ્યાં ખામી માલમ પડે ત્યાં ટીપણ કરી અમને જણાવવું. કે ત્રીજા ભાગમાં સુધારો થાય.

# વિષય અનુક્રમણિકા.

પૃષ્ઠ વિષય.

૧-૪ પહેલા અધ્યયનમાં જીવનું અસ્તિત્વ બતાવી સંસારી જીવો જે અશુભકૃત્ય છ કાયના વધથી કરીને કર્મ બાંધે છે, તેનું જ્ઞાન પ્રથમ મુનિને આપેલું તેનો ત્રણ પાના સુધી સાર અહીં આપ્યો છે.

૫-૬ બીજા અધ્યયનમાં તે બંધ મુનિએ ન કરવો, અને તે બંધથી કેમ છુટવું તે આ લોકવિજયમાં બતાવેલ છે તે લોકવિજયના ચાર અનુયોગદ્વારનું વર્ણન છે, તથા છ ઉદ્દેશામાં શું વિષય છે, તે નિર્યુક્તિકાર ૧૬૩ ગાથામાં બતાવે છે.

(૧) સાધુએ દીક્ષા લીધા પછી સંસારી સગાંનો પ્રેમ છોડવો જોઇએ.

(૨) સંયમમાં અદ્રઢપણું ન કરવું; પણ વિષયકષાયની ઉપેક્ષા કરવી.

(૩) માન એ અર્થ સાર (ઉપયોગી) નથી; પણ જાતિ વિગેરેના આઠે મદને બુદ્ધિથી વિચારીને છોડવા જોઇએ.

(૪) ભોગમાં પ્રેમ ન કરવો, સ્ત્રી વિગેરેથી દુઃખ પડશે; તે તથા મોહિતને પડતાં દુઃખો બતાવશે.

(૫) સંસારથી છુટેલા મુનિએ સંયમ-નિર્વાહ માટે ગૃહસ્થોનો આશ્રય લેવો.

(૬) તે ગૃહસ્થનો પરિચય થતાં મમત્વ થાય; તો, તે દૂર કરવો જોઇએ. કમળ પાણી-કાદવમાં ઉત્પન્ન

| પૃષ્ઠ | વિષય. |
|---|---|
| | થયા છતાં ઊંચું ( તરતું ) રહે છે, તેમ સાધુએ નિર્લેપ રહેવું. |
| ૭-૧૦ | લોક વિજય તથા સૂત્રમાં આવેલ ગુણ મૂળ તથા સ્થાનના નિક્ષેપા નિ. ગા. ૧૬૪-૬૭માં છે. |
| ૧૧-૪૬ | ૧૬૮થી ૧૮૦ સુધી તેનું વર્ણન છે. કષાયના નિક્ષેપા નિ. ૧૮૧માં છે. |
| ૪૭ | સંસારનો નિ. ૧૮૨ નિક્ષેપો છે. |
| ૪૮-૧૧૨ | કર્મના નિક્ષેપા તથા તેની વર્ગણાનું તથા બંધનું વર્ણન નિ. ગા. ૧૮૩-૮૪ તથા બહારની ગાથાઓમાં છે. લોભીના અશુભ વેપારો સૂત્ર ૬૩ સુધી બતાવે છે. તથા નિ. ૧૮૫-૮૬માં ઉપદેશ અપાય છે કે ઇંદ્રિયોની શક્તિ ન હણાય ત્યાં સુધી ધર્મ સાધી લો. |
| ૧૧૩-૧૨૧ | સૂ. ૬૯-૭૦ માં શરીરનો મોહ મુકવા કહે છે અને ક્ષણની અમૂલ્યતા બતાવે છે. |
| ૧૨૭ | પ્રથમ ઉદ્દેશો સમાપ્ત થયો. |
| ૧૨૮-૧૪૬ | લોભીનાં દુખ વીતરાગીનાં સુખો બતાવે છે. |
| ૧૪૮ | બીજો ઉદ્દેશો સમાપ્ત થયો, |
| ૧૪૯-૧૫૮ | ઉંચ નીચ ગોત્રનો અથવા કોઇ પણ જાતનો અહંકાર કે દીનતા ન કરવી. |
| ૧૫૯-૧૬૦ | સમિતિનું વર્ણન. |
| ૧૬૧-૧૭૬ | ખોડવાલા અંગોની દુર્દશા બતાવે છે તે જાણીને શરીરનો પણ મોહ ઉત્તમ મુનિઓ મુકી સંસાર તરે છે. |

| પૃષ્ઠ | વિષય. |
|---|---|
| ૧૭૭-૧૯૩ | સંસારને તરવા માટે ગુરૂ ભોગ ત્યાગવા મુનિને ઉપદેશ આપે છે. |
| ૧૯૪ | ચોથો ઉદ્દેશો સમાપ્ત થયો |
| ૧૯૫-૨૦૦ | મુનિએ ગૃહસ્થો પાસે ગોચરી વિગેરે લેવા જવું: પણ દોષિત વસ્તુ ન લે. |
| ૨૦૧-૨૦૭ | ૪૨ દોષોનું વર્ણન |
| ૨૦૮ | સાધુએ પ્રતિજ્ઞા ન કરવી. |
| ૨૦૯-૨૧૪ | ઊત્સર્ગ અપવાદનું વર્ણન એકાંત ન ખેંચવું. |
| ૨૧૫-૨૧૯ | મુનિએ પરિગ્રહ મૂર્છા ન રાખવી તેનું શંકા સમાધાન |
| ૨૨૦-૨૩૮ | કામનું વર્ણન અને તેનાં દુઃખો તથા મુનિને બોધ |
| ૨૩૮ | પાંચમો ઉદ્દેશો પુરો થયો |
| ૨૩૯ | ગૃહસ્થ સાથે મમત્ત્વ ન રાખવું |
| ૨૪૦ | એક પાપથી બીજાં પાપ પણ લાગે માટે મુનિએ વીર બનીને રાગદ્વેષ છોડવા |
| ૨૫૪ | યોગ્ય મુનિએજ કથા કરવી |
| ૨૫૫ | ચાર પ્રકારની કથાનું વર્ણન |
| ૨૫૬- ૬૭ | મુનિ બધામાં સમાન ભાવ રાખી ઉપદેશ કરે તથા પોતે કથામાં ન બંધાય |
| | છઠ્ઠો ઉદ્દેશો સમાપ્ત થયો |

# શુદ્ધિપત્ર.

| પૃષ્ટ | લીટી | અશુદ્ધ | શુદ્ધ. |
|---|---|---|---|
| ૧ | ૧ | વીતરાય | વીતરા |
| ૧ | ૧૫ | આચાયે | આચાર્યે |
| ૩ | ૭ | ફુરા | ફુરસ |
| ૪ | ૭ | રક્ષાનાં | રક્ષાના |
| ૫ | ૯ | ગમ | ગમ તે |
| ૭ | ૯ | બના | બતા |
| ૧૫ | ૭ | નારા | નારી |
| ૧૬ | ૫ | પર્યાપ | પર્યાય |
| ૧૬ | ૧૬ | પણુ | પણ |
| ૧૮ | ૧૯ | સ્વાદનાદ | સ્યાદ્વાદ |
| ૧૯ | ૪ | सेत्त | सत्त |
| ૨૦ | ૨ | ફેંક | ફેંકે |
| ૨૬ | ૧૪ | ઐદા | ઐાદ |
| ૨૬ | ૨૧ | સારૂં | સત્તા |
| ૨૭ | ૩ | જાય | ન જાય |
| ૨૭ | ૯ | પરિ | પારિ |
| ૨૮ | ૬ | શુભ્ર | શુભ |
| ૨૮ | ૧૫ | માવ | માવે |
| ૨૯ | ૧૬ | ભાવ મૂળ ત્રણ પ્રકારે છે. ઐાદયિક ઉપદેશ અને આદિ મુળ છે. તેમાં પ્રથમનું કહે છે. | |

| પૃષ્ટ | લીટી | અશુદ્ધ | શુદ્ધ. |
|---|---|---|---|
| ૩૨ | ૨૧ | બધા | બધાનું |
| ૩૩ | ૨૧ | સૂથ્રા | સ્થા |
| ૩૯ | ૧૫ | વીરિઆ | વોરિઓ |
| ૪૧ | ૩ | જેસૂઝ | સૂઝજે |
| ૪૭ | ૧૧ | યાય, છે | થાય છે, |
| | ૪ | નોગમ | નૈગમ |
| ૪૯ | ૨ | લેવા | લેવા, |
| ૫૭ | ૧૩ | ક્રિય | ક્રિય |
| ૫૯ | ૧૫ | ચારત્ર | ચારિત્ર |
| ૭૧ | ૧૩ | વાસી | વાસીથી |
| | ૧૪ | વાસીથી | વાસીઆ |
| ૭૩ | ૩ | થી | થી કર્યા |
| ૭૩ | ૯ | છે | છે કહયું છે કે |
| ૭૫ | ૫ | સુખનું | સુખ છે તે. થીપણ |
| | ૬ | અલ્પ | ઓ |
| ૭૮ | ૧૪ | મૂળમાં | મૂળનું |
| ૮૧ | ૧૮ | તેથી | તથા |
| | ૨૦ | ગુણ | ગુણ મૂળ |
| ૮૨ | ૬ | પ્રાપ્તિ | અપ્રાપ્તિ |
| ૮૪ | ૧૬ | નાખે | નાખે |
| ૮૮ | ૧૦ | ર | કર |

| પૃષ્ટ | લીટી | અશુદ્ધ | શુદ્ધ. |
|---|---|---|---|
| ૮૯ | ૯ | કૃત્ય | કૃત્ય) |
| ૯૨ | ૧૬ | ગુરૂ | કુરૂ |
| ૯૪ | ૧૦ | व | चर्वि |
| ૯૪ | ૧૬ | જો | લો |
| | ૧૬ | કાળમાં | કાળમાં નહીં |
| ૯૫ | ૧૭ | કન | કાન |
| | ૧૯ | રોગ | ગોગ |
| ૯૬ | ૧૮ | જો | જ્યો |
| | ૨૦ | કાન, | કાનથી |
| ૯૯ | ૬ | ને | નો |
| ૧૦૦ | ૧૫ | લો | કર્ણ શષ્કુલી |
| ૧૦૫ | ૧૮ | અ:વે | આવે |
| ૧૦૯ | ૯ | એએ | ઓએ |
| ૧૧૫ | ૧૪ | સતતત | સતતં |
| ૧૧૯ | ૬ | તે ઘણું | તેં ઘણું |
| ૧૨૭ | ૯ | प्रथमोदेश. | |
| ૧૨૯ | ૬ | અશક્ત | અશક્તચિત્ત |
| ૧૩૧ | ૨૦ | रइए | रईए |
| ૧૩૨ | ૧૩ | બતાવ્યું | કારણકે તે |
| | | આત્મા સાથે કાંઈક અંશે એકપણે છે. | |
| ૧૩૩ | ૮ | જોડલાં જે. | જોડલાંનો |
| | | શત્રુસંયમ છે, તેમાં અરતિ કરે. | |
| ૧૩૪ | ૮ | ઉપશમ | ઉદય |

| પૃષ્ટ | લીટી | અશુદ્ધ | શુદ્ધ. |
|---|---|---|---|
| ૧૩૫ | ૧૪ | તે | વિભક્તિના |
| | | પરિણામથી અર્થ લઇએ તો સમયમાં પણ | |
| ૧૩૬ | ૧ | मुणिणा | मुणिणो |
| ૧૩૭ | ૮ | હતા | હતા ન ધારે |
| ૧૩૭ | ૯ | પાળવાં જોઇએ. | પણ ન પાળે |
| ૧૩૯ | ૨ | मुक्तं | भुक्तं |
| | ૧૨ | ૭૪ | ૭૪ સૂત્ર |
| | ૧૯ | ,છે | ,છે તેથી |
| ૧૪૧ | ૧૮ | काल | काला |
| ૧૪૨ | ૩ | णहिं | एहिं |
| ૧૪૪ | ૬ | કરે છે. | અથવા ચોરના |
| | | ગામમાં વસે છે અથવા ભાગ લેવા ચોરો સાથે જાય છે. | |
| ૧૪૯ | ૧૩ | ચોકહું | ચોકડું |
| ૧૫૨ | ૧૬ | બાંગો | ભાંગો |
| ૧૫૫ | ૧૩ | भओ | मओ |
| ૧૫૬ | ૧૦ | ઢં | ઢંમ સોઇઢં |
| ૧૭૨ | ૬ | આ પાઠ | આ પણ પાઠ |
| ૧૭૬ | ૧૫ | જ: | જો |
| ૧૮૨ | ૧૦ | ચક્રૂ | ચક્ક |
| ૧૮૩ | ૨૦ | डकु | रोगंरंकु |
| ૧૮૪ | ૧૪ | णा | णां |
| ૧૯૧ | ૨૦ | સાંરે | સાંજરે |

| પૃષ્ટ | લીટી | અશુદ્ધ | શુદ્ધ. |
|---|---|---|---|
| ૧૯૩ | ૧ | જવું, | જવું, એ |
| ૧૯૪ | ૨૧ | કોઇ થોડું લાવે તો ભિક્ષા લાવ, ભાવ થયો છે અમે જરા લુણ માફક ખાતા નથી પણ અન્ન લાવ; એમ ઉદ્ધતછાત્ર માફક ન બોલવું. | |
| ૧૯૬ | ૭ | ને | નેન |
| ૧૯૯ | ૭ | ગંય | ગંધ |
| ૨૦૧ | ૮ | અશુદ્ધ | અવિશુદ્ધ |
| ૨૦૪ | ૧૭ | પદ્ | ઉદ્ |
| ૨૦૬ | ૧૩ | ચચિત્ત | સચિત્ત |
| ૨૧૧ | ૧૩ | લોથા | લોયા |
| | ૧૪ | ભ્ર | ભવભ્ર |
| ૨૧૬ | ૨ | પણ | તુરગમાફક |
| | ૧૨ | રે: | રૈ: |
| ૨૧૭ | ૩ | મા | મમા |
| | ૬ | ગૃહ | ગ્રહ |
| ૨૧૮ | ૯ | અવિ | વિ |
| ૨૨૧ | ૧૩ | પાપ | પામ |
| ૨૩૧ | ૨ | પિ | પે |
| ૨૪૬ | ૨ | મેણ | મણે |
| ૨૪૯ | ૧૮ | અમારો | આમારો |

# પ્રથમના ગ્રાહકો.

બાલાભાઇ કકલભાઇ તે અમદાવાદ શ્રાવિકાશાળા તરફથી દરેક જાતનાં દશ પુસ્તકો ખરીદ કરવા પત્ર આવેલ છે. તેજ પ્રમાણે

કાપડીયા ગીરધરભાઇ આણુંદજી ભાવનગર તરફથી પ્રત્યેકની એકેક કોપીનો પત્ર છે.

ઝવેરી બાલુભાઇ તરફથી દરેકની બે કોપી તથા મગન બેન મલજી અને ફકીરચંદ ખીમચંદ ,, ,, ૧ કોપી

મુનિ લક્ષ્મીચંદજીના ઉપદેશથી કચ્છ પત્રીવાળા શા. દેવજી આશવીર કચ્છ મુદ્રા સિવાય પ્રથમ ભાગમાં પુસ્તક તૈયાર થયા પછી કેટલાક મુનિ તથા ગૃહસ્થોએ યથા યોગ્ય પુસ્તક મંગાવી સહાયતા કરી છે. તેમને ધન્યવાદ આપીએ છીએ. તેમાં મુખ્યત્વે આચાર્ય શ્રી જય સૂરિજી છે.

## નાણાંની વ્યવસ્થા.

પ્રથમ ભાગમાં બતાવેલી શિલીક દશ વૈકાલિક બીજો ભાગ છપાવવામાં રોકાયલ છે. અને આચારાંગ તથા દશ વૈકાલિકના વેચાણમાં તથા બાકી રહેલ રકમમાં ત્રીજો ચોથો ભાગ છપાવવા તજવીજ છે.

પણ આચારાંગ બીજા ભાગમાં જેમણે મદદ કરી છે. તેનું લિસ્ટ નીચે આપેલ છે.

૪૦) સાકરચંદભાઇ મદરાસી સુરત કાચ મોહલો
૨૦) લોઢા અચળદાસજી બીયાવર તીવરીવાલા
૧૦૦) એક બાઇ તરફથી ચુનીલાલ દાળીયા સુરત

૫૦) ઝવેરી ગુલાબચંદ દેવચંદભાઇ સુરત
૧૦૧) ઝવેરી નગીનદાસ ઘેલાભાઇ સુરત
૧૦૦) ઝવેરી સુરજમલભાઇ લલુભાઇ પાલણપુરવાળા. મુંબાઇ
૨૫) વાલોલના શ્રાવક મોતી રાજાજી તથા
૧૫) લક્ષ્મીચંદ ભગાજી
૨૫) કૃષ્ણાજી જોધાજી સુરત.
૫) શા. લલુ દેવાજી સગરામપુરા.
૧૨ાા છગનલાલ ચોકશી ઝાંપા સુરત.
૬ા વલકચંદભાઇ
૫) હીરાચંદ આશાજી સગરામપુરા
૨) જીવણ કમાજી
૧૦ા= શા. ભીમાજી ભાણાજી વલસાડ
૨૫) સુરચંદ ખેતાજી બુહારીવાળા
૧૦) મગનભાઈ ઉજમભાઇ કોઠારી પાલણપુર,
૨૫) ફલોધિના એક શ્રાવક તરફથી જ્ઞાન સુંદરજી મહારાજનાં ઉપદેશથી.

---

૫૭૫।=

## કઠોર ખાતેથી કહેલી મદદ.

૧૦) શા. ભીમાજી ભગવાનજી
૧૫) ,, ફકીરચંદ કપુરચંદ
૨) ,, વીરચંદ ખુમાજી
૧ા ,, મોહનલાલ લખમીચંદ

૧। ,, ફતેચંદ ખીમચંદ
૧। ,, ડાહ્યાભાઇ કપુરચંદ
૧। ,, ભગુભાઇ વીરચંદ
૧। ,, ટેકચંદ ડુંગાજી
૧। ,, ઉત્તમચંદ ગીરધરલાલ
૧। ,, ગુલાબચંદ ડુંગાજી
૧। ,, નાથાજી કપુરાજી
૨) ,, નાથાજી વનાજી

કોઠારી ન્યાલચંદ જેચંદ વડાલ—જુનાગઢ રેલવે.
દશવૈકાલિક ૨–૩–૪ આચારાંગ ૧–૨

## તે બદલ આશરે નીચલું ખર્ચ થશે.

| | | |
|---|---|---|
| ૩૯૬) | ૧૮ ફર્માના ૨૨ના હિસાબે તથા લખાઇ | આચારાંગ બીજા ભાગનું ખર્ચ |
| ૭૫) | તથા માણુસનો ખર્ચ લગભગ ૭૫ | |
| ૨૫) | જાહેર ખબર હેન્ડબીલ તથા કાર્ડ | |
| ૧૪૦) | પુઠાનાં | |
| ૬૩૬) | | |

પહેલા ભાગની કોપીઓ સા રીરીતે વહેંચ્યા છતાં પૈસા જેમણે મોકલ્યા તેનો ઉપકાર માનીએ છીએ પરંતુ ખંભાત મીયાગામ બુરાનપુર અમદાવાદ મુંબાઇ વિગેરે ઘણેસ્થળે નામી ગૃહસ્થોને આશ્રય માટે તથા મુનિઓને ભેટ મોકલવા છતાં પહોંચ કે અભિપ્રાય આપવા પણ કેટલાકે તસ્દી લીધી નથી તેમને પ્રાર્થના છે કે. ઇચ્છાનુસાર ઉત્તર લખે કે ત્રીજા ભાગમાં તેનો હિસાબ જાહેર થાય. જેમણે

નાખ્યા મોકલ્યાં હોય અને પુસ્તક તૈયાર ન મળ્યાં હોય તે તુર્ત લખી મંગાવી લેવાં.

ગંભીર સૂત્ર વિશાળ અર્થ હોવાથી ભૂલો દેખાતી હોય; તો, તેવા ગીતાર્થોને પ્રાર્થના છે કે, તેઓ લખેલી કોપી કે ફર્મો જોવાં પરિશ્રમ લે.

નીચલા ગૃહસ્થોએ નીચલી રકમો આપવા ઇચ્છા જણાવી છે. તેમનો ઉપકાર માનીએ છીએ.

૧૦૦) ફતેચંદ મગનભાઇ નાસીક પાલણપુરવાલા

૫૦) હીરાચંદ જીવણજી નાનપુરા સુરત   ૧૧ પાનાચંદ કોઠારી

૫૦) રતનચંદભાઇ સુખડીઆ   ૧૧ માણેકચંદ ,,

૧૦૦) ઝવેરી નગીનચંદ કપૂરચંદના સ્મરણાર્થો તેમના સુપુત્રો તરફથી

૧૦૦) ઝવેરી રણછોડભાઇ રાયચંદ મોતીચંદ તરફથી શા. નેમચંદ નાથાભાઇ ચોકસી

તેથી એમ જણાયછે કે બધી રકમો વસુલ થતાં દશવૈકાલિક સંપૂર્ણ છપાઇ જશે. પરંતુ આચારાંગ ત્રીજો ભાગ લખાયા છતાં બીજા ભાગના ગ્રાહકો કેટલા થાય છે તે ઉપર છપાવવા આધાર રહે છે.

# જ્ઞાન પ્રચારની યોજના.

## સૂત્ર ટીકાના સરળ ભાષાંતરો.

જિનેશ્વર દેવે ભવ્ય જીવોના ઉપકારના અર્થે સમ વસરણમાં બિરાજમાન થઇને દેવ મનુષ્યની સભામાં સંસાર સમુદ્રમાંથી તરવા ઉપદેશ આપ્યો. તે પ્રવચન છે. તેમાં મુખ્ય આચારાંગ છે. તેમાં જ્ઞાન દર્શન ચારિત્ર તપ અને વીર્ય એ પાંચ આચારનું વર્ણન હોવાથી ચતુર્વિધ સંઘને ઉપયોગી જાણી ગણધર ભગવંતો એ સૂત્રોની રચના કરી. તેના ઉપર ભદ્રબાહુ સ્વામી ની નિર્યુક્તિ છે. અને કેટલાક સૂત્રો ઉપર પૂર્વાચાર્યોના ભાષ્ય છે. (દશવૈકાલિક માં મૂળ સૂત્ર નિર્યુક્તિ અને ભાષ્ય ત્રણે છે.) તે દરેક ઉપર જિનેશ્વરે કહેલા અર્થ રૂપ ટીકા છે. એટલે મૂળ ભાષ્ય અને નિર્યુક્તિ દરેકની ટીકા છે. આ સૂત્રોની પંચાંગી પ્રમાણ હોવાથી શ્રીમાન સાગરાનંદ સૂરિજીએ પરમ કરૂણાની બુદ્ધિથી વાંચના અને તેની સાથે શુદ્ધ સરળ ઉપદેશ આપી આ સૂત્રો છપાવવા યોજના કરાવી. તેમાંનો મોટો ભાગ શ્રીમાન દેવચંદ લાલભાઇ પુસ્તકોદ્ધાર ફંડ તથા આગમોદય સમિતિ તરફથી બહાર પડેલ છે. પરંતુ સંસ્કૃત નહિ જાણનારા માટે આ ઉપયોગી ન થઇ શકે. તેમ ધારી ને આ જ્ઞાન ભંડાર તરફથી બને ત્યાં સુધી પૂર્ણ ભાષાંતર છપાવી બહાર પાડવા યોજના થઇ છે. તેમાંનો દશવૈકાલિક. પ્રથમ ભાગ છપાઇ જવાથી વહેંચાઇ ગયો. પરંતુ નીચલા ભાગો ૨-૩-૪- છપાતાં સૂત્ર સંપૂર્ણ તૈયાર થવા આવ્યું છે.

તથા આચારાંગ ના પ્રાય ૭ ભાગ થવાના છે. તેમાં પહેલો બીજો ભાગ તૈયાર થયા છે. બાકીના પાંચ અનુક્રમે છપાશે.

## સાધુ સાધ્વીને ભણવા યોગ્ય સગવડ.

જ્યાં સાધુ સાધ્વીને રાખી ભણાવવાની તજવીજ હોય તેવા દરેક શહેરમાં એક અથવા વધારે સ્થળે પાંચ પાંચ કોપી દરેક પુસ્તકની ભણવા માટે આપવાની છે. એટલે તેવા ગામ શહેર અથવા પરાવાળે આ ભંડારના સેક્રેટરીને પત્ર લખી ભેટનાં પુસ્તકો પોતાના ખર્ચે મંગાવી લેવા.

આના માટે એવી યોજના છે કે જે ધર્માત્મા શ્રાવકો ૧૦૦ રૂપિઆ આ જ્ઞાન ભંડારને જ્ઞાન પ્રચારક ખાતે આપે તેના નામથી તેની ઇચ્છાનુસાર તેના ગામમાં અથવા બીજે સ્થળે તેના નામથી ૫-૫ પુસ્તક આપવાં. હાલ નીચલાં ગામો પસંદ કરવમાં આવ્યાં છે.

(૧) ઝવેરી નગીનદાસ ઘેલાભાઇ તરફથી પાલીતાણાને પસંદ કર-કરવામાં આવ્યું છે, એટલે મોતીશાહ શેઠની ધર્મશાળાના મુનીમ મોહનલાલભાઇ મારફતે મુકવાં.

(૨) ભાવનગર-કુંવરજીભાઈ તથા ગીરધરભાઇ કાપડીયાની સલાહનુસાર.

(૩) અમદાવાદ-બાલાભાઇ કકલભાઇ તથા જૈન વિદ્યાશાળાના અધિકારીઓ.

(૪) પાટણ-જામનગર- વઢવાણ-લીમડી.

(૫) પાલણપુર

(૬) મેસાણા

(૭) પાલી

(૮) વડોદરા—વિગેરેમાં ત્યાંનાં આગેવાન શ્રાવકોની મારફતે મુકવાં છે તેથી દરેક શ્રીમંતને પ્રાર્થના કરવાની કે—આચારંગના બીજા પાંચ ભાગ છાપવા ત્રણ હજારની જરૂર છે, માટે ૩૦ ધર્માત્મા પુરૂષો પોતાનાં નામ અમર કરવા તાકીદે લખી જણાવશે.

વેચાતાં મંગાવનારે ભંડારના સેક્રેટરીને લખવું. અને અગાઉથી નાણાં મોકલનારે ઝવેરી ફકીરચંદ નગીનચંદ સુરત ગોપીપુરા કરી લખવું.

શા. નાનચંદ કસ્તુરચંદ લીંબડીવાલા.



સ્વર્ગવાસી ઝવેરી—
શેઠ નગીનભાઈ ઘેલાભાઈ ઝવેરી—સુરત.

જૈન 'વિજય' પ્રેસ—સુરત.

ॐ नमो वीतरायगाय ।

# આચારાંગ સૂત્ર.

## મૂળ નિર્યુક્તિ અને ટીકાને આધારે ભાષાંતર

## (ભાગ રજો.)

**नमः श्री वर्द्धमानाय, वर्द्धमानाय पर्ययैः ।**
**उक्ताचार प्रपञ्चाय, निष्प्रपञ्चायतायिने ॥१॥**

શ્રી વર્ધમાન સ્વામીને નમસ્કાર થાઓ. જેઓ પર્યાય ( આત્માના ઉત્તમ ગુણો ) વડે નિરંતર વધેલા છે. તથા આચારનો વિસ્તાર જેમણે કહ્યો છે તથા સંસારી પ્રપંચ ( રાગદ્વેષ ) થી સર્વથા મુક્ત છે અને સર્વ જીવોના રક્ષક છે.

**शस्त्रपरिज्ञा विवरणमति गहनमिती वाकिल वृतं पूज्यैः ।**
**श्रीगन्धहस्तिमिश्रै र्विवृणोमिततोऽहमवशिष्टम्॥२॥**

શસ્ત્ર પરિજ્ઞા નામનું પહેલું અધ્યયન જે ઘણું ગંભીર છે, તેનું વિવરણ ગંધ હસ્તિ નામના શ્રેષ્ટ આચાર્યે કહેલું છે તેમાંથી હું કંઇક વિશેષ ખુલાસો કરૂં છું. તે પહેલું

અધ્યયન પૂર્વે કહી ગયા. હવે બીજું અધ્યયન કહેવાય છે. તેનો આવી રીતનો સંબંધ છે.

આ સંસારમાં મિથ્યાત્વ–ઉપશમ–ક્ષય–ક્ષય ઉપશમ એ ત્રણમાંથી કોઇ પણ સમ્યક્ત્વ–પ્રાપ્ત થએલા જ્ઞાની સાધુ પુરૂષને અત્યંત એકાન્ત બાધા રહિત પરમાનંદરૂપ સ્વતત્વનું સુખ જે આવરણ રહિત જ્ઞાન દર્શન ( કેવળજ્ઞાન કેવળદર્શન ) પ્રાપ્ત થએલાને મોક્ષનુજ કારણ છે. અને આશ્રવનો નિરોધ અને નિર્જરાની પ્રાપ્તિ છે. તથા મૂળ-ઉત્તર એવા બે ભિન્ન ગુણો છે એવું ચારિત્ર છે અને બીજા બધા વ્રતોની વૃત્તિ (નિર્વાહ) નો કલ્પ ઉત્પન્ન કરેલ છે, તથા નિર્વિઘ્ને બધા પ્રાણીને સંઘટ્ટન પરિતાપ અપદ્રાવણ વિગેરેથી દુઃખ ન દેવારૂપ જે સર્વોત્તમ ચારિત્ર છે. તે ચારિત્રની સિદ્ધિના માટે આ અધ્યયન છે.

મરણના અભાવના પ્રસંગથી પાંચભૂત રહિત (ચેતનરૂપ) આત્માનો ધર્મ કેવળજ્ઞાનની પ્રાપ્તિ છે, જેથી એવા ચારિત્રની તથા આત્માની તથા આત્માના ગુણજ્ઞાનની તથા મોક્ષની પ્રાપ્તિ માટે આ સૂત્રનું અધ્યયન છે તે બતાવ્યું છે—

" ઉપરના વાક્યથી જ્ઞાન પ્રાપ્તિ " તેથી બ્રહસ્પતિના નાસ્તિક મતનું ખંડન કર્યું, કારણ કે તે પાંચ ભૂત માને છે તે ભૂતો જડ છે. અને આત્મા ચેતન છે. તેનો ગુણજ્ઞાન છે તે બતાવ્યું છે. આ પ્રમાણે સામાન્યથી જીવનું અસ્તિ-

ત્વ સ્વીકારી વિશેષપણાથી જીવનો મોક્ષ બતાવવાથી બૌદ્ધ વિગેરે મતનું ખંડન થયું. કારણ કે જીવ ત્રણે કાળમાં હોય તો તેના મોક્ષનો સંભવ થાય.

એકેન્દ્રિય પૃથ્વી, પાણી, અગ્નિ, પવન, વનસ્પતિ વિગેરે ભેદવાળા જીવોને બતાવી અનુક્રમે સમાન જાતીયવાલો પત્થરની શીલા વિગેરેની ઉત્પત્તિ હરસ મસા જે માંસના અંકુરા છે, તેની માફક પૃથ્વીકાયની ઉત્પત્તિ છે.

અવિકારવાળી ( પડતર ) જમીન ખોદવાથી દેડકાની માફક પાણીની ઉત્પત્તિ છે, તથા વિશેષ ઉત્તમ આહારથી વધવું; અને વિપરીત આહારથી હાનિ થવી. તેજ પ્રમાણે અર્ભક ( બાળક ) ના શરીરની માફક અગ્નિની તુલના છે.

બીજાનો પ્રેરેલો અટકયા વિના અનિયત (એક સરખી નહી ) એવી તિરછી ગતિવાળો ગાય ઘોડાની માફક પવન બતાવ્યો. અળતા ( સ્ત્રીઓના શણગારમાં વપરાતો લાલ રંગ ) થી, તથા ઝાંઝરથી શણગારેલી જુવાન સ્ત્રીની લાતથી વિકાર પામતા કામીપુરુષની માફક વનસ્પતિ ખીલે છે. એ પ્રમાણે અનેક પ્રયોગો છે, તથા ઊંચા અભિપ્રાયથી માથું ઉઘાડીને ( ખુલાસાથી ) સૂક્ષ્મબાદર–એકેન્દ્રિય બે ત્રણ ચાર ઇન્દ્રિયવાળા, તથા પાંચ ઇન્દ્રિયવાળા સંજ્ઞી તથા અસંજ્ઞી તથા પર્યાપ્તા તથા અપર્યાપ્તા વિગેરે જીવોના ભેદો બતાવી; તથા તેમનાં શસ્ત્ર સ્વ અને પરકાયવાળાં બતાવી તેના વધમાં બંધ,

અને કર્મથી છુટવા વિરતિ બતાવી, તેનેજ ચારિત્ર બતાવ્યું; એટલે જીવની રક્ષા કરવી; તેજ ચારિત્ર છે. અને જીવરક્ષા કરનારજ ચારિત્રને અનુભવે છે, તેવું પહેલા અધ્યયનમાં બતાવ્યું છે. અને આ બીજા અધ્યયનમાં બતાવ્યું છે કેઃ—

શસ્ત્રપરિજ્ઞા નામના અધ્યયનને સૂત્રઅર્થથી ભણેલા સાધુને અધ્યયનમાં બતાવેલા પૃથ્વીકાય વિગેરે જીવોના ભેદને માનતો તેની રક્ષાનાં પરિણામવાળો સર્વ ઉપાધિથી શુદ્ધ, અને તેના ઉત્તમ ગુણથી રંજીત થઈ; ગુરુએ વડીદીક્ષારૂપ-પંચમહાવ્રત જેને અર્પણ કર્યાં છે, તેવા સાધુને જેમ જેમ રાગાદિકષાયવાળા લોક, અથવા શબ્દાદિ વિષયલોક (રાગ-દ્વેષમાં, અથવા ઇન્દ્રિયોના વિષયમાં રંજીત થયલા જીવો)નો વિજય થાય છે. અર્થાત્ જે સાધુ રાગદ્વેષ, તથા ઇન્દ્રિયોની રમણતામાં રાગી ન થાય. તેણે લોક જીત્યો કહેવાય; તે આ અધ્યયનમાં બતાવ્યું છે.

ટીકાકાર કહે છે કેઃ—જેવું હું કહું છું, તેજ પ્રમાણે નિર્યુક્તિકારે પણ અધ્યયનનો અર્થાધિકાર શસ્ત્ર પરિજ્ઞામાં પૂર્વે કહેલો છે, તે સૂત્ર આ છે.

**"लोओजह बज्झइ जह य तं विजहियव्वं"**

આ પદવડે સૂચવ્યું છે કે, "લોક (સંસારી-જીવો) જેમ બંધાય છે, તેમ સાધુએ ન બંધાતાં તે બંધના કારણને છોડવાં જોઇએ;" તેથી પૂર્વે પહેલા અધ્યયનમાં બંધ

બતાવ્યો; તેમ આ બીજા અધ્યયનમાં બંધને છોડવાનું સૂચવ્યું; એટલે શસ્ત્રપરિજ્ઞામાં બંધ, અને લોકવિજયમાં બંધથી છુટવાનું બતાવ્યું છે તે સંબંધ છે.

તેના ચાર અનુયોગદ્વાર છે. તેમાં સૂત્ર અને અર્થનું કહેવું, તે અનુયોગ છે, તેનાં ચાર દ્વાર (ઉપાયો, વ્યાખ્યાંગ) કહેવાં. તે ઉપક્રમ, નિક્ષેપ, અનુગમ, નય છે. ઉપક્રમ બે પ્રકારે છે. શાસ્ત્ર સંબંધી, શાસ્ત્રીય અને લોક સંબંધી તે લૌકિક છે.

નિક્ષેપા ત્રણ પ્રકારના છે. ઓઘ, નામ અને સૂત્રાલાપક નિષ્પન્નનિક્ષેપ એમ ત્રણ ભેદ છે. અનુગમસૂત્ર, અને નિર્યુક્તિ એમ બે પ્રકારે છે, નયોનૈગમ વિગેરે છે.

## શાસ્ત્રીય ઉપક્રમ.

આ ઉપક્રમમાં અર્થ અધિકાર બે પ્રકારે છે. અધ્યયન અને ઉદ્દેશાનો અર્થ અધિકાર છે, તેમાં અધ્યયનનો અર્થ અધિકારશસ્ત્ર પરિજ્ઞાના પાને ૩૫ મે કહ્યો છે, અને દરેક ઉદ્દેશાનો અધિકાર નિર્યુક્તિકાર પોતે કહે છે.

**सयणे य अदढत्तं, बीयगंमिमाणो अ अत्थ साराअ।**
**भोगेसु लोग निस्साइ, लोगे अममिज्जया चेव**
**नि. गा. ॥१६३॥**

પહેલા ઉદ્દેશાના અર્થ અધિકાર (વિષય)માં માતાપિતા વિગેરે સંસારી–સગામાં સાધુએ પ્રેમ ન કરવો. (ન કરવો, એ મૂળ સૂત્રમાં નથી; તે ઉપરથી લીધું છે,) તે

પ્રમાણે આગળ સૂત્ર આવશે કે, મારી માતા, મારા પિતા ઇત્યાદિ સાધુને ન જોઇએ.

બીજા ઉદ્દેશામાં સંયમમાં અદૃઢપણું ( ઢીલાપણું ) ન કરવું; પણ વિષય અને કષાય વિગેરેમાં સાધુએ અદૃઢપણું કરવું; અને તેજ સૂત્ર કહે છે કે, અરતિમાં બુદ્ધિમાન પુરુષ આસક્તિ ન કરે.

ત્રીજા ઉદ્દેશામાં માન એ અર્થસાર નથી; કારણકે, જાતિ વિગેરેથી ઉત્તમ સાધુએ કર્મવશથી સંસારની વિચિત્રતા જાણીને બધા મદનાં ઠેકાણામાં પણ માન ન કરવું. (પોતાને ઊંચો ગણી બીજાનું અપમાન ન કરવું. કહ્યું છે કેઃ—કોણ ગોત્રનો વાદ કરનારા? કોણ માનનો વાદ કરનારા છે?

ચોથા ઉદ્દેશામાં કહે છે કે ભોગમાં પ્રેમ ન ધારવો કારણ કે સૂત્રમાં કહેશે, સ્ત્રીઓથી લોકમાં દુઃખ પામશે. અને તેનો મોહ નહિ છોડે તો તેથી તેમાં ભોગીઓને ભવિષ્યમાં થતાં દુઃખો બતાવશે.

પાંચમા ઉદ્દેશામાં સાધુએ પોતાનાં સગાં ધન માન અને ભોગ ત્યાગ્યા છતાં સંયમ ધારક સાધુએ શરીરની પ્રતિપાલના માટે ગૃહસ્થોએ પોતાના માટે કરેલા આરંભથી બનેલી વસ્તુ લેવાની નિશ્રાએ વિચરવું. તેજ સૂત્ર કહેશે કે સમુસ્થિત અણગાર હોય વિગેરે જ્યાં સુધી નિર્વાહ કરે વિગેરે છે. છઠ્ઠા ઉદ્દેશામાં લોક નિશ્રામાં વિચરતા સાધુએ તે લોકો સાથે પહેલાં કે પછીનો પરીચય થયો હોય અથવા પરી-

ચય ન થયો હોય તો પણ મમત્વ ન કરવો એટલે કમળ પાણીમાં ઉત્પન્ન થયા છતાં નિર્લેપ રહે છે, તેમ સાધુએ તે ગૃહસ્થોથી ગોચરી વિગેરેનો સંબંધ છતાં પણ તેનાથી લેપવાળા થવું નહી. તે સૂત્ર કહેશે આ મારો છે તે મારાપણું મૂકે તેજ સાધુ છે વિગેરે તાત્પર્યવાળું સૂત્ર આગળ કહેશે.

**આ અધ્યયનનું નામ લોક વિજય છે**

હવે લોક અને વિજય એવા બે પદના નિક્ષેપા કરવા જોઇએ, તેમાં સૂત્રા આલાપક નિષ્પન્ન નિક્ષેપામાં નિક્ષેપને યોગ્ય જે સૂત્રપદો છે તેમના નિક્ષેપા કરવા, અને સૂત્રપદમાં બનાવેલ મૂળશબ્દ (લોક) નો અર્થ કષાય નામનો કહ્યો છે તેથી લોકને બદલે કષાયના નિક્ષેપા કહેવા, જોઇએ તે પ્રમાણે નામ નિષ્પન્ન ભવિષ્યનાં સૂત્ર આલાપક નિષ્પન્ન નિક્ષેપામાં બતાવેલા સામર્થ્યથી આવેલા નિક્ષેપામાં જે બતાવવાનું છે તે નિર્યુક્તિકાર ગાથાને એકઠી કરીને કહે છે—

**लोगस्स य विजयस्स य, गुणस्स मूलस्स तह य ठाणस्स ।**
**निक्खेवो, कायव्वो, जं मूलागं च संसारो ॥**
**नि. गा. ॥१६४॥**

લોકોનો વિજયનો, ગુણનો, મૂળનો, સ્થાનનો, એ પ્રમાણે પાંચ શબ્દનો નિક્ષેપો કરવો જોઇએ. અને જે મૂળ છે તે સંસાર છે તેથી તેનો નિક્ષેપો કરવો જોઇએ. તે સંસારનું

મૂળ કષાય છે. કારણ કે નરકના જીવો તિર્યંચના જીવો તથા મનુષ્ય અને દેવતા એ ચાર ગતિરૂપ સંસાર વૃક્ષનું જ સ્કંધ (થડ) છે, તથા ગર્ભ નિષેક કલલ અર્બુદ (વીર્ય અને લોહીથી બંધાતુ શરીર) માંસની પેશી વિગેરે તથા જન્મ જરા (બુઢાપો) અને મરણ આ સંસારઝાડની શાખા (ડાળીઓ) છે, અને દ્રારિદ્ર વિગેરે અનેક દુઃખોથી ઉત્પન્ન થયેલા પાંદડાંનો સમૂહ છે. વળી વહાલાંનો વિયોગ, અપ્રિયનો સંબંધ, પૈસાનો નાશ, અનેક વ્યાધિ વિગેરે રૂપ સેંકડો ફુલોનો સમૂહ છે, તથા શરીર અને મન સંબંધી અત્યંત પીડાજનક દુઃખનો સમૂહરૂપ-ફળ છે. આ બધું સંસારરૂપ-ઝાડનું વર્ણન કર્યું; તે સંસાર-ઝાડનું મૂળ કષાયો છે. કારણકે, કષ એટલે સંસાર. અને આય એટલે લાભ. જેનાથી સંસારનો લાભ થાય છે, તે કષાય છે. આ પ્રમાણે જ્યાં જ્યાં નામ નિષ્પન્ન નિક્ષેપામાં તથા સૂત્ર આલાપક નિક્ષેપામાં જે જે પદનો સંભવ થશે (જરૂર પડશે) ત્યાં ત્યાં તે તે પદો નિર્યુક્તિકાર સાચા મિત્ર બનીને વિવેકથી કહેશે.

**लोगोत्ति य विजओत्ति य, अज्झयणे लक्खणं तु निप्फण्णं।**
**गुण मूलं ठाणांतिय, सुत्तालावेय निप्फण्णं ॥**

नि. गा. ॥१६५॥

લોકવિજય, અધ્યયન, લક્ષણ, નિષ્પન્ન, ગુણ, મૂળ, સ્થાન, તથા સૂત્રાલાપકમાં નિષ્પન્ન વિગેરે ટુંકમાં જે કહ્યું; તેનું વિવેચન કરે છે. ઉદ્દેશ પ્રમાણે નિર્દેશનો ન્યાય છે, તે પ્રમાણે લોક, અને વિજયનો નિક્ષેપો કહે છે.

**लोगस्स य निक्खेवो, अट्ठविहो छव्विहोउ विजयस्स ।**
**भावे कसाय लोगो अहिगारो तस्स विजएणं ॥**
**नि. गा. ॥१७६ ॥**

લોકનો નિક્ષેપો આઠ પ્રકારે તથા વિજયનો છ પ્રકારે છે. ભાવમાં કષાય લોકનો અધિકાર છે, અને તેનો વિજય કરવાનો છે તે કહે છે.

જે દેખાય તે લોક ( પા. ૩-૩-૧૯ ) સૂત્ર પ્રમાણે લુક્ ધાતુનો લોક શબ્દ થયો છે.

## લોકનું વર્ણન.

ધર્માસ્તિકાય અધર્માસ્તિકાયથી વ્યાપ્ત થયલુ તમામ દ્રવ્યના આધારભૂત, વૈશાખસ્થાન એટલે, કમરની બે બાજુએ બન્ને હાથ દઈને પગ પહોળા કરી ઊભા રહેલા પુરુષની માફક જે આકાશ, ખંડ રોકાયો છે, તે લેવો; અથવા ધર્મ, અધર્મ, આકાશ, જીવ, પુદ્ગળ એ પાંચ અસ્તિકાય. ( પ્રદેશનો સમૂહ ) છે, તે લેવો. તે લોકનો આઠ પ્રકારે નિક્ષેપો છે. નામ, સ્થાપના, દ્રવ્ય ક્ષેત્ર, કાળ, ભવ, ભાવ, પર્યવ.

એમ આઠ ભેદ છે, અને વિજય, અભિભવ પરાભવ, પરાજય એમ પર્યાયો છે, તેનો નિક્ષેપો છ પ્રકારે છે. અહિંયા લોકના આઠ પ્રકારના નિક્ષેપા છતાં ભાવ નિક્ષેપામાં ભાવ લોકનો અધિકાર છે. તે છ પ્રકારનો ઔદાયિક ભાવ વિગેરે છે. તે ઔદયિક ભાવવાળા કષાય લોકવડે અધિકાર છે; અને તે સંસારનું મૂળ છે.

શિષ્યનો પ્રશ્ન—આ બધું શા માટે કહ્યું. ?

ઉત્તર—તેનો એટલે ઔદયિક ભાવ કષાય લોકનો પરાજય કરવો. (ક્રોધ વિગેરે થાય તો તેને દાબી દેવા) લોકના નિક્ષેપા પછી વિજયના છ પ્રકારે નિક્ષેપા છે તે કહે છે—

**लोगो भणिओ दव्वं, खित्तं कालो अ भावविजओ अ**
**भव लोग भावविजओ, पगयं जह बज्झई लोगो**
**नि. गा. ॥१६७॥**

લોક દ્રવ્ય ક્ષેત્ર, કાળ, અને ભાવ, વિગેરેનું વર્ણન કરે છે.

ચતુર્વિંશતિ સ્તવ–(ચોવીસ ભગવાનનું સ્તવન જેનું બીજું નામ લોગસ્સ) છે, તે બીજો આવશ્યક છે. તેનું આવશ્યક સૂત્રની નિર્યુક્તિમાં વિસ્તારથી વર્ણન કરેલું છે.

શિષ્યની શંકા—આ વાચાની કઈ જાતની યુક્તિ છે ? કે લોકનું ત્યાં વર્ણન કરેલું છે. અને અહીં તેનો શું સંબંધ છે ?

ઉત્તર—અહીંઆં અપૂર્વકરણ ( આઠમું ગુણસ્થાન ) થી

અનુક્રમે ચઢી ક્ષપકશ્રેણિ (કેવળજ્ઞાન પામવાનું ધ્યાન જેમાં મોહનો સર્વથા નાશ થાય છે.) એ ચઢનારા પુરૂષ જેમ અગ્નિ લાકડાંને બાળે તેમ પોતે કર્મરૂપી લાકડાંને ધ્યાન રૂપી અગ્નિવડે બાળી મૂકયાથી આવરણ રૂપ કર્મ નાશ થતાં નિર્મળ (કેવળ) જ્ઞાન પ્રાપ્ત થતાં દેવતાઓનું આસન કંપતાં તેઓના આવવાથી કેવળ જ્ઞાની પૂજ્ય પુરૂષ તરીકે પૂજાય છે. અને તેજ પુરૂષ જ્ઞાન વડે સર્વે જીવોનું હીત થવા ઉપદેશ આપે તે તીર્થ છે. તેને કરવાથી તીર્થંકર નામકર્મ ઉદયમાં આવે; અને તેમને સામાન્ય લોકથી વિશેષ એવા ચોત્રીસ અતિશયો પ્રાપ્ત થયા એવા અંતિમ તીર્થંકર વર્દ્ધમાન સ્વામીએ (લગભગ પચીસ્સો વર્ષ ઉપર) ત્યાગવા યોગ્ય અને ગૃહણ કરવા યોગ્ય પદાર્થનો ખુલાસો કરવા દેવ અને મનુષ્યની સભામાં આચારાંગ સૂત્રનો વિષય કહ્યો. અને તે સાંભળી તેમના મહાન્ બુદ્ધિવાલા ગણધરો. જેઓ અચિંત્ય શક્તિના પ્રભાવવાળા હતા. તેવા ગૌતમ ઇંદ્રભૂતિ વિગેરેએ તે પ્રવચન ( મહાન્ ઉપદેશના વાકયોનો સમૂહ) ને સર્વે જીવોના ઉપકાર માટે તેની સૂત્ર રચના કરી તેનું નામ આચારાંગ તરીકે પ્રસિદ્ધ થયું. અને આવશ્યકની અંદર રહેલું. ચતુર્વિંશતિ સ્તવની નિર્યુક્તિ તો ત્યાર પછી હમણાંના કાળમાં થએલા ભદ્રબાહુ સ્વામીએ કહ્યું છે તેથી તે અયુક્ત છે કારણ કે પૂર્વ કાળમાં બનેલું આચારાંગનું વ્યાખ્યાન કરતાં પાછળથી થએલ ચતુર્વિંશતિ સ્તવનો

અધિકાર જોવાનું અથવા કહેવાનું ક્યાંથી આવે! આવું કોઇ કોમળ બુદ્ધિવાળા શિષ્યને શંકાનું સ્થાન થાય તેનું આચાર્ય સમાધાન કરે છે કે આમાં કંઇ દોષ નથી કારણ કે આ નિર્યુક્તિનો વિષય છે. અને ભદ્રબાહુ સ્વામીએ પ્રથમ આવશ્યકની નિર્યુક્તિ કરી, ત્યરાપછી આચારાંગની નિર્યુક્તિ કરી તેથી તેમ થાય. તેમજ કહ્યું છે સૂત્ર.

"आवस्सयस्स दसकालि यस्य तह उत्तर ज्झमायारे"

આવશ્યક–દશ વૈકાલિક–ઉત્તરાધ્યયન તથા આચારાંગની નિર્યુક્તિ છે વિગેરે જાણવું—

વિજયના નિક્ષેપા નામ સ્થાપના છોડીને દ્રવ્યમાં જ્ઞ શરીર વિગેરે સિવાય વ્યતિરિક્તમાં દ્રવ્યવડે દ્રવ્યથી અથવા દ્રવ્યમાં વિજય તે છે, કે કડવો તીખો કસાએલો વિગેરે ઓષધથી સળેખમ વિગેરે રોગનો વિજય થાય, અથવા રાજા કે મલ્લનો વિજય થાય તે દ્રવ્ય વિજય છે. ક્ષેત્ર વિજય તે છ ખંડને ભરત વિગેરે ચક્રવર્ત્તિઓ જીતે છે, અથવા જે ક્ષેત્રમાં વિજય થાય તે ક્ષેત્ર વિજય છે કાળવડે જે વિજય થાય છે. તે જેમકે ભરતે સાંઠ હજાર વર્ષે આખો ભરતખંડ જીત્યો તે કાળ વિજય છે કારણ કે તેમાં કાળનું પ્રધાનપણું છે. અથવા ભૃતક (ભરવાના) કામમાં એણે માસ જીત્યો અથવા જે કાળમાં વિજય થયો તે પણ કાળ વિજય છે.

ભાવ વિજય તે ઔદયિક વિગેરે એક ભાવનું બીજા

ભાવમાં બદલાવવા વડે એટલે ઔપશમિક વિગેરેથી થતા વિજયનું સ્વરૂપ બતાવીને ચાલુ વાતમાં જે ઉપયોગી છે તે કહે છે.

અહીં ભવ લોક મૂળસૂત્રમાં લીધેલ છે તેથી ભવ લોકજ કહ્યો છે ( છંદમાં માત્રા વધવાથી ભાવને બદલે ભવ લીધો છે ) (તે પ્રમાણે કહ્યું છે. નિર્યુક્તિ ગાથા ૧૯૬ ના છેલ્લા બે પદમાં કહ્યું છે કે ભાવમાં કષાય લોકનો અધિકાર છે વિગેરે જાણવું') તે ઔદયિકભાવ કષાય લોકનો ઔપશમિક વિગેરે ભાવ લોક વડે વિજય કરવો (કષાયો મોહનીય કર્મના ઉદયથી છે, તેને શાંત કરવા અથવા ક્ષય કરવા તે કહે છે.) ચાલુ વિષયમાં તેજ જાણવાનું છે. ટીકાકાર તેજ કહે છે. "આઠ પ્રકારનો લોક અને છ પ્રકારનો વિજય એ બન્નેનું સ્વરૂપ પૂર્વે કહ્યું. તે બન્નેમાં ભાવ લોક અને ભાવ વિજય-થીજ અહીંઆં પ્રયોજન છે." આઠ પ્રકારના કર્મ વડે લોક (જીવોનો સમૂહ) બંધાય છે. અને ધર્મ કરવાથી મૂકાય છે. તે પણ આ અધ્યયનમાં બતાવ્યું છે. તે ભાવ લોક વિજય વડેજ શું ફળ છે તે બતાવે છે.

**विजिओ कसायलोगो, सेयं, खुतओ नयत्तिउं होइ ।**
**काम नियत्तमई, खलु संसारा मुच्चई खिप्पं ॥**

**नि. गा. ॥१९८॥**

જેણે કષાય લોકનો વિજય કર્યો, તે સંસારથી જલ્દી મુકાય છે. તેથી કષાયથી દૂર રહેવું. તેજ કલ્યાણકારી છે. (ખુ અવ્યય "જ" ના અર્થમાંજ છે.)

પ્રશ્ન—કષાય લોકથીજ દૂર રહ્યો. તેજ સંસારથી મૂકાય છે કે બીજા કોઈ પાપના હેતુઓ છે. કે જે દૂર કરવાથી મોક્ષ મળે ?

ઉત્તર—કામ એટલે સંસારી વિષયની જે ખોટી બુદ્ધિ છે તે પણ નિવારણ કરવાથીજ મોક્ષ મળે છે ?

નામ નિષ્પન્ન નિક્ષેપો પુરો થયો. હવે સૂત્ર આલાપક નિક્ષેપાને કહે છે તેને માટે સૂત્ર જોઈએ તે સૂત્ર નિર્દોષ ઉચ્ચારવું જોઇએ તે આ છે મૂળ સૂત્ર.—

**"जे गुणेसे मुलट्ठाणे जे मूलट्ठाणे से गुणे" इत्यादि**

જે ગુણ છે તે મૂળ સ્થાન છે અને જે મૂળ સ્થાન છે. તે ગુણ છે. એના નિક્ષેપ નિર્યુક્તિ અનુગમ વડે દરેક પદે નિક્ષેપો કરાય છે. તેમાં ગુણનો પંદર ભેદે નિક્ષેપો છે. તે કહે છે.

**दव्वे खित्ते काले फल, पज्जव गणण करण अब्भासे।**
**गुण अगुणे अगुण गुणे भवसील गुणे य भाव गुणे॥**

**नि. गा. ॥१६९॥**

નામ ગુણ, સ્થાપના ગુણ, દ્રવ્ય, ગુણ ક્ષેત્ર ગુણ કાળ ગુણ ફળ ગુણ, પર્યવ ગુણ, ગણના ગુણ, કરણ ગુણ, અભ્યાસ

ગુણ, ગુણ—અગુણ, અગુણ ગુણ, ભવ ગુણ, શીલ ગુણ, ભાવ ગુણ એમ પંદર ભેદ થયા તે ટુંકાણમાં કહ્યું. હવે સૂત્ર અનુગમ વડે સૂત્ર ઉચ્ચારતાં નિક્ષેપ નિર્યુક્તિના અનુગમ વડે તેના અવયવનો નિક્ષેપો કરતાં ઉપોદ્ઘાત નિર્યુક્તિનો અવસર છે-તે ઉદ્દેશા વિગેરેના દ્વારની બે ગાથા વડે જાણવા. હવે સૂત્રને સ્પર્શ કરનારા નિર્યુક્તિનો અવસર છે, તે નામ સ્થાપના સુગમને છોડીને દ્રવ્યાદિકને કહે છે.

**दव्व गुणो दव्वं चिय, गुणाण जं तं मिसं भवो होइ।**
**सचित्ते अचित्ते, मीसंमिय होइ दव्वंमि ॥ नि. ग. ॥१७०॥**

દ્રવ્યગુણ તે દ્રવ્ય પોતેજ છે. પ્રશ્ન=શા માટે ? ઉત્તર—ગુણોનો ગુણપદાર્થમાં તેજરૂપે સંભવ થાય છે.

શંકા=દ્રવ્ય અને ગુણમાં લક્ષણ અને વિધાનના ભેદથી ભેદ છે. તેજ કહે છે. દ્રવ્ય લક્ષણ ગુણપર્યાયવાળું દ્રવ્ય છે. વિધાન પણ ધર્મ, અધર્મ, આકાશ, જીવ, પુદ્ગળ વિગેરે છે. દ્રવ્યની વ્યાખ્યા કહી; અને ગુણની વ્યાખ્યા કહે છે. દ્રવ્યને આશ્રયી સાથે રહેનારા ગુણો છે, અને તેનું વિધાન જ્ઞાન, ઇચ્છા, દ્વેષ, રૂપ, રસ, ગંધ, અને સ્પર્શ વિગેરે છે, તે પોતાનામાં રહેલા ભેદે કરીને જુદા છે. આચાર્યનું સમાધાન—એ દોષ નથી; કારણકે, દ્રવ્યો સચિત્ત અચિત્ત, અને મિશ્ર ભેદથી જુદાં છે, તેમાં ગુણ છે તે, તેજસ્વરૂપે

રહ્યો છે, તેમાં અચિત્ત દ્રવ્ય બે પ્રકારે છે. અરૂપી અને રૂપી તેમાં અરૂપી દ્રવ્યમાં ધર્મ, અધર્મ, અને આકાશ. એમ ત્રણ ભેદે કરીને જુદા છે. લક્ષણો અનુક્રમે ગતિ સ્થિતિ અને અવગાહ આપવાનું છે અને એનો ગુણ પણ અમૂર્ત છે અને અગુરૂલઘુ પર્યાય-લક્ષણ વાલું છે તેમાં ત્રણેનું અમૂર્ત પણું છે તે પોતાની રૂપભેદ વડે વ્યવસ્થાવાળું નથી. ( અમૂર્તપણામાં ભેદ નથી (તેમ અગુરૂલઘુ પર્યાય પણ છે તે તેના પર્યાયપણાથીજ છે જેમકે માટીનો પીંડ (ગોળો સ્થાસ કોશ કુશૂલ પર્યાયો (માટીનો ઘડો બનાવતાં ચાક ઉપર જુદા જુદા આકારો બને છે તે ) રૂપવાલી માટી છે. એટલે માટીથી આકારો જુદા નથી, તેજ પ્રમાણે રૂપી દ્રવ્યપણ સ્કંધ દેશ પ્રદેશ પરમાણુ ભેદોવાલું છે તેના ગુણો રૂપ વિગેરે છે તે અભેદપણે રહેલાછે અર્થાત્ એમાં ભેદવડે પ્રાપ્તિ થતી નથી જેમરૂપ પદાર્થથી જુદું પડે તેવો સંભવ નથી. જેમ પોતાનો આત્મા પોતાના જ્ઞાનગુણાથી જુદો પડે તે અશક્ય છે. તેમ બીજાઓમાં પણ સમજવું.

તેજ પ્રમાણે સચિત્ત એવું જીવદ્રવ્ય ઉપયોગ લક્ષણવાળું છે એટલે ઉપયોગ રાખે. તોજ જીવને વસ્તુનું કે પોતાનું ભાન રહે છે તે આપણા આત્માથી જુદા જ્ઞાન વિગેરે ગુણ નથી. કોઇ જુદા માને તો જીવને અચેતનાપણાનો પ્રસંગ આવે.

વાદીની શંકા તે પ્રમાણે માનતાં તો તેના સંબંધથી જીવને અજીવ પણું થશે. ?

આચાર્યનો ઉત્તર—તમારૂં વચન ગુરૂની સેવા કર્યા વિનાનું છે, કારણ કે જે ને પોતાનામાં શકિત નથી તે ને બીજાની કરેલી કેવી રીતે થાય ? દાખલા તરીકે સેંકડો દીવાનો સંબંધ થાય તો પણ આંધળો રૂપ જોવાને શકિતવાન ન થાય. એજ પ્રમાણે મિશ્ર દ્રવ્યમાં પણ ગુણ સાથે એકપણાની યોજના પોતાની બુદ્ધિએ કરી લેવી.

આ પ્રમાણે દ્રવ્ય અને ગુણ તેને એકાન્તથી એક પણે સ્વીકારે છતે શિષ્ય કહે છે. શું બન્નેને બીલકુલ ભેદ નથી ?

ઉત્તર—તેવો એકાન્ત અભેદ નથી, કારણકે જો સર્વથા અભેદ માનીએ તો એકજ ઇંદ્રિય વડે બીજા ગુણોનું પણ ઉપલબ્ધિ (પ્રાપ્તિ) થઇ જાય અને બીજી ઇંદ્રિયો નકામી થાય. જેમકે કેરીનું રૂપ જોવામાં ચક્ષુ કામ લાગે' અને તેના સાથે એકપણું માનીએ તો ગુણવાળું દ્રવ્ય એક પણે હોવાથી આંખથીજ રસ પણ ખાટો-મીઠો પરખાવો જોઇએ, કારણકે રૂપ દેખાય તેમ રસ પણ જણાવો જોઇએ, એટલે રૂપ અને રસ સાથે દેખાય. તો સર્વથા અભેદપણું છે, પણ તેમ નથી. રસ પારખવામાં જીભનુંજ કામ છે માટે કંઇ અંશે ઘટ અને વસ્ત્ર જેમ જુદા છે તેમ કંઇ અંશે ગુણ આત્માથી જુદા છે. આ પ્રમાણે ભેદ અને અભેદ એમ બે બતાવવાથી શિષ્ય ગભરાઇને આચાર્યને પૂછે છે કે બન્ને રીતે માનવામાં દોષ આવે છે. તો કેમ માનીએ ? આચાર્ય કહે છે—એટલા માટેજ દરેકમાં કંઇ અંશે ભેદ અને કંઇ અંશે અભેદ માનવું

સારૂં છે એટલે અભેદ પક્ષમાં દ્રવ્ય પોતેજ ગુણ છે. અને અને ભેદ પક્ષમાં ભાવ ગુણ જુદો છે. તેજ પ્રમાણે ગુણ અને ગુણી પર્યાય અને પર્યાયી સામાન્યને વિશેષ અવયવ અને અવયવીનો ભેદ અને અભેદની વ્યવસ્થા બતાવવા વડેજ આત્મ ભાવનો સદ્‌ભાવ થાય છે. કહ્યું છે કે—

**दव्वं पज्जवविजुयं, दव्व विउत्ता य पज्जवा णत्थि ।**
**उप्पायट्ठिइभगा, हंदि दवियलक्खणं एयं ॥ १ ॥**

દ્રવ્ય તે પર્યાયથી જુદું છે. અને દ્રવ્યથી જુદા પર્યાયો છે એવું ક્યાંય નથી. પણ ઉત્પાદ, સ્થિતિ અને નાશ એવા પર્યાયોવાલું દ્રવ્ય લક્ષણ જાણવું

**नयास्तव स्यात्पदलाञ्छिता इमे, रसोपविद्धा इव लोहधातवः ।**
**भवन्त्यभिप्रेतफला यतस्ततो, भवन्तमार्याः प्रणता हितैषिणः ॥२॥**

હે ભગવંત ! તમારા કહેલા નયો સ્યાત્ પદે કરીને શોભે છે. જેમ લોહ ધાતુ રસે કરીને વ્યાપ્ત થએલી (સોનું બનેલી) ઇચ્છિત ફળને આપનારી છે. તેથી ઉત્તમ પુરૂષો જે હિતના વાંચ્છકો છે તેઓ નમસ્કાર કરીને આપને આશરે રહેલા છે. સ્પાદનાદ મતને સ્વીકારે છે. આવુ દ્રવ્ય ગુણનું સ્યાદ્‌વાદ સ્વરૂપને બતાવનાર આપણા આચાર્યોએ ઘણું લખ્યું છે માટે વધારે કહેતા નથી. તેજ નિર્યુક્તિકાર કહે

છે કે બધા દ્રવ્યમાં પ્રધાન એવા જીવ દ્રવ્યમાં ગુણ ભેદ વડે રહેલ છે તે કહે છે.

**संकुचियवियासियत्तं, एसो जीवस्स होइ जीवगुणो । पूरेइ हंदि लोगं, बहुप्पएसेत्तणगुणेणं ॥ १७॥**

જીવ છે તે સયોગિ વીર્યવાળો છતાં, દ્રવ્ય પણે પ્રદેશ સંહાર વિસર્ગ વડે આધારના વશ પણાથી દીવાની માફક સંકોચ અને વિકાશ પામે છે. જીવનો આજ ગુણ આત્માની સાથે આત્મભૂત થઈ રહેલ છે, આમ ભેદ વિના પણ છઠ્ઠી વિભકિતનો સંબંધ થાય છે. જેમ કે રાહુનું માથું. શિલાપુત્રક ( દસ્તો. યા વાટા ) નું શરીર વિગેરે છે. તેજ ભવમાં સાત સમુદ્ઘાત ( આત્માનું વધવું ઘટવું તે ) ના પરવશ પણાથી આત્મા સંકોચ વિકોચ પામે છે, તેજ કહે છે. બરોબર રીતે ચારે બાજુ જોરથી. હણવું. અને આત્મ પ્રદેશોને આમતેમ ફેંકવું. એ સમુદ્ઘાત છે, એ સાત સમુદ્ઘાતનાં નામ બતાવે છે. કષાય; વેદના; મારણ અંતિક, વૈક્રિય, તૈજસ, આહારક, અને કેવલિ સમુદ્ઘાત છે. તેમાં પ્રથમનો કષાય. સમુદ્ઘાત. અનંતાનુબંધી ક્રોધ વિગેરેથી, જેનું ચિત્ત (જ્ઞાન) નાશ પામ્યું છે, તેઓ પોતાના આત્માના પ્રદેશને આમ તેમ ફેંકે છે. તથા અતિશય વેદના થતાં નાડીઓ તૂટતાં વેદના સમુદ્ઘાત થાય, અને મરવાની અણીમાં જીવ આમ તેમ ઉછળ

થવાના પ્રદેશમાં લોકના અંત સુધી આત્મ પ્રદેશોને પોતે વારંવાર ફેંક છે. અને સંકોચી લે છે. વૈક્રિય સમુદ્ઘાત વૈક્રિય લબ્ધિવાળો, નવું વૈક્રિય શરીર બનાવવા માટે, આત્મ પ્રદેશોને બહાર કાઢે છે, તેજ પ્રમાણે તેજસ શરીર બનાવવા તથા તેજો લેશ્યાની લબ્ધિવાલો તપસ્વી તેજો લેશ્યા ફેંકવા વખતે તેજસ સમુદ્ઘાત કરે છે તથા આહારક શરીર બનાવવા ચૌદ પૂર્વ ધારી આહારક લબ્ધિવાલા સાધુ કોઇપણ વખત સંદેહ દૂર કરવા તીર્થંકર પાસે પોતાનું શરીર મોકલવા આહારક શરીર બનાવવા બહારના પ્રદેશોને લેવા આત્માના–પ્રદેશોને બહાર ફેંકે છે, અને કેવલિ સમુદ્ઘાત સમસ્ત લોકવ્યાપી છે એટલે તેની અંદર બધા સમુદ્ઘાત છે, એવું નિયુક્તિકાર પોતેજ કહે છે. ચૌદ રાજ લોક પ્રમાણ આકાશ ખંડ છે તેમાં વ્યાપે છે કારણકે બહુ પ્રદેશનું ગુણ પણું છે. આ કેવલિ સમુદ્ઘાત કેવળ જ્ઞાન થયા પછી કેવળ જ્ઞાની પ્રભુ જુએ છે કે મારૂં આયુષ્ય થોડું છે, અને કર્મ વધારે ભોગવવાનાં છે તેથી દંડ કપાટ મંથન આંતરા પૂરવા, તે પ્રમાણે સંકોચમાં પણ જાણવું એટલે પહેલે સમયે ઉપર નીચે દંડ સમાન, બીજે સમયે બન્ને છેટે કપાટ સમાન ત્રીજે સમયે મથની (રવૈયા)ના આકારે તથા ચોથે સમયે આંતરા પૂરે છે, તે પ્રમાણે પાછું ચાર સમયમાં મૂળ શરીર કરી નાખે છે. આ દ્રવ્ય ગુણ છે. હવે ક્ષેત્ર ગુણ વિગેરે કહે છે.

**देवकुरु सुसमसुसमा, सिद्धी निब्भय दुगादिया चेव।**
**कल भोअणुज्जु वंके, जीवमजीवे य भावंमि।१७२।**

ક્ષેત્ર ગુણ તે દેવ કુરૂ વિગેરે જુગલીઆનાં ક્ષેત્ર છે. ત્યાં સદાએ કલ્પ વૃક્ષ રહે છે, કાળ ગુણમાં સુખમ સુખમ વિગેરે નામના આરા જાણવા, જેમાં કાળે કરીને વસ્તુમાં ફેરફાર થાય છે. ફળ ગુણમાં સિદ્ધિ ગતિ છે. પર્યવ ગુણમાં નિર્ભજના (નિશ્ચિત ભેદ) છે. ગણના ગુણમાં બે ત્રણ ચાર વિગેરેનું ગણવું છે. કરણ ગુણમાં કળા કૌશલ્ય છે, અભ્યાસ ગુણમાં ભોજન વિગેરે છે. ગુણ અગુણમાં સરળતા છે, અ-ગુણ ગુણમાં વક્રતા છે, ભવગુણ અને શીલગુણનો ભાવગુણનો વિષય લેવાથી જીવનું ગ્રહણ લેવાથી તેમાં સમાવેશ થઈ ગયો છે, તેથી ગાથામાં જુદું બતાવ્યું નથી. ભાવગુણ તે જીવનો નારક વિગેરે ભવ જાણવો, શીલગુણમાં જીવનો ક્ષમા વિગેરે ગુણ યુકત આત્મા લેવો, અને ભાવગુણ તે જીવ અને અજીવનો જાણવો, આ પ્રમાણે થોડામાં બતાવી તેની વિશેષ વ્યાખ્યા કરે છે.

## ક્ષેત્ર ગુણ.

દેવકુરૂ, ઉત્તરકુરૂ, હરિ વર્ષ, રમ્યક, હેમવત, હૈરણ્યવત આ છ યુગલિકનાં ક્ષેત્ર છે. તે સીવાય છપન્ન અંતર દ્વીપ છે. તેમાં પણ યુગલિક છે, તેઓને ખેતી વિગેરે કૃત્ય કરવા વીના જે જોઇએ તે કલ્પ વૃક્ષમાંથી મલી શકે છે, તેથી તે

અકર્મ ભૂમિ કહેવાય છે. આ ક્ષેત્રને આશ્રયી ગુણ જાણવો, વલી ત્યાં જન્મેલા મનુષ્યો દેવ કુમાર જેવા સુંદર રૂપવાલા સદા જુવાની ભોગવનારા પુરે આયુષ્યે મરનારા અનુકુળ સુંદર પાંચે ઇંદ્રિયનું વિષય સુખ ભોગવનારા સ્વભાવથીજ સરળ કોમળ સ્વભાવાળા અને ભદ્રક ભાવના ગુણુથી દેવ લોકમાં જનારા હોય છે (સાથે સ્ત્રી પુરૂષનું જોડું જન્મે અને તે નરમાદા તરીકે રહે તેથી તે યુગલિક કહેવાય)

## કાળ ગુણ.

ભરત ઐરવત આ બે ક્ષેત્રમાં પ્રથમના ત્રણ આરામાં એકાન્ત સુખવાલા વખતમાં યુગલિકોની સ્થિતિ સદા સુંદર રૂપવાલી અને યોવન વાલી રહે છે.

## ફળ ગુણ.

ફળ તેજ ગુણ, તે ફળગુણ કહેવાય; અને તે ફળક્રિયાને આશ્રયી છે, તે ક્રિયા સમ્યક્દર્શન જ્ઞાનચારિત્ર વીના આ લોક અથવા પરલોકને આશ્રયી જે કરવામાં આવે; તે એકાન્ત અનંત સુખને આપનારી ન હોવાથી તેનો ફળગુણ મળ્યા છતાં અગુણ જેવો છે, પણ સમ્યગ્દર્શન જ્ઞાનચરિત્ર સાથે મળી તેને અનુસાર જે ક્રિયા થાય; તે એકાન્ત અનંત બાધારહિત સંપુર્ણ સુખ આપનાર સિદ્ધિ ( મોક્ષ ) ફળ આપનાર છે, તેજ ફળગુણ મેળવાય છે, તેથી એમ કહ્યું કેઃ—સમ્યક્દર્શન જ્ઞાનચારિત્રવાળી ક્રિયા મોક્ષફળ આપનારી છે, અને તે શિવાયની ક્રિયા સંસારીક સુખફળના આભાસ

માત્ર ( બનાવટી ) છે. માટે તે નિષ્ફળ છે. ( એટલા માટે મોક્ષાર્થિએ ફળગુણ તેનેજ કહેવો કે જેમાં સમ્યક્દર્શન જ્ઞાનચારિત્ર વિગેરેની પ્રાપ્તિ થાય.

## પર્યાયગુણ.

પર્યાય તેજ ગુણ, તે પર્યાયગુણ છે, એટલે ગુણ અને પર્યાય, એ બંનેનો નયવાદના અંતરપણાથી અભેદ સ્વીકાર્યો છે, અને તે નિર્ભજનારૂપ છે. નિશ્ચિતભજના એટલે, નિશ્ચિત-ભાગ જાણવો. જેમકે, સ્કંધદ્રવ્ય છે, તેને દેશપ્રદેશ વડે ભેદ પાડતાં પરમાણુ સુધી ભેદો પડે છે. (પુદ્ગળ દ્રવ્ય જ્યારે આખું હોય; ત્યારે સ્કંધ કહેવાય; અને તેનો એક ભાગ લઇએ તો દેશ, અને સૌથી બારીક ભાગ લઈએ; તો તે પ્રદેશ કહેવાય, અને તે પ્રદેશ છુટા પડે તો પરમાણુ છે.) પરમાણુ પણ એક ગુણો કાળો બે ગુણા કાળા સાથે મેળવતાં અનંતા ભેદવાળો થાય છે. આ બધા પર્યાયગુણ છે.

## ગણના ગુણ.

બે ત્રણ ચાર વિગેરે, ઘણી મોટી રાશિ હોય; તે ગણના ગુણ વડે નિશ્ચય કરાય છે કે, આટલું એનું પ્રમાણ છે.

## કરણગુણ.

કળાકૌશલ્ય તે, પાણી વિગેરેમાં ઇંદ્રિયોને કુશળતા માટે, ( કસરત માટે ) નહાવા, તરવા વિગેરેની ક્રિયા કરાય છે.

## અભ્યાસગુણ.

ભોજન વિગેરે સંબંધી છે. જેમકે, તે દિવસે જન્મેલો બાળક પણ તે પૂર્વભવના અભ્યાસથી માતાનું સ્તન વિગેરે પોતાના મોઢામાં લે છે, અને રોતો બંધ થાય છે, અથવા અભ્યાસના વશથી અંધારૂં હોય; તોપણ કોળીઓ મોંઢામાંજ મુકે છે, તથા આકુળ ચિત્તવાળો પણ દુઃખવાળી જગ્યાયેજ શરીરને પંપાળે છે વિગેરે છે—

## ગુણ અગુણ.

ગુણજ કોઇને અગુણપણે પરિણમે છે. જેમકે, કોઇ માણસનો સરળગુણ. કપટીને અવગુણ કરનારો થાય છે.

" शाठ्यं ह्रीमति गण्यते व्रतरुचौ, दम्भः शुचौ कैतवं।
शूरे निर्घृणता ऋजौ विमतिता, दैन्यं प्रियाभाषिणि ॥
तेजस्विन्यवलिप्तता मुखरता, वक्तर्यशक्तिः स्थिरे।
तत्को नाम गुणो भवेत् सविदुषां, योदुर्जनैर्नाङ्कितः॥ १ ॥ "

લજ્જાવાળી બુદ્ધિ હોય; તે શઠપણામાં માને. વ્રતની રૂચી દંભપણે માને; પવિત્રતાને કૈતવ ( મશ્કરીપણે ) માને; શૂરને નિર્દયતા, સરળતાને ઘેલાપણું, મીઠું બોલતાં દીનતા માને; તેજસ્વીને અંહકારી, સારૂં બોલનારને, મુખરતા

(વાચાળપણું) માને; સ્થિરમાં બોલવાને અશક્ત માને. આથી કોઇ સારો કવિ કહે છે કેઃ—પંડિતોમાં એવો કયો ગુણ હોય કે, દુર્જનો તેને કલંકિત ન બનાવે? આનો અર્થ એ છે કેઃ—હિતને માટે કહેલું વચન પણ નિર્ભાગ્યને અગુણપણે પરિણમે છે.

### અગુણ ગુણ.

કોઇને અગુણ-વચન પણે ગુણકારીપણ થાય છે. જેમકે, વક્ર વિષય સંબંધી છે. તે જેમ, ગોધો ગળીયો હોય; અને તેને કિણ સ્કંધ (કાંધ) થયો ન હોય; તો ગો ગણમાં સુખેથી બેસે છે.

"ગુણાનામેવ દૌર્જન્યાદ્ધુરિ ધુર્યો નિયુજ્યતે।
અસંજાતકિણસ્કન્ધઃ, સુખં જીવતિ ગૌર્ગલિઃ। ૧।"

જેમકેઃ—દૌર્જન્ય (કુટીલતાથી) ગુણોનુંજ ધુરિમાં ધુર્યપણું યોજાય છે. જેમકે, અસંજાત એટલે, જેને કિણ-સ્કંધ નથયો હોય; તેવો ગળીયો બળદ સુખેથી જીવે છે.

### ભવગુણ.

ભવગુણ એટલે, નારકાદિ ભવવાળો જીવ તે તે સ્થાનમાં ઉત્પન્ન થાય; ત્યાં તેને તેવો ગુણ મળે; તે જીવને આશ્રયી છે. જેમકે, નારકિમાં જીવ ઉત્પન્ન થાય; તેને અતિશય વેદના, તથા દુઃખેથી સહન થાય; તેવી પીડા તે ભોગવે; તથા તેના શરીરને તલ તલ જેવડા ટુકડા કરીનાંખે; તોપણ

જોડાઇ જાય; તથા અવધિજ્ઞાનવાળા હોય છે. આ નારકભવનો ગુણ કહેવાય. એ પ્રમાણે તિર્યંચમાં ઉત્પન્ન થયેલા તેના ભવગુણ પ્રમાણે સત્ અસત્ના વિવેકરહિત છતાં આકાશ-ગમનની લબ્ધિવાળા હોય છે, તથા ગાય વિગેરેને ઘાસ વિગેરે ખાણું શુભ અનુભાવ વડે મળે છે, તથા મનુષ્યભવમાં મોક્ષપ્રાપ્તિ બધાં કર્મોનો ક્ષયરૂપ છે, તે મળે છે, તથા દેવોને સર્વ શુભ અનુભવ છે. આ ભવનો ગુણ છે.

## શીલગુણ.

બીજાએ આક્રોશથી કહેવા છતાં પોતે સ્વભાવથી શાંત રહી ક્રોધ ન કરે; અથવા શબ્દાદિક વિષય સારા–માઠા પ્રાપ્ત થતાં; પોતે તત્ત્વનો જાણ હોવાથી મધ્યસ્થપણું રાખે; તે શીલગુણ છે.

## ભાવગુણ.

ભાવગુણ તે ઐદાયિક વિગેરે છે, તેનો ગુણ તે, ભાવ-ગુણ છે. તે જીવ અને અજીવ આશ્રયી છે. તે જીવ વિષય ઐાદયિક વિગેરે છ પ્રકારે છે. તેના બે ભેદ છે, એટલે તીર્થંકર, તથા આહારક શરીર વિગેરે સંબંધી પ્રશસ્ત છે, અને શબ્દ વિગેરેમાં વિષયની વાંચ્છના, તથા હાસ્ય રતિ અરતિ, વિગેરે નિંદવા યોગ્ય છે, તથા ઐાપશમિક તે, ઉપશમ શ્રેણીએ ચઢેલા આયુષ્યના ક્ષયથી તેજ સમયે અનુ-ત્તર વિમાનને પ્રાપ્તકરે છે, તથા સારૂં કર્મ ઉદયમાં ન

આવવારૂપ છે, તે ઔપશમિક છે. ક્ષાયિકભાવ ગુણ ચાર પ્રકારે છે. (૧) સાત મોહનીય કર્મની પ્રકૃતિ ક્ષય થયા પછી ફરીથી મિથ્યાત્વમાં જાય (૨) ક્ષીણ મોહનીય કર્મવાલા જીવને અવશ્યે બાકીનાં ત્રણ ઘાતીકર્મ દૂર થશે (૩) ક્ષીણ ઘાતી કર્મને આવરણ રહીત જ્ઞાનદર્શન પ્રગટ થશે (૪) બધાં ઘાતિઅઘાતિ કર્મ દૂર થતાં ફરીથી જન્મ લેવો ન પડે; તથા અત્યંત એકાન્ત બાધા રહીત પરમાનંદ વાલા સુખની પ્રાપ્તિ છે, તે છે, ક્ષય ઉપશમથી થએલ ક્ષાયોપશમિક દર્શન વિગેરેની પ્રાપ્તિ છે અને પરિણામિક તે ભવ્ય અભવ્ય, વિગેરે છે, તથા સંનિપાતિક તે ઔદયિક વિગેરે પાંચ ભાવનું એક કાળે સાથે મળવું તે આ પ્રમાણે છે. જેમકે મનુષ્ય ગતિના ઉદયથી ઔદયિક ભાવ છે ત્યાં પાંચ ઇંદ્રિયોની પ્રાપ્તિ થવાથી તે સમયે જ્ઞાન સંબંધી ક્ષય ઉપશમથી ક્ષાયોપશ મિક છે અને દર્શન મોહનીય કર્મની સાત પ્રકૃતિના ક્ષયથી ક્ષાયિક છે અને ચારિત્ર મોહનીયના ઉપશમ ભાવમાં ઔપશમિક છે અને ભવ્યપણાથી પરિણામિક ભાવ છે એમ જીવનો ભાવ ગુણ બતાવ્યો (આનું વધારે વર્ણન ચોથા કર્મ ગ્રંથમાં છે ત્યાંથી જોવું.)

હવે અજીવ ભાવગુણ કહે છે તે ઔદયિક અને પારિણામિકનો સંભવ છે. પણ બીજાનો નથી. ઔદયિક એટલે ઉદયમાં થએલ અને અજીવના આશ્રયી છે તે વિવક્ષાથી અજીવ

લીધો જેમકે કેટલીક પ્રકૃતિઓ પુદ્ગળ વિપાકીજ હોય છે. પ્રશ્ન-તે કઇ છે? ઉત્તર—ઔદારિક વિગેરે પાંચ શરીર, છ સંસ્થાન, ત્રણ અંગોપાંગ, છ સંહનન, પાંચ વર્ણ, બે ગંધ, પાંચ રસ, આઠ સ્પર્શ, અગુરૂ લઘુ નામ, ઉપઘાતનામ, પરાઘાતનામ ઉદ્યોત, આતપનામ, નિર્માણ, પ્રત્યેક, સાધારણ, સ્થિર, અસ્થિર, શુભ, અશુભ આ બધી પ્રકૃતિઓ પુદ્ગળ વિપાકિની છે, કારણકે, જીવનું સંબંધપણું છતાં પુદ્ગળ વિપાકિપણે તેઓ છે. પરિણામિકભાવ, અજીવગુણ બે પ્રકારે છે. અનાદિ પરિણામિક તે ધર્મ-અધર્મ, આકાશનો અનુક્રમે ગતિ, સ્થિતિ, અને અવગાહ લક્ષણરૂપ છે, સાદિ, (આદીવાળો) પરિણામિક દેખાવ ભાવ તે, આકાશમાં વાદળનું ઇંદ્ર ધનુષ્ય વિગેરેનો દેખાવ છે, તથા પરમાણુઓનું રૂપ વિગેરેમાં બીજું ગુણપણું બદલાય છે. હવે આ પ્રમાણે ગુણ કહીને મૂળનો નિક્ષેપો કહે છે.

**मूले छक्कं दव्वे, ओदइउवएस आइमूलं च ।**
**खित्ते काले मूलं, भाव मूलं भवे तिविहं ॥ १७३ ॥**

મૂળ શબ્દનો છ પ્રકારે નામ, સ્થાપના, દ્રવ્ય, ક્ષેત્ર કાળ અને ભાવ, એમ નિક્ષેપા છે. નામ સ્થાપના જાણીતા છે.

### દ્રવ્યમૂળ.

દ્રવ્યમૂળમાં જ્ઞશરીર, ભવ્યશરીર, અને તે શિવાય (૧) ઔદયિકમૂળ, (૨) ઉપદેશમૂળ, (૩) આદિમૂળ. એમ ત્રણ પ્રકારે છે. વૃક્ષોનાં મૂળપણે જે દ્રવ્ય પરિણમે તે ઔદા-

ચિકમૂળ જાણવું; તથા વૈદ્યરોગીને તેનો રોગ દુર કરવા જે મૂળનો ઉપદેશ કરે; તે ઉપદેશમૂળ-પિપરીમૂળ વિગેરે જાણવાં; આદિમૂળ વૃક્ષોનાં મૂળની ઉત્પત્તિમાં જે પહેલું કારણ છે તે જેમકે, સ્થાવરનામ ગોત્ર પ્રકૃતિના સંબંધથી તથા મૂળ નિર્વર્ત્તન ઉત્તર પ્રકૃતિના પ્રત્યયથી જે મૂળ ઉત્પન્ન થાય; તેનો ભાવાર્થ કહે છે, તે મૂળનો નિર્વાહ કરનાર પુદ્ગળોના ઉદય આવતાં કાર્મણ શરીર છે, તે ઔદારિક શરીરપણે પરિણમતાં પહેલું કારણ છે.

### ક્ષેત્રમૂળ.

જે ક્ષેત્રમાં મૂળ ઉત્પન્ન થાય છે, અથવા જે ક્ષેત્રમાં મૂળનું વર્ણન થાય તે જાણવું.

### કાળમૂળ

ક્ષેત્રમૂળ પ્રમાણે એટલે જે કાળમાં ઉત્પન્ન થાય; અથવા વર્ણન કરાય; તે કાળ મૂળ છે ભાવમૂળ ત્રણ પ્રકારે છે.

### ભાવમૂળ.

**ओदइयं उवदिट्ठा, आइ तिगं मूलभाव ओदइअं।**
**आयरिओ उवदिट्ठा, त्रिणयकसायादिओ आई ॥**
**॥ नि. १७४ ॥**

### ઉપદેશક મૂળ.

ભાવ મૂળ ઔદાયિક-ભાવમૂળ. અને આદિમૂળ પ્રથમનું કહે છે. નામ ગોત્રના કર્મના ઉદયથી વનસ્પતિકાયનું મૂળપણું અનુભવ કરતો "મૂળજીવજ" ઔદયિકભાવ મૂળ છે, અને

ઉપદેશકમૂળમાં જૈન આગમ જાણનારા આચાર્ય જે ઉપદેશક છે, તે જાણવા આદિમૂળમાં પ્રાણીઓ જે કર્મ વડે ઉત્પન્ન થાય છે, તે પ્રાણીઓનું મોક્ષ અથવા સંસારનું જે પ્રથમ ભાવમૂળ છે, તેને ઉપદેશ કરે તે જાણવું. જેમકે, આ ગાથાના ચોથા પદમાં કહ્યું કેઃ—" વિનય કષાય વિગેરે આદિ છે." મોક્ષનું આદિકારણ જ્ઞાનદર્શન–ચારિત્ર, તપ અને ઔપચારિક એમ પાંચ પ્રકારનો વિનય છે, તેનાથી મોક્ષની પ્રાપ્તિ થાય છે.

**विणया णाणं णाणाउ, दंसणं दंसणाहि चरणं तु ।**
**चरणाहिंतो मोक्खो, मुक्खे सुक्खं अणाबाहं ॥१॥**

વિનયથી જ્ઞાન, અને જ્ઞાનથી દર્શન. (શ્રધ્ધા), શ્રધ્ધાથી ચારિત્ર, ચારિત્રથી મોક્ષ, અને મોક્ષમાં બાધારહિત સુખ છે.

**विनयफलं शुश्रूषा, गुरुशुश्रूषा फलं श्रुतज्ञानम् ।**
**ज्ञानस्य फलं विरति, विरतिफलं चाश्रवनिरोधः ।२।**
**संवरफलं तपोबल, मथ तपसो निर्ज्जराफलं दृष्टम् ।**
**तस्मा त्क्रियानिवृत्तिः, क्रियानिवृत्तेरयोगित्वम् ॥**

**गा. ३**

વિનયનું ફળ ગુરુની સેવા. તેનાથી શ્રુતજ્ઞાન, તેનાથી ચારિત્ર, તેનાથી આશ્રવ, ( પાપ ) નો અટકાવ, તેનાથી સંવર, સંવરનું ફળ તપ. તેનાથી નિર્જરા, તેનાથી ક્રિયાનો અંત, તેનાથી અયોગીપણું છે.

**योगनिरोधाद् भव, सन्ततिक्षयः सन्ततिक्षयान्मोक्षः**
**तस्मात् कल्याणानां, सर्वेषां भाजनं विनयः ॥४॥**

અયોગિપણાથી ભવસંતતિનો ક્ષય તેનાથી મોક્ષ છે, માટે તે બધાં કલ્યાણોનું મૂળ વિનય છે. ( માટે વિનય સંપાદન કરવો. ) જેમ વિનય મોક્ષનું કારણ છે, તેજ પ્રમાણે વિષય ( ઇંદ્રિયોનો સ્વાદ, ) તથા ક્રોધ, માન વિગેરે કષાયો સંસારનું મૂળ છે

મૂળનું વર્ણન કર્યું. હવે સ્થાનના પંદર પ્રકારે નિક્ષેપા બતાવે છે.

**णामंठवणादविए, खित्तद्धा उद्ध उवरई वसही।**
**संजम पग्गह जोहे, अयल गणण संधणाभावे।१७६।**

નામસ્થાપના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, વિગેરે છે, તે કહે છે. નામસ્થાપના સુગમ છે. દ્રવ્યમાં જ્ઞશરીર વિગેરે છોડીને દ્રવ્ય-સ્થાનમાં સચિત્ત અચિત્ત અને મિશ્રદ્રવ્યનું જે સ્થાન, (આશ્રય) છે તે લેવું. ક્ષેત્રસ્થાનમાં ભરત વિગેરે છે, અથવા ઊંચે નીચે અથવા તિરછા ( ત્રાંસા ) લોકમાં જે ક્ષેત્ર છે તે ક્ષેત્રસ્થાન છે, અથવા જે ક્ષેત્રમાં સ્થાનનું વ્યાખ્યાન થાય તે લેવું. અધ્ધા ( કાળ ) તેનું સ્થાન બે પ્રકારે. ( ૧ ) કાયસ્થિતિ, ( ૨) ભવસ્થિતિ છે. કાયસ્થિતિ તે, પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુમાં અસંખ્યાત, ઉત્સર્પિણી, અવસર્પિણીનો કાળ છે, તથા વનસ્પતિકાયનો અનંતકાળ છે.

બે ઇંદ્રિય વિગેરે વિકલેન્દ્રયનીકાય સ્થિતિ સંખ્યાતા હજાર વર્ષની છે. પંચેન્દ્રિય, તિર્યંચ, તથા મનુષ્યની કાયસ્થિતિ સાત આઠ ભવ છે.

પણ તે બધાની ભવસ્થિતિ નીચે મુજબ છેઃ—

પૃથ્વીની બાવીસ હજાર પાણીની સાત હજાર, વાયુની ત્રણ હજાર, વનસ્પતિની દશ હજાર વર્ષની ઉત્કૃષ્ટિ સ્થિતિ છે. અગ્નિકાયની ત્રણ રાત્રીદિવસ છે; બે ઇન્દ્રિય શંખ વિગેરેની, બાર વર્ષની છે, ત્રણ ઇન્દ્રિય કીડી વિગેરેની સ્થિતિ ઓગણપચાસ દિવસની છે, ચાર ઇન્દ્રિય ભમરા વિગેરેની છ માસની છે, પાંચ ઇન્દ્રિય તિર્યંચ, તથા મનુષ્યની ત્રણ પલ્યોપમની છે, દેવ, તથા નારકીની સ્થિતિ ભવસંબંધી તેત્રીસ સાગરોપમની છે, અને એકવાર ત્યાં ઉત્પન્ન થયા પછી લાગલાગટ ઉત્પત્તિ નથી; માટે કાયસ્થિતિ એકજ ભવની ગણાય. આ ઉપર જે સ્થિતિ બતાવી છે, તે કાયસંબંધી, તથા ભવસંબંધી બન્ને પ્રકારે ઉત્કૃષ્ટ જાણવી જઘન્યથી તો બધાઓની સ્થિતિ અંતમુહુર્ત્તની છે, પણ નારકી, દેવતાની ભવસ્થિતિ દશ હજાર વર્ષની છે. આ બધું કાળને આશ્રયી કહ્યું; અથવા અધ્ધાસ્થાનં તે સમય આવલિકા, મુહૂર્ત્ત અહોરાત, પક્ષ, માસ, ઋતુ, અયન સંવત્સર, યુગ, પલ્યોપમ, સાગરોપમ, ઉત્સર્પિણી, અવસર્પિણી,, પુદ્ગળપરાવર્ત્તન, અતીત, અનાગત, એમ બધા કાળરૂપે જાણવું.

ઊર્દ્ધ્વસ્થાન તે, કાયોત્સર્ગ વિગેરે છે, અને એના ઉપલક્ષણથી નિષણ્ણા ( બેસવું. ) વિગેરે પણ જાણવું.

ઉપરતિસ્થાન તે, વિરતિ છે. તેનું સ્થાન એટલે, સાધુપણું, અથવા શ્રાવકપણું જાણવું; પણ સાધુની સર્વ વિરતિ, અને શ્રાવકની દેશ વિરતિ છે.

વસતિસ્થાન એટલે, જે સ્થાનમાં ગામ અથવા ઘર વિગેરેમાં અમુક કાળ રહેવાનું થાય; તે વસતિ છે.

સંયમસ્થાન સામાયિક છેદોપસ્થાપનીય પરિહાર વિશુદ્ધિ તથા સૂક્ષ્મસંપરાય, યથાખ્યાત, એમ પાંચ પ્રકારે સંયમ છે. તે હરેકનાં સ્થાન અસંખ્યાત છે.

પ્રશ્નઃ—અસંખ્યાતની સંખ્યા કેટલી છે ?

ઉત્તરઃ—અતિ ઇંદ્રિય પણાનો વિષય હોવાથી સાક્ષાત્ દેખાડવાને શકિતવાન્ નથી, તેથી સિધ્ધાંતમાં આપેલી ઉપમા પ્રમાણે કહીએ છીએ. એક સમયમાં સૂક્ષ્મ અગ્નિકાયના જીવો અસંખ્યેય લોકાકાશ પ્રદેશ પ્રમાણ ઉત્પન્ન થાય છે તેનાથી અસંખ્યાત ગુણ અગ્નિકાય પણે પરિણમેલા છે તેનાથી પણ તે કાય સ્થિતિ અસંખ્યેય ગુણી છે તેનાથી પણ અનુભાગ બંધ અધ્યવસાય સ્થાન અસંખ્યેય ગુણા છે. આટલાં સંયમનાં સ્થાન સામાન્યથી કહ્યાં. હવે વિશેષથી કહે છે—

સામાયિક છેદોપસ્થાપનીય પરિહાર વિશુધ્ધિ—એ ત્રણની હરેકનાં અસંખ્યેય લોકાકાશ પ્રદેશ તુલ્ય સંયમ સ્થાન છે

અને સૂક્ષ્મ સંપરાયની અંતર મુહૂર્ત્તપણાની સ્થિતિ હોવાથી અંત મુહૂર્ત્તના સમય બરોબર અસંખ્યેય સંયમ સ્થાન છે. યથાખ્યાત ચારિત્રનું જઘન્ય ઉત્કૃષ્ટ સીવાય એકજ સંયમ સ્થાન છે, અથવા સંયમ શ્રેણીની અંદર રહેલા સંયમ સ્થાનોને લેવાં, તે આ ક્રમે છે-

અનંત ચારિત્ર પર્યાયથી બનેલું એક સંયમ સ્થાન છે. અસંખ્યેય સંયમ સ્થાનનું બનેલું કંડક છે. તે અસંખ્યાત કંડકથી ઉત્પન્ન થએલ છ સ્થાનનું જોડકું છે, તેથી અસંખ્યેય સ્થાનરૂપ શ્રેણી છે.

## પ્રગ્રહ સ્થાન

પ્રકર્ષથી જેનું વચન લેવાય (માનનીય થાય.) તે પ્રગ્રહ વાકયવાળો નાયક (નેતા) જાણવો. તે લૌકિક અને લોકોત્તર એમ બે પ્રકારે છે તેનું સ્થાન તે પ્રગ્રહસ્થાન છે. લૌકિકમાં માનનીય વચનવાલા રાજા યુવરાજ મહત્તર (રાજાનો હિત શિક્ષક) અમાત્ય (પ્રધાન) રાજકુમાર છે. લોકોત્તરમાં પણ આચાર્ય ઉપાધ્યાય પ્રવૃત્તિ ( પ્રવર્ત્તક ) સ્થવિર ગણા વચ્છેદક છે.

## યોધ સ્થાન

આ પણ પાંચ પ્રકારે આલીઢ-પ્રત્યાલીઢ-વૈશાખ મંડલ સમપાદ એ રીતે છે—

## અચળ સ્થાન.

આસ્થાન ચાર પ્રકારે છે, તેના સાદિ પર્યવ સાન વિગેરે છે તે બતાવે છે. પરમાણુ વિગેરે દ્રવ્યનો એક પ્રદેશ વિગેરેમાં જઘન્યથી એક સમય સાદિ સપર્યવસાન અવસ્થાન છે. અને ઉત્કૃષ્ટથી અસંખ્યેય કાળ છે. અને સાદિ અપર્યવસાન સ્થાન સિધ્ધોનું ભવિષ્યના કાળરૂપ છે. સિધ્ધોનું મોક્ષમાં જવું તે આદિ અને ત્યાંથી કોઈપણ વખતે ખસવાનું નથી. માટે અનંત છે.

અનાદિ સપર્યવસાન સ્થાન અતીત અધ્ધા રૂપનું શૈલેશી અવસ્થાના અંત સમયમાં કાર્મણ અને તૈજસ શરીર ધારનારા જે ભવ્ય જીવ છે તેને આશ્રયી જાણવું (તૈજસ અને કાર્મણ શરીર ભવ્ય જીવ સાથે અનાદિ કાળથી જોડાએલાં છે. અને જીવ મોક્ષમાં જતાં તે બંને જીવથી જુદાં પડે છે તે અનાદિસાંત કહેવાય છે.)

અનાદિ અપર્યવ સાન તે ધર્મ અધર્મ આકાશના સંબંધી છે. (તેમની સ્થિતિ પૂર્વની જેવી છે, તેવીજ હમેશાં રહે છે.)

## ગણના સ્થાન.

એક બેથી માંડીને શીર્ષ પ્રહેલિકા સુધી જે ગણત્રી છે. તે લેવી. (જેનમાં પરાર્ધ ઉપરાંત સંખ્યા છે તે અનુયોગદ્વાર સૂત્રમાં બતાવેલી છે, ત્યાંથી જોવી.)

## સંધાન સ્થાન.

તે બે પ્રકારે છે. દ્રવ્યથી. અને ભાવથી છે. દ્રવ્યથી છિન્ન અને અછિન્ન એમ બે ભેદે છે. તે સ્રીની કાંચળી વિગેરેના ટુકડા કરીને સાંધવાનું છે. અને અછિન્ન સંધાનમાં પદમ ઉત્પદ્યમાન તંતુ વિગેરેનું જોડાણ છે. (તાણા વાણા કપડામાં જોડાય તે.)

ભાવ સંધાન પ્રશસ્ત અને અપ્રશસ્ત એમ બે ભેદે છે તેમાં પ્રશસ્ત અછિન્ન ભાવ સંધાન ઉપશમ ક્ષપક શ્રેણિએ ચઢતા મનુષ્યને અપૂર્વ સંયમસ્થાન એક સરખાંજ હોય છે. પણ વચમાં તુટક પડતી નથી. અથવા શ્રેણિ સીવાય. પ્રવર્ધ્ધમાન કંડકનાં લેવાં. છિન્ન પ્રશસ્ત્ ભાવસંધાન ભાવથી ઔદયિક વિગેરે બીજા ભાવમાં જઈને પાછા શુધ્ધ પરિણામ વાલા થઇને ત્યાં આવતાં થાય છે.

અપ્રશસ્ત અછિન્ન ભાવ સંધાન ઉપશમ શ્રેણિ એથી પડતાં અવિશુધ્ધમાન પરિણામવાલા મનુષ્યને અનંતાનુ–બંધિ મિથ્યાત્વના ઉદય સુધી જાણવું—અથવા ઉપશમ શ્રેણિ સીવાય કષાયના વશથી બંધ અધ્યવસાય સ્થાનોને ચઢતાં ચઢતાં અવગાહ માન કરનારા ને હોય છે.

અપ્રશસ્ત છિન્નભાવ સંધાન તે ઔદયિક ભાવથી ઔપશમિક વિગેરે બીજા ભાવમાં જઇને પાછા ત્યાંજ ઔદયિક ભાવમાં આવે તે છે. આ દ્વારનું જોડકું સાથેજ કહ્યું એટલે

સંધાન સ્થાન દ્રવ્ય વિષયનું પહેલું છે, અને પછીનું ભાવ વિષયનું છે અથવા ભાવ સ્થાન જે કષાયોનું સ્થાન છે, તે અહીં લેવું કારણકે તેઓનેજ જીતવાપણાનો અધિકાર છે.

પ્રશ્નઃ— તેઓનું કયું સ્થાન છે કે જેને આશ્રયીને તે થાય છે.

ઉત્તર— શબ્દાદિ વિષયોને આશ્રયીને તે થાય છે તે બતાવે છે

**पंचसु कामगुणेसु य, सद्दफरिसरसरूव गंधेसु ।**
**जस्स कासाया वट्टंति, मूलट्ठाणं तु संसारे नि. गा.**
**॥१७६॥**

અહીં ઇચ્છા અનંગ રૂપ જે કામ છે. તેના ગુણોને-આશ્રયી ચિત્તનો વિકાર છે; તે બતાવે છે- તે વિકારો શબ્દ સ્પર્શ–રસ–રૂપ–ગંધ--એમ પાંચ છે–તે પાંચે વ્યસ્ત અથવા સમસ્ત--વિષય સંબધી જે જીવનું વિષય સુખની ઇચ્છાથી અપરમાર્થને દેખનાર સંસાર પ્રેમી જીવને રાગ દ્વેષ રૂપ અંધકારથી આંખનું તેજ હઠી જવાથી સારા-માઠા પદાર્થ પ્રાપ્ત થતાં કષાયો થાય છે તે મૂળનું સંસાર ઝાડ થાય છે તેથી શબ્દાદિ વિષયથી ઉત્પન્ન થએ કષાયો સંસાર સંબંધી મૂળ સ્થાનજ છે-એનો ભાવાર્થ આ છે કે રાગ વિગેરેથી ડામાડોળ થએલ ચિત્તવાળો જીવ પરમાર્થને ન જાણવાથી આત્માને તેની સાથે કંઈ સંબંધ નથી છતાં વિષયને આત્મા

રૂપે માનીને આંધળાથી પણ વધારે આંધળો બની કામી જીવ રમણીય વિષયો જોઇને આનંદ પામે છે તેથી કહ્યું છે-

**दृश्यं वस्तु परं न पश्यति जगत्यन्धः पुरोऽव स्थितं,**
**रागान्धस्तु यदस्ति तत्परिहरन् यन्नास्ति तत् पश्यति ।**
**कुन्देन्दीवरपूर्णचन्द्रकलश श्रीमल्लतापल्लवा,**
**नारोप्याशुचिराशिषु प्रियतमा गात्रेषु यन्मोदते ॥**

**( શાર્દૂલવિક્રીડિત )**

આંધળો છે તે જગતમાં જોવા જેવી વસ્તુ જોઈ શકતો નથી પણ રાગથી આંધળો થએલો પોતે આત્મા છે તે આત્મ ભાવને છોડીને અનાત્મ ભાવને જુએ છે જેમકે છતી વસ્તુ કુંદ (ફુલ) ઇંદીવર (કમળ) પૂર્ણચંદ્ર કળસ શ્રીમત્ લતા-પલ્લવો જેવાની ગંદકીના ઢગલા રૂપ પ્રિય સ્ત્રીના શરીરને ઉપમાઓ આપીને તેમાં કામી આનંદ માને છે. (સાક્ષાત ઉત્તમ વસ્તુઓ છોડીને દુર્ગંધથી ભરેલા સ્ત્રીના ગંદા શરીરમાં આનંદ માને છે) અથવા કર્કશ શબ્દો સાંભળીને તેમાં દ્વેષ કરે છે તેથી મનોહર અથવા અણગમતા શબ્દ વિગેરે વિષયો કષાયોનું મૂળસ્થાન છે. અને તે કષાયો સંસારનું મૂળ છે.

પ્રશ્ન—જો શબ્દાદિ વિષયો કષાય છે તો તેનાથી સંસાર કેવી રીતે છે?

ઉત્તર—કારણ કે કર્મ સ્થિતિનું મૂળ કષાય છે અને કર્મ સ્થિતિ સંસારનુ મૂળ છે. સંસારીને અવસ્ય કષાયો હોય છે, તે કહે છે–

**जह सव्व पायवाणं, भूमीए पइट्ठियाइं मूलाइं ।**
**इय कम्म पायवाणं, संसारपइट्ठिया मूला ॥१७७॥**

જેમ સર્વ ઝાડોનાં મૂળો પૃથ્વીમાં રહેલાં છે તેજ પ્રમાણે કર્મ રૂપ વૃક્ષના કષાય રૂપે મૂળો સંસારમાં રહેલાં છે.

શંકા—આ અમે કેવી રીતે માનીએ કે કર્મનું મૂળ કષાય છે.?

ઉત્તર—મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય, યોગ, એ-બંધના હેતુ છે. આગમમાં પણ કહ્યું છે કે—

**"जीवे णं भंते ! कतिहिं ठाणेहिं णाणावरणिज्जं कम्मं बंधइ ? गोयमा, दोहिं ठाणेहिं, तं जहा रागेण य दोसेण य । रागेदुविहे-माया लोभेय, दोसे दुविहे कोहे य माणे य, एएहिं चउहिं ठाणेहिं वीरिआ वग्गूहिएहिं णाणावरणिज्जं कम्मं बंधइ ॥**

હે ભગવંત, જીવ કેટલાં સ્થાન વડે, જ્ઞાન આવરણીય કર્મ બાંધે છે.—

ઉત્તર.—હે ગૌતમ. રાગ અને દ્વેષ એ બે સ્થાન વડે બાંધે છે અને એ રાગ; માયા ને લોભ એમ બે ભેદે છે, તથા

દ્વેષ પણ ક્રોધ અને માન, એમ બે ભેદે છે. એ ચાર સ્થાન વડે વીર્ય, ઉપગૂઢ. (જોડવા)થી જ્ઞાનાવરણીય કર્મ બાંધે છે. એ પ્રમાણે આઠે કર્મને આશ્રયી જાણવું અને તે કષાઓ મોહનીય કર્મની અંદર રહેલા છે. અને તે આઠે પ્રકારના કર્મનું મૂળ કારણ છે.

કામ ગુણનું મોહનીય પણું બતાવે છે.

**अट्ठविहकम्मरुक्खा सव्वे ते मोहणिज्जमूलागा ।**
**कामगुणमूलगं वा तम्मूलागं च संसारो ॥१७८॥**

પૂર્વ કહ્યું કે કર્મ પાદપ વિગેરે તેની વ્યાખ્યા કરે છે. તેમાં કર્મ પાદપ કયા કારણવાળાં છે. તેનો ઉત્તર–આઠ પ્રકારના કર્મ રૂપ વૃક્ષો છે. તેમનું મૂળ મોહનીય કર્મ છે. એટલે એકલા કષાયો ન લેવા. પણ કામ ગુણો મોહનીય મૂળ વાલા છે. જે વેદના. (સંસાર ભોગવવાની ઇચ્છા) ઉદયથી કામ થાય છે. તે લેવા. અને વેદ છે તે મોહનીય કર્મમાં સમાવેશ થાય છે. તેથી મોહનીય કર્મ જે સંસારનું મૂળ કારણ છે. તે સંસાર લેવો.

તેજ પ્રમાણે સંસાર કષાય, કામોનું પરંપરાએ મોહનીય કર્મ કારણપણાથી પ્રધાન ભાવને અનુભવે છે. (તેજ કર્મ બંધનમાં અગ્રેશર છે.) તે મોહનીય કર્મનો ક્ષય થવાથી બીજા કર્મનો અવશ્ય ક્ષય થશે તેજ પ્રમાણે. કહ્યું છે.

"जह मत्थयसूईए, हयाए हम्मए तलो ।
तहा कम्माणि हम्मंति, मोहणिज्जे खयं गए ॥१॥

જેમ તાડના ઝાડની જે સૂઈ મથાળે રહેલી છે. તે નાશ કરતાં તાડનું ઝાડ નાશ પામે છે, તેજ પ્રમાણે મોહનીય કર્મ નાશ પામતાં બીજા કર્મો નાશ પામે છે.

આ મોહનીય કર્મ દર્શન મોહનીય અને ચારિત્ર મોહનીય એમ બે ભેદે છે, તે બતાવે છે.

दुविहो अ होइ मोहो, दंसणमोहो चरित्तमोहो अ।
कामा चरित्तमोहो, तेणऽहिगारो इहं सुत्ते ॥१७९॥

દર્શન મોહનીય અને ચારિત્ર મોહનીય એમ બે ભેદે કહ્યુ. અને બંધના હેતુનું પણ બે પ્રકાર પણું છે તે બતાવે છે.

અર્હંત્ (જિનેશ્વર) સિદ્ધ, ચૈત્ય, તપ, શ્રુત ગુરૂ, સાધુ, સંઘના પ્રત્યનીક (જિનેશ્વરથી સંઘ સુધી જે પદો છે, જેમાં ગુણ અને ગુણી એ બંને આવે છે તેમના શત્રુ)પણે જે વર્ત્તે તે દર્શન મોહનીય કર્મ બાંધે છે. અને જેના વડે જીવ અનંત સંસારરૂપ સમુદ્રના મધ્યમાં પડે છે તથા તીવ્ર કષાય બહુ-રાગ દ્વેષરૂપ મોહથી ઘેરાએલો બની દેશ વિરતિ અને સર્વ વિરતિને હણનારો ચારિત્ર મોહનીય કર્મ બાંધે છે.

તેમાં મિથ્યાત્ત્વ, સમ્યગ્ મિથ્યાત્ત્વ (મિશ્ર) અને સમ્ય-ક્ત્વ એમ ત્રણ ભેદે દર્શનમોહનીય-કર્મ છે, તથા સોળ

પ્રકારના કષાય છે. નવ નોકષાય છે. એમ પચ્ચીસ ભેદે ચારિત્રમોહનીય છે. (પહેલા કર્મગ્રંથમાં મોહનીયકર્મ જુઓ.) તેમાં કામ એ શબ્દ વિગેરે પાંચ વિષયો ચારિત્ર-મોહ જાણવા; તેના વડે અહીં સૂત્રમાં અધિકાર છે. કારણકે, અહીં ચાલુ વિષયમાં કષાયોનું સ્થાન છે; અને તે શબ્દાદિ પાંચ ગુણરૂપ છે. અને ચારિત્ર મોહનીય પૂર્વે કહેલી ઉત્તરપ્રકૃતિ જે સ્રીવેદ પુરુષવેદ નપુંસકવેદ તથા હાસ્ય રતિલોભથી આશ્રીત કામ આશ્રયવાળા કષાયો સંસારનું મૂળ છે અને કર્મમાં પ્રધાન કારણ એ છે તે બતાવે છે.

**संसारस्स उ मूलं, कम्मं तस्सावि हुंति य कसाया ।**

સંસાર તે નરક, તિર્યંચ, મનુષ્ય, દેવ એમ ચાર પ્રકારે ગતિરૂપ સંસારનું ભ્રમણ છે. તેનું મૂળ કારણ આઠ પ્રકારનું કર્મ છે. તે કર્મનું પણ મૂળ કારણ કષાયો છે. તે ક્રોધ વિગેરે સંસારનું નિમિત્ત છે, અને તે પ્રતિપાદિત શબ્દ વિગેરે સ્થાનોનું પ્રચુરસ્થાનપણું બતાવવા ફરીથી સ્થાન વિશેષ અડધી ગાથાવડે કહે છે.

**ते सयणपेसअत्था, इएसु अज्झत्थओ अ ठिआ ॥१८०॥**

પહેલાં અને પછી પરિચયવાળાં માતા પિતા સાસુસસરા વિગેરે જે સ્વજન (સગાં) છે. તથા નોકર વિગેરે પ્રેષ્ય છે અને ધન ધાન્ય કુપ્ય (તાંબુ-પીતળ વિગેરે) વાસ્તુ (ઘર) રત્ન એ અર્થ કહેવાય છે (તે સ્વજન વિગેરેનો

દ્વંદ્વ સમાસ કરવો.) આ બધાને અંગે કષાયો વિષયપણે રહ્યા છે, અને આત્મામાં પ્રસન્નચંદ્ર રાજર્ષિની માફક વિષયી-પણે છે; તેમ એકેન્દ્રિય વિગેરેને પણ કષાયો છે. આ પ્રમાણે કષાયનું સ્થાન બતાવવા વડે સૂત્રપદમાં લીધેલું છે. સ્થાન સમાસ કરીને જીતવાયોગ્યવિષયવાળા કષાયોના નિક્ષેપા કહે છે.

**णामंठवणादविए, उप्पत्ती पच्चए य आएसो।**
**रसभावकसाए या, तेण य कोहाइया चउरो १८१**

### કષાયનાનિક્ષેપા.

જેવો છે તેવો અર્થ ન બતાવે; તે નિરપેક્ષ અભિધાન માત્ર તે નામ કષાય છે અને સદ્ભાવ (તદાકાર ચિત્ર વિગેરે) અસદ્ભાવ (તદાકાર નહી.) જેમ ઇંટ વિગેરેના દેવ બનાવે;) તે બે પ્રકારે સ્થાપના નિક્ષેપ છે. જેમકે, ભયંકર ભ્રૂકુટિ (આંખની ભ્રમર) ક્રોધથી ચઢાવી કપાળમાં ત્રણ સળ પાડી ત્રીશૂળ સાથે મોઢું તથા આંખ લાલ કરી હોઠદાંત પીસતો પરસેવાના પાણી વિગેરેથી સંપૂર્ણ ક્રોધનું ચિત્ર પુસ્તક અથવા અક્ષ વરાટક ( ) વિગેરેમાં રહેલ તે સ્થાપના કષાય છે. (ક્રોધ જીવને આશ્રયી છે, અને ક્રોધનાં ચિન્હ જેને પ્રગટ થયાં હોય; તેવા ક્રોધીનું ચિત્ર પુસ્તક અથવા બીજામાં ચિત્ર પાડે; તે કષાયનું ચિત્ર હોવાથી; સ્થાપના કષાય છે.) દ્રવ્યકષાયોમાં જ્ઞશરીર તથા ભવ્ય શરીરથી વ્યતિરિક્ત કર્મદ્રવ્ય કષાયો

તથા નોકર્મદ્રવ્ય કષાયો છે, તેમાં પ્રથમ જે ઉદીર્ણામાં ન આવેલા; અથવા ઉદીર્ણામાં જે પુદ્ગળો આવેલા હોય; તે પુદ્ગળો દ્રવ્યના પ્રધાનપણાથી કર્મદ્રવ્ય કષાયો જાણવા. બિભિતક (                    ) વિગેરે નોકર્મદ્રવ્ય કષાયો છે તથા ઉત્પત્તિ કષાયો શરીર ઉપધિ ક્ષેત્ર વાસ્તુ સ્થાણું વિગેરે ઉત્પત્તિ કષાયો છે, એટલે જેને આશ્રયીને કષાયોની ઉત્પત્તિ થાય; તે ઉત્પત્તિ કષાય જાણવા; તેવુંજ શાસ્ત્રમાં કહ્યું છેઃ—

'किं एत्तो कट्ठयरं, जं मूढो थाणुअम्मि आवाडिओ ।
थाणुस्स तस्स रूसइ, न अप्पणो दुप्पओगस्स ॥१॥

કોઈને સ્થાણું (ઝાડનું ઠુંઠું) વિગેરે વાગતાં મૂઢ માણસ પોતાના પ્રમાદનો દોષ ન કાઢતાં; તેજ સ્થાણા ઉપર ક્રોધ કરે છે, એનાથી વધારે દુઃખદાયક બીજું શું છે?

## પ્રત્યયકષાય.

કષાયોના જે પ્રત્યયો એટલે બંધનાં કારણો છે તે અહીંયાં સુંદર અને ખરાબ, એવા ભેદવાળા શબ્દ વિગેરે લેવા; કારણકે એનાથીજ ઉત્પત્તિ તથા પ્રત્યયનું કાર્ય તથા કારણરૂપે-ભેદ રહેલા છે.

## આદેશ કષાય.

બનાવટી ભ્રમર વિગેરે ચઢાવવી તે છે.

## રસકષાય

રસથી એટલે કડવા તીખા એમ પાંચ પ્રકારના રસની અંદર રહેલા છે. તે લેવા—

## ભાવકષાય

શરીર, ઉપધિ, ક્ષેત્ર, વાસ્તુ, સ્વજન, પ્રેષ્ય, અર્ચા વિગેરે નિમિત્તથી પ્રગટ થએલા જે શબ્દ વિગેરે કામ ગુણ કારણુ કાર્યભૂત કષાય કર્મનાઉદયરૂપ આત્માના પરિણામ વિશેષ તે ક્રોધ માન માયા લોભ એવા ચાર કષાય છે. તે દરેકના અનંતાનુબંધી અપ્રત્યાખ્યાન પ્રત્યાખ્યાન આવરણુ તથા સંજવલન, એવા ચાર ભેદ વડે ગણુતાં સોળ ભેદ વાલા ભાવ કષાય છે. તેઓનું સ્વરૂપ તથા અનુબંધનું ફળ ગાથાઓ વડે કહે છે.

-'जलरेणुपुढविपव्वय, राईसरिसो चउव्विहो कोहो।
तिणिसलयाकट्ठट्ठिय, सेलत्थंभोवमो माणो॥१॥

પાણીમાં રેતીમાં જમીન ઉપર અને પર્વત ઉપર જે ફાટ પડવા જેવો દેખાવ થાય, છે તેવો ચાર પ્રકારનો ક્રોધ છે. (રેતીમાં કાઢેલી લીટી. પવનથી તુરત મલી જાય. તેવો સંજવલન ક્રોધ જાણુવો. એમ અનુક્રમે દરેક વધારે વધારે પ્રમાણુમાં જાણુવો) તથા તિનિશ લતા લાકડું હાડકું પથરનો થાંભલો એ ચારની ઉપમા વાલું માન છે. (તિનિશ લતા ઝટ વળે તેમ સંજવલને માનવાળો માન મુકી ઝટ નમે બાકીના માન વાલા કઠણાઈથી નમે પણ પથરનો થાંભલો નમે નહી તેમ અનંતાનુબંધી માનવાલો નમે નહી)

**मायावलेहिगोमुत्ति, मेंढसिंगघण वंस मूलसमा।**
**लोभो हलिद्दकद्दम, खंजणाकिमिरायसामाणो ॥२॥**

અવલેખી (નેતર વિગેરેની છાલ) ગોમુત્રીકા ઘેટાનું શીગડું અને વાંસનું થડીઉં, આ ચારની ઉપમા વાલી માયા છે. (સંજવલન માયા વાલો જેમ નેતરની છોલ. વાળેલી હોય તોપણ સીધી થઇ જાય છે. તેમ આ માયા વાળો માયાને દૂર કરે છે પણ છેવટની માયાવાળો વાંસના થડીયા માફક કદીપણ કપટ છોડતો નથી. ) તથા લોભ હલદર કાદવ ખંજન અને કૃમિના રંગ જેવો છે. ( સંજવલનના લોભવાળો જેમ હલદરનો રંગ ઝટ જતો રહે તેમ આ લોભીને ઝટ સંતોષ થાય. પણ કૃમિ રાગથી રંગેલા કપડા જેવા લોભીને મરતાં સુધી સંતોષ ન થાય.

**पक्खचउमासवच्छर, जावज्जीवाणुगामिणोकमसो।**
**देवणरातिरियणारय, गइसाहणहेयवो भणिया**
**॥ गा–३ ॥**

તે કષાયો સંજવલન વિગેરેની સ્થિતિ. એક પખવાડીઉં તથા ચાર માસ, એકવર્ષ. અને છેવટના અનંતાનુબંધીની આખી જીંદગી સુધીની છે. અને તેઓની સંજવલન વાલાની દેવ ગતિ તથા બાકીના ત્રણની અનુક્રમે. મનુષ્ય તિર્યંચ અને નરક ગતિ છે. અર્થાત્ એ કષાયો વાલા જીવો એ ગતિને પામે

છે. એમ કષાયો તે ગતિના સાધનના હેતુએ કહ્યા, આ કષાયના નામ વિગેરે આઠ પ્રકારે નિક્ષેપા કહ્યા. તેને કયા નયવાલો શું ઇચ્છે છે. તે કહે છે.

નૈગમ નયવાલો સામાન્ય વિશેષ રૂપપણાથી તથા તેનું એકગમ પણું નહોવાથી તેના અભીપ્રાય પ્રમાણે બધાએ નિક્ષેપા નામ વિગેરે આઠે માને છે. અને સંગ્રહવ્યહવાર નયવાલા કષાય સંબંધના અભાવથી. આદેશ. અને સમુત્પત્તિ એ બે નિક્ષેપાને ઇચ્છતા નથી. રૂજુ સૂત્રવાલો વર્ત્તમાન અર્થને ઇચ્છતો હોવાથી આદેશ, સમુત્પત્તિ અને સ્થાપના નિક્ષેપાને ઇચ્છતો, નથી શબ્દ નયવાલો નામનો પણ કથંચિતભાવની અંદર રહેલા ભાવથી નામ અને ભાવ, એવા બે નિક્ષેપાનેજ ઇચ્છે છે આ પ્રમાણે કષાયો કર્મના કારણપણે કહ્યા. અને તે કર્મ સંસારનું કારણ છે. હવે સંસાર કેટલા પ્રકારનો છે તે બતાવે છે.

**दव्वे खित्ते काले, भवसंसारे अ भावसंसारे ।**
**पंचविहो संसारो, जत्थे ते संसरंति जिआ ॥१८॥**

દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભવ, અને ભાવ, એમ પાંચ પ્રકારનો સંસાર છે, જેમાં સંસારી જીવો ભ્રમણ કરે છે. (નામ સ્થાપના સુગમ હોવાથી નિર્યુક્તિકારે લીધા નથી એમ જણાય છે.) દ્રવ્ય સંસારમાં જ્ઞ શરીર ભવ્યશરીર છોડીને દ્રવ્ય સંસારરૂપ આ સંસારજ છે. અને ક્ષેત્ર સંસાર જે ક્ષેત્રામાં દ્રવ્યો આમ તેમ સંસરે (ખસે) તે છે. કાળ સંસાર તે

જેમાં સંસારનું વર્ણન થાય અને નરક વિગેરે ચાર ગતિમાં અનુપૂર્વીના ઉદયથી એક ભવથી બીજા ભવમાં જવું, તે ભવ સંસાર છે. અને ભાવ સંસાર એટલે સંસૃતિનો સ્વભાવ તે ઔદયિક વિગેરે ભાવની પરિણતિરૂપ છે, તેમાં પ્રકૃતિ, સ્થિતિ, અનુભાગ, અને પ્રદેશ એમ ચાર પ્રકારના કર્મના બંધના પ્રદેશ વિપાકનું ભોગવવું છે. આ પ્રમાણે દ્રવ્યથી લઇ ભાવ સુધી પાંચ પ્રકારનો સંસાર છે અથવા દ્રવ્યાદિક ચાર પ્રકારનો સંસાર છે તે આ પ્રમાણે અશ્વથી હાથી. ગામથી નગર. અને વસંતથી ગ્રીષ્મ. તથા ઔદયિકથી ઔપશમિક એમ ચાર પ્રકારે થાય છે, એમ બંને પ્રકારે સંસાર બતાવ્યો છે, આ સંસારમાં કર્મને વશ થએલા જીવો આમ તેમ ભમે છે. તેથી કર્મનું સ્વરૂપ બતાવે છે.

**णामंठवणाकम्मं, दव्वकम्मं पओगकम्मं च ।**
**समुदाणिरियावहियं आहाकम्मंतवोकम्मं ॥१८३॥**
**किइकम्म भावकम्मं, दसविह कम्मं समासओ होइ ।**

નામ કર્મ. તે કર્મ વિષયથી શૂન્ય. એવું નામ માત્ર છે. સ્થાપના કર્મ પુસ્તક અથવા પત્ર વિગેરેમાં કર્મ વર્ગણાનું સદ્‌ભાવ. અસદભાવ એમ બેરૂપે જે લખેલું કે ચિતરેલું હોય કર્મ છે તે સ્થાપના કર્મ છે.

દ્રવ્ય કર્મમાં. જ્ઞશરીર. ભવ્યશરીર સીવાય વ્યતિરિકત બે પ્રકારે છે-દ્રવ્ય કર્મ અને નો દ્રવ્ય કર્મ, તેમાં દ્રવ્યકર્મ તે.કર્મ

વર્ગણાના અંદર રહેલા પુદ્ગળો જે બંધને યોગ્ય, અને બંધાતા અને બાંધેલા જે ઉદીર્ણામાં ન આવેલા હોય તે લેવા નો દ્રવ્યકર્મમાં કૃષીબળ (ખેડુત.) વિગેરેનાં કર્મ જાણવાં (જેનાથી બીજા જીવોને દુઃખ થાય તેવાં સંસારી કૃત્ય અહીં લેવાં)

પ્રશ્ન—કર્મ વર્ગણાની અંદર રહેલા પુદ્ગળો દ્રવ્ય કર્મ છે એવું કહ્યું તે વર્ગણા કઇ છે ?

ઉત્તર—સામાન્ય રીતે વર્ગણા ચાર પ્રકારની છે, દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ, એમ ચારભેદે છે. તેમાં દ્રવ્યથી એક બે વિગેરેથી, સંખ્યેય, અસંખ્યેય- અનંત, પ્રદેશ વાળી છે. તથા ક્ષેત્રથી જે ક્ષેત્ર પ્રદેશમાં અવગાઢ કરી રહેલ દ્રવ્યના એક બેથી સંખ્યેય, અસંખ્યેય, પ્રદેશ રૂપ ક્ષેત્ર પ્રદેશો જેનાથી રોકાય, તે ક્ષેત્ર વર્ગણા છે. અને કાળથી એક બેથી માંડીને સંખ્યેય, અસંખ્યેય. સમય સ્થિતિમાં રહેલ વર્ગણા લેવી અને ભાવથી રૂપ, રસ, ગંધ, સ્પર્શ, તથા તેની અંદર રહેલા ભેદો રૂપ સામાન્યથી ભાવ વર્ગણા જાણવી, અને વિશેષથી હવે કહે છે.—

(૧) પરમાણુ ઓની એક વર્ગણા છે. એજ પ્રમાણે એક એક પરમાણુના ઉપચય (વધારા) થી સંખ્યેય પ્રદેશ વાળા સ્કંધોની સંખ્યેય વર્ગણાઓ છે. તેજ પ્રમાણે અસંખ્યેય પ્રદેશ વાળા સ્કંધોની અસંખ્યેય વર્ગણા જાણવી આ વર્ગણાઓ ઔદારિક વિગેરે પરિણામ ને યોગ્ય થઇ શકતી નથી તથા અનંત પ્રદેશની બનેલી અનંતી વર્ગણાઓ પણ ગ્રહણ

યોગ્ય નથી. તેવી વર્ગણાઓને ઉલંઘીને ઔદારિક ગ્રહણ યોગ્ય થાય છે. તે અનંતી અનંત પ્રદેશરૂપ અનંતી વર્ગણાઓજ છે. એટલે પૂર્વે કહેલી અયોગ્ય ઉત્કૃષ્ઠ વર્ગણાની અંદર 'એક' એક મેળવવાથી ઔદારિક શરીર ગ્રહણ યોગ્ય જઘન્ય વર્ગણાઓ થાય છે એમ એક એક પ્રદેશ વધારતાં વધેલી ઔદારિક યોગ્ય ઉત્કૃષ્ટ વર્ગણા જ્યાં સુધી અનંતી થાય ત્યાં સુધી લેવી.

પ્રશ્ન—જઘન્ય ઉત્કૃષ્ટાનો શું ભેદ છે ?

ઉત્તર—જઘન્યથી ઉત્કૃષ્ટ વિશેષ અધિક છે, તેમાં વિશેષ આ છે કે ઔદારિક જઘન્ય વર્ગણાનો અનંતમો ભાગ જે છે તેના અનંતા પરમાણુ પણાથી એક એક પ્રદેશના ઉપચય થએથી ઔદારિક યોગ્ય વર્ગણાનો જઘન્ય ઉત્કૃષ્ટ મધ્યવર્ત્તીની વર્ગણાઓનું અનંતપણું છે, તેમાં ઔદારિક યોગ્ય ઉત્કૃષ્ટ વર્ગણામાં એકરૂપ (સંખ્યા) ઉમેરવાથી અયોગ્ય વર્ગણા જઘન્ય થાય છે. એ પ્રમાણે એક એક પ્રદેશ વધતાં ઉત્કૃષ્ટ અંતવાળી અનંતી થાય છે.

પ્રશ્નઃ—એમાં જઘન્ય ઉત્કૃષ્ટ વર્ગણાનો શું વિશેષ છે ?

ઉત્તરઃ—જઘન્યથી અસંખ્યેય ગુણી ઉત્કૃટી છે, અને તે બહુ પ્રદેશપણાથી અને અતિ સૂક્ષ્મ પરિણામપણાથી ઔદારિકને અનંતિ વર્ગણા પણ તે અગ્રહણ યોગ્ય છે, તેમ અલ્પ પ્રદેશપણાથી અને બાદર પરિણામપણાથી વૈક્રિય

(શરીર)ને પણ અયોગ્ય છે, એ પ્રમાણે જેમ જેમ પ્રદેશનો ઉપચય થાય; તેમ તેમ વિશ્રસા પરિણામના વશથી વર્ગણાઓનું અતિશય સૂક્ષ્મપણું જાણવું; તેજ ઉત્કૃષ્ટ ઉપર એકરૂપ નાંખવાથી યોગ્ય અયોગ્ય વિગેરે વૈક્રિય શરીર વર્ગણાઓનું જઘન્ય ઉત્કૃષ્ટનું વિશેષ લક્ષણ જાણવું; તથા વૈક્રિય—આહારક એ બન્નેના વચમાં રહેલી અયોગ્ય વર્ગણાઓનું જઘન્ય ઉત્કૃષ્ટ વિશેષ અસંખ્યેય ગુણપણું છે, વળી પૂર્વે કહ્યા પ્રમાણે અયોગ્ય વર્ગણા ઉપર એકરૂપના પ્રક્ષેપથી જઘન્ય આહારક શરીર યોગ્ય વર્ગણાઓ થાય છે, તે પ્રદેશ વૃદ્ધિથી વધતાં ઉત્કૃષ્ટ અનંત સુધી થાય છે.

પ્રશ્નઃ—જઘન્ય ઉત્કૃષ્ટનું કેટલું અંતર છે?

ઉત્તરઃ—જઘન્યથી ઉત્કૃષ્ટ વિશેષ અધિક છે.

પ્રશ્નઃ—વિશેષ કેટલો છે?

ઉત્તરઃ—જઘન્ય વર્ગણાનોજ અનંત ભાગ છે, તેનું પણ અનંત પરમાણુપણું હોવાથી આહારક શરીર યોગ્ય વર્ગણાઓનું પ્રદેશ ઉત્તરથી વધતી વર્ગણાઓનું પણ અનંતપણું છે, તે ઉત્કૃષ્ટ વર્ગણામાંજ એકરૂપ ઉમેરવાથી જઘન્ય આહારક શરીરને અયોગ્ય વર્ગણાઓ થાય છે. ત્યારપછી પ્રદેશ વૃદ્ધિએ વધતી જ્યાં સુધી ઉત્કૃષ્ટ અનંત થાય; ત્યાં સુધીજ આહારક શરીરના સૂક્ષ્મપણાથી અને બહુ પ્રદેશપણાથી તેને અયોગ્ય વર્ગણાઓ છે, તેમ બાદરપણાથી

અને અલ્પ પ્રદેશપણાથી તૈજસ શરીરને પણ અયોગ્ય છે.

પ્રશ્નઃ—જઘન્ય ઉત્કૃષ્ટને અહીં કેટલું અંતર છે ?

ઉત્તર—જઘન્યથી ઉત્કૃષ્ટ અનંત ગુણા છે.

પ્રશ્ન—કયા ગુણાકાર વડે ?

ઉત્તર—અભવ્યથી અનંત ગુણા અને સિદ્ધથી અનંતમે ભાગે છે.

તેના ઉપર એકરૂપ નાંખવાથી તૈજસ શરીરને યોગ્ય વર્ગણા જઘન્ય છે, તે પ્રદેશ વૃદ્ધિએ વધતી ઉત્કૃષ્ટ સુધી અનંતી થાય છે.

પ્રશ્ન—જઘન્ય ઉત્કૃષ્ટનું અંતર કેટલું છે !

ઉત્તર—જઘન્યથી ઉત્કૃષ્ટ વિશેષ અધિક છે, અને વિશેષ તે જઘન્ય વર્ગણાનો અનંત ભાગ છે, તેને પણ અનંત પ્રદેશપણું હોવાથી જઘન્ય ઉત્કૃષ્ટની વચમાં રહેલી વર્ગણાઓનું અનંતપણું છે, તૈજસની ઉત્કૃષ્ટ વર્ગણાના ઉપર એકરૂપ નાંખવાથી વધેલી જે વર્ગણા તે તૈજસ શરીરને અ ગ્રહણ યોગ્ય થાય છે એમ એક એક પ્રદેશ વધતાં ઉત્કૃષ્ટ અંતવાલી અનંતી વર્ગણાઓ છે, તે તૈજસ શરીરને તેના અતિ સૂક્ષ્મ પણાથી તથા બહુ પ્રદેશપણાથી અયોગ્ય છે, તેમ બાદરપણાથી અને અલ્પ પ્રદેશપણાથી ભાષા દ્રવ્યને પણ અયોગ્ય છે.

જઘન્ય ઉત્કૃષ્ટનું અનંત ગુણપણાથી વિશેષ છે અને

તે ગુણાકાર અભવ્યથી અનંતગુણા અને સિદ્ધોથી અનંતમે ભાગે છે તે અયોગ્ય ઉત્કૃષ્ટ વર્ગણામાં એકરૂપ નાંખવાથી જઘન્ય ભાષા દ્રવ્ય વર્ગણા થાય છે, તેની પણ પ્રદેશ વૃદ્ધિએ ઉત્કૃષ્ટ વર્ગણા સુધી અનંત સ્થાન છે. જઘન્ય ઉત્કૃષ્ટનું વિશેષ આ છે, જઘન્ય વર્ગણાના અનંતમે ભાગે અધિક ઉત્કૃષ્ટ વર્ગણા છે. અહીઆં પણ અનંત ભાગનું અનંત પરમાણુ પણું જાણવું તેથી આ એક વિગેરે પ્રદેશ વૃદ્ધિના ક્રમથી અયોગ્ય વર્ગણાઓનું જઘન્ય ઉત્કૃષ્ટપણું વિગેરે જાણવું. અહીંઆં વિશેષ આટલું છે કે જઘન્ય ઉત્કૃષ્ટનો ભેદ અહીઆં અભવ્યથી અનંતગુણો અને સિદ્ધોથી અનંતમે ભાગે છે, તે વર્ગણાઓનું પણ પૂર્વ હેતુ કદંબક (સમૂહ) થી ભાષા દ્રવ્ય અને આનાપાન (શ્વાસોચ્છ્વાસ) દ્રવ્યનું અયોગ્ય પણું જાણવું. અને અયોગ્ય ઉત્કૃષ્ટ વર્ગણામાં એક રૂપ નાંખેથી આનાપાન વર્ગણા જઘન્ય થાય છે. તેનાથી એક એક રૂપે વધતાં ઉત્કૃષ્ટ વર્ગણાઓના અંતવાલી અનંતી થાય છે. જઘન્યથી ઉતકૃષ્ટા જઘન્યથી અનંત ભાગ અધિક જાણવા તેના ઉપર એક રૂપ વધતાં જઘન્ય ઉત્કૃષ્ટ ભેદ વડે અગ્રહણ યોગ્ય વર્ગણા છે. પણ વિશેષમાં અભવ્યોથી અનંત ગુણ અને સિધ્ધોથી અનંતમે ભાગે છે. ફરીથી અયોગ્ય ઉત્કૃષ્ટ વર્ગણા ઉપર પ્રદેશથી માંડીને વૃદ્ધિ કરતાં જઘન્ય ઉત્કૃષ્ટ ભેદવાલી મનો-

દ્રવ્ય વર્ગણા છે. જઘન્ય વર્ગણાનો અનંતમો ભાગ વિશેષ છે. ફરીથી પ્રદેશના વધતા ક્રમથી અગ્રહણ વર્ગણા છે. વિશેષમાં અભવ્યનો અનંત ગુણ વિગેરે છે. અને તે વર્ગણાઓ પ્રદેશના બહુ પણાથી અને અતિ સૂક્ષ્મ પણાથી મનો દ્રવ્યને અયોગ્ય વર્ગણાઓ છે, તથા અલ્પ પ્રદેશપણાથી અને બાદર પણાથી કાર્મ્મણ શરીરને પણ અયોગ્ય છે, તેના ઉપર એક રૂપ નાંખવાથી જઘન્ય કાર્મ્મણ શરીરની વર્ગણા છે, વળી એક એક પ્રદેશની વૃદ્ધિ કરતાં ઉત્કૃષ્ટ અનંત સુધી છે.

પ્રશ્ન—જઘન્ય ઉત્કૃષ્ટનો શું વિશેષ છે. ?

ઉત્તર—જઘન્ય વર્ગણાનો અનંતમો ભાગ અધિક તે ઉત્કૃષ્ટ વર્ગણા છે, અને તે અનંત ભાગ અનંતા અનંત પરમાણુ રૂપ હોવાથી અનંત ભેદથી ભિન્ન કર્મ દ્રવ્યની વર્ગણાઓ છે, અને અહીં તેમનું પ્રયોજન છે. કારણ કે દ્રવ્ય કર્મના વ્યાખ્યાનની અહીં વાત ચાલે છે, અને હવે પછીની વર્ગણાઓ ક્રમે આવેલી છે, તે શિષ્યના ઉપર ઉપકારની બુદ્ધિથી કહેવાય છે.

વલી ઉત્કૃષ્ટ કર્મ વર્ગણા ઉપર એક રૂપ નાંખવાથી જઘન્ય ઉત્કૃષ્ટ ભેદથી ભિન્ન ધ્રુવ વર્ગણા છે, તે જઘન્યથી ઉત્કૃષ્ટી સર્વ જીવોથી અનંત ગુણી છે, તેના ઉપર એક રૂપ નાંખવાથી ક્રમવડે અનંતીજ જઘન્ય ઉત્કૃષ્ટ ભેદવાલી અધ્રુવ

વર્ગણા છે. અધ્રુવ પણાથી અધ્રુવ છે, કારણ કે તેના વિરૂદ્ધ પક્ષવાલી ધ્રુવના અદ્ભાવથી તેનું અધ્રુવ પણું છે. અહીં જઘન્ય ઉત્કૃષ્ટનો ભેદ હમણા ઉપર કહેલો તેજ છે—તે ઉત્કૃષ્ટના ઉપર એક એકની વૃદ્ધિ કરતાં જઘન્ય ઉત્કૃષ્ટ ભેદવાળી અનંતીજ શૂન્ય વર્ગણાઓ થાય છે, અને જઘન્ય ઉત્કૃષ્ટનો વિશેષ પૂર્વ માફક છે. તેઓનો સંસારમાં પણ અભાવ છે, તેથી તેનું નામ શૂન્યવર્ગણા રાખ્યું છે. તેમાં એમ કહ્યું છે કેઃ—અધ્રુવ વર્ગણાના ઉપર પ્રદેશની વૃદ્ધિએ અનંતીનો પણ સંભવ થતો નથી. એવી પ્રથમ શૂન્યવર્ગણા છે. તેના ઉપર એકરૂપ વિગેરેની વૃદ્ધિએ જઘન્ય ઉત્કૃષ્ટ ભેદવાળી પ્રત્યેક શરીરની વર્ગણા થાય છે. જઘન્યથી ક્ષેત્ર પલ્યોપમના અસંખ્યેય ભાગના પ્રદેશ જેટલા ગુણી ઉત્કૃષ્ટ છે, તેના ઉપર એક એકરૂપની વૃદ્ધિએ જઘન્ય ઉત્કૃષ્ટ ભેદવાળી અનંતીજ શૂન્ય વર્ગણાઓ થાય છે.

જઘન્ય વર્ગણાથી ઉત્કૃષ્ટી અસંખ્ય ભાગ પ્રદેશગુણી છે, તેનો અસંખ્યેય ભાગ પણ અસંખ્યેય લોકાકાશરૂપ છે. આ પ્રમાણે બીજી શૂન્યવર્ગણા છે, તેના ઉપર એકરૂપાદિ વૃદ્ધિએ બાદર નિગોદ શરીરની વર્ગણા જઘન્યથી છે, અને ક્ષેત્ર પલ્યોપમના અસંખ્યે ભાગ પ્રદેશગુણી ઉત્કૃષ્ટી છે, તેના ઉપર એકરૂપ વિગેરેની વૃદ્ધિથી જઘન્ય ઉત્કૃષ્ટ ભેદવાળી ત્રીજી શૂન્યવર્ગણા છે. જઘન્યથી અસંખ્યેય ગુણી ઉત્કૃષ્ટી છે.

પ્રશ્ન:—ગુણાકાર કયો છે ?

ઉત્તર:—આંગળના અસંખ્યેય ભાગ પ્રદેશની રાશિના આવલિકા કાળના અસંખ્યેય ભાગ સમય પ્રમાણે વારંવાર વર્ગમૂળના કરવાથી અસંખ્યેય ભાગ પ્રદેશ પ્રમાણે છે, તેના ઉપર એક એકરૂપની વૃદ્ધિએ જઘન્ય ઉત્કૃષ્ટ ભેદવાળી સૂક્ષ્મ નિગોદ શરીરની વર્ગણા છે, જઘન્યથી ઉત્કૃષ્ટી આવલિકાના કાળના અસંખ્યેય ભાગ સમયના ગુણાકાર જેટલી છે.

તેના ઉપર એક એક રૂપની વૃદ્ધિએ જઘન્ય ઉત્કૃષ્ટ ભેદવાળી ચોથી શૂન્યવર્ગણા છે. જઘન્યથી ઉત્કૃષ્ટી ચોખુણો કરેલો લોકની અસંખ્યેય શ્રેણિઓ જેટલી છે, અને તે પ્રતરના અસંખ્યેય ભાગ બરાબર છે, તેના ઉપર એક એકરૂપની વૃદ્ધિએ જઘન્ય ઉત્કૃષ્ટ ભેદવાળી મહા સ્કંધ વર્ગણા છે, જઘન્યથી ઉત્કૃષ્ટ ક્ષેત્ર પલ્યોપમના અસંખ્યેય અથવા સંખ્યેયગુણા છે.

આ પ્રમાણે સંક્ષેપથી વર્ગણાઓ કહી છે, વિશેષ જાણવા ઇચ્છનારે કર્મપ્રકૃતિ નામનો ગ્રંથ જોવો જોઇએ.

## પ્રયોગ કર્મ

હવે પ્રયોગ કર્મ કહે છે-વીર્યાંતરાયના ક્ષય ઉપશમથી પ્રગટ થએલ વીર્યવાલા આત્માથી પ્રકર્ષે કરીને યોજાય તે પ્રયોગ છે. તે મન વચન અને કાયાના લક્ષણવાલો પંદર પ્રકારે છે તેની વિગત.

મન યોગમાં—સત્ય, અસત્ય, મિશ્ર, તથા ન સત્ય

ન અસત્ય એમ ચાર પ્રકારે છે, તેમજ વચન યોગ પણ ચાર પ્રકારે છે અને કાયા યોગ સાત પ્રકારે છે, તે બતાવે છે (૧) ઔદારિક (૨) ઔદારિક મિશ્ર (૩) વૈક્રિય (૪) વૈક્રિય મિશ્ર (૫) આહારક (૬) આહારક મિશ્ર (૭) કાર્મણ યોગ એમ પંદર ભેદ થયા તેમાં મનયોગ મનપર્યાપ્તિથી પર્યાપ્ત થએલા મનુષ્ય વિગેરેને છે. વચનયોગ-બે ઈંદ્રિય વિગેરે જીવોને છે. ઔદારિક યોગ તિર્યંચ તથા મનુષ્યને શરીર પર્યાપ્તિની પછીથી છે. ત્યાર પહેલાં મિશ્ર જાણવો અથવા કેવળી ભગવંતને સમુદ્ઘાતની અવસ્થામાં બીજા છઠ્ઠા અને સાતમા સમયમાં છે. વૈક્રિયકાય યોગ દેવ નારક અને બાદર વાયુકાયને છે, અથવા બીજા કોઇ વૈક્રિય લબ્ધિ વાલાને હોય છે. તેનો મિશ્ર યોગ દેવતા નારકિને ઉત્પત્તિ સમયે છે અથવા નવું વૈક્રિય શરીર બનાવનાર બીજાને પણ હોય છે, આહારક યોગ ચૌદ પૂર્વી સાધુ જ્યારે આહારક શરીરમાં સ્થિત હોય છે ત્યારે છે અને તેનો મિશ્રયોગ નિર્વર્ત્તના ( બનાવવા ) ના કાળમાં હોય છે.

કાર્મણ યોગ વિગ્રહ ગતિમાં અથવા કેવલિ સમુદ્ઘાતમાં ત્રીજા ચોથા પાંચમ સમયમાં છે.

આ પ્રમાણે પંદર પ્રકારના યોગવડે આત્મા આઠ પ્રદેશને છોડીને તપેલા વાસણમાં ઉછળતા પાણીની માફક ઉદ્વર્ત્તમાન સર્વ આત્માના પ્રદેશોવડે આત્મા પ્રદેશથી અવષ્ટ-

બંધ આકાશ ભાગમાં રહેલ કાર્મણ શરીરને યોગ્ય કર્મદળને જે બાંધે છે તેને પ્રયોગ કર્મ કહે છે. કહ્યું છે કે—

**"जाव णं एस जीवे एयइ, वेयइ, चलइ फंदई त्यादि ताव णं अट्ठविहबंधए वा, सत्तविहबंधए वा, छव्विहबंधए वा, एगविहबंधए वा, नोणं अबंधए"।**

જ્યાં સુધી આ જીવ હાલે છે. વધારે હાલે છે. ચાલે છે. ફરકે છે. ત્યાં સુધી આઠ પ્રકારના કર્મનો બંધક સાત પ્રકારના છ પ્રકારના અથવા એક પ્રકારના પણ કર્મનો બંધક છે, પણ તે અબંધક હોતોજ નથી.

## સમુદાન કર્મ.

(સમુદાન શબ્દની ઉત્પત્તિ સં. તથા આ ઉપસર્ગ સાથે દા. ધાતુ જે દેવાના અર્થમાં છે, તેનું લ્યુટ્ અંતથી પૃષોદર વિગેરે પાઠ વડે આકારનો ઉકાર આદેશ થવાથી સમાદાનને બદલે સમુદાન શબ્દ થયો છે.) તેમાં પ્રયોગ કર્મવડે એક રૂપ પણે ગ્રહણ કરેલી કર્મ વર્ગણાઓની સમ્યક્ મૂળ ઉત્તર પ્રકૃતિ સ્થિતિ અનુભાવ અને પ્રદેશ બંધવાળા ભેદ વડે આ ઉપસર્ગ (જેનો અર્થ મર્યાદા છે તે.) વડે દેશ (થોડો) સર્વ ઉપઘાતી રૂપ વડે તેજ પ્રમાણે સ્પૃષ્ટ નિધત્ત નિકાચિત એવી ત્રણ અવસ્થા વડે જે સ્વીકાર કરવો તેજ સમુદાન છે, અને તે કર્મનું નામ સમુદાન કર્મ છે.

તેમાં મૂળ પ્રકૃતિનો બંધ જ્ઞાન આવરણીય વિગેરે આઠ પ્રકારે છે, અને ઉત્તર પ્રકૃતિનો બંધ જુદો જુદો છે, તે બતાવે છે.

જ્ઞાન આવરણીયના પાંચ ભેદ છે. મતિ શ્રુત અવધિ મન પર્યાય તથા કેવળ એમ પાંચ ભેદે જ્ઞાન છે. તેનું આવરણ કરનાર સર્વ ઘાતી ફક્ત કેવળ જ્ઞાનનું છે.

અને બાકીના ચારનાં આવરણ દેશઘાતિ અથવા સર્વઘાતિ છે.

દર્શનાવરણીય કર્મ નવ પ્રકારે છે. તેમાં પાંચ પ્રકારની નિદ્રા તથા ચાર પ્રકારનું દર્શન. તેને આવરણ કરનાર જાણવું. નિદ્રા પંચ્ક છે. તે મેળવેલા દર્શનની લબ્ધિ તેના ઉપયોગને [illegible] કરનાર છે, અને દર્શન ચતુષ્ટય તે દર્શન [illegible] પ્રાપ્તિનેજ આવરણ કરનાર છે. અહીંયાં પણ કેવળ દર્શનઆવરણ સર્વઘાતિ છે. બાકીના દેશથી છે.

વેદનીયકર્મ સાતા અને અસાતા એમ બે ભેદે છે. મોહનીયકર્મ, દર્શનચારત્ર ભેદથી બે પ્રકારે છે. તેમાં દર્શનમોહનીય મિથ્યાત્વાદિ ઉદયમાં આવતું ત્રણ ભેદે છે, અને બંધમાં તો એક પ્રકારે છે.

ચારિત્રમોહનીય સોળ કષાય, નવ નોકષાય એમ પચ્ચીસ પ્રકારે છે.

અહીંયાં પણ મિથ્યાત્વ, મોહનીય, તથા સંજ્વલન કષાય છોડીને બાર કષાયો સર્વઘાતિ છે, અને બાકીના દેશઘાતિ છે.

આયુષ્યકર્મ ચાર પ્રકારે છે. તે નારકાદિ ભેદવાળાં છે.

નામકર્મ બેતાળીસ ભેદે છે, તેમાં ગતિ વિગેરે ભેદ છે. વળી ઉત્તર પ્રકૃતિથી તાણું (૯૩) ભેદ છે, તેનો ખુલાસો કહે છે. ગતિ નારક; વિગેરે ચાર ભેદે છે. જાતિ એકેન્દ્રિય વિગેરે પાંચ છે. શરીરો ઔદારિક વિગેરે પાંચ છે. ઔદારિક વૈક્રિય, અને આહારક. એમ ત્રણ શરીરનાં અંગોપાંગ ત્રણ છે.

નિર્માણ નામ સર્વજીવ શરીરનાં અવયવનું નિષ્પાદક (બનાવનાર) હોવાથી એક પ્રકારે છે.

બંધનનામ ઔદારિક વિગેરે કર્મવર્ગણાનું એકપણું કરનાર પાંચ પ્રકારે છે, તથા સંઘાતનામ ઔદારિક વિગેરે કર્મવર્ગણાની રચના વિશેષકરીને સ્થાપનાર તે પાંચ પ્રકારે છે. સંસ્થાનનામ સમચતુરસ્ર (બધી બા સરખું) વિગેરે છ પ્રકારે છે.

સંહનન નામ વજ્રરૂષભ નારાચ વિગેરે છ પ્રકારે છે. સ્પર્શ આઠ પ્રકારે છે. રસ પાંચ પ્રકારે છે. ગંધ બે પ્રકારે છે અને વર્ણ પાંચ પ્રકારે છે—

અનુપૂર્વી નારક વિગેરે ચાર પ્રકારે છે.

વિહાયોગતિ પ્રશસ્ત તથા અપ્રશસ્ત એમ બે ભેદે છે. અગુરૂ લઘુ ઉપઘાત પરાઘાત આતપ ઉદ્યોત ઉચ્છવાસ પ્રત્યેક સાધારણ ત્રસ સ્થાવર શુભ અશુભ સુભગ દુર્ભગ સુસ્વર દુઃસ્વર સૂક્ષ્મ બાદર પર્યાપ્તક અપર્યાપ્તક સ્થિર અસ્થિર આદેય અનાદેય યશ કીતિ અયશ કીર્તિ તીર્થંકર નામ

આ બધી પ્રકૃતિઓ દરેક એકજ પ્રકારની છે ( આનુ વધારે વર્ણન પહેલા કર્મ ગ્રંથમાં નામ કર્મની પ્રકૃતિમાં જુઓ )

## ગોત્ર કર્મ

તે ઉંચ અને નીચ એમ બે ભેદે છે.

## અંતરાય કર્મ

દાન, લાભ, ભોગ ઉપભોગ, વીર્ય એમ પાંચને અંતરાય કરનાર પાંચ ભેદે છે. આ પ્રમાણે મૂળ તથા ઉત્તર પ્રકૃતિ બંધનો ભેદ બતાવ્યો છે.

હવે પ્રકૃતિ બંધના કારણો બતાવે છે.

**" पडिणीयमंतराइय, उवघाए तप्पओस णिण्हवणे ।**
**आवरणदुगं बन्धइ, भूओ अच्चासणाए य ॥१॥**

જ્ઞાન આવરણનું તથા દર્શન આવરણનું કર્મ કેમ બાંધે તે બતાવે છે. જ્ઞાન ભણનારનું શત્રુપણું કરે, અંતરાય કરે ઉપઘાત કરે, દ્વેષ કરે ભણાવનારનો ગુણ ભૂલે અથવા જ્ઞાની અથવા જ્ઞાનની આશાનતા ( નિંદા ) કરે. જ્ઞાન દર્શન એ બંને પ્રકારનું આવરણ બંધાય છે.

**भूयाणुकंपवयजोग, उज्जुओ खंतिदाणगुरुभत्तो ।**
**बंधइ भूओ सायं, विवरीए बंधई इयरं ॥ २ ॥**

જીવોની દયા વ્રતયોગમાં ઉદ્યમ કરે ક્ષમા રાખે દાન આપે સદ્ગુરૂનો ભક્ત હોય આવો જીવ સાતા વેદનીય કર્મ

બાંધે, અને તેનાથી ઉલટો એટલે જીવ હિંસા કરનાર વિગેરે દુર્ગુણવાળો જીવ અસાતા વેદનીય કર્મ બાંધે.

**अरहंतसिद्धचेइयतव, सुअगुरुसाधु संघ पडिणीओ**
**बंधइदंसण मोहं, अणंतसंसारिओ जेणं ॥३॥**

તીર્થંકર સિદ્ધ ચૈત્ય, તપ, શ્રુત, ગુરૂ, સાધુ, સંઘ આજે ધર્મના પોષકો છે તેમનો પ્રત્યનીક (શત્રુ) થાય તો તે પાપવડે દર્શન મોહનીય કર્મ અને અનંત સંસાર ભ્રમણનું કર્મ બાંધે.

**तिव्वकसाओ बहुमोह, परिणतो रागदोससंजुत्तो।**
**बंधइ चरित्तमोहं, दुविहंपि चरित्तगुणघाई गा-४**

તીવ્ર કસાયવાલો (ઘણો ક્રોધી વિગેરે) બહુ મોહવાલો રાગ દ્વેષથી ભરેલો તે જીવ બંને પ્રકારનો ચારિત્ર મોહ જે ચારિત્ર ગુણનો ઘાતક છે તેને બાંધે છે.

**मिच्छदिट्ठी महारंभपरिग्गहो तिव्वलोभ णिस्सीलो।**
**निरआउयं निबंधइ, पावमति रोद्दपरिणामो गा-५॥**

મિથ્યા દૃષ્ટિ. મહાન આરંભ પરિગ્રહવાળો, ઘણો લોભી-નિઃશીલ, (દુરાચારી.) જીવ પાપની બુદ્ધિવાળો હોવાથી તથા મનમાં રૈદ્ર (દુષ્ટ) પરિણામવાળો હોવાથી નરકનું આયુષ્ય બાંધે છે-

**उम्मग्गदेसओ मग्ग णासओ गूढहियय माइल्लो।**
**सढसीलो अ ससल्लो, तिरिआउं बंधइ जीवो ॥६॥**

ઉન્માર્ગ ( કુમાર્ગ ) માં દોરનાર સુમાર્ગનો નાશક ગૂઢ હૃદયવાળો, કપટી શઠતા કરનારો, શલ્યવાળો તે જીવ તિર્યંચનું આયુષ્ય બાંધે છે.

**पगतीऍ तणुकसाओ, दाणरओ सीलसंजमविहूणो।**
**मज्झिमगुणेहिं जुत्तो, मणुयाउं बन्धई जीवो ॥७॥**

સ્વભાવથીજ ક્રોધાદિ ઓછા હોય, દાનમાં રક્ત હોય, શીલ સંયમમાં ઓછાશવાળો હોય, મધ્યમ ગુણે કરીને યુક્ત હોય, તે જીવ મનુષ્યનું આયુષ્ય બાંધે છે.

**अणुव्वयमहव्वएहिं य, बालतवोऽकामनिज्जराए य।**
**देवाउयं णिबंधइ, सम्मद्दिट्ठी उ जो जीवो ॥८॥**

અણુવ્રત, મહાવ્રત, પાળે. તથા બાળ તપ કરે—અકામ નિર્જરા કરે અને સમ્યક્ દૃષ્ટિ હોય. તે જીવ દેવનું આયુષ્ય બાંધે છે-

**मणवयणकायवंको, माइल्लो गारवेहिं पडिबद्धो।**
**असुहं बंधइ नामं, तप्पडिपक्खेहिं सुभनामं ॥९॥**

મન વચન કાયાથી વક્ર હોય, અહંકારમાં ચઢેલો હોય. આ દુર્ગુણોથી અશુભ નામ કર્મ બાંધે છે, અને તેનાથી ઉલટો એટલે મન વચન કાયાથી સરળ હોય, નિષ્કપટ હોય; એવા સદ્ગુણવાળો શુભનામ કર્મ બાંધે છે.

**अरिहंतादिसु भत्तो, सुत्तरुई पयणुमाण गुणपेही।**
**बन्धइ उच्चागोयं, विवरीए बंधई इयरं ॥ १० ॥**

જીનેશ્વર વિગેરે પંચ પરમેષ્ઠિનો ભક્ત હોય; સૂત્ર ભણ-વાની રૂચીવાળો હોય; અહંકારી ન હોય; ગુણોનો રાગી હોય; તે ઉંચ ગોત્ર બાંધે છે, અને તેનાથી ઉલટા ગુણ (દુર્ગુણવાળો) નીચ ગોત્ર બાંધે છે.

**पाणवहादीसु रतो, जिणपूयामोक्खमग्गविग्घयरो।**
**अज्जेइ अंतरायं, ण लहइ जेणिच्छियं लाभं॥११॥**

પ્રાણવધ (જીવહિંસા) વિગેરે પાપમાં રક્ત જિનેશ્વરની પૂજા તથા મોક્ષમાર્ગનાં જે કૃત્ય તેમાં વિઘ્ન કરનારો હોય; તે અંતરાય કર્મ બાંધે છે, અને તે કર્મના પ્રતાપથી ઇચ્છિત વસ્તુ મેળવતો નથી.

## સ્થિતિબંધ.

મૂળ અને ઉત્તર પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ અને જઘન્ય (સૌથી થોડો) એવા બે ભેદ છે, તેમાં ઉત્કૃષ્ટથી મૂળ પ્રકૃતિ જ્ઞાનાવરણીય દર્શનાવરણીય વેદનીય અંતરાય એ ચાર કર્મની ૩૩ કોડા કોડી સાગરોપમ સ્થિતિ છે, અને જેટલી કોડાકોડી સ્થિતિ હોય; તેટલા સેંકડા વર્ષો સુધી અબાધા હોય; ત્યારપછી પ્રદેશથી અથવા વિપાકથી કર્મનો અનુભવ (ભોગવવું) થાય એ પ્રમાણે દરેક કર્મની સ્થિતિમાં જાણવું.

મોહનીયકર્મની ૭૦ કોડાકોડી સાગરોપમ છે. નામ અને ગોત્ર

ની ૨૦ કોડાકોડી સાગરોપમ છે. આયુષ્યકર્મની ફક્ત ૩૩ સાગરોપમની છે, તેમાં પૂર્વકોડીનો ત્રીજો ભાગ અબાધા કાળ છે.

## હવે જઘન્યથી કહે છે.

જ્ઞાન દર્શનનાં, આવરણ, મોહનીય, અંતરાય, એ ચાર કર્મના જઘન્યબંધની સ્થિતિ અંતર્મુહુર્ત્તની છે. નામગોત્રની આઠ મુહુર્ત્તની છે વેદનીય કર્મની ૧૨, અને આયુષ્યની જે સૌથી ક્ષુલ્લક (નાનો ) ભવ છે–તે નિરોગી મનુષ્યના શ્વાસોશ્વાસના કાળના લગભગ ૧૭મે ભાગે છે. ( યુવાન માણસના એક શ્વાસો શ્વાસમાં નિગોદના જીવના ૧૭ ભવ લગભગ થાય છે.) હવે બંને ઉત્કૃષ્ટ જઘન્ય બંધને ઉત્તર પ્રકૃતિ આશ્રયી કહે છે.

મતિ શ્રુત અવધિ મનઃપર્યાય કેવળ આવરણ નિદ્રા પંચક ચક્ષુ દર્શન વિગેરે ચતુષ્ક અસાતા વેદનીય તથા દાન અંતરાય વિગેરે પાંચ આ બધાની એટલે ૨૦ ઉત્તર પ્રકૃતિની ૩૦ કોડાકોડી સાગરોપમ છે. સ્ત્રીવેદ સાતા વેદનીય મનુષ્ય ગતિ તથા અનુપુર્વી એ ચાર પ્રકૃતિની ૧૫ કોડા કોડી સાગરોપમ છે.

મિથ્યાત્વ મોહનીયની ૭૦ની છે. અને ૧૬ કષાયની ૪૦ કોડા કોડી સાગરોપમ છે.

(૧) નપુંશક વેદ (૨) અરતિ (૩) શોક (૪) ભય (૫)

જુગુપ્સા (૬) નરક (૭) તિર્યંચ એ બે ગતિ તથા(૮) એકેં-દ્રિય (૯) પંચેંદ્રિય જાતિ (૧૦) ઔદારિક (૧૧) વૈક્રિય શરીર તથા તે (૧૨-૧૩) બંનેનાં અંગોપાંગ તથા (૧૪) તૈજસ (૧૫) કાર્મણ (૧૬) હુંડક સંસ્થાન (૧૭) છેલ્લું સંહનન (૧૮) વર્ણ, (૧૯) ગંધ (૨૦) રસ. (૨૧) સ્પર્શ. (૨૨) નરક. (૨૩) તિર્યંચ અનુપુવી (૨૪) અગુરૂલઘુ (૨૫) ઉપઘાત (૨૬) પરાઘાત (૨૭) ઉચ્છવાસ (૨૮) આતપ (૨૯) ઉદ્યોત. (૩૦) અપ્રશસ્ત વિહાયોગતિ (૩૧) ત્રસ (૩૨) સ્થાવર (૩૩) બાદર (૩૪) પર્યાપ્તક (૩૫) પ્રત્યેક (૩૬) અસ્થિર (૩૭) અશુભ. (૩૮) દુર્ભગ. (૩૯) દુઃસ્વર. (૪૦) અનાદેય (૪૧) અયશ કીર્તિ. (૪૨) નિર્માણ. (૪૩) નીચ ગોત્ર. એ પ્રમાણે ૪૩ પ્રકૃતિની ૨૦ કોડાકોડી સાગરોપમ છે.

(૧) પુંવેદ. (૨) હાસ્ય (૩) રતિ (૪) દેવ ગતિ તથા (૫) અનુપૂર્વી એ બે તથા. (૬) પહેલું સંસ્થાન (૭) સંહનન (૮) પ્રશસ્ત વિહાયોગતિ (૯) સ્થિર (૧૦) શુભ. (૧૧) સુભગ (૧૨) સુસ્વર (૧૩) આદેય (૧૪) યશ કીર્તિ (૧૫) ઉંચ ગોત્ર એ ૧૫ ઉત્તર પ્રકૃતિની ૧૦ કોડાકોડી સાગરોપમ સ્થિતિ છે. ન્યગ્રોધ સંસ્થાન બીજું સંહનન એ બેની ૧૨ કાડાકાડી સાગરોપમ સ્થિતિ છે.

ત્રીજું સંસ્થાન નારાચ સંહનન એ બંનેની ૧૪ તથા કુબ્જ સંસ્થાન અર્ધનારાચ સંહનનની ૧૬ તથા (૧)

વામન સંસ્થાન (૨) કીલિકા સંહનન તથા (૩) બે (૪) ત્રણ (૫) ચાર ઇંદ્રિય જાતિ તથા (૬) સૂક્ષ્મ (૭) અપર્યાપ્તક (૮) સાધારણ એ ૮ પ્રકૃતિની ૧૮, તથા આહારક શરીર તથા અંગોપાંગ તથા તીર્થંકર નામ એ ત્રણની એક કોડા કોડી સાગરોપમ સ્થિતિ છે. અને તે દરેકની અબાધા ભીન્ન અંતર્મુહુર્ત્ત કાળની છે. દેવ નારકિનું આયુષ્ય ૩૩ સાગરોપમ છે. અને તિર્યંચ મનુષ્યનું આયુષ્ય ત્રણ પલ્યોપમ છે. અને પૂર્વ કોડીનો ત્રીજો ભાગ અબાધા છે. આ પ્રમાણે ઉત્કૃષ્ટ સ્થિતિબંધ કહ્યો.

## હવે જઘન્ય સ્થિતિબંધ કહે છે.

મતિ વિગેરે ૫ તથા ચક્ષુ દર્શન આવરણ વિગેરે ૪, સંજ્વલન લોભ દાનાદિક અંતરાય પંચક એ ૧૫ પ્રકૃતિનો અંતર્મુહુર્ત્ત સ્થિતિ બંધ છે. અને અબાધા પણ અંતર્મુહુર્ત્ત છે.

નિદ્રા પંચક તથા અસાતા વેદનીય એ છનું એક સાગરોપમના સાતમા ભાગના ત્રણ લેવા $૧×\frac{૩}{૭}$) તે $\frac{૩}{૭}$ સાગરોપમથી પલ્યોપમનો અસંખ્યેય ભાગ ઓછો લેવો.

સાતા વેદનીયનો કાળ ૧૨ મુહુર્ત્ત છે, અને અંતમુહુર્ત્તની અબાધા છે. તથા મિથ્યાત્વની સાગરોપમમાં પલ્યોપમથી અસંખ્યેય ભાગ ઓછો લેવો.

પહેલા ૧૨ કષાય તે સાગ રોપમના $\frac{૪}{૭}$ લેવા અને પલ્યોપમથી અસંખ્યેય ભાગ ઓછો લેવો.

સંજ્વલન ક્રોધની બે માસ છે. માનની એક માસ, માયાની અડધો માસ, પુંવેદની આઠ વર્ષ સ્થિતિ છે. આ બધામાં અંતર્મુહુર્ત્તની અબાધા છે.

બાકીના કષાય મનુષ્ય તિર્યંચ ગતિ પંચેંદ્રિય જાતિ ઔદારિક તથા તેનાં અંગોપાંગ તથા તૈજસ કાર્મણ છ સંસ્થાન તથા સંહનન વર્ણ, ગંધ, રસ. સ્પર્શ, તિર્યચ, મનુષ્ય, અનુપુર્વી, અગુરૂલઘુ, ઉપઘાત, પરાઘાત, ઉચ્છવાસ આતપ-ઉદ્યોત, પ્રશસ્ત, અપ્રશસ્ત વિહાયો ગતિ, યશઃ કીર્તિ. છોડીને ત્રસ આદિ ૨૦ પ્રકૃતિ નિર્માણ નીચગોત્ર દેવગતિ અનુપુર્વી મળીને ૨ તથા નરકગતિ અનુપુર્વી. ૨ વૈક્રિય શરીર તથા અંગોપાંગ એમ ૬૮ ઉત્તર પ્રકૃતિની સ્થિતિ $\frac{2}{7}$ સાગરોપમ અને પલ્યોપમનો અસંખ્યેય ભાગ ઓછો છે. તેમાં અંતર્મુહુર્ત્તની અબાધા છે. વૈક્રિય ષટ્કની હજાર સાગરોપમના $\frac{2}{7}$ ભાગ લેવા. તેમાં પલ્પોપમનો અસંખ્યેય ભાગ ઓછો છે. તેમાં અંતર્મુહૂત્તની અબાધા છે. આહારક શરીર તેનું અંગોપાંગ તથા તીર્થંકર નામની સાગરોપમ કોટી કોટી સ્થિતિ છે. ભિન્ન અંતર્મુહુર્ત્ત અબાધા છે.

પ્રશ્ન—ઉત્કૃષ્ઠ પણ એટલીજ સ્થિતિ કહી ત્યારે જઘન્ય સાથે તો શું ભેદ છે?

ઉત્તર—ઉત્કૃષ્ટથી સંખ્યેય, ગુણહીન જઘન્ય છે. યશ, કીર્તિ તથા ઉંચ ગોત્ર એ બંનેની સ્થિતિ આઠ મુંહુર્ત છે. અને

અંતર્મુહુર્ત્તની અબાધા છે. દેવ અને નારકિનું આયુષ્ય દશહજાર વર્ષનું છે. અને અંતર્મુહુર્ત્તની અબાધા છે. તિર્યંચ મનુષ્યના આયુષ્યની સ્થિતિ, ક્ષુલ્લક ભવ અને અંતર્મુહુર્તની અબાધા છે. બંધન, સંઘાત, એ બંનેની ઔદારિક વિગેરે શરીરની સાથે રહેવાથી તેની અંદરજ ઉત્કૃષ્ટ જઘન્ય ભેદ જાણવો સ્થિતિ બંધ કહ્યો.

## હવે અનુભવ બંધ કહે છે.

તેમાં શુભ, અશુભ, પ્રયોગ કર્મથી ઉત્પન્ન થએલ પ્રકૃતિ, સ્થિતિ, અને પ્રદેશરૂપ, કર્મ પ્રકૃતિનું તીવ્ર મંદ અનુભવપણે જે અંનુભવાય (ભોગવાય) તે અનુભવ (રસ) છે, તે રસ એક બે ત્રણ ચાર સ્થાન ભેદ વડે જાણવો.

તેમાં અશુભ પ્રકૃતિનું કોષાતકી (          ) ના ઉકાળેલા રસ જેવો તેમાં અડધો રહે. ત્રીજો ભાગ રહે. ચોથો ભાગ રહે તે અનુક્રમે તીવ્ર અનુભવ જાણવો. (કડવા પદાર્થના રસને ઉકાળતાં પાણી જેમ ઓછું રહે તેમ કડવાસ વધારે થાય છે, તેમ અશુભ કર્મનું દળ જેમ વધારે ચીકણું થાય તેમ વધારે દુઃખ ભોગવવું પડે છે.)

## હવે મંદ અનુભવ કહે છે.

મંદ રસનો અનુભવ તે જાઈ (ફુલ) રસમાં એક બે ત્રણ ચારગણું પાણી વધારે નાખવાથી રસની સુગંધી ઓછી થઇ જાય છે, તે પ્રમાણે કર્મની પણ ચીકણાસ ઓછી હોય તો ઓછું દુઃખ ભોગવવું પડે છે.

શુભ પ્રકૃતિનો રસ દુધ તથા શેરડીના રસ જેવો મીઠો જાણવો. તેમાં પણ પૂર્વ માફક યોજના કરવી, એટલે કોષાતકી તથા શેરડીના રસમાં પાણીનું એક બિન્દુ વિગેરે નાંખવાથી અથવા રસ વધારે નાંખવાથી તેના ભેદોનું અનંતપણું જાણવું. અહીં આયુષ્યમાં ચાર પ્રકૃતિઓ ભવ વિપાકિની છે. ( તે ભવમાં ગયા પછી ભોગવાય છે. તથા ચાર અનુપૂર્વીઓ ક્ષેત્ર વિપાકીની છે. ) તે ક્ષેત્રોમાં જતાં ઉદયમાં આવે છે.

શરીર, સંસ્થાન, અંગોપાંગ, સંઘાત, સંહનન, વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, અગુરૂલઘુ, ઉપઘાત, પરાઘાત, ઉદ્યોત, આતપ, નિર્માણ, પ્રત્યેક, સાધારણ, સ્થિર, અસ્થિર, શુભ તથા અશુભ રૂપવાળી છે, તે બધીએ પુદ્ગળ વિપાકીની છે, અને બાકીની જ્ઞાન આવરણ વિગેરે જીવ વિપાકીની છે, એમ અનુભાવ બંધ કહ્યો.

## હવે પ્રદેશબંધ કહે છે.

તે એક પ્રકાર વિગેરે બંધકની અક્ષેપાએ થાય છે, તેમાં કોઇ એક પ્રકારે કર્મ બાંધે, તે વખતે પ્રયોગ કર્મ વડે એક સમયમાં ગ્રહણ કરેલા પુદ્ગળો સાતા વેદનીયના ભાવવડે વિશેષે કરીને પરિણમે છે, પણ છ પ્રકારનું કર્મ બાંધનારને આયુષ્ય તથા મોહનીયકર્મ છોડીને છ કર્મનો બંધ જાણવો, તથા સાત પ્રકારે બાંધનારને આયુષ્ય છોડીને સાત પ્રકારે

જાણવો; તથા આઠ પ્રકારનાં કર્મ બાંધનારો તે, આઠ પ્રકારે જાણવો; તેમાં પહેલા સમયમાં ગ્રહણ કરેલાં પુદ્ગળો સમુદાનવડે, બીજા વિગેરે સમયમાં અલ્પ બહુપ્રદેશપણે આ કર્મવડે સ્થાપે છે.

તેમાં આયુષ્યનાં થોડાં પુદ્ગળો છે, તેથી વિશેષ અધિક નામ ગોત્રના પ્રત્યેકના છે, તે બન્ને ( બરાબર ) તુલ્ય છે, તેથી વિશેષ અધિક જ્ઞાનદર્શન–આવરણના તથા અંતરાયના દરેકના છે, તેથી વિશેષ અધિક મોહનીયકર્મના છે.

પ્રશ્નઃ—તેથી વિશેષ અધિક એમ નિદ્ધારિણમાં પાંચમી વિભક્તિ છે, તે પા. ૨–૬–૪૨ સૂત્ર પ્રમાણે કરાય છે, એટલે એનો અર્થ એવો છે કે, વિભાગ તે વિભક્ત તેમાં પાંચમી વિભક્તિ લેતાં; જેમાં અત્યંત વિભાગ હોય; તેમાંજ થાય છે. જેમકે મથુરા નગરીના રહેવાસી પાટલીપુત્રના રહેવાસીથી વધારે રૂપવાળા છે, પણ અહીં કર્મ પુદ્ગળોનું સદા એકપણું છે, તે પ્રમાણે અવસ્થાઓનુંજ બુદ્ધિ પ્રમાણે બહુપ્રદેશ વિગેરેના ગુણવડે પ્રથક્ કરવાનું બતાવ્યું; તેમાં છઠ્ઠી અથવા સાતમી વિભક્તિ વાપરવી ઠીક છે. જેમકે ગાયોના અથવા ગાયોમાં આ કાળી ગાય વધારે દુધવાળી છે.

ઉત્તરઃ—તમે બતાવેલો દોષ બરાબર નથી. જેમાં અવધિ ( મર્યાદા ) અને અવધિવાળો સામાન્યવાચક શબ્દ

યોજીએ, ત્યાં છઠ્ઠી સાતમી વિભક્તિ હોય છે, અને જ્યાં નિર્દ્ધારણ પા. ૨-૩-૪૧ આ સૂત્રવડે કરાય છે. જેમ ગાયોમાં કાળી ગાય સૌથી વધારે દુધવાળી છે. મનુષ્યમાં પટનાના રહેવાશી વધારે પૈસાદાર છે. તેમ કર્મવર્ગણાના પુદ્ગળો વેદનીય કર્મમાં બહુ વધારે છે, પણ જેમાં વિશેષ વાચી-શબ્દ અવધિપણે લઇએ ત્યાં પાંચમી વિભક્તિજ વપરાય જેમકે—ખંડ, મુંડ, શબલ, શાબલેય, ધવલ ધાવલેય આ વ્યક્તિઓથી કાળી ગાય વધારે દુધવાળી છે. અહીઆં તેવો વિભાગ પોતે કારણ નથી અથવા વિભાગ વિના છે. જેથી માથુર પાટલીપુત્રકાદિ વિભાગ વડે વિભકતોનું સામાન્ય મનુષ્ય વિગેરે શબ્દ ઉચ્ચારણમાં છઠ્ઠી સાતમી વિભક્તિ થાય છે. પણ જ્યાં મથુરાંના

હવ ઇયાપાથક કહ છે.

ઇર્, ધાતુનો અર્થ ગતિ અને પ્રેરણા છે. અને ભાવમાં તેજ પ્રમાણે અહીઆં કર્મ વર્ગણાના એકપણામાં તેના વિશે-ષના અવધિપણે ઉપાદાન કરવાથી પાંચમીજ વિભકિત યોગ્ય છે. તેથી વિશેષ અધિક વેદનીયમાં છે. આ પ્રમાણે પ્રદેશબંધ કહ્યો. તથા સમુદાન કર્મ પણ કહ્યું.

## હવે ઇર્યાપથિક કહે છે.

ઇર્, ધાતુનો અર્થ ગતિ અને પ્રેરણા છે. અને ભાવમાં ય પ્રત્યય લાગવાથી સ્ત્રીલિંગે ઇર્યા શબ્દ થાય છે, તેનો

પંથ તે ઇર્યા પથ છે તેનો આશ્રય થાય તે ઇર્યાપથિક જાણવી. પ્રશ્ન—ઇર્યાનો પંથ કયો છે! કે જેને આશ્રયી પથિકી થાય છે?

ઉત્તર—આ વ્યુત્પત્તિ (ઉત્પન્ન થવાને) નિમિત્ત છે કારણ કે તે ઉભા રહેનારને પણ થાય છે. પણ પ્રવૃત્તિ નિમિત્ત તો સ્થિતિનો અભાવ છે, અને તે ઉપશાંત ક્ષીણમોહ તથા સયોગી કેવળીને હોય છે, કારણ કે સંયોગી કેવળીઓ બેઠેલા હોય તોપણ નિશ્ચયથી સૂક્ષ્મ ગાત્રના સંચારવાલા હોય છે.

**"केवली णं भंते ! अस्सिं समयंसि जेसु आगासपदेसेसु हत्थं वा पायंवा ओगाहित्ता णं पडिसाहरेज्जा, पभू णं भंते ! केवली ते सु चेवागासपदेसेसु पडिसाहरित्तए ? णो इणट्ट समट्ठ, कहं ?, केवलिस्सणं चलाइं सरीरोवगरणाइं भवंति, च लोवगरणत्ताए केवली णो सञ्चाएति, तेसु चेवागा सपदेसेसु हत्थं वा पायं वा पडिसाहरित्तए"**

પ્રશ્ન—હે ભગવંત? જે સમયમાં કેવળજ્ઞાનીએ જે આકાશ પ્રદેશોમાં હાથ અથવા પગ પહેલાં મુકીને પાછો તે જગ્યાએ લઇ શકે?

ઉત્તર—હે ગૌતમ. તે સમર્થ નથી.

પ્રશ્ન—શા માટે. ?

ઉત્તર—કેવળજ્ઞાની ના પોતાનાશરીરના ભાગો ચલાયમાન હોય છે, તેથી કરીને જે ભાગમાં પ્રથમ હાથ પગ મૂક્યા હોય ત્યાંથી પાછા લેતાં સહેજસાજ વાંકું થઈ જાય. એટલે થોડો ફેર પડી જાય.

આપ્રમાણે વધારે સૂક્ષ્મ શરીરના સંચારરૂપ યોગ વડે જે કર્મ બંધાય તે ઇર્યામાં થએલ હોવાથી ઇર્યા પથિક છે. કારણ કે તેમાં ગતિનોજ હેતુ છે, અને તે બે સમયનો છે એટલે પહેલા સમયમાં બાંધે અને બીજા સમયમાં ભોગવે અને તે કર્મની અપેક્ષાએ ત્રીજા સમયમાં અકર્મતા થાય છે.

પ્રશ્ન—કેવી રીતે ?

ઉત્તર—જે પ્રકૃતિથી સાતાવેદનીય છે, તે કષાય વિનાનું છે, અને તેથી સ્થિતિનો અભાવ છે, તેથી બંધાવવાની સાથે ખરી પડે છે, અનુભાવથી અનુત્તર વિમાનમાં ઉત્પન્ન થએલ દેવતા અતિશય સુખને ભોગવે, તે પ્રદેશથી સ્થુલ લુખ્ખા ધોળા વિગેરે બહુ પ્રદેશવાલા છે. કહ્યું છે કે—

**अप्पं बायर मउयं बहुं च लुक्खं च सुक्किलं चेव ।**
**मंदं महव्व तांतिय सातावहुलंच तं कम्मं ॥१॥**

સ્થિતિથી અલ્પ છે, કારણ કે ત્યાં સ્થિતિનો અભાવ છે, પરિણામથી બાદર છે, અને અનુભાવથી મૃદુ (કોમળ) અનુભાવ છે, પ્રદેશથી બહુ છે, અને સ્પર્શથી લુખ્ખું છે,

વર્ણથી શુકલ ( ધોળું ) છે લેપથી મંદ છે જેમકે કરકરી ભૂકીની મુઠી ભરીને પાલીસ કરેલી ભીત ઉપર નાખતાં જેમ અલ્પ (નહી જેવો) લેપ થાય, તેમ મહાત્મ્યચે કરેલું તે એક સમયમાંજ બધું દૂર થઇ જાય છે, સાતાવેદનીના ઘણાપણાથી અનુત્તર વિમાનના દેવતાનું સુખનું ઘણાપણું છે (સુખ ભોગવવા છતાં તેમને અલ્પમોહથી નવાં અશુભ કર્મ બંધાતાં નથી ) ઇર્યા પથિક કહ્યું.

## હવે આધા કર્મ કહે છે.

જે નિમિત્તને આશ્રયી પૂર્વે કહેલા આઠે પ્રકારના કર્મ બંધાય; તે આધાકર્મ છે, અને તે શબ્દ, સ્પર્શ, રસ, રૂપ, અને ગંધ વિગેરે છે. જેમકે શબ્દ વિગેરે કામ ગુણના વિષયનો રસીયો સુખની ઇચ્છાથી મોહમાં જેની બુદ્ધિ હણાઈ ગઇ છે, એવો જીવ ખરીરીતે તે વિષયોમાં સુખ નથી; છતાં તેમાં સુખનો ખોટો આરોપ કરીને તેને ભોગવે છે, તેથી કહ્યું છે:—

**"दुःखात्मकेषु विषयेषु सुखाभिमानः, सौख्यात्मकेषु नियमादिषु दुःख बुद्धिः। उत्कीर्णवर्णपदपङ्क्ति रिवान्यरूपा, सारूप्यमेति विपरीत गति प्रयोगात् ॥१॥"** (વસંત તિલકા)

દુઃખરૂપ–વિષયમાં સુખનું અભિમાન કરીને ખરા સુખ-

રૂપ નિયમ વિગેરેમાં જે મૂર્ખ માણસ દુઃખરૂપ માને છે, તે માણસ કોતરેલા અક્ષરપદનીશ્રેણી માફક અન્યરૂપે છતાં તે રૂપવાળી વિપરિત ગતિના પ્રયોગથી તેને ખરાપણે માને છે. એનો ભાવાર્થ આ છે કે, કર્મ નિમિત્તથી થયલા મનોહર અથવા કઠોર શબ્દ વિગેરેજ આધાકર્મ છે (એટલે રાગદ્વેષ કરવાથી ચીકણા કર્મ બંધાય છે.)

## હવે તપકર્મ કહે છે.

તે આઠ પ્રકારના કર્મને બાંધેલા સ્પર્શ થયલા નિધત્ત ( મળીગયલા ) નિકાચિત ( પક્કા જોડાયલા ) એવા એકરૂપે થયલા કર્મને પણ નિર્જરા કરનાર એ તપ છે, તે બાહ્ય અને અભ્યંતર એમ બે ભેદે બાર પ્રકારે છે તે તપકર્મ છે.

## હવે કૃતિકર્મ કહે છે.

તેજ આઠ કર્મને દુર કરનાર અર્હત્ સિદ્ધ આચાર્ય ઉપાધ્યાય સંબંધી નમસ્કાર વિગેરે છે.

## હવે ભાવકર્મ કહે છે.

અબાધાને ઉલ્લંઘી પોતાના ઉદયમાં આવેલાં; અથવા ઉદીરણા કરવા વડે ઉદયમાં લાવેલા જે પુદ્ગળો છે, તે પ્રદેશ તથા વિપાકવડે ભવ, ક્ષેત્ર, પુદ્ગળ, જીવોમાં અનુભાવ કરાવે; તે ભાવકર્મ શબ્દના નામે ઓળખાય છે. આ પ્રમાણે નામ વિગેરે દશ પ્રકારના નિક્ષેપાવડે કર્મની વ્યાખ્યા

કહી; પણ અહીંયાં સમુદાન કર્મથી ગ્રહણ કરેલાં આઠ પ્રકારના કર્મવડે અધિકાર છે, તે નીચલી અડધી ગાથાવડે બતાવે છે.

**अट्ठविहेण उ कम्मेण, एत्थ होई अहीगारो ॥१८४॥**

આઠ પ્રકારના કર્મવડે અહીં અધિકાર છે, અને એજ પ્રમાણે સૂત્ર અનુગમવડે સૂત્ર બરોબર ઉચ્ચારતાં નિક્ષેપ નિર્યુક્તિ અનુગમવડે દરેક પદમાં નામાદિ નિક્ષેપા કરીને વ્યાખ્યાન કર્યું. હવે તે ઉત્તરકાળના સૂત્રનું વિવરણ કરે છે.

**जे गुणे से मूलट्ठाणे, जे मूलट्ठाणे से गुणे । इति से गुणट्ठी महया परियावेणं पुणो पुणो रसे पमत्ते माया मे, पिया मे भज्जा मे पुत्ता मे धुआ मे, ण्हुसा मे सहिसयणसंगंथसंथुआ मे, बिवित्तुवगरणपरिवट्टण-भोयणच्छायणं मे । इच्चत्थं गड्ढिए लोए अहो य राओ य परितप्पमाणे कालाकाल समुट्ठाई, संजोगट्ठी अट्ठीलोभी आलुंपे सहसाकारे, वेणिविट्ट चित्ते, एत्थ सत्थे पुणो, पुणो अप्पं च खलु आयुयं इह मेगेसिंमाणवाणं तं जहा ॥६२॥ सू.**

પૂર્વના સૂત્ર સાથે તથા તે અગાઉના સૂત્રો સાથે ૬૨ મા સૂત્રનો સંબંધ બતાવવો તે આ પ્રમાણે છે, ગયા સૂત્રમાં કહ્યું હતું કેઃ—" સેહુમુણિ " ઇત્યાદિ. તે મુનિ પરિજ્ઞાત-કર્મા છે, જેને આ મૂળ ગુણ વિગેરે મળેલા છે.

પરંપર સૂત્ર સંબંધ આ પ્રમાણે છે. 'સેજં ગુણ' વિગેરે એટલે જે પોતાની બુદ્ધિવડે અથવા તીર્થંકરના ઉપદેશથી, અથવા તીર્થંકર શિવાય બીજા આચાર્ય પાસેથી સાંભળીને જે જાણે; અને તેનો વિચાર કરે; તે જે ગુણ છે, તે મૂળ સ્થાન છે, એમ બીજાં સૂત્રો સાથે સંબંધ છે, તથા પહેલા સૂત્ર સાથે આ સંબંધ છે. "સુયંમેઆઉસંતેણં" ઇત્યાદિ મેં ભગવાન પાસે આ પ્રમાણે સાંભળ્યું વિગેરે છે.

પ્રશ્ન—મેં શું સાંભળ્યું ?

ઉત્તર—જે ગુણો સેમૂલ ઠાણે ઇત્યાદિ જે ગુજરાતીમાં સર્વનામ છે, તે એક વચનમાં છે. તે એમ સૂચવે છે કે જેના વડે ગુણાય ભેદાય અથવા વિશેષ બતાવે તે ગુણ છે અને અહીં તે શબ્દ, રૂપ, રસ, ગંધ, અને સ્પર્શ, વિગેરે છે, અને મૂળ એટલે તે નિમિત્ત કારણ છે, અને પ્રત્યય તે પર્યાયો છે, તે જેમાં રહે તે સ્થાન છે. મૂળમાં સ્થાન તે મૂળસ્થાન છે, અને તે વાક્યોનું વિવેચન કરનાર છે, તેથી તે ન્યાયે જે શબ્દાદિક કામ ગુણ છે, તેજ સંસારરૂપ ચાર ગતિ નારક તિર્યંચ, મનુષ્ય, દેવનું મૂળ છે, તે મૂળ કારણ કષાયો છે, તેઓનું સ્થાન એટલે આશ્રય છે, તે આશ્રય જ્યારે સુંદર અથવા કઠોર શબ્દ વિગેરે પ્રાપ્ત થાય ત્યારે કષાયનો ઉદય થાય છે અને તેથી સંસાર છે.

અથવા મૂળ તે કારણ અને તેજ આઠ પ્રકારનાં કર્મ છે તેનું સ્થાન આશ્રય તે કામ ગુણ છે.

અથવા મૂળ તે મોહનીય કર્મ અથવા તેનો ભેદ કામ (સંસારી ઇચ્છા) છે, તેનું સ્થાન શબ્દ વિગેરે વિષય ગુણ છે અથવા મૂળ તે શબ્દાદિક વિષય ગુણ છે, તેનું સ્થાન ઇષ્ટઅનિષ્ટ વિષય ગુણના ભેદવડે વ્યવસ્થામાં રહેલો ગુણ રૂપ સંસારજ છે.

અથવા આત્મા પોતે શબ્દાદિ ઉપયોગથી એક પણે હોવાથી તે ગુણ છે અથવા મૂળ તે સંસારમાં તેના સ્થાન રૂપે શબ્દ વિગેરે છે, અથવા કષાયો છે, તથા ગુણ પણ શબ્દાદિક અથવા કષાયથી પરિણત થએલો આત્મા સંસારનું મૂળ છે, તેનું સ્થાન શબ્દાદિક છે, અને ગુણ પણ તેજ છે, તેથી બધી રીતે સિદ્ધ થયું કે જે ગુણ તેજ મૂળ સ્થાન છે.

પ્રશ્ન—સૂત્રમાં વર્તન ક્રિયાને નથી લીધું છતાં શા માટે પ્રક્ષેપ કરો છો ?

ઉત્તર—જ્યાં કોઇ વિશેષ ક્રિયા લીધી ન હોય ત્યાં પણ સામાન્ય ક્રિયા હોય છે, તેથી પહેલાંની ક્રિયાને લઇને વાકય સમાપ્ત કરાય છે, એ પ્રમાણે બીજે પણ જ્યાં સાક્ષાત્ ક્રિયા ન લીધી હોય ત્યાં પણ પૂર્વની સામાન્ય લેવી. અથવા મૂળ તે આદ્ય (પ્રથમ) અથવા પ્રધાન છે, અને સ્થાન તે કારણ છે, તેમાં મૂળ અને કારણ એ બેનો કર્મ-ધારય સમાસ કરીએ; તો એવો અર્થ થાય કે જે શબ્દાદિ

ગુણ છે, તેજ મૂળ સ્થાન સંસારનું પ્રધાન કારણ છે બાકી બધું પૂર્વ માફક લેવું. તે ગુણ અને મૂળ સ્થાનનું નિયમ્ય (દોરવવા યોગ્ય) તથા નિયામકભાવ બતાવતાં તેના તેના સ્વીકારેલા વિષય કષાય વિગેરેનાં બીજ અને અંકુરના ન્યાયવડે પરસ્પર કાર્યકારણભાવ સૂત્રવડેજ બતાવે છે, એટલે સંસારનું મૂળ અથવા કર્મનું મૂળ અથવા કષાયોનું સ્થાન આશ્રય તે, શબ્દાદિ ગુણ પણ આજ છે, અથવા કષાય મૂળ શબ્દદિકનું જે સ્થાન છે, તે કર્મ સંસાર છે, અને તે તે સ્વભાવની પ્રાપ્તિથી ગુણ પણ તેજ છે, અથવા શબ્દાદિક કષાય પરિણામ મૂળ જે સંસાર અથવા કર્મનું જે સ્થાન મોહનીયકર્મ છે, તે શબ્દાદિ કષાયથી પરિણામવાળો આત્મા છે, તેના ગુણની પ્રાપ્તિથી ગુણ પણ તેજ છે, અથવા સંસારકષાય મૂળ જે આત્મા, તેનું સ્થાન વિષયોનો અભિલાષ તે પણ શબ્દાદિ વિષયપણાથી ગુણરૂપજ છે, અને અહીંયા વિષયના લેવાથી વિષયીના પણ આક્ષેપથી, અને સુચન માત્ર કરવાથી સૂત્રનું પણ એમ જાણવું કે, જે જીવ ગુણમાં, અથવા ગુણોમાં વર્તે છે, તે મૂળ સ્થાનમાં અથવા મૂળ સ્થાનોમાં વર્તે છે, અને જે મૂળસ્થાન વિગેરેમાં વર્તે છે, તેજ ગુણોમાં વર્તે છે.

જે જીવ પૂર્વે વર્ણવેલા શબ્દાદિક ગુણોમાં વર્તે; તેજ સંસાર મૂળ કષાય આદિ સ્થાન વિગેરેમાં વર્તે છે, અને તેજ બીજા સૂત્રની અપેક્ષાવડે વ્યત્યય (                    )

કરવાથી પૂર્વ માફક યોજવું; કારણકે, સૂત્રનું અનંતગમ અને પર્યાયપણું છે.

વળી આ પણ જોવું. જે ગુણ તેજ મૂળ સ્થાન છે, અને જે મૂળ તેજ ગુણ, અને સ્થાન પણ તેજ છે, અને જે સ્થાન તેજ ગુણ, અને મૂળ પણ તેજ છે.

આ પ્રમાણે બીજા વિકલ્પોમાં પણ યોજવું અને વિષયના નિર્દેશ (બતાવવા) માં વિષયથી પણ બતાવી દીધો છે. જે ગુણમાં વર્ત્તે છે. તેજ મૂળસ્થાનમાં વર્ત્તે છે. તે પ્રમાણે બધે જાણવું. અહીઆં સર્વજ્ઞનું કહેલું હોવાથી સૂત્રનું અનંત અર્થપણું જાણવું તે આ પ્રમાણે છે.

અહીઆં કષાય વિગેરે મૂળ બતાવ્યું. અને ક્રોધ વિગેરે ચાર કષાયો છે. વલી અનંતાનું બંધી વિગેરે ચાર ભેદે ક્રોધ છે. અને અનંતાનુબંધીનાં અસંખ્યેય લોકાકાશ પ્રદેશ પ્રમાણ બંધના અધ્યવસાયનાં સ્થાન જાણવાં તથા તેઓના પર્યાયો પણ અનંતા છે. તેથી પ્રત્યેકને સ્થાન ગુણના નિરૂપણવડે સૂત્રનું અનંત અર્થપણું થાય છે. છદ્મસ્થ (કેવળ જ્ઞાનવિનાના) જીવોને બધા આયુષ્યમાં પણ તે મેળવી ન શકાય તેથી અનંત પણાને લીધે સમજાવવાને પણ અશક્ય છે. પણ એમ અહીં આ દિશાવડે થોડામાં દિગદર્શન રૂપે બતાવ્યું છે. અને કુશાગ્ર (તિક્ષણ) બુધ્ધિ વાલાએ ગુણ સ્થાનોનું પરસ્પર કાર્ય કારણ ભાવ વિગેરેની સંયોજના કરવી.

તેથી આ પ્રમાણે જે ગુણ તેજ મૂળસ્થાન, અને જે

મૂળસ્થાન તેજ ગુણ એમ કહ્યું, તેથી શું સમજવું તે કહે છે ઇતિસે ગુણુઠી'' વિગેરે અહીઆં ઇતિ શબ્દ હેતુના અર્થ-માં છે. એટલે જે શબ્દાદિ ગુણથી પરીત. (વ્યાપ્ત) આત્મા છે. તે કષાયના મૂળ સ્થાનમાં વર્ત્તે છે. અને બધાએ પ્રાણીઓ ગુણના પ્રયોજન વાલા છે. તથા ગુણના રાગી છે. તેથી ગુણોની પ્રાપ્તિમાં અથવા પ્રાપ્ત થઇને નાશ થતાં ઇચ્છા અને શોક વડે તે ઘણા પરિતાપ વડે શરીર તથા મનના સંબંધી દુઃખ વડેહારી જઇને વારંવાર તે તે સ્થાનમાં ઉદ્યમ કરે છે. અને ત્યાં પ્રમત્ત બને છે. અને પ્રમાદ છે તે રાગદ્વેષનું સ્વરૂપ છે. અને રાગ વિના પ્રાયઃ દ્વેષ થતો નથી તથા રાગ પણ ઉત્પત્તિથી માંડીને અનાદિ ભવના અભ્યાસથી માતા પિતા વિગેરે સંબંધી થાય છે. તે બતાવે છે. કોઇને "માયામે" એટલે માસંબંધી રાગ સંસારના સ્વભાવથી માતાએ ઉપકાર કરવાથી તેના ઉપર રાગ થાય છે. અને તેવો રાગ થતાં મારી મા ભૂખ તરસથી ન પીડાઓ તેટલા માટે તેનો દિકરો ખેતી, વેપાર, નોકરી વિગેરે બીજા જીવોને દુઃખ આપનારી ક્રિયા આરંભે છે, અથવા તેનો ઉપઘાત કરવા વાળી તે ક્રિયામાં વર્ત્તતાં અથવા માતા વિગેરે અકાર્યમાં પ્રવર્ત્તતાં દ્વેષ થાય છે. તે આ પ્રમાણે છે.

જેમકે. 'જમદગ્નિ' રૂષિની સ્ત્રી રેણુકામાં અનંત વીર્ય રાજાનો દુરાચાર જોઇ પરશુરામને દ્વેષ થયો (અને પરસ્પર મહાન અનર્થ કર્યો)

એજ પ્રમાણે કોઇને મનમાં થાય કે આ મારો પિતા છે. તેથી તેને તે સંબંધી રાગદ્વેષ થયો છે. જેમકે તેજ પરશુરામને બાપ ઉપર પ્રેમ હોવાથી તેને હણનારા ઉપર દ્વેષ લાવીને. સાતવાર ક્ષત્રિઓને મારી નાખ્યા.

અને તેથી ક્ષત્રિય પુત્ર. સભૂમ ચક્રવર્ત્તિએ. એક વીસ વાર બ્રાહ્મણોને માર્યા.

કોઇ પ્રાણી બેનના માટે કલેશ પામે છે. કોઈ સ્ત્રી માટે રાગદ્વેષ કરે છે. જેમકે ચાણાકય નામના બ્રાહ્મણે બેન તથા બનેવી વિગેરે એ પોતાની સ્ત્રીનું કરેલું અપમાન સાંભલી તેની પ્રેરણાથી "નંદરાજા" પાસે દ્રવ્ય માટે જતાં નંદરાજાએ તેનું અપમાન કર્યું તેથી ચાણાકયે ક્રોધમાં આવી નંદનું કુળ ક્ષય કરી નાખ્યું, (ચાણાક્યની સ્ત્રી તેના બનેવીને ત્યાં ગયલી ત્યાં ગરીબીથી તેનું અપમાન થયું, સ્ત્રીએ પોતાના પતિ ચાણાકયને વાત કરી. તેથી ધન લેવા નંદરાજા પાસે ગયો ત્યાં ધનને બદલે અપમાન મળ્યું તેથી ચાણાકયે નંદરાજાના કુળનો નાશ કર્યો.)

કોઇ વિચારે છે કે મારે પુત્રો જીવતા નથી. તે જીવાડવા બીજા આરંભો કરે છે, કોઈ પ્રાણી મારી દીકરી દુઃખી છે, એવા રાગ અથવા દ્વેષથી ઘેલો જેવો બની પરમાર્થને ન જાણતો એવાં એવાં કૃત્ય કરે છે કે જેના વડે આલોક પરલોકમાં નવાં દુઃખોને ભોગવે છે.

જેમકે " જરાસંધ "નામનો પ્રતિવાસુદેવ. પોતાના જમાઇ કંસના મરણથી પોતાના લશ્કરના અહંકારથી કંસને મારનાર "વાસુદેવ" (કૃષ્ણ.) ના ઉપર કોપ કરીને તેના પાછળ જઈને લડાઇ કરતાં સેના સાથે નાશ પામ્યો.

કોઇ તો મારી પુત્ર વધુ જીવતી નથી, તેથી આરંભ વિગેરેમાં વર્તે છે. કોઇ મિત્ર માટે, કોઇ સ્વજન. (કાકા, દિકરા કે સાળા ) માટે ક્લેશ કરેછે. કે એ મારા વારંવાર પરિચયમાં આવેલા છે. અથવા પૂર્વે મારા માતા પિતા ઉપકારી હતા અને પાછળથી સાળા વિગેરે ઉપકારી હતા તે અત્યારે દુઃખી છે.એમ પ્રાણીઓ કોઇના કંઇપણ નિમિત્તે શોક કરે છે. અથવા જુદાં જુદાં શોભાય માન અથવા ઘણા હાથી ઘોડા રથ, આસન, પલંગ વિગેરે જે ઉપકરણો છે તેનાથી બમણા, તમણા. વિગેરે વધારે રાખીને બદલે છે. તથા ભોજન (લાડુ વિગેરે) આચ્છાદાન (પટ્ટ યુગમ વિગેરે વસ્ત્ર મને મળશે, અથવા મારાં નાશ થયાં એમ રાગદ્વેષ કરે છે. આ પ્રમાણે પ્રાણીઓ ચેતન વસ્તુમાં ગૃધ્ધ બનીને પૂર્વે કહેલા માતા પિતાવિગેરેના રાગથી આખી જીંદગી સૂધી પ્રમાદિ રહે છે એટલે એ મારાં છે. અથવા. હું આ પરિવારનો રક્ષક છું, પોષણ કરનારો છું એમ મમતા કરીને મોહીત મન વાલો થાય છે.

**" पुत्रा मे, भ्राता मे, स्वजना मे, गृहकलत्रवर्गो मे ।**

इति कृतमेमेशब्दं, पशुमिव मृत्युर्जनं हरति ॥१॥

મારા પુત્રો મારા ભાઇઓ, મારાં સગાં, મારાંઘર, તથા સ્ત્રી સમુદાય છે. આવું પશુની માફક મે. મે 'બોલતા માણસને મૃત્યુ હરી જાય છે.

पुत्रकलत्रपरिग्रहममत्वदोषैर्नरो व्रजति नाशम् ।
कृमिक इव कोशकारः परिग्रहाद्दुःखमाप्नोति ॥२॥

પુત્ર, સ્ત્રીનું પરણવું તેથી તથા ઉપર મમતા રાખવી એ દોષોથી માણસ નાશ પામે છે. જેમકે કોશેટાનો બનાવનાર કૃમિ (રેશમ નો )કીડો કોશેટાના દુઃખથી મરણ પામે છે તેમ સંસારી મનુષ્ય સ્ત્રીપુત્રની ચિન્તામાં રીબી રીબીને મરે છે. આજ સૂત્ર અર્થને મળતું નિર્યુકિત કાર બેગાથા વડે કહે છે.

संसारं छेत्तुमणो कम्मं, उम्मूलए तदट्ठाए ।
उम्मूलिज्ज कसाया, तम्हा उ चइज्ज सयणाई ।१८५।

નરક વિગેરે ચાર ગતિરૂપ સંસાર, અથવા માતા, પિતા, સ્ત્રી વિગેરે ઉપર પ્રેમ છે. તે સંસાર છે તેને જડમૂળથી છેદવાની ઇચ્છા વાલો કર્મને મૂળથી ઉખેડી નાખે તેટલા માટે કર્મોનું મૂળ કષાયો છે, તેને દૂર કરે.

माया मेत्ति पिया मे, भगिणी भाया यपुत्तदारा मे।
अत्थंमि चेव गिद्धा, जम्मणमरणाणि पावंति ॥१८६

અને તે દૂર કરવા માટે પૂર્વે બતાવ્યા પ્રમાણે માતા પિતા

વિગેરેનો સ્નેહ છોડી દે. જો ન છોડે તો માતા પિતા વિગેરે નો સંયોગના અભિલાષીઓ તેમના સુખ માટે રત્નકુપી (રસકુપી જેના વડે સોનું બને છે તે) ના માટે ગૃધ્ધ બનીને તેમાં અનેક પાપ કરતાં જન્મ જરા અને મરણ વિગેરેના દુઃખોને ભોગવે છે એ પ્રમાણે કષાય અને ઇંદ્રિયોમાં પ્રમાદિ થએલો માતા પિતા વિગેરે માટે ધન મેળવવા તથા મેળવેલાનું રક્ષણ કરવા ફકત દુઃખનેજ ભોગવે છે, તેજ મૂળ સૂત્રોમાં બતાવ્યું છે કે અહો (દિવસ) રાઓ ( રાત ) માં, અને સૂત્રમાં " ચ" શબ્દ છે તેથી પક્ષમાસમાં સારા ધર્મના વિચારો છોડીને બધી રીતે ચિન્તામાં બળતો રહે છે જેમકે-

**"कइया वच्चइ सत्थो? किं भण्डं कत्थ कित्तिया भूमी**
**को कयविक्कयकालो, निव्विसइ किं कहिं केण? ॥१॥"**

કયારે આ સાર્થ (વેપારી ઓનો સમૂહ) ઉપડશે ? શું માલ છે ? કેટલે દૂર જવું છે તથા લેવા વેચવાને કયો કાળ છે અથવા કયું કયાં કોના વડે આ ચોકઠું બેસશે ? ( કાર્ય સિધ્ધિ થશે ) વિગેરે ચિન્તામાં બળતો રહે છે અને તે ચિન્તા ગ્રસ્ત કેવો થાય છે. તે કહે છે.

કાળ ( યોગ્ય સમય ) અકાળ ( અયોગ્ય સમય ) માં ઉઠીને એટલે દિવસમાં જે કરવાનું હોય તે કામ રાતના કરે અથવા પ્રભાતનું કામ સાંજના કરે વિગેરે અથવા કાળ અકાળ એ બંનેમાં કરે અથવા અવસરમાં ન કરે, તેમ બીજા વખતમાં

એ ન કરે, જેમ કોઈ ધન વિગેરેની હાની થતાં ગાંડો બની ગમે તેમ કરે પણ તેને કાળ અકાળનો વિવકે નથી એમ જાણવું.

જેમકે "ચંડપ્રદ્યોત" નામના રાજાએ મૃગાવતી નામની રાણી, જેનો પતિ " શતાનિક " રાજા મરણ પામેલો છે. તેના કહેવાથી મોહીત થઈને જે કાળે કીલ્લો લેવાનો છે તે કાળે ન લેતાં કીલ્લા વિગેરે નવા સુધરાવીને લેવાની ઈચ્છા કરી (પણ લઈ શકયો નહિ.)

પણ જે યોગ્ય કાળે ક્રિયા કરે છે. તે બાધા રહીત. બધી ક્રિયા કરે છે. કહ્યું છે કે.

**"मासैरष्टभिरह्ना च, पूर्वेण वयसाऽऽयुषा ।**
**तत् कर्त्तव्यं मनुष्येण, येनान्तेसुखमेधते ॥१॥ "**

આઠ માસ તથા દિવસે તથા જુવાનીમાં. પહેલા આયુષ્ય માં માણસે કૃત્ય કરી લેવું એટલે બાર માસમાં ચોમાસાના ચારમાસમાં પાણી કાદવ વિગેરેનાં દુઃખ ન ભોગવવાં પડે માટે કમાવું કે સંગ્રહ કરવો, તે આઠ માસમાં કરવો, તથા રાતના અંધારામાં ખરાબ માલ ન આવે સ્વપરની હિંસા ન થાય માટે દરેક કાર્ય દિવસના કરવું તથા પહેલી અવસ્થામાં વિદ્યા ભણી ધનઉપાર્જન કરવું તથા યુવાનીમાં ધર્મ સાધવો કે જેથી પાછલી વૃધ્ધાવસ્થામાં દુઃખ ભોગવવું ન પડે અને સુખ મેળવે.

જેમ મૃત્યુને આવતાં અકાળ નડતો નથી તેમ ધર્મનું અનુષ્ઠાન કરતાં પણ અકાળ નડતો નથી, ત્યારે શા માટે કાળ અકાળનો સમુત્થાયી થાય છે. એ માટે કહે છે. સંજોગને માટે અર્થાત્ જેને પ્રયોજન છે, તે તેને માટે કરે છે. ધન ધાન્ય. સોનું બે પગવાલાં દાસ દાસી અને ચાર પગવાલાં ઘોડા વિગેરે તથા રજય સ્ત્રી વિગેરેનો સંસારમાં અમુક અમુક કારણે સંયોગ થાય છે. તેને માટે અથવા તો શબ્દાદિ વિષય તેનો સંયોગ અથવા માતા પિતા વિગેરેનો સંયોગ વડે તેને માટે સંસારી જીવો કાળમાં અથવા અકાળમાં કામ રનારા થાય છે.

કોઇ અર્થ એટલે રત્નકુપિ વિગેરે અથવા કોઈ અત્યંત લોભને લીધે સ્વાર્થી બની કાળ અકાળ જોયા વિના મંમણ શેઠ માફક કરવા મંડે છે. તે મંમણ શેઠનું દૃષ્ટાંત કહે છે આ શેઠે અતિશય ધન છતાં યુવાવસ્થામાં (સુખ ભોગવવું છોડીને) જળ સ્થળને માર્ગે જુદા જુદા દેશોમાં માલ ભરીને વહાણ. ગાડાં ઉંટની મંડલી વિગેરેના ભારથી ભરેલાં મોકલીને( નફો મેળવ્યા છતાં સંતોષ ન પકડયો ) પછી ભર ચોમાસામાં સાત રાત્રી સુધી મૂશળ પ્રમાણ જળ ધારા પડતે વરસાદથી બધા પ્રાણી એક જગ્યાએ સ્થિર થયા પણ આ શેઠ સંતોષ ન પકડતાં પોતાના શહેરની નજદીકમાં રહેલી મહા નદીના પુરમાં તણાઇ આવેલા લાકડાં લેવાની ઇચ્છા વાલો ધનનો

ઉપભોગ ધર્મ નકરતાં બધા શુભ પરિણામને છોડીને ફકત ધન મેળવવામાંજ તૈયાર થયો તેજ કહ્યું છે.

“उकखणइ खणइ निहणइ रत्तिं, ण सुआति दियावि
य ससंको।

'लिंपइ, ठएइ, सययं, लंछियपडिलंछिय कुणइ ॥१॥

ધન લોભી ઉંચેથો ખોદે છે. તથા ખાણુ ખોદે છે તથા જીવોની હિંસા કરે છે, રાત્રીમાં સુતો નથી દિવસે પણ ચિન્તા વાલો હોય છે. કર્મથી લેપાય છે વિચાર કરતો પડી રહે છે તથા હમેશાં લાંચ્છિત તથા પ્રતિ લાંચ્છિત ( લજ્જાસ્પદ કૃત્ય પણ કરે છે.

भुंजसु न ताव रिक्को, जेमेउं नाविय अज्ज मज्जीहं।
नवि य वसीहामि घरे, कायव्वमिणं बहुं अज्जं।२।”

કોઇ કહે ખા તો પણ પોતાનો વેપાર પૂરો ન થાય ત્યાં સુધી તેને ખવાનું સુઝતું નથી તેથી કહે કે હું સ્નાન નહીં કરૂં તેમ ઘરમાં રહીશ નહીં અત્યારે મારે બહુ કામ છે. (અર્થાત લોભીઓ કંઇ પણ સુખ છતે ધને ભોગવતો નથી તેમ દાન પણ આપતો નથી ).

વલી લોભીના અશુભ વેપારો બતાવે છે.

મૂળ સૂત્રમાં આલુંપ શબ્દ છે. તેનો અર્થ આ છે. તે લોભથી હણાયલા અંત- કરણ વાલો બધા કર્ત્તવ્ય અકર્ત્તવ્ય-

નો વિવેક છોડીને અર્થ લોભમાં એક દૃષ્ટિ રાખીને આલોક અને પરલોકમાં દુઃખ આપનારી કલંક રૂપ ગળાં કાપવાં તથા ચોરી વિગેરે કૃત્ય કરે છે, એટલે તેની મતિ સર્વથા લોપાઈ ગએલી છે.

## સહસક્કારે.

આગળ પાછળનું વિચાર્યા વિના દોષ ભૂલીને એકદમ. (સહસા) કાર્ય કરી નાંખે તે કામ કરનારો ( પા. ૨. ૧૨૭ સૂત્ર પ્રમાણે ) સહસક્કાર જાણવો જેમકે લોભ અંધકારથી છવાઈ ગએલી દૃષ્ટિવાલો " હાય પૈસો " માનનારો શકુંત પક્ષી માફક તીરના ઘાને ભૂલીને માંસના અભિલાષથી સાંધાના છેદનથી નાશ પામે છે. ( પક્ષીને ફસાવવા ધનુષ્યમાં માંસનો ટુકડો બાંધે છે. અને તે પક્ષી ખાવા જતાં તીર છુટે છે. અને પક્ષી મરી જાય છે.) તેજ પ્રમાણે લોભી ધનમાં લુબ્ધ મનવાલો થઈ બીજા દુઃખોને જોતો નથી.

## " વિણિ વિઠ્ઠ ચિટ્ઠે "

( વિવિધ ) અનેક પ્રકારે ( નિવિષ્ટ ) રહેલું. પૈસા મેળવવા માટે ચિત્ત જેનું છે, તે માણસ અથવા જે માણસને માતાપિતા વિગેરેમાં પ્રેમ રહ્યો છે, અથવા જેને ઉત્તમ ગાયન વિગેરેનો રસ લેવામાં ચિત્ત લાગ્યું છે, અથવા સૂત્રપાઠમાં ચિત્તને બદલે ચિઠ્ઠ લઇએ તો, કહે છે કેઃ—તે માણુસ વિશેષે કરીને કાય, વચન, અને મનના ચંચળ-

ચણાથી પૈસો પેદા કરવામાં રાતદિવસ ચિત્ત રાખે છે, તેજ પ્રમાણે માતાપિતા વિગેરેનો પ્રેમ ધારણ કરી સંસારવાળો છે, અથવા અર્થનો લોભી થઇને પાપથી લેપાતો વગર વિચારે સંસાર–વિષયમાં એક ચિત્તવાળો બનીને હવે પછીથી શું શું કરે તે કહે છે.

આલોકમાં માતાપિતા વિગેરેમાં, અથવા ઇંદ્રિય–વિષયમાં લોલુપી બની પૃથ્વીકાય વિગેરે જંતુને દુઃખ આપનારો તે પુરુષ શસ્ત્ર વાપરવામાં વારેવારે તૈયાર થાય છે, એ પ્રમાણે વારંવાર પૃથ્વીકાય વિગેરેની હિંસા કરી નવાં કર્મ બાંધે છે, જીવોને દુઃખ આપનાર શસ્ત્ર બે પ્રકારનું છે, એટલે ખારા કુવાનું પાણી મીઠા કુવામાં નાંખે; તો સ્વકાયથી હિંસા છે, અને અગ્નિ ઉપર પાણી નાંખે તો, પરકાયથી હિંસા છે, (તે પહેલાં અધ્યયનમાં બતાવ્યું છે.) આ પ્રમાણે ઉપર કહ્યા મુજબ હિંસા કરે છે. વળી મૂળ સૂત્રમાં એત્થ સત્થે ને બદલે બીજી જગ્યાએ એત્થ સત્તે પાઠ છે, તેનો આ પ્રમાણેનો અર્થ છે. કે માતાપિતામાં અથવા પોતે ગાયનનો રસિક લોભી લોભમાં પડીને સક્ત ( ગૃદ્ધ ) બનીને વારંવાર તેમાં એક ચિત્તવાળો થઇને ધર્મકર્મ લોપીને વિના વિચારે કાળ–અકાળ ન જોતાં પાપમાં પ્રવર્તે છે.

આ હાલના જીવોને જો, અજરામરપદ હોય; અથવા લાંબું આયુષ્ય હોય; તો તે કરવું ઘટે; પણ ટુંકા આયુ-

ષ્યમાં, તથા મરણ માથે ભમતું હોવાથી ભોગની ઇચ્છાએ વ્યર્થ પાપ કરે છે. કારણકે, હાલના કાળમાં મોટામાં મોટું આયુષ્ય નિશ્ચયથી સો વરસની આસપાસ છે, અને નાનું આયુષ્ય ક્ષુલ્લક ( નાના ) ભવ આશ્રયી અંતર્મુહુર્ત્ત માત્ર છે, અને વધારેમાં વધારે ત્રણ પલ્યોપમનું છે. તેમાં પણ સંય-જીવિત ( સાધુપણું ) અલ્પકાળ છે, તથા અંતમૂહુર્તથી લઇને થોડું ઓછું એવું કરોડ પૂર્વનું આયુષ્ય છે. જેમાં સાધુપણું ઉદય આવે; તે અપેક્ષાએ તે પણ થોડું છે, એટલે ગમેતેટલું મનુષ્યનું આયુષ્ય હોય; તોપણ તે એક અંત-મૂંહુર્ત છોડીને બાકીનું અપવર્તન ( અકાળ મોત ) થાય છે. તેથી કહ્યું છે કેઃ—

"अद्धाजोगुक्कोसे, बंधित्ता भोगभूमिएसुलहुं ।
सव्वप्पजीवियं, वज्जइत्तुउव्वट्टियादोणहं ॥१॥ "

ઉત્કૃષ્ટ યોગમાં બંધના અધ્યવસાય સ્થાનમાં આયુષ્યનો જે બંધ કાળ છે. તે ઉત્કૃષ્ટો કાળ બાંધીને જે જીવ દેવ ગુરૂ વિગેરે ભોગ ભૂમીમાં યુગલિક તરીકે જન્મે છે. તેનું જલ્દીથી બધું આયુષ્ય છોડીને તિર્યંચ અને મનુષ્યનું અપ-વર્ત્તન થાય છે. અને તે અપર્યાપ્ત અંતર્મુહુર્ત્તનું અંતર જાણવું, ત્યારપછી અપવર્ત્તન થાય છે, (જે આયુષ્ય ત્રણ પલ્યોપમનું છે, તે પણ કારણ વિશેષથી ઓછું થવા સંભવ છે.)

સામાન્યથી આયુષ્ય સોપક્રમ જીવોને સોપક્રમ છે, અને નિરૂપક્રમ આયુષ્ય વાલાને નિરૂપક્રમ છે. તે બતાવે છે. જ્યારે જીવને પોતાનું આયુષ્ય ત્રીજે ભાગે બાકી રહેછે. અથવા ત્રીજાનો ત્રીજો( $\frac{1}{9}$ ) નવમો ભાગ બાકી રહે અથવા જઘન્યથી એક બે અથવા ઉત્કૃષ્ટથી સાત આઠ વર્ષે અથવા અંતકાળે કાળે અંતર્મુહુર્ત્ત કાળના પ્રમાણથી જીવ પોતે પોતાના આત્મ પ્રદેશોને નાડિકાના અંતરમાં રહેલા આયુષ્ય કર્મ વર્ગણાના પુદગળોને પ્રયત્ન વિશેષથી રચના કરે છે. તે વખતે નિરૂપક્રમ આયુષ્યવાલો થાય છે, અને બીજી વખતે આયુષ્ય બાંધે તો ઉપક્રમ આયુષ્ય થાય છે. ઉપક્રમ તે ઉપક્રમણના કારણથી થાય છે. તે કારણો નીચે બતાવ્યાં છે.

**"दंडकससत्थरज्जू, अग्गी उदगपडणं विसं वाला।**
**सीउण्हं अरइ भयं, खुहा पिवासा य वाही य॥१॥**

દંડ, ચાબખો, શસ્ત્ર, દોરી, અગ્નિ, પાણી, પડી જવું, ઝેર, સાપ, અતી ઠંડ, અતી ગરમી, અરતિ, ભય, ભૂખ, તરસ, અને રોગ (આ ઘણા પ્રમાણમાં થાય. એટલે દંડ વિગેરેથી માર પડે તો લાંબુ આયુષ્ય પણ ટુંકા વખતમાં સમાપ્ત થાય, જેને લોકમાં અકાળ મોત કહે છે, જેનાથી મોત થાય તે ઉપક્રમ અને જેનું મોત થયું તે સોપક્રમ મૃત્યુ કહેવાય છે. અને તેનું જીવિત પણ પૂરૂં ન થવાથી સોપક્રમ આયુષ્ય કહેવાય.

**मुत्तपुरीसनिरोहे जिण्णाजिण्णे भोयणे बहुसो ।**
**घसण, घोलण, पीलण, आउस्स उवक्कमा एते ॥२॥**

ઝાડો પીશાબ રોકવાથી, ભોજન જીર્ણ થયાં પહેલાં વધારે ખાય અથવા જીર્ણ થયા પછીથી પણ વધારે ખાય અથવા ઘર્ષણ. ( ઘસારો ) અથવા ઘોલન. અથવા પીડન- ( શરીરને ગજા ઉપરાંત બોજો અથવા શ્રમ પડે તે )થી આયુષ્યનો અંત આવે છે. તેથી તે ઉપક્રમો છે. વળી કહ્યું છે કે.

**स्वतोऽन्यत इतस्ततोऽभिमुखधावमानापदामहो निपुणता नृणां क्षणमपीह यज्जीव्यते। मुखे फलमतिक्षुधा सरसमल्पमायोजितं, कियच्चीरमवर्बितं दशनसङ्कटे स्थास्यति ? ॥ १ ॥**

પોતાનાથી કે બીજાથી આમ તેમ સામે દોડતી આવતી આપદાઓ વાલા મનુષ્યો છે. તેમાં તેમની નિપુણતા જુઓ કે. ક્ષણ પણ અહીંઆં જે જીવે છે. મોંઢામાં ફળ છે. ઘણી ભૂખ લાગી છે. રસવાલું અને થોડું ભોજન મલ્યું છે. તે કેટલો કાળ ચવાશે અને તે દાંતના સંકટમાં પડેલું રહેશે. ( માણસો વિષય તૃષ્ણાના લોભી બની તેને માટે આમ તેમ દોડે છે. પણ તે ભોગ પ્રાપ્ત કરવા પહેલાં કયારે કાળ ઝડપશે તેની ખબર પણ નથી રાખતા તે આશ્ચર્યની વાત છે. ) ઉચ્છાસની મર્યાદા વાલા પ્રાણ છે. અને તે ઉચ્છાસ પોતે પવન છે અને પવનથી બીજું કંઇ વધારે

ચંચળ નથી તો પણ ક્ષણ ભરનું આયુષ્ય લોકોને મોહ કરાવે છે. તે પણ એક આશ્ચર્ય છે.

**उच्छ्वासावधयः प्राणाः, स चोच्छ्वासः समीरणः ।**

**समीरणाश्चलं नान्यत् क्षणमप्यायुरद्भुतम् ॥ २ ॥**

આ પ્રમાણે મનુષ્યને મોહ ઉતારવા કહ્યું. વલી જેઓ લાંબા આયુષ્ય વાલા છે. તેઓને પણ ઉપક્રમણ (આફત) ના અભાવે આયુષ્ય ભોગવે છે. તેઓ પણ મરણથી પણ વધારે પીડા કરનાર બુઢ્ઢાપાથી પીડાએલા શરીરવાલા સુખની જીંદગી અલ્પમાં અલ્પ ભોગવે છે, તે હવે સુત્રકાર બતાવે છે.

**तं जहा—सोयपरिण्णाणेहिं, परिहायमाणेहिं, चक्खुपरिण्णाणेहिं, परिहायमाणेहिं घाणपरिण्णाणेहिं परिहायमाणेहिं रसणापरिण्णाणेहिं परिहायमाणेहिं फासपरिण्णाणेहिं परिहायमाणेहिं, अभिकंतं च खलु वयं स पेहाए तओ से, एगदा मूढभावं जणयंति ॥ ६३ ॥**

ભાષારૂપે પરિણમેલા પુદ્ગળોને જે સાંભળે; તે શ્રોત (કન) છે, અને તેનો આકાર કદંબના ઝાડના પુલ જેવો દ્રવ્યથી છે, અને ભાવથી તો જે ભાષા દ્રવ્યને ગ્રહણ કરવાની લબ્ધિ, તથા તેનો ઉપયોગનો જે સ્વભાવ છે, તે જાણવું. પૂર્વે કહેલાં શ્રોત્ર (કાનવડે) ચારે બાજુથી ઘટ-પટ શબ્દ વિગેરે વિષયોનું જે જ્ઞાન થાય; તે પરિજ્ઞાન છે,

તે કાનના પરિજ્ઞાનમાં બુઢ્ઢાપાના પ્રભાવથી જે સાંભળવાની શકિત કમી (બહેરાશ) થાય તેથી તે પ્રાણી બુઢ્ઢાપામાં, અથવા તેવાજ રોગના ઉદયના વખતમાં મુઢભાવપણાને પામે છે, જેથી કરવા યોગ્ય ન કરવા યોગ્ય, વિવેક જતાં અજ્ઞાનપણું. ઇંદ્રિયોની શક્તિ કમ થતાં આવે છે. અને તેથી હિત પ્રાપ્ત કરવું; અને અહિત છોડવું; તેનો વિવેક નાશ પામે છે. જેમ કાન સંબંધી કહ્યું; તેજ પ્રમાણે આંખનું પણ બુઢ્ઢાપામાં કે, રોગમાં વિજ્ઞાન નાશ પામે છે.

પ્રશ્નઃ—આત્મા સાથે જેમ કાનનો સંબંધ છે, તેમ આંખ સાથે પણ સંબંધ છે, ત્યારે આંખની માફક કાનથી કેમ દેખાતું નથી ?

ઉત્તરઃ—તેમ થવું અશક્ય છે, કારણકે, તેના વિનાશમાં તેનો ઉપલબ્ધ ( પ્રાપ્ત ) અર્થની સ્મૃતિનો ભાવ થાય છે, અને એવું દેખાય પણ છે કે, ઇંદ્રિયના ઉપઘાત ( નાશમાં ) પણ તેનો ઉપલબ્ધ અર્થનું સ્મરણ થાય છે. જેમકે, ધોળું ઘર. તેમાં બેઠેલો પુરુષ પાંચ બારીઓથી દેખાયલો જે કંઇ પદાર્થ હોય; તે બારીમાંથી કોઇપણ બારી ઢાંકતાં પૂર્વે જોયલું; તે યાદ આવે છે, તેવીજ રીતે મેં કાનવડે, સાંભળો અથવા આંખવડે ધીમો (ધીમાશથી) પદાર્થ જોયો; અને મેં આ કાન, જાણ્યો અથવા આંખથી સ્ફુટ (ખુલ્લો) અને સ્પષ્ટ પદાર્થ જોયો, તે ઇંદ્રિયોની કરણપણાની અવગતિ ( બોધ ) છે, તેથી આત્મા સાથે દરેક ઇંદ્રિયોનો સંબંધ છે.

વાદીની શંકા–જો, એમ છે તો; બીજી પણ ઇંદ્રિયો છે, તે કેમ ન લીધી ? ( બીજી કઇ ઇંદ્રિયો છે ? એવું પૂછો તો નીચે બતાવીએ છીએ) જેવી કે જીભ હાથ પગ ટટી અને પેશાબની ઇંદ્રિયો. તથા મન એ કેમ ન લીધી ? જેમકે વચન બોલવાથી તે પણ જીભ ઈંદ્રિય છે. તથા લેવા મુકવા માં હાથ ઈંદ્રિય છે- ચાલવામાં પગ ઇંદ્રિય છે. તથા મળ કાઢવામાં ટટીની ઇંદ્રિય છે. અને સંસારી આનંદ ભોગવવા-માં ગુહ્ય ઈંદ્રિય છે. તથા વિચાર કરવામાં મન ઇંદ્રિય છે. આ છ ઇંદ્રિયો પણ આત્માને ઉપકાર કરે છે. તેથી તેમાં પણ કરણ પણું ઘટે છે. અને કરણપણાથી ઇંદ્રિય પણુ છે. તેથી બધી મલીને અગીઆર ઇંદ્રિયો થાય છતાં તમો પાંચ ઇંદ્રિયો કેમ બતાવો છો ?

જૈનાચાર્યનો ઉત્તર–એમાં કંઇ દેષ નથી કારણકે અહીં આત્માના વિજ્ઞાનની ઉત્પત્તિમાં જે વિશેષ ઉપકારક હોય છે. તેજ કરણ ( જેના વડે કાર્ય થાય તે ) પણે લેવાથી પાંચજ ઇંદ્રિયો છે. અને જીભ હાથ પગ વિગેરે આત્મા સાથે સાધારણ રીતે એક પણે હોવાથી કરણ પણે વપરાતી નથી અને કંઇ પણ ક્રિયાના ઉપકાર પણાથી જો કરણ પણું માનીએ તો તે પ્રમાણે “ભ્રૂ” ( પાંપણ ) અથવા ઉદર ( પેટ ) વિગેરે પણ ઉંચેનિચે થવાનો સંભવ હોવાથી તેનામાં પણ કરણ પણું થાય, વલી ઇંદ્રિયોના

પોતાના વિષયમાં નિયત (ચોક્કસપણું) હોવાથી એકનું કામ બીજી કરી શકવાને શક્તિવાન નથી. તેજ કહે છે કેઃ— રૂપ જોવાના કામમાં આંખ કામ લાગે પણ આંખને બદલે આંખના અભાવમાં કાન વિગેરે કામ ન લાગે.

પણ જે રસ વિગેરે પ્રાપ્ત થતાં થંડા વિગેરે સ્પર્શનો લાભ થાય છે તે સ્પર્શનુ સર્વ વ્યાપિ પણું હોવાથી ત્યાં શંકા ન કરવી કે જીભથી ચાખતાં ખારા ખાટા સાથે ઠંડો ઉનો પદાર્થ લાગે છે- તેથી જીભ જીભનું પણ કામ કરે છે તેમ બીજી ઇંદ્રિયનું કામ કરે છે. તેમ ન માનવું પણ જીભમાં સ્પર્શ ઇંદ્રિયનું પણ સર્વ વ્યાપિ પણું છે. એમ જાણવું.

અહીંઆં હાથ કાપવા છતાં તેનું કાર્ય જે લેવાપણું છે. તે દાંતથી પણ લેવાય છે. તેથી હાથમાં લેવાના કારણ-થીજ તે ઇંદ્રિયપણું માનવું તે નકામું છે. અને મનનું સર્વ ઇંદ્રિયો ઉપર ઉપકાર પણું હોવાથી. તેને અતંઃકરણપણે અમે ઇચ્છિએ છીએજ, અને બાહ્ય ઇંદ્રિયોના વિજ્ઞાનના ઉપઘાત વડે તે છે. અને તે તેમાં સમાઇ જવાથી મનને તેમાં જુદું લીધું નથી. અને પ્રત્યેકનું ગ્રહણ કરવું તે ક્રમની ઉત્પત્તિના વિજ્ઞાનના ઉપલક્ષણ માટે છે. તેજ બતાવે છે. જે ઇંદ્રિયની સાથે મન યોજાય છે. તેજ પોતાનો વિષયનો ગુણ ગ્રહણ કરવા માટે વર્ત્તે છે. પણ બીજો ગ્રહણ કરવાને માટે નહી.

પ્રશ્ન—દિર્ઘ શષ્કુલી. ( તલપાપડી ) ખાવા વિગેરેમાં પાંચ ઇંદ્રિયોનું વિજ્ઞાન થાય છે. અને તે સાથે અનુભવ થાય છે તે કેવી રીતે છે?

ઉત્તર—તેમ નથી. કારણકે. કેવળીને પણ બે ઉપયોગ સાથે નથી. ત્યારે બીજાનેતો આરાતીય ( અલ્પમાત્ર ) ભાગ જોનારને પાંચેને ઉપયોગ સાથે કયાંથી હોય આ બાબતમાં અમે બીજી જગ્યાએ વિસ્તારથી કહ્યું છે. તેથી અહીં કહેતા નથી અને જે સાથેના અનુભવનો આભાસ થાય છે. તે મનનું જલ્દી દોડવાની વૃત્તિપણાનું છે. કહ્યું છે કે—

**" आत्मा सहैति मनसा मन इन्द्रियेण, स्वार्थे न चेन्द्रियमिति क्रमएष शीघ्रः। योगोऽयमेव मनसः किमगम्यमस्ति ?, यस्मिन्मनो व्रजति तत्र गतोऽयमात्मा ॥ १ ॥ (વસંતતિલકા)**

આત્મા મનની સાથે જાય છે. અને મન છે તે ઇંદ્રિય સાથે જાય છે. અને ઇંદ્રિય પોતાના ઇચ્છિત પદાર્થમાં જાય છે. અને તે ક્રમ શીઘ્ર બને છે. આ મનનો યોગ શું અજાણ્યો છે કે જેમાં મન જાય છે ત્યાં આત્મા ગએ હોજ છે.

અને અહીઆં આ આત્મા. ઇંદ્રિયોની લબ્ધિવાળો. શરૂઆતથીજ જન્મના ઉત્પત્તિ સ્થાનમાં એક સમયમાં આહાર પર્યાપ્તિને નિપજાવે છે. ત્યાર પછી અંતર્મુહુર્ત્તમાં શરીર પર્યાપ્તિને નિપજાવે છે. ત્યાર પછી ઇંદ્રિય પર્યાપ્તિને

તેટલાજ કાળમાં નિપજાવે છે. અને તે પાંચ ઇંદ્રિયો સ્પર્શ રસ ઘ્રાણ ચક્ષુ અને શ્રોત્ર એમ છે. ને પણ દ્રવ્ય અને ભાવ એમ દરેક બે ભેદે છે. તેમાં દ્રવ્ય ઇંદ્રિય નિર્વૃત્તિ અને ઉપકરણ એમ બે ભેદે છે. નિર્વૃત્તિ પણ અંતર અને બાહ્ય એમ બે ભેદે છે.

જેનાથી નિર્વાહ થાય તે નિર્વૃત્તિ છે. અને તે કોનાથી નિર્વાહ થાય છે.? તેનો ઉત્તર—કર્મવડે નિર્વાહ થાય છે.

તેમાં ઉત્સેધ ( લોકમાં વપરાતું માપ આંગળીનું ) અંગુળના અસંખ્યેય ભાગ જેટલા શુધ્ધ આત્મ પ્રદેશના પ્રતિનિયત ચક્ષુ વિગેરે ઇંદ્રિયોના સંસ્થાન વડે જે વૃત્તિ અંદર રહેલી છે તે નિર્વૃત્તિ જાણવી.

તે આત્મા પ્રદેશોમાંજ ઇંદ્રિયના વ્યપદેશ (        ) ને ભજનાર જે પ્રતિનિયત સંસ્થાન વાલો નિર્માણ નામના પુદગળ વિપાક વાલી ( કર્મપ્રકૃતિવડે ) વર્ધ્ધકિ ( સુતાર માફક ) વિગેરે વિશેષ રૂપવાલો (ઇંદ્રિય વિભાગ) અને અંગોપાંગ નામના કર્મવડે બનાવેલ જે છે તે બહારની નિર્વૃત્તિ જાણવી.

(આ ઉપર જે વર્ણન કર્યું તે શરીરની અંદર અને બહાર જ્યાં જે ઇંદ્રિય રહેલી છે તેનું બંને પ્રકારનું વર્ણ ન બતાવ્યું છે, બહારની ઇંદ્રિયો દરેકની દેખાય છે પણ અંદરની તો આત્મ જ્ઞાની જાણી શકે છે ) ઉપરની બતાવેલી નિર્વૃત્તિ બે પ્રકારની

કહી તેને જેના વડે ઉપકાર કરાય છે તે ઉપકરણ છે અને તે ઇંદ્રિયોના કાર્યમાં સમર્થ છે. વલી નિર્વૃત્તિ હોય અને હણાઇ નહોય તો પણ મશુર (જેની દાળ થાય છે) તેના આકાર વાલી નિર્વૃત્તિમાં તેને જો ઉપઘાત થાય તો આંખ જોઈ શક્તી નથી ( આંખનો બહારનો આકાર મશુરની દાળ જેવો છે, જોતે નાશ પામે તો અંદર આત્માની શકિત છે છતાં તે જોઇ શકતો નથી માટે બહારના આકારને ઉપકરણ કહ્યું છે.

તે પણ નિર્વૃત્તિ માફક બે પ્રકારે છે તેમાં આંખની અંદરનું કાળું ધોળું મંડળ છે અને બહારનું પણ પાંદડાંના આકારે બે પાંપણ વિગેરે છે, (તે સૌને જાણીતું છે.)

આ પ્રમાણે બીજી ઇંદ્રિયોમાં પણ જાણી લેવું.

ભાવઇંદ્રિય પણ લબ્ધિ અને ઉપયોગ એમ બે ભેદે છે. તેમાં લબ્ધિ છે, તે જ્ઞાનદર્શન આવરણીય કર્મના ક્ષય ઉપશમરૂપ જેના સંનિધાનથી આત્મા દ્રવ્ય ઇંદ્રિય નિર્વૃત્તિ તરફ જાય છે, અને તેના નિમિત્તથી આત્માનો મનના જોડાણથી પદાર્થનું ગ્રહણ કરવાનો વ્યાપાર થાય; તે ઉપયોગ છે, તે આ છતી લબ્ધિએ નિર્વૃત્તિ ઉપકરણ, અને ઉપયોગ છે, અને છતી નિવૃત્તિમાં ઉપકરણ અને ઉપયોગ છે, અને ઉપકરણ હોય; ત્યારે ઉપયોગ થાય છે. આ કાન વિગેરે બધી ઇંદ્રિયોના આકાર અનુક્રમે નીચે મુજબ જાણવા.

કાનનો આકાર કદંબના ફુલ જેવો છે. આંખનો મશુર

જેવો, અને નાકનો કલંબુકા (            )ના પુલ જેવો છે, જીભનો ક્ષુરપ્ર (ખરપો, તાવેતા)ના આકાર જેવો, તથા શરીરનો સ્પર્શ, ઇંદ્રિયોનો આકાર જુદી જુદી જાતનો છે એમ જાણવું.

## ઇંદ્રિયોના વિષયનું પરિમાણ.

કાનનો વિષય. બાર યોજનથી આવેલા શબ્દને ગ્રહણ કરે છે, અને આંખનો વિષય. એકવીસ લાખ યોજનથી કંઇક અધિક દૂર હોય; અને તે પ્રકાશ કરનાર હોય; તે દેખાય છે.

પણ પ્રકાશ કરવા યોગ્ય હોય; તે એકલાખ યોજનથી કંઇક અધિક હોય; તેવા રૂપને ગ્રહણ કરે છે, પણ બાકીની ઇંદ્રિયોનો વિષય નવ યોજનથી આવેલો હોય; તેને ગ્રહણ કરે છે, અને જઘન્યથી તો, બધી ઇંદ્રિરોનો વિષય આંગળના અસંખ્યેય ભાગ માત્ર છે. ( નીચેના ટીપણમાં ખુલાસો કર્યો છે કે, બધી ઇંદ્રિયોથી આંખનું જુદું છે, કારણકે, આંખનો વિષય જઘન્યથી આંગળના સંખ્યેય ભાગ માત્રથી જાણવો. )

અહીં મૂળસૂત્રમાં શ્રોત્રના પરિજ્ઞાનથી હણાતાં, અથવા ઓછું થતાં ઇંદ્રિયોની કેવી દશા થાય છે તે બતાવ્યું. તેનો પરમાર્થ આ છે. અહીંયાં સંજ્ઞી પચેંદ્રિય જીવને ઉપદેશ આપવાનો અધિકાર હોવાથી ઉપદેશ છે તે કાનનો વિષય છે. ( કાનની શક્તિ સારી હોય; તોજ ઉપદેશ

સંભળાય.) એટલા માટે તેની પર્યાપ્તિમાં બધી ઇંદ્રિયોની પર્યાપ્તિ પણ સાથે સૂચવી.

(કાને સાંભળીને જીવરક્ષા માટે આંખથી જોઇને ચાલે; વિચારીને બોલે વિગેરે છે, તેથી બીજી ઇંદ્રિયોનું પણ સ્વરૂપ બતાવ્યું છે.)

આ કાન વિગેરેનો આત્માની સાથે સંબંધ થતાં; જે જ્ઞાન થાય છે, તે જ્ઞાન ઉમર વૃદ્ધ થતાં ઓછું થાય છે, તે હવે બતાવે છે. મૂળસૂત્રનાં કહ્યું છેકેઃ—

अभिक्कंतंच વિગેરે.

એટલે ઉપર બતાવ્યા પ્રમાણે બુઢ્ઢાપામાં શક્તિ ઓછી થઈ જાય છે.

અથવા આખા સૂત્રનો આ પ્રમાણે અર્થ લેવો કેઃ—

કાન વિગેરે વિજ્ઞાનથી કમી થયેલ કર્ણભૂત ઇંદ્રિયો છતાંપણ अभिक्कंतं. વિગેરેનો અર્થ આ થાય છે કેઃ—જેમ જેમ ઊમર વીતે; તેમ તેમ બુદ્ધિ-શક્તિ ઓછી થાય; તેમાં પ્રાણીઓને કાળેકરેલી શરીરની અવસ્થા જેમાં યોવન વિગેરે વય (ઉમર) છે. તેને જરા અથવા મૃત્યુના સામે જવાનું છે. કારણ કે અહીઆં શરીરની ચાર અવસ્થાઓ છે, (૧) કુમાર (૨) યોવન (૩) મધ્યમ (૪) વૃદ્ધત્વ છે, એમ જાણવું. તે શાસ્રમાં કહ્યું છે. કે—

" प्रथमे वयसि नाधीतं, द्वितीए नार्जितं धनम् ।
तृतीए नतपस्तप्तं, चतुर्थे किं करिष्यति ? ॥ १ ॥ "

પહેલી વયમાં વિદ્યા ન ભણ્યો, બીજી વયમાં ધન ન મેળવ્યું. ત્રીજીમાં તપ ન કર્યો. ( એવો આળસુ માણસ ઇંદ્રિયો થાકતાં. ચોથી અવસ્થામાં શું કરવાનો છે ! )

તેથી પહેલી બે અવસ્થા જતાં વૃદ્ધાવસ્થાના સામે વય જાય છે, અથવા બીજી રીતે ત્રણ અવસ્થાઓ છે. (૧) કુમાર (૨) યોવન (૩) વૃદ્ધાવસ્થા છે કહ્યું છે કે—

" पिता रक्षति कौमारे, भर्ता रक्षति यौवने ।
पुत्राश्च स्थविरे भावे, न स्त्री स्वातंत्र्यमर्हति ॥१॥ "

બાળક પણામાં પિતા રક્ષા કરે છે. યોવનઅવસ્થામાં ધણી બચાવે છે, અને વૃદ્ધાવસ્થામાં દિકરા પાળે છે, પણ સ્રીને કોઇપણ અવસ્થામાં સ્વતંત્રતા આપવી યોગ્ય નથી.

અથવા બીજી રીતે ત્રણ અવસ્થાઓ છે. (૧) બાળ (૨) મધ્ય અને (૩) વૃદ્ધત્વ એમ છે. કહ્યું છે કે—

आषोडशाद्भवेद्बालो, यावत्क्षीरान्नवर्त्तकः ।
मध्यमः सप्तति यावत्परतो वृद्ध उच्यते ॥ १ ॥

દુધ અને અન્ન ખાનાર (જન્મથી લઈને) સોળ વર્ષ સુધી બાળક કહેવો, અને સીત્તેર વર્ષ સુધી મધ્યમ અને ત્યોર પછી વૃદ્ધ કહેવો, આ બધી અવસ્થામાં પણ જે ઉપચય

વાલી ( બળ વધે ત્યાં સુધી ) અવસ્થા ઓળંગીને આગળ ગએલો અતિક્રાંત વય વાલો જાણવો. ("ચ" સમુચ્ચયના અર્થમાં છે.)

અહીઆં કાન, ચક્ષુ, નાક, જીભ, અને સ્પર્શ ઇંદ્રિયોના અસ્ત (નાશ) પામેલા સમસ્ત જ્ઞાનની વાત ફક્ત ન લેવી પણ તેની સાથે શરીરની બીજી શક્તિઓ પણ નાશ થતાં મૂઢપણું આવે છે. (આ કરવું આ ન કરવું. એવો વિવેક નષ્ટ થાય છે.)

તેથી વય ઉલંઘતાં ( શરીરની શકિત ઓછી થતાં ) વિચારી ને. તે પ્રાણી ( સંસારમાં મોહ રાખનારો પુરૂષ ) નિશ્ચયથી વધારે મૂઢપણું પામે છે- ( પણ ધર્મ આરાધતો નથી ) તેથી જ મૂળ સૂત્રમાં કહ્યું છે કે–

**तओसे विगेरे.**

અટેલે ધોળા વાળ જોઈને અથવા શરીરપર કરોચલી-પડેલી જોઇને પોતે હું બુઢ્ઢો થયો એમ જાણી વધારે ખેદ કરે છે; અને તેથી મૂઢતા પ્રાપ્ત કરે છે.

અથવા તે સંસારી જીવને કાન વિગેરેની શકિત ઓછી થતાં તેને મૂઢતા આવે છે; એ પ્રમાણે વૃધ્ધાવસ્થામાં તે મૂઢ ભાવને પામીને પ્રાય-લોકમાં અવગીત (તીરસ્કાર કરવા યોગ્ય. ) થાય છે. તે બતાવે છે.

**जेहिं वा सद्धिं संवसति, ते वि णं एगदा णि-**

**पगा पुव्विं परिवयंति, सोऽवि ते णियए पच्छा परिवएज्जा, णालं ते तवताणाए वा सरणाए वा, तु मंपि तेसिं णालं ताणाए वा सरणाए वा, से ण हासाय ण किड्डाए णरतीए विभूसाए सू० ।६४।"**

બીજા લોકો તો દૂર રહો પણ જેની સાથે ઘરમાં રહે છે. તે પોતાના પુત્ર સ્ત્રી વિગેરે છે તે સ્ત્રી પુત્ર વિગેરે પણ એકદા એટલે વૃધ્ધાવસ્થામાં તેના પોતાના સગા છતાં તથા પોતે સમર્થ અવસ્થામાં કમાઇને તેમને પોષ્યા હતા તે સ્ત્રી પુત્ર વિગેરે પણ તેનો તીરસ્કાર કરે છે. અને બોલે છે કે. આ મરતો નથી અને ખાટલો પણ મુકતો નથી. અથવા "પરિવદંતિ" એટલે પરાભવ કરે. (છોકરાઓ તેમનું અપમાન કરતાં બોલે છે કે. "બેસ બેસ ડોકરા ? તું શું સમજે છે" વિગેરે અથવા પરસ્પર વાતો કરે છે કે. હવે આ બુઢ્ઢાનું શું કામ છે. એ સગાઓનોજ તીરસ્કાર ખમતો નથી પણ પોતાનો આત્મા પણ પોતાને નિંદવા યોગ્ય થાય છે. તે બતાવે છે.

**" वलिसन्ततमस्थिशेषितं, शिथिलस्नायुधृतं कडेवरम् । स्वयमेव पुमान् जुगुप्सते, किमु कान्ता कमनीयविग्रहा ? ॥१॥ "**

સર્વત્ર કરોચલીઓ પડી ગએલ અને હાડકાં બાકી રહેલ તથા ઢીલાં પડીગએલ સ્નાયુ (નાડીઓ) ને ધારણ કરનાર.

આહાહા આ મારૂં આવું શરીર રહ્યું! આવું પોતાનું શરીર જોઇને પુરૂષ પોતેજ પોતાની નિંદા કરે છે. તો સુંદર શરીરવાળી સ્ત્રી નિંદા કરે તો તેમાં શું નવાઇ છે.!

ગોવાલીઓ બાળક તથા સ્ત્રી વિગેરે મંદ બુદ્ધિવાલાના માટે દ્રષ્ટાંત દ્વારાએ કહેલો વિષય વધારે બુદ્ધિમાં ઠસે છે. તેટલા માટે ઉપર બતાવેલ વિષયને સમજવા માટે કથા કહે છે. ધના શેઠની કથા, કોસંબી નગરીમાં ઘણું ધન અને ઘણા પુત્રવાલો ધનો નામનો સાર્થવાહ (મોટો વેપારી) હતો. તેણે એક વખત પોતે એકલાએ ઘણા ઉપાયો વડે સ્વાપતેય (પોતાનું કમાએલું ધન) મેળવ્યું. અને બધાં દુઃખી જે ભાઈ સગાં મિત્ર સ્ત્રી પુત્ર વિગેરે હતાં તેમને માટે ઉપભોગમાં લીધું. ત્યાર પછી આ શેઠ ઉમરના પરિપાકથી બુઢો થયો, ત્યારે તેણે સાચવવામાં હોંશીયાર એવા પુત્રોને બધા કાર્યની ચિન્તાનો ભાર સોંપી દીધો, તે પુત્રો પણ વિચારવા લાગ્યા કે આ બુઢ્ઢાએ અમને આવી અવસ્થામાં મૂક્યા કે જેથી બધા માણસોમાં હમો અગ્રેસર થયા, તેનો ઉપકાર માનતા છતા ઉત્તમ કુળની સજ્જનતા ધારણ કરતા રહ્યા. પણ કોઇ વખતે કાર્યના પ્રસંગે તેઓ દૂર થયા, તેથી પોતાની સ્ત્રીઓને પોતાનો અશક્ત બાપ સોંપ્યો તે સ્ત્રીઓ પણ ઘરની શ્રીમંતાઇથી તે બુઢ્ઢાને તેલ મર્દન તથા સ્નાન તથા ભોજન વિગેરેથી યથા યોગ્ય કાર્ય સંતોષ પમાડવા કરતી હતી.

ત્યાર પછી કેટલીક કાળ ગયો. ત્યારે ઘરમાં પુત્ર પરિવાર તથા માલ મીલકત વધતાં એ સ્ત્રીઓ પોતાના પતિની સંપદાથી અહંકારમાં આવી, અને તે બુઢ્ઢા પરવશ થએલો અને તેનું આખું અંગ કંપતું હતું. શરીરનાં બધાં દ્વાર અંદરના મળ વિગેરે નીકળવાથી ગંધાતા હતાં. તેથી તે બુઢ્ઢા તરફ ઘરની સ્ત્રીઓ ધીમે ધીમે યોગ્ય ઉપચાર કરવામાં પ્રમાદ કરવા લાગી.

આ ડોશો પણ પોતાની ઓછી સેવા થતી જોઈ ચિત્તના અભિમાનવડે તથા કુદરતી લાગણીથી દુઃખના સાગરમાં ડુબેલો બની છોકરાની વહુઓની ફરીઆદ છોકરાઓ પાસે કરવા લાગ્યો, તે સ્ત્રીઓને પોતાના પતિએ ઠપકો આપવાથી વધારે ખેદવાલી બની (સસરાની ઉપર ક્રોધ લાવી.)ને થોડી પણ ચાકરી કરવી છોડી દીધી, અને તે દરેક વહુઓ એક વિચાર વાળી બનીને પોતાના પતિને કહેવા લાગી કે અમો આવી સારી રીતે રાત દિવસ જાગીને ડોશાની ચાકરી કરીએ છીએ, છતાં આ ડોશો બુઢ્ઢાપાથી વિપરીત બુદ્ધિવાલો બનીને ગુણોનો ચોર થાય છે, અને જો અમારા ઉપર પણ તમોને વિશ્વાસ ન હોય તો જે કોઇ વિશ્વાસવાલા હોય તેને કામ સોંપો. તેથી છોકરાઓએ પણ તેજ પ્રમાણે કર્યું, અને બીજી વહુઓને કામ સોંપ્યું, પણ બીજી વહુઓએ બધાં કાર્યોને બરાબર યોગ્ય અવસરે કર્યાં, પછી પુત્રોએ

ડોશાને પૂછયું. ત્યારે પહેલાંથી રીસાએલો ડોશો તેજ પ્રમાણે નિંદા કરવા લાગ્યો. અને કહેવા લાગ્યો કે મારા કહેવા પ્રમાણે આ વહુઓ પણ કામ કરતી નથી. એટલે છોકરાઓએ ખાતરીવાળા માણસોના વચનથી ખરી વાત જાણીને વિચાર્યું કે, આ ડોશાની બરાબર ચાકરી કરવા છતાં વૃદ્ધાવસ્થાથી વ્યર્થ રોદણાં રૂવે છે, તેથી છોકરાઓએ પણ તેની ઉપેક્ષા કરી તેથી બીજાઓ આગળ પણ અવસર આવતાં છોકરાઓ ડોશાની નિંદા કરવા લાગ્યા, આ પ્રમાણે છોકરાએ એ તથા વહુઓએ પરાભવ કરેલો તથા સગાં વહાલાંએ તથા નોકરોએ અપમાન કરેલો અને તેનું વચન પણ કોઈ ન માનતું જોઈને ઘરનાં બધાં સુખીઓમાં તે એકલો દુઃખી બુઢો પાછલી અવસ્થામાં વધારે વધારે દુઃખ જોવા લાગ્યો.

એ પ્રમાણે બુઢ્ઢાપાથી અશક્ત થએલ શરીરવાળો બીજો બુઢ્ઢો માણસ પણ તરખલાને વાંકું વાળવામાં અસમર્થ જેવો થતાં કાર્યનેજ ચાહાતા લોકોમાં પરાભવ પામે છે. કહ્યું છે કે—

"गात्रं संकुचितं गतिर्विगलिता दन्ताश्च नाशं गता, दृष्टिर्भ्रश्यति रूपमेव ह्रसते वक्त्रं च लालायते। वाक्यं नैव करोति बान्धवजनः पत्नी न शुश्रूषते, धिक्कष्टं जरयाऽभिभूतपुरुषं पुत्रोऽप्यवज्ञायते

शार्दूल ॥ १ ॥"

શરીર સંકોચાઇ ગયું. ટાંટીઆ લથડવા લાગ્યા. દાંત પડી ગયા. આંખોનું તેજ ગયું. મોઢાંમાંથી લાળ પડવા લાગી. સગાં વહાલાં કહેલું કરતાં નથી. અને પોતાની સ્ત્રી પણ જોઇતી માગણી સ્વીકારતી નથી. આ હાહાહા ! બુઢ્ઢા થએલા પુરૂષને અશક્ત થતાં પુત્ર પણ અપમાન કરે છે. તે કષ્ટદાઇ બુઢ્ઢાપાને ધિક્કાર હો–( વિગેરે જાણવું. )

આ પ્રમાણે બુઢ્ઢાપાથી હારેલાને સગાં વહાલાં નિંદે છે. અને તે પણ ગભરાએલો બે બાકળો બનીને બીજા લોકો આગળ પોતાના ઘરની નિંદા કરે છે.

મૂળ સૂત્રમાં "સો વા" ઇત્યાદિ શબ્દો છે. તે પહેલાંની અપેક્ષાએ બીજો પક્ષ સૂચવે છે. એટલે એમ જાણવું કે સગાં વહાલાં અપમાન કરે છે. અથવા પોતે બુઢ્ઢા થતાં દુઃખને લીધે સગા વહાલાંની નિંદા પારકાં આગળ પોતે કરે છે. અથવા પોતે ગભરામણથી સગાંનું અપમાન કરે છે.

કદાચ કોઇએ પૂર્વે ધર્મ આરાધ્યો હોય તેવાનું ધર્માત્મા જીવો બુઢ્ઢાપમાં અપમાન ન કરે તો પણ તેનું દુઃખ દૂર કરવાને તેઓ સમર્થ થતા નથી તેવું સૂત્રકાર કહે છે. " કે તારા છોકરા તથા વહુઓ તને તારવા માટે શક્તિમાન નથી અથવા તને શરણ આપવા યોગ્ય નથી તેમજ તું પણ તેઓને તારવાને સમર્થ નથી તેમ શરણ આપવા યોગ્ય નથી (આપદામાંથી બચાવે તે ત્રાણ છે) જેમ મહા

શ્રોતવડે ( પાણીના પૂરમાં સારા નાવિકને આશ્રયી જે નાવમાં બેસાય તો પાર ઉતરાય ) જેનો આશ્રય લઇને બેસીએ અને ભય ન આવે તે શરણુ છે કિલ્લો અથવા પર્વતને આશ્રયે બચે, અથવા શૂર પુરૂષ ગામને બચાવે તે શરણુ છે.

" जन्म जरामरणभयै, रभिद्रुते व्याधिवेदनाग्रस्ते ।
जिनवरवचनादन्यत्र, नास्ति शरणं क्वचिल्लोके ॥१॥"

જન્મ જરા અને મરણુના ભયથી પીડાએલા અને રોગની વેદનાથી ઘેરાએલા પુરૂષને જિનેશ્વરના વચનથી બીજુ કંઇ શરણુ આ લોકમાં કયાંય નથી. ઉલટું તે પીડાએલી અવસ્થામાં પોતે કોઇની હાંસી કરવા યોગ્ય રહ્યો નથી. કિંતુ જગત્ તેની હાંસી કરે છે. ! જેની પારકાથી હાંસી થાય તે કેવી રીતે હર્ષ પામે (પોતે પોતાના સમક્ષ કે પાછળથી હસી ખુસીની વાત કરવા યોગ્ય નથી કિંતુ હાંસી કરવાને યોગ્ય છે. તેમ તેની સાથે ઓળંગવા, કુદવાને, તાળી પાડવા કે તેવો બીજો કોઇ જાતનો વાત કરવા વિગેરેનો આનંદ પણ કરવા યોગ્ય નથી તથા તેનું રૂપ વિગેરે સ્ત્રીઓને ગમતું નથી ઉલટુ સ્ત્રીઓ તેની નિંદા કરે છે. અને કહે છે કે. " તું તારા આત્માને જોતો નથી ! માથું જોતો નથો ! કે જે ધોળા વાળ રૂપ રાખથી લેપાએલ છે ! હું તારી દિકરી જેવી જુવાન છું અને તું મારી સાથે આનંદ ( લગ્ન ) કરવા ઇચ્છે છે. આ દુનીયામાં જાણીતુ છે કે તે બુઢ્ઢો સંસાર

સુખને યોગ્ય નથી તેમ શરીરની શોભા કરવાને પણ યોગ્ય નથી અને કદાચ શોભા કરે તો પણ બગડી ગએલી અને કરોચલી પડેલી ચામડીવાલો બુઢ્ઢો શોભતો નથી. કહ્યું છે કે.

" न विभूषणमस्य युज्यते न च हास्यं कुत एव विभ्रमः ? ।
अथ तेषु च वर्त्तते जनो, ध्रुवमायाति परां विडम्बनां ॥१॥

તેને શોભા કરવી યોગ્ય નથી. તેને હર્ષ નથી અને સ્ત્રીને ખુશ કરવાનો વિભ્રમ ( ચેષ્ટા ) કયાંથી હોય અને તે છતાં જુવાન સ્ત્રીઓમાં ખેલવા જાય તો નિશ્ચયે મોટા અપમાનને પામે છે.

जं जं करेइ तं तं न सोहए जोव्वणे अतिक्कंते
पुरिसस्स महिलियाइ, व एक्कं धम्मं पमुत्तूणं ॥२॥

જુવાની જતાં બુઢ્ઢો માણસ જે કંઈ કરે તે શોભતું નથી. એટલે એક ધર્મને છોડીને સ્ત્રીને ખુશી કરવા જે કંઇ બુઢ્ઢો કરે તે બધું નિરર્થક છે.

( તેના સંબંધમાં એક કથા ભાષાન્તરકારે ( મેં ) જે નજરે જોઈ છે તે નીચે પ્રમાણે છે–

એક ખાનદાન ગૃહસ્થ એક શહેરમાં સુખી સ્થિતીમાં હતો. જેની સ્ત્રી મરણ પામેલી હતી અને તે સાધુ સંગતિથી

દીક્ષા લેવા પણ તૈયાર થયો હતો તેવામાં સાધુના ગયા બાદ બીજા લોકોએ તેમજ નોકરોએ તેને કહ્યું કે સ્ત્રી વિના બુઢ્ઢાપામાં છોકરાની વહુઓ ચાકરી કરે એ વાત અશક્ય છે. એવા બોધથી તેણે પૈસા ખર્ચી ફરીથી લગ્ન કર્યું અને જ્યારે સ્ત્રી ઘેર આવી ત્યારે પોતાની અશક્તિ જોઈ રસાયણ ખાધું. તેમાં કહ્યા મુજબ પરેજી નહી પાળવાથી ખાધેલી દવા આખા શરીર ઉપર ફુટી નીકળી. અને છ માસ સુધી ઘણી વખત પીઠના ગુમડામાં નસ્તર મુકાવ્યું છતાં સારૂં ન થયું અને નરકની વેદના ભોગવી બુરા હાલે મરી ગયો ચો માસા પહેલાં તેના શરીરની જે સુંદરતા હતી તેની મરણ વખતે એવી અવદશા બનેલી કે તેને જોઇ ગમે તેવા માણસને આંખમાં આંસુ આવે અને સ્ત્રી પુત્ર ધન હવેલી વિગેરે કંઇ પણ તેને કામ ન લાગ્યું બુઢ્ઢાઓ ધર્મ સાધન ન કરતાં જેઓ બાલકીઓને પરણે છે. તેઓને આ દૃષ્ટાંત ખાસ લક્ષમાં લેવા યોગ્ય છે. અપ્રશસ્ત મૂળ સ્થાન કહ્યું હવે પ્રશસ્ત. મૂળ સ્થાન કહે છે.

**इच्चेवं समुट्ठिए अहो विहाराए अंतरं च खलु इमं सपेहाए धीरे मुहुत्तमवि, णो पमायए वओ अच्चेति जोव्वणं च. (सूत्र. ६५)**

અથવા જે કારણથી તે વહાલાંઓ સંસાર સમુદ્રથી તારવા કે બીજાના ભયથી રક્ષણ આપવા સમર્થ નથી એવું

શાસ્ત્રના ઉપદેશથી ઉત્તમ પુરૂષને સમજાય તો તેણે શું કરવું તે કહે છે ( ઈતિ શબ્દનો ઉપર કહેલો અર્થ છે ) અપ્રશસ્ત મૂળ ગુણસ્થાન ( સંસારી વિષય સુખ ) માં રાચેલા જીવને બુઢ્ઢાપાની અશક્તિથી ઘેરાતાં હર્ષના માટે કે ક્રીડાના માટે કે ભોગ વિલાસ માટે અથવા શરીરની શોભામાટે યોગ્યતા નથી ( પરંતુ તે તેણે પહેલેથી સમજવું જોઇએ ) કે સંસારમાં જે કંઇ સુખ અથવા દુઃખ પડે છે. તે દરેક પોતાના શુભ અશુભ કર્મનું ફળ બધા પ્રાણીઓને ભોગવવાનું છે. એવું જાણીને તે સમજેલા પ્રાણીએ પૂર્વે કહેલા પહેલા અધ્યયન શસ્ત્ર પરિજ્ઞામાં બતાવેલ મહાવ્રતોમાં સ્થિર ચિત્ત વાલા બનીને સાધુએ વિચારવું કે અહો (મારા પુન્ય ઉદયથી આવું નિર્મળ ચારિત્ર મલ્યું છે. એમ જાણીને ) સુંદર વિહાર કરવા યોગ્ય છે. " જેમાં શાસ્ત્રમાં કહેલ સંયમ અનુષ્ઠાન છે. તેના માટે યોગ્ય વિહારમાં તત્પર બની જરા પણ પ્રમાદ ન કરે. વલી તેણે વિચારવું જોઇએ કે આર્ય ક્ષેત્ર ઉત્તમ કુળમાં જન્મ વીતરાગનો ધર્મ તેના ઉપર શ્રદ્ધા અને આવાં સુંદર મહાવ્રતો વિગેરેનો સારો અવસર મને મલ્યો છે. તો કેવી રીતે પ્રમાદ થાય તેથી વિનેય ( શિષ્યે ) તપ સંયમમાં જરા પણ ખેદ ન પામતાં ઉપર કહેલ ઉત્તમ વસ્તુ આર્ય ક્ષેત્ર પ્રાપ્તિથી આનંદ પામીને ગુરૂ શું કહે છે તે સમજે. ગુરૂ કહે છે કે

આ તારો યોગ્ય અવસર છે, અનાદિ સંસારમાં ઘણા ભવ ભમતાં તને ધર્મ પ્રાપ્તિ થવી ઘણી દુર્લભ છે. માટે હે ધીર! આ સારા અવસરને વિચારીને તું એક મુહુર્ત (૪૮ મીનીટની અંદરનો વખત. ) પણ પ્રમાદ વશ ન થજે (મૂળસૂત્રમાં અનુસ્વારનો લોપ થયો છે. અને તે પ્રમાણે બીજું. પણ વ્યાકરણ વિરૂધ્ધ આવે તો સમજી લેવું કે. માગધીમાં તથા સંસ્કૃતમાં કંઈક ભેદ છે.) અંતર્મુહુર્તનો વખત બતાવવાનું કારણ એ છે કે. કેવળ જ્ઞાન વિનાના જીવોને સમય વિગેરેનું બારીક જ્ઞાન નથી તેથી તેટલો વખત બતાવ્યો. ખરી રીતે તો એક સમય માત્ર પણ પ્રમાદ ન કરવો એવો સુગુરૂનો ઉપદેશ જાણવો. કહ્યું છે કે.

"सम्प्राप्य मानुषत्वं संसारा सारतां च विज्ञाय
हे जीव ।
किं प्रमादान्न, चेष्टसे शान्तये सततम् ? ॥१॥

મનુષ્ય પણું પામીને સંસારની અસારતા સમજીને. પ્રમાદથી કેમ બચતો નથી તથા હે જીવ શાંતિના માટે મહેનત કેમ કરતો નથી ?

ननु पुनरिदमतिदुर्लभ, मगाध संसार जलधिवि
भ्रष्टम् ।
मानुष्यं खद्योतक, तडिल्लताविलासित प्रतिमम् ॥२॥

તું જોતો નથી કે આ અતિદુર્લભ સંસાર સમુદ્રમાં ભ્રષ્ટ થએલા મનુષ્યને આગીઆના કીડાના પ્રકાશવા જેવું અથવા વિજળીના ઝબકારા જેવું સંસારી સુખ છે.

વળી શાસ્ત્રકાર કહે છે કે. શા માટે પ્રમાદ ન કરવો ? સાંભળો. તારી વય ( ઉંમર ) દિવસે દિવસે વ્યતીત થાય છે. જુવાની ચાલી જાય છે. ! ( મૂળ સૂત્રમાં વય અને જુવાની એક છતાં જુવાનીમાં મોહ થાય માટે તે જુદું બતાવેલું છે. ) જુવાનીમાં. ધર્મ. અર્થ અને કામ ત્રણે સધાય છે. માટે, મોહમાં ન પડતાં. તેમાં ધર્મ સાધી લેવો. ગુરૂ કહે છે કે હે શિષ્ય.! તે જુવાની જલ્દીથી જાય છે. કહ્યું છે કે.

**"नइवेगसमं चवलं, च जीविथं जोव्वणं च कुसुम समं सोक्खं च जं अणिच्च तिण्णावि तुरमाण भोज्जाइं ॥१॥"**

નદીના પૂર સમાન તારૂં જીવિત ચપળ છે. અને જુવાની ફુલની સમાન. ( જલ્દી કરમાય તેવી. ) છે સંસારીક સુખ અનિત્ય છે અને તે જીવિત જુવાની અને સુખ એ ત્રણે શીઘ્ર ભોગવવાનાં છે. (જલ્દી વિતી જનારાં છે.)

આ પ્રમાણે માનીને સાધુએ વિચારવું કે. વિહાર કરવો તે વધારે સારૂં છે. ( જે સાધુઓ ચાલવાથી કંટાલી એક જગ્યાએ પડી રહેતા હોય તેમણે ઉપરનું રહસ્ય વિચારવા જેવું છે.)

પણ જે સંસારના સુખ વાંચ્છકો છે, તેઓ અસંયમ જીવિત ને સુખકારી માને છે. તેમની શું દશા થાય છે. તે સૂત્રકાર કહે છે. )

**जीविए, इह जे पमत्ता, से हंता छेत्ता भेत्ता लुंपित्ता, विलुंपित्ता उद्दवित्ता उत्ता सइत्ता, अकडं करिस्सामि, त्ति मण्णमाणे, जेहिंवा सद्धिं संवसइ, ते वा णं, एगया निगया तं पुव्विं पोसेंति, सो वा ते नियगे पच्छा पोसिज्जा, नालं ते तव ताणाए 'वा' सरणाए 'वा' तुमंपि तेसिं, नालं ताणाए वा सरणाए वा (सू. ६६)**

જેઓ પોતાની વય વીતે છે, તેને જાણતા નથી તેઓ વિષય કષાયમાં પ્રમાદી થાય છે. તેઓ રાત દિવસ કલેશ પામતા કાળ અકાળમાં ઉદ્યમ કરી જીવોને દુઃખ આપનારી ક્રિયા ( આરંભો. ) કરે છે. સંસારી ગુણમાં રહીને વિષયના અભિલાષમાં પ્રમાદી બની સ્થાવર અને ત્રસ જીવોના ઘાતક બને છે. ( બહુ વચનને બદલે. એક વચન મૂળ સૂત્રમાં છે. તે જાતિની અપેક્ષાએ જાણવું ) તથા કાન નાક વિગેરેને છેદનારા પણ છે. તથા માથું આંખ પેટ વિગેરેને ભેદનારા પણ છે. અને કપડાની ગાંઠ વિગેરેને છોડીને ચોરનારા પણ છે. ગામની લુંટ કરનારા પણ છે. તથા વિષ તથા

શસ્ત્ર વડે પ્રાણ લેનારા પણ છે. અથવા દગો દેનારા પણ છે. અથવા ઢેખાળો વિગેરે મારીને ત્રાસ આપનારા પણ છે.

શિષ્ય પૂછે છે. શામાટે આવી પરને પીડા આપનારી ક્રીયા કરે છે.?

ઉત્તર—બીજો તેવું નથી કરી શકતો પણ હું બહાદુર છું એવું અભીમાન લાવીને પૈસો મેળવવા મારવા વિગેરેની પાપ ક્રીયામાં તે જીવ વર્તે છે. વલી એ પ્રમાણે તે અતિશય ક્રૂરકર્મ કરનારો સમુદ્રને તરવાની ક્રીયા પણ કરે છે. છતાં તેના પાપના ઉદયથી કંઇ પણ ન મેળવેલો. ગાંઠનું ગુમાવી કેવો થાય છે. (કેવું અપમાન પામે છે.) તે બતાવે છે કે જેઓની સાથે તે વસે છે, તે માતા પિતા સગાં વિગેરેનું પૂર્વે જેણે પોષણ કર્યું છે. અને આ વખતે જો તે ન કમાઈ લાવ્યો હોય તો તેઓ તેનું રક્ષણ કરતા નથી. અથવા સંસારી દુખથી પાર ઉતારતા નથી. કદાચ કમાઇને લાવે અને સગાને પોષે તો તેઓ તારૂં રક્ષણ કરવા સમર્થ નથી તેમજ તું તેમના આલોકના રક્ષણ માટે કે પરલોક ના ભલાના માટે સમર્થ નથી. વલી એમ સમજવું કે. મહા કષ્ટથી મેળવેલું ધન પણ સાચવી રાખ્યા છતાં રક્ષણ આપવા યોગ્ય નથી. તે બતાવે છે.

**उवाईयसेसेण वा संनिहिसंनिचओ किज्जई, इहमेगेसिं असंजयाण 'भोयणाए' तओ से एगया**

**'रोग' समुप्पाया समुप्पज्जंति, जेहिं वा सद्धिं संवसइ ते वा णं एगया नियगा तं पुव्विं परिहरंति, सो वा ते नियगे पच्छा परिहरिज्जा, नालं ते 'तव' ताणाए 'वा' सरणाए वा, तुमंपि तेसिं नालं ताणाए वा सरणाए वा (सूत्र. ६७)**

તે ઘણું ખાધું ( ભોગવ્યું. ) હવે તેમાંનું થોડું બાકી છે. અથવા જે નથી ભોગવાયું તેનો તું સંચય કરે છે. અથવા ઉપભોગ કરવાને માટે પુષ્કળ સુખ લેવા દ્રવ્યનો સંચય કરે છે. તે લોભીઓ જીવ આ સંસારમાં અસંયત. ( સંસારસુખના ચાહક. ) ના માટે અથવા સાધુનો વેશ માત્ર ધારેલા પણ સાધુગુણથી રહીત એવાને જમાડવા માટે ધન એકઠું કરે છે. તેને ગુરૂ કહે છે કે તે તને અંતરાય કર્મનો ઉદય આવતાં તારી સંપત્તિ માટે સહાયક નહી થાય અથવા દ્રવ્ય ક્ષેત્ર કાળ ભાવના નિમિત્તથી જયારે તને અસાતા વેદનીય. કર્મનો ઉદય થાય ત્યારે રોગો આવતાં તાવ વિગેરેથી તું પીડાય છે. (ત્યારે તે ધન કે સગાં કંઇ પણ કામ લાગતાં નથી) તે પાપી જયારે તેના પાપના ઉદયથી કોઢ. ક્ષય રોગ. વિગેરેથી પીડાએલો જયારે તેનું નાક ઝરે છે. અથવા હાથ પગ ગળે છે. ( લથડે છે. ) અથવા દમ ચઢવાથી અશકત થતાં જે સગાં વહાલાં સાથે પોતે વસેલો છે તે તેના દુઃખથી કંટાલી ભયંકર રોગ ઉત્પન્ન

થતાં તેને ત્યજે છે. ( ક્ષયરોગીના આશ્રમમાં મોકલે છે. ) અથવા સગાંને ઘણો કંટાળો આપેતો તે સગાં તેની ઘેલાઇથી તેની ઉપેક્ષા કરે. એટલે ચાહે સગાં તજીદે. અથવા ન તજે તોપણ તે રોગોથી બચાવવા કે શરણું આપવા સમર્થ નથી ત્યારે રોગીએ શું કરવું ! તે ગુરૂ કહે છે કે સમતાથી સહન કરવું.

**जाणित्तु दुक्खं पत्तेयं सायं (सू- ६८)**

આ પ્રમાણે બુધ્ધિમાને દરેક પ્રાણીનું દુઃખ કે સુખ તેના પુન્ય પાપથી આવેલું છે. તે વિચારવું એટલે તાવ વિગેરેનું દુઃખ આવતાં પોતાના કરેલાં કર્મનું ફળ અવશ્ય ભોગવવું પડશે. માટે હાય પીટ ન કરવી કહ્યું છે કે.

**"सह कलेवर ! दुःखमचिन्तयन्, स्ववशता हि पुनस्तव दुर्लभा ।**
**बहुतरं च सहिष्यसि जीवहे ! परवशो न च तत्र गुणोऽस्ति ते ॥१॥"**

હે શરીર. તું બીજો વિચાર કર્યા વિના દુઃખને સહન કર કારણકે હાલ તને સ્વવશતા મળી છે. તે દુર્લભ છે. પણ જોતું હાયપીટ કરીશ તો પરભવમાં ઘણાં દુઃખ ભોગવવાં પડશે. ત્યાં પરવશતા છે. તને ત્યાં વિશેષ લાભ નથી.

એથી જયાં સુધી કાન વિગેરેની શકિત નહણાય અને

તારા સગા તને બુઢ્ઢો થતાં ન નિંદે અને દયા લાવીને તારૂં પોષણ કરવાનો વખત ન આવે તથા ક્ષયરોગી થતાં ઘરમાંથી ન કાઢે ત્યાં સુધી તું તારો આત્માર્થ ( પરલોકનું હિત ) સાધીલે તે બતાવે છે.

**अणभिक्कंतं च खलु वयं संपेहाए (सू. ६९)**

( મૂળ સૂત્રમાં ,, ચ ,, વિશેષ પણા માટે છે. ખલુ શબ્દનો અર્થ પુનઃ–થાય છે. ) આ પ્રમાણે પોતાની .ઉમર જતી જોઇને સંસારી જીવ ઘેલો બને છે. એવું પૂર્વે કહેલું છે. માટે તેપશ્વાત્ તાપ ન કરવો પડે તેથી જુવાનવસ્થામાં બુધ્ધિથી વિચારીને આત્મ હિત કરે.

પ્રશ્ન–શું જુવાનીમાં જ આત્મહિત કરવું. ? કે બીજી વખતમાં પણ કરવું !

ઉત્તર–બીજાએ પણ આત્મહિત જયારે સમજ્યો હોય ત્યારે કરી લેવું. અર્થાત્ બોધ મલે. ત્યારે ધર્મ સાધી લેવો તે બતાવે છે.

**खणं जाणाहि पंडिए (सू. ७०)**

ક્ષણ તે ધર્મ કરવાનો સમય છે. તે આર્યક્ષેત્ર ઉત્તમ કુળ વિગેરે છે. અને નિંદાયોગ્ય, પોષણ કરવા યોગ્ય તથા તજવાના દોષથી દુષ્ટ છે. તેવા જરા ( બુઢ્ઢાપો ) બાળક પણું અથવા રોગ છે. તે ન હોય ત્યારે ગુરૂ કહે છે. હે પંડિત

હે આત્મજ્ઞ ! તું બોધ પામ અને આત્મહિત કર અથવા ખેદ પામતા શિષ્યને ગુરૂ કહે છે. હે શિષ્ય ! જ્યાં સુધી તારી જુવાની વીતી નથી અથવા નિંદા પાત્ર થયો નથી અથવા પૂર્વે કહેલા ત્રણ દોષથી રહિત છે, ત્યાં સુધી હે પંડિત શિષ્ય દ્રવ્ય ક્ષેત્ર કાળ ભાવના ભેદથી ભિન્ન અવસરને આ પ્રમાણે તું જાણ બોધ પામ, તે બતાવે છે.

દ્રવ્ય ક્ષણ તેનું જંગમપણું પામ્યો છે. પાંચ ઇંદ્રિયો છે. ઉત્તમ કુળમાં જન્મ્યો છે. રૂપ બળ આરોગ્ય અને આયુષ્ય સારૂં પામ્યો છે આ પ્રમાણે ઉત્તમ મનુષ્ય ભવ પામીને સંસાર સમુદ્રથી પાર ઉતારવા સમર્થ ચારિત્રની પ્રાપ્તિને યોગ્ય તને અવસર મલ્યો છે અને અનાદિ સંસારમાં ભમતા જીવને આ અવસર મલવો દુર્લભ છે. કારણકે ચારિત્ર મનુષ્ય જન્મમાં છે. દેવ નારકીના ભવમાં સમ્યકત્વ તથા જ્ઞાનનો બોધ રૂપ સામાયિક છે. અને તિર્યંચમાં કોકનેજ દેશવિરતિ ( શ્રાવકનાં વ્રત. ) હોય છે.

ક્ષેત્ર ક્ષણ તે જે ક્ષેત્રમાં ચારિત્ર મલે તે સર્વ વિરતિ અધો લોક ( )નાગામમાં અથવા તિર્યંક ક્ષેત્રમાં જ છે તેમાં પણ અઢી દ્વીપ અને બે સમુદ્રમાં છે. તેમાં પણ " ૧૫ " કર્મ ભૂમીમાં છે. તેમાં પણ ભરત ક્ષેત્રની અપેક્ષાએ "૨૫ાા" દેશમાં ચારિત્ર ધર્મ પ્રાપ્ત થાય છે. આપ્રમાણે ક્ષેત્ર રૂપ અવસર દુર્લભ જાણવો બીજા ક્ષેત્રોમાં

પહેલાં બેજ સામાયિક છે. બીજા ઘણા દ્વીપો અને સમુદ્રો છે. તેમાં સમ્યકત્વ અને શ્રુત સામાયીક છે. તથા કોઇકને દેશ વિરતિનો સંભવ થાય છે.)

## કાળ ક્ષણ.

કાળરૂપ અવસર આ અવસર્પિણીમાં ત્રણ આરા જે સુખમ. દુખમ, દુખમ સુખમ. તથા દુખમ. નામના ત્રણ આરામાં ધર્મ પ્રપ્તિ છે. તથા ઉતસર્પિણીમાં ત્રીજા ચોથા આરામાં સર્વ વિરતિ સામાયિકની પ્રપ્તિ છે. આ નવો ધર્મ પામતા જીવ આશ્રયી કહ્યું પણ પૂર્વે ધર્મ પામેલા તો તિર્યંક્ અથવા ઉર્દ્ધ તથા અધો લોકમાં તથા બધા આરામાં જાણવાં.

## ભાવ ક્ષણ.

તે બે પ્રકારે છે. કર્મ ભાવ ક્ષણ. નોકર્મ ભાવક્ષણ કર્મ ભાવક્ષણ તે કર્મનું ઉપશમ થવું. ક્ષય ઉપશમ થવું અથવા સર્વથા ક્ષય થવું એ ત્રણમાંનું કંઈ પણ પ્રાપ્ત થાય તે અવસર જાણવો તેમાં ઉપશમ શ્રેણીમાં ચારિત્ર મોહનીય ઉપશમ થતાં અંતર્મુહુર્ત્ત કાળ ઔપશમીક નામનો ચારિત્ર ક્ષણ થાય છે તે ચારિત્ર મોહનીયનો ક્ષય થતાં અંતર્મુહુર્ત્તનો જ છદ્મસ્થ યથાખ્યાત ચારિત્ર નામનો ક્ષણ થાય છે. અને ક્ષય ઉપશમ વડે ક્ષયોપશમિક ચારિત્રનો અવસર છે તે ઉત્કૃષ્ટથી થોડું ઓછું એવો પૂર્વ કોડી વર્ષનો ચારિત્ર

કાળ જાણવો. સમ્કત્વ ક્ષણ તે અજઘન્ય ઉત્કૃષ્ટ (મધ્યમ) સ્થિતિમાં વર્ત્તતા આયુષ્યવાળા જીવને છે.

અને બીજાકર્મોનું પલ્યોપમના અસંખ્યેય ભાગ ઓછું એવા સાગરોપમ કોડા કોડી સ્થિતિ વાલા જીવને છે. તેનો અનુક્રમ આપ્રમાણે છે.

## સમ્યકત્વનું વર્ણન.

ગ્રંથી-( મિથ્યાત્વની ચીકણા કર્મની બંધાએલી ગાંઠ ) વાળા અભવ્ય જીવોથી અનંત ગુણવાળી શુદ્ધિથી શુદ્ધ થએલ મતિ, શ્રુત, વિભંગ એ ત્રણ જ્ઞાનમાંથી કોઇ પણ સાકાર ઉપયોગ જે જીવને હોય તે શુદ્ધ લેશ્યા ( તેજુ, પદમ, શુકલ ) માંની કોઈ પણ લેશ્યાવાલો જીવ અશુભ કર્મ પ્રકૃતિનો ચાર ઠાણીઓ રસ તેને બે ઠાણીઓ કરીને અને શુભ પ્રકૃતિના બે ઠાણીઆ ( ચાસણીમાં જેમ વધારે રસના તાર પડે તે પ્રમાણે કર્મના ભાવ હોય. અને આત્મા વેદે તે ઠાણ કહેવાય છે. ) ને ચાર ઠાણીઆવાળો કરી બાંધતો તથા ધ્રુવ પ્રકૃતિને પરિવર્ત્તમાન કરતો ભવ પ્રાયોગ્ય બાંધતો જીવ જાણવો.

## હવે ધ્રુવ પ્રકૃતિ બતાવે છે.

જ્ઞાન આવરણીય પાંચ; તથા દર્શનાવરણીય નવ-મિથ્યાત્વની એક-તથા સોળ કષાય, ભય, જુગુપ્સા, તેજસ કાર્મણ શરીર, વર્ણ, ગંધ, રસ સ્પર્શ અગુરૂલઘુ ઉપઘાત-નિર્માણ

અને પાંચ અંતરાય એ બધી મલીને ૪૭ ધ્રુવ પ્રકૃતિ છે. ધ્રુવનો અર્થ એવો છે કે, તે હંમેશાં બંધાય છે.

મનુષ્ય અથવા તિર્યંચ આ બેમાંથી કોઇ પણ જીવ જ્યારે પ્રથમ સમ્યકત્વ મેળવે છે, ત્યારે આ ૨૧ પ્રકૃતિ પરિવર્તનવાળી બાંધે છે તે નીચે મુજબ છે.

દેવગતિ તથા અનુપુર્વી મલી બે. તથા પંચેંદ્રિય જાતિ વૈક્રિય શરીર, અંગોપાંગ મલી બે, તથા સમ ચતુરસ્ર સંસ્થાન, પરાઘાત, ઉચ્છવાસ, પ્રશસ્ત વિહાયોગતિ, પ્રશસ્ત ત્રસાદિ દશક, શાતા વેદનિય ઉંચગોત્ર મળી ૨૧ છે. પણ દેવ અને નારકિના જીવ મનુષ્ય ગતિ અને અનુપૂર્વી મલી બે. તથા ઔદારિક શરીર અંગોપાંગ મલીને બે. પહેલું સંઘયણ મલીને એ પાંચ સહીત શુભ બાંધે છે.

તમતમા ( સાતમી નારકી. ) વાળા તિર્યંચ ગતિ તથા અનુપુર્વી મલી બે તથા નીચ ગોત્ર સહીત બાંધે છે.

આ પ્રમાણે તેના અધ્યવસાય ઉત્પન્ન થતાં આયુષ્ય ન બાંધતો પ્રથમ ઉપર કહી ગયા તે જીવ યથા પ્રવૃતિ નામના કરણવડે ગ્રંથીને મેળવીને અપૂર્વ કરણવડે મિથ્યાત્વને ભેદીને અંતરકરણ કરીને અનિવૃત્તિકરણ વડે સમયકત્વ મેળવે છે.

ત્યાર પછી ક્રમવડે કર્મ ઓછાં થતાં ચઢતા ભાવના શુદ્ધ કંડક ( શુધ્ધ ભાવના અંશને કંડક કહે છે. ).માં દેશ

વિરતિ તથા સર્વવિરતિ (સાધુપણા)નો અવસર આવે છે.

આ પ્રમાણે કર્મ ભાવ ક્ષણ કહીને નો કર્મભાવ ક્ષણ બતાવે છે.

નોકર્મભાવ ક્ષણતે આળસ મોહ અવર્ણવાદ તથા સ્થંભ (માન વિગેરે)ના અભાવે સમ્યકત્વ વિગેરેની પ્રાપ્તિનો અવસર છે.

કારણકે આળસ વિગેરેથી હણાએલો (પ્રમાદી જીવ) સંસારથી છુટવા સમર્થ મનુષ્ય ભવ પામીને પણ ધર્મ શ્રધ્ધા વિગેરે ઉત્તમ ગુણો મેળવતો નથી. કહ્યું છે કે.

**"आलस्स मोहऽवन्ना थंभा, कोहा पमाय किविणता**
**भयसोगा अन्नाणा, विक्खेव कुऊहला रमणा ॥१॥**

આળશ્ય મોહ અવરણ (નિંદા) સ્થંભ (અહંકાર) ક્રોધ પ્રમાદ, કૃપણતા, ભય, શોક અજ્ઞાન વિક્ષેપ કુતુહલ રમણ આ ૧૩ કારણો (૧૩ કાઠીઆ) છે.

**एएहिं कारणेहिं, लद्धूण सुदुल्लहंपि माणुस्सं ।**
**न लहइ सुइं हिअ,करिं संसारुत्तारणिं जीवो ।.२॥**

તે મળતાં જીવ પોતે મનુષ્ય પણું અમુલ્ય છે. તે મેળવીને પણ સંસારને પાર ઉતારનાર હિત કરનાર ગુરૂ વાણીને પામતો નથી.

આ પ્રમાણે ચાર પ્રકારનો ક્ષણ બતાવ્યો તેમાં એમ સમજવું કે દ્રવ્ય ક્ષણમાં જંગમ પણાથી શ્રેષ્ટ મનુષ્ય જન્મ

અને ક્ષેત્ર ક્ષણમાં આર્ય ક્ષેત્ર છે. કાળ ક્ષણમાં ધર્મ ચરણનો કાળ છે ભાવ ક્ષણમાં ક્ષય ઉપશમ વિગેરે છે. આ પ્રમાણે સારો અવસર પામીને ધર્મ આરાધવો જોઇએ વલી કહે છે કે.

**जाव 'सोय' परिण्णाणा; अपरिहीणा, नेत्तप-रिण्णाणा, अपरिहीणा घाणपरिण्णाणा अपरिहीणा जीह परिण्णाणा फरि० इच्चेएहिं विरुवरूवेहिं, पण्णाणेहिं अपरिहिणेहिं आयट्ठं संमं समणुवा सिज्जासि (सू. ७१) त्तिबेमि**

જ્યાં સુધી આ નાશ પામનારી કાયા ના અપશદ (નિમકહરામપણા) થી કાનનું જ્ઞાન ( સાંભળવું તે ) બુઢ્ઢા પણાના કે રોગના કારણે આછું ન થાય ત્યાં સુધી ધર્મ કરી લેવો.

આપ્રમાણે આંખ કાન જીભ સ્પર્શના વિજ્ઞાનની શક્તિ પણ પોતાનું કામ કરવામાં નિષ્ફળ ન થાય ત્યાં સુધી જલ્દી ધર્મ સાધવો–જો પાંચ ઇંદ્રિયોની શક્તિ ઓછી થશે તો ધર્મ નહી થાય આ શક્તિ ઓછી થશે તો ઇષ્ટ અનિષ્ટ પણે જુદા જુદા જ્ઞાનવડે કામ નહિ થાય માટે જ્યાં સુધી શક્તિ હોય ત્યાં સુધી આત્માનો અર્થ તે સમ્યક જ્ઞાન દર્શન, ચારિત્ર રૂપ સાધી લેવું. આ ત્રણ સીવાય બાકી બધાં

અનર્થ સમજવાં અથવા આત્માને માટે જે પ્રયોજન છે. તે આત્માર્થ છે. અને તે ચારિત્રનું અનુષ્ઠાન જાણવું. અથવા "આયત" તે અપર્યવસાન (અનંતપણા) થી મોક્ષજ છે. તે મોક્ષ અર્થ છે. તેને સાધી લે. અથવા આયત્ત (મોક્ષ.) તેજ જેનું પ્રયોજન છે એવા પૂર્વે કહેલા સમ્યક્ દર્શન જ્ઞાન ચારિત્ર છે. તેમાં નિવાસ કર એટલે શાસ્ત્રોક્ત રીતિએ અનુષ્ઠાન વડે તું આરાધ, અને પછી પણ વય ન વીતી હોય તે વિચારીને અવસર મેળવીને કાન વિગેરેનું જ્ઞાન ઓછું થતું જાણીને આત્માર્થને આત્મામાં ધારણ કરજે.

અથવા તે આત્માર્થવડે એટલે જ્ઞાન દર્શન ચારિત્રરૂપ આત્માર્થવડે આત્માને રંજીત કરજે. (તેમાં આનંદ માનજે.) અથવા આયતાર્થ જે મોક્ષ છે. તેને ફરીથી સંસારમાં ન આવવું પડે તે માટે શાસ્ત્રમાં કહેલી વિધિએ અનુષ્ઠાન કરીને આત્માવડે (મોક્ષને) પામજે.

આ પ્રમાણે સુધર્માસ્વામી જંબુસ્વામીને કહે છે. મેં શ્રી વર્ધમાનસ્વામી પાસે અર્થથી જે સાંભળ્યું. તે હું તને સૂત્ર રચવા વડે કહું છું. આ પ્રમાણે બીજા અધ્યયનનો પહેલો ઉદ્દેશો સમાપ્ત થયો.

## બીજો ઉદ્દેશો.

પહેલા ઉદ્દેશાનો બીજા ઉદ્દેશા સાથે આ પ્રમાણે સંબંધ છે કે વિષય-કષાય તથા માતા-પિતા વિગેરેનો પ્રેમ વિગે-

રેથી જે બંધન તે લોક છે. તેનો વિજય કરવાથી અર્થાત્ રાગ દ્વેષને છોડી સમભાવ ધારણ કરવાથી મોક્ષની પ્રાપ્તિ છે. અને તેનો હેતુ ચારિત્ર છે. જેમ સંપૂર્ણ ભાવને અનુભવે છે, એવા રૂપવાળો આ અધ્યયનનો અર્થ અધિકાર પૂર્વે કહ્યો છે, તેમાં માતાપિતા વિગેરે લોકનો વિજય કરવાથી રોગ અને બુઢ્ઢાપાની અશક્તિથી જ્યાંસુધી અશક્ત ન થાય; તે પહેલાં આત્માર્થ તે સંયમને આરાધવો; એ પહેલા ઉદ્દેશામાં કહ્યું; અને આ બીજા ઉદ્દેશામાં પણ તે સંયમને પાળતાં કદાચ તે જીવને મોહનીયકર્મનો ઉદય થવાથી અરતિ થાય; અથવા અજ્ઞાનકર્મ વિગેરે, તથા લોભના ઉદ- યથી પૂર્વકર્મના દોષથી સંયમમાં સ્થિરતા ન રહે; તો ઉત્તમ સાધુએ તે અરતિ વિગેરેને દૂર કરી જેમ, સંયમમાં દૃઢતા થાય તેમ કરવું. તે આ બીજા ઉદ્દેશામાં બતાવ્યું છે. અથવા આઠ પ્રકારનાં કર્મ જેમ દૂર થાય; તે આ અધ્યયનના અર્થાધિકારમાં કહ્યું છે, તે કેવી રીતે કર્મક્ષય થાય તે બતાવે છે.

**अरइं आउट्टे से मेहावी, खणंसि मुक्के ( सू० ॥७२॥**

પૂર્વસૂત્ર સાથે એનો સંબંધ કહેવો જોઇએ તે બતાવે છે. ૭૧ મા સૂત્રમાં કહ્યું કે:—આત્માર્થ તે સંયમ છે. તેને સારી રીતે પાળે; તે સંયમમાં કદાચિત અરતિ થાય; તેથી ઉપદેશ આપે છે કે,અરતિ ન કરવી; તે આ ૭૨ મા સૂત્રમાં બતાવ્યું છે.

તથા પરંપર સૂત્ર સંબંધ આ પ્રમાણે છે. "**खणं जाणाहि पंडिए.**" એટલે ચારિત્રનો ક્ષણ (અવસર) મેળવીને અરતિ ન કરે; તથા પ્રથમના સૂત્ર સાથે આ સંબંધ છે. "**सुअं मे**" ઇત્યાદિ. મેં ભગવાન પાસે આ સાંભળ્યું છે કે, "**अरइं**" ઇત્યાદિકે સાધુ અરતિ ન કરે.

આ અરતિ સાધુને પાંચ પ્રકારના આચારમાં મોહના ઉદયથી કષાય, તથા પ્રેમથી એટલે માતાપિતા સ્ત્રી વિગેરેમાં સ્નેહ થતાં થાય છે, તે સમયે સંસારનો સ્વભાવ જાણેલા બુદ્ધિમાન સાધુએ તે મોહને દુર કરવો. જો, તેમ કરે તો ચારિત્ર પળે નહિંતો શું થાય? તે કહે છે. જેમ, કંડરીકને દુઃખ થયું; તેમ, સંયમમાં અરતિ કરનારને નરકગમન છે, તથા વિષયવાંચ્છામાં રતિ દુર કરીને સાધુની દશ પ્રકારની ગુરુની આજ્ઞામાં રહેવારૂપ વિગેરે સમાચારીમાં તે કંડરિકના ભાઈ પુંડરિકની માફક રતિ થાય; તો સંયમમાં અરતિ ન થાય. તેજ કહે છેઃ—

સાધુ સંયમમાં રતિ કરે (આનંદ માને) જેથી તેને કોઇપણ પ્રકારની બાધા (અડચણ) ન આવે; તથા આલોકમાં પણ સંયમ શિવાય બીજું સુખ છે, એવું મનમાં પણ ન લાવે. કહ્યું છે કેઃ—

**"क्षितितलशयनं वा प्रान्तभैक्षाशनं वा, सहजपरिभवो वा नीचदुर्भाषितं वा, महति फलविशेषे**

**नित्यमभ्युद्यतानां, न मनसि न शरीरे दुःख मुत्पादयन्ति ॥ १ ॥**

પૃથ્વીનાં તળમાં શયન છે તુચ્છ ભીક્ષાનું ભોજન, અથવા કુદરતી લોકનું અપમાન, અથવા નીચ પુરુષોનાં મહેણાં સાંભળવાં; આટલું છતાં ઉત્તમ સાધુઓ મોટાફળ ( મોક્ષને ) માટે નિરંતર ઉદ્યમ કરનારા છે. તેમને મનમાં કે, શરીરમાં પૂર્વે કહેલાં કૃત્ય કંઇપણ દુઃખ ઊપજાવી શકતાં નથી. ( મોક્ષાર્થી–સાધુ તેને ગણકારતા નથી. )

**तणसंथारानिसण्णोऽवि, मुणिवरो भट्ठ राग मय मोहो ।**
**जं पावइ मुत्तिसुहं, तं कत्तो चक्कवट्टीवि ? ॥२॥ "**

ઘાસના સંથારે બેઠેલો જે મુનિ છે, અને તેણે રાગ-મદ, મોહ ત્યજ્યાં છે, તેવો મુનિજ મુક્તિ–સુખ પામે છે, તેવું સુખ ચક્રવર્ત્તી પણ ક્યાંથી પામે !

અહીં ચારિત્ર મોહનીયકર્મના ક્ષય ઉપશમથી જે પુરુષને ચારિત્ર મળ્યું છે, તેને પાછો મોહનો ઉદય થતાં ઘેર જવાની ઇચ્છાવાળાને આ સૂત્રવડે ઉપદેશ અપાય છે, અને તે સંબંધમાં જે કારણોથી સંયમમાંથી ભ્રષ્ટ થવાય છે, તે હેતુઓને નિર્યુક્તિકાર કહે છે.

**बिइउद्देसे अद्दो उ, संजमे कोइ हुज्ज अरइए ।**

**अन्नाणकम्मलोभा, इएहिं अज्झत्थ दोसेहिं ॥१९७॥**

( પહેલા ઉદ્દેશામાં નિર્યુક્તિની ગાથા ઘણી કહી; અને આ ઉદ્દેશામાં આ એકજ છે, તેથી મંદબુદ્ધિવાળા શિષ્યને આરેકા ( શંકા ) થાય કે, આ એક પણ પહેલા ઉદ્દેશાની હશે; તે શંકા દુર કરવા બીજો ઉદ્દેશો એવું ગાથામાં લખવું પડયું છે. ) બીજા ઉદ્દેશામાં બતાવ્યું કે, કોઇ કંડરીક જેવા સાધુને ૧૭ પ્રકારના સંયમમાં મોહનીયના ઉદયથી અરતિ થાય; અને તેથી સંયમમાં ઢીલાપણું થાય; અને તે મોહનો ઉદય મનમાં રહેલા જે દોષો છે, તેનાથી થાય છે, તે દોષો અજ્ઞાન, લોભ, વિગેરે છે.

એટલે આદિ શબ્દથી ઇચ્છા મદન કામ વિગેરે પણ લેવા તે અજ્ઞાન લોભ કામ વિગેરેથી સાધુને અરતિ થાય છે. તે બતાવ્યું. શંકા—અરતિવાલા બુધ્ધિવાનને આ ૭૨ મા સૂત્રવડે ઉપદેશ અપાય છે કે સંયમમાં અરતિ થાય તો બુધ્ધિવાન સાધુએ અરતિદૂર કરવી પરંતુ સંસારનો સ્વભાવ જાણેલો આવું કહેવાથી તે અરતિવાલો થાય નહી અને જો અરતિવાલો થાય તો સંસારનું સ્વરૂપ જાણનારો વિદ્વાન ન કહેવાય આ બેને પરસ્પર વિરોધ હોવાથી જેમ એક જગ્યાએ છાયા અને તડકો ન રહે તે અહીં તે બુધ્ધિમાન ન કહેવો અથવા અરતિવાલો ન કહેવો. કહ્યું છે કે.

**तज्ज्ञानमेव न भवति यस्मिन्नुदिते विभाति रागगणः**

**तमसः कुतोऽस्ति शक्तिर्दिनकरकिरणाग्रतः स्थातुम् ? ॥१॥"**

જેના ઉદયથી રાગ.ગણ ( સંસારપ્રેમ ) ઉત્પન્ન થાય છે. તેને જ્ઞાન ન કહેવું કારણકે જયાં સૂર્યના કિરણો પ્રકાશીત થયાં હોય ત્યાં અંધારાને રહેવાની શકિત કયાંથી હોય? વિગેરે છે.

જે અજ્ઞાની જીવ મોહથી ચિત્તમાં વિકલ્પ કરે તે વિષય સુખથી નિશ્ચય ( નક્કી ) રાગદ્વેષ વિગેરે સર્વ જોડલાં જે સંયમના શત્રુ છે, તેમાં રતિકરે અને સંયમમાં અરતિ કરે.

**अज्ञानान्धा, श्चटुलवनितापाङ्गविक्षेपितास्ते; कामे सक्तिं दधति विभवा, भोगतुङ्गार्जने वा; विद्वाच्चित्तं भवति हि महन्मोक्षमार्गैकतानं, नाल्पस्कन्धे, विटपिनि कष त्यंसभित्तिं गजेन्द्रः ॥१॥"**

અજ્ઞાનથી આંધળા થએલા, સુંદર સ્ત્રીઓના અપાંગથી ડામાડોળ થએલા કામીઓ કામમાં પ્રેમ ધારણ કરે છે. અથવા વૈભવના વિસ્તારને મેળવવા ચાહે છે. પણ જેઓ વિદ્વાન છે, તેનું ચિત્ત મોટા મોક્ષ માર્ગમાં એકતાન વાલું છે. કારણકે શ્રેષ્ટ હાથી નાના પાતળા થડવાલા ઝાડની સાથે પોતાનું શરીર ઘસતો નથી.

આચાર્યનો ઉત્તરઃ—અમે તેને જુઠું કહેતા નથી. કારણકે, ચારિત્ર પામેલાને આ ઉપદેશ છે, અને ચારિત્રપ્રાપ્તિ જ્ઞાન શિવાય નથી; કારણ કે ચારિત્રનું કારણ જ્ઞાન છે અને કાર્ય એ ચારિત્ર છે. તથા જ્ઞાન, અને અરતિ તેને વિરોધ નથી; પરંતુ રતિનો વિરોધી અરતિ છે. તેથી સંયમમાં જેને રતિ છે, તેની સાથે અરતિ બાધારૂપ છે, પરંતુ જ્ઞાનની સાથે તેનો વિરોધ નથી; કારણકે, જ્ઞાનીને પણ ચારિત્ર મોહનીયના ઉપશમથી સંયમમાં અરતિ થાય છે, કારણકે, જ્ઞાન પણ અજ્ઞાનનું બાધકજ છે, પણ સંયમની અરતિનું બાધક નથી; તેજ કહ્યું છેઃ—

**ज्ञानं भूरि यथार्थ वस्तुविषयं स्वस्य द्विषो बाधकं, रागारातिशमाय हेतुमपरं युङ्क्ते न कर्तृ स्वयम्। दीपो यत्तमसि व्यनक्ति किमु नो रूपं स एवेक्षतां, सर्वः स्वं विषयं प्रसाधयति हि प्रासङ्गिकोऽन्यो विधिः ॥ १ ॥"**

ઘણું જ્ઞાન છે, તે યથાર્થ વસ્તુવિષય સંબંધી છે, તે પોતાના શત્રુ અજ્ઞાનનું બાધક છે. રાગનો શત્રુ, શમ (શાંતિને) માટે બીજો હેતુ પોતે જોડતો નથી. જેમ દીવો છે. તે પોતે અંધારામાં રૂપને પ્રગટ કરે છે, તેજ અહીંયા રૂપને જુઓ; કારણકે, સર્વ પ્રાસંગીક વિધિ પોતપોતના

વિષયને સાધે છે. તથા આચાર્ય કહે છે કે:--આ તમારા કાનમાં આવ્યું નથી.

**'बलवानिन्द्रियग्रामः, पण्डितोऽप्यत्र मुह्यतीति'**

ઇંદ્રિયસમૂહ બળવાન છે, અને તેમાં પંડિત પણ મુંઝાય છે, એથી તમારૂં કહેવું કંઈ વિસાતમાં નથી.

અથવા જેને અરતિ પ્રાપ્ત ન થઈ હોય; તેનેજ એમ કહેવાય છે, પણ આ ઉપદેશ સંયમ-વિષયમાં બુદ્ધિમાન પુરુષને કહેવાય કે, સંયમમાં અરતિ ન કરવી; તથા સંયમમાંથી અરતિ દુર કરનારને કેવા ગુણ મળે તે કહે છે:—

**खणं सि मुक्के** વિગેરે

બારીક કાળને ક્ષણ કહે છે. તે ક્ષણ, જુની સાડી. (વસ્ત્રને) ફાડતાં જેટલી વાર લાગે; તેથી પણ બારીક કાળ સમય છે. આવા સૂક્ષ્મ સંયમમાં પણ કર્મ જે આઠ પ્રકારનાં છે, અથવા સંસારબંધન છે તે બંધન નથી. ભરત મહારાજા માફક મોહ મૂકી દે, તો તેનું કલ્યાણ થઈ જાય. (કેવળજ્ઞાન પામીને મોક્ષમાં જાય;) અને જેઓ ઉપદેશ ન માને; તેઓ કંડરીક મુનિ માફક ચાર ગતિમાં ભ્રમણ કરે છે, અને દુઃખસાગરમાં ડુબે છે, તેજ કહે છે:—

**अणाणाय पुट्ठावि एगे नियट्टंति, मंदा मोहेण पाउडा, अपरिग्गहा भविस्सामो, समुट्ठाय लद्धे**

**कामे अभिगाहइ, अणाणाए मुणिणा पडिलेहंति, इत्थ मोहे पुणो पुणो सन्ना नो हव्वाए नोपाराए**

**सूत्र–७३**

હિત માનવું અહિત છોડવું, એ જિનેશ્વરની આજ્ઞામાં છે. તેથી વિરૂદ્ધ ચાલવું તે અનાજ્ઞા છે. જે પુરુષો આજ્ઞા-બહાર થઇને પરિષહ, અને ઉપસર્ગથી કંટાળીને, અથવા મોહનીયકર્મના ઉદયથી કંડરીક વિગેરે મુનિઓની માફક સંયમથી ભ્રષ્ટ થાય છે, તે જડપુરુષો જેમને કરવા ન કરવાનો વિવેક નથી; તેઓ મોહથી, અથવા અજ્ઞાનથી ઘેરાયલા છે. કહ્યું છે કે:—

**" अज्ञानं खलु कष्टं, क्रोधादिभ्योऽपि सर्वपापेभ्यः । अर्थं हितमहितंवा न वेत्ति येनावृतो लोकः ।१।"**

ખરેખર, ક્રોધ વિગેરે બધાં પાપોથી પણ અજ્ઞાન મોટું પાપ છે. તે ઘણું દુઃખ આપનાર છે, તે અજ્ઞાનથી ઘેરાયલો માણસ પોતાના હિત–અહિત પદાર્થને જાણતો નથી.

આ પ્રમાણે મોહથી ઘેરાયલો જડમાણસ ચારિત્ર પામેલો છતાં, કર્મના ઉદયથી, અથવા પરિસહના ઉદયમાં ચારિત્ર ધારણ કરેલો ચારિત્ર મૂકવા ઇચ્છા કરે છે, અને બીજા સાધુઓ પોતાની રૂચી પ્રમાણે વૃત્તિ રચીને જુદા જુદા ઉપાયોવડે લોક પાસેથી પૈસા ગ્રહણ કરતા છતા કહે છે કે:–અમે સંસારથી ખેદ પામેલા છીએ; અને મોક્ષની ઇચ્છાવાળા

છીએ. તોપણ, તેઓ ( અંતરંગત્યાગી ન હોવાથી ) જુદા જુદા આરંભમાં, તથા વિષય-અભિલાષામાં વર્તે છે તે બતાવે છે.

મન, વચન; અને કાયાના કર્મવડે જેનાથી ઘેરાય તે પરિગ્રહ છે. તે પરિગ્રહ જેમનામાં નથી; તે અપરિગ્રહવાળા અમે થઇશું; એવું બૌદ્ધમત વિગેરેના સાધુઓ માને છે, અથવા જૈનદર્શનમાં જે સાધુઓએ સાધુવેષ પહેરેલો છે, તેઓ પછી ઇચ્છાનુસાર ( ભોળા માણુસોને ઠગીને ) પરિગ્રહ ધારીને ભોગો ભોગવે છે. જે પ્રમાણે નિસ્પૃહતા ધારવી જોઇએ; તેજ પ્રમાણે બીજાં મહાવ્રતો પાળવાં જોઇએ; એટલે જૈનેતર મતવાળાએ, અથવા પાસત્થા ( વેષ માત્ર ધારી જૈનસાધુ ) જેમ પરિગ્રહ ધારે છે, તેવી રીતે મોંઢથી કહે કે, અમે સર્વ જીવોના રક્ષક ( અહિંસક ) છીએ; છતાં તેઓ સ્વાર્થના માટે હિંસા કરે છે, તેવીજરીતે ઉપરથી કહે છે કેઃ—અમે સાચું બોલીએ છીએ; અને ખરી રીતે તો, તેઓ જુઠું બોલે છે, તેમ ચોરી કરતા હોય; છતાં કહે કે, અમે ચોરી કરતા નથી; તેથી આવું કરનારા શૈલુષ ( ઠગની ) માફક બોલવાનું જુદું, અને કરવાનું જુદું. એવા જગતને ઠગનારા ભોગની ઇચ્છાથીજ વેષ માત્રને ધારે છે. કહ્યું છે કેઃ—

" स्वेच्छाविरचितशास्त्रः प्रव्रज्यावेषधारिभिः क्षुद्रैः ।
नानाविधैरुपायै, रनाथवन्मुष्यते लोकः ॥ १ ॥ "

પોતાની ઇચ્છા મુજબ શાસ્ત્ર બનાવનારા, અને દીક્ષામાં વેષ ધારણ કરનારા ક્ષુદ્ર મનુષ્યોએ જુદા જુદા ઉપાયોથી અનાથને જેમ લુંટારો લુંટે; તેમ આ ભોળા લોકોને આ સાધુઠગો લુંટે છે, તેથી આ પ્રમાણે વેષધારી સાધુઓ મેળવેલા ભોગોને ભોગવે છે, અને તેવા બીજા ભોગો મેળવવા, તેવા તેવા ઉપાયોમાં વર્તે છે. તે કહે છે કેઃ—

વીતરાગની આજ્ઞા વિરૂદ્ધ પોતાની બુદ્ધિએ મુનિના વેષને લજાવનારા સંસાર સુખના ઉપાયના આરંભમાં વાંરવાર લાગે છે. (મચેછે) આ વિષયસુખના અજ્ઞાનરૂપ ભાવમોહમાં વારંવાર કાદવમાં ખુંચેલા હાથી માફક બહાર પોતે પોતાને કાઢવાને સમર્થ નથી. જેમ કોઇ મહા નદીના પૂરમાં વચમાં જઇને ડુબ્યો હોય તો તે જલ્દીથી તરવા કે સામે કિનારે આવવા સમર્થ નથી એજ પ્રમાણે કોઇ પણ નિમિત્તથી પ્રથમથી ઘર સ્ત્રી પુત્ર ધન ધાન્ય સોનું રત્ન તાંબુ દાસ દાસી વિગેરે વૈભવ છોડી ત્યાગવૃત્તિ સ્વીકારીને આરાતીયતીર ( પાછો આવવા કે કિનારે જવા તે સમર્થ નથી તે) સમાન ઘરવાસના સુખથી નીકળેલો સાધુ થયો અને ફરી તે વમેલા ભોગને પાછો ગ્રહણ કરવા ઇચ્છા કરે તો સંયમ પણ જાય તો મોક્ષમાં જઇ શકેનહિ તેમ ઘરવાલાં પણ સંઘરે નહી એટલે બંને બાજુથી જુદી પડેલી મુકતોલી( ) માફક સાધુપણ જો સંસાર વાંચ્છના કરે તો ન ગૃહસ્થ રહે તેમ ન સાધુ રહે તેથી તે બંને પ્રકારે ભ્રષ્ટ છે. કહ્યું છે કે.

**" इन्द्रियाणि न गुप्तानि, लालितानि न चेच्छया ।**
**मानुष्यं दुर्लभं पाप्य, न मुक्तं नापि शोषितम् । १।"**

જેણે ઇંદ્રિયોને કબજે લીધી નથી અથવા ઈચ્છાનુસાર તે ઇંદ્રિયોને વિષય સુખમાં જોડી નથી તેણે મનુષ્યપણું પામીને ન ભોગ ભોગવ્યા ન ત્યાગ વૃત્તિ સ્વીકારી (આ બધાનો કેહેવાનો સાર એ છેકે સાધુએ સાધુ વેષ ધાર્યા પછી ગમે તેટલાં કષ્ટ આવે; તોપણ ધીરજ રાખી સંયમ પાળવું.)

જેઓ ઉપર કહેલી અપ્રશસ્ત (સંસારી વિષય સુખ) રતિથી દુર થયલા છે, અને ઉત્તમ રતિ (ચારિત્રમાં પ્રેમ-વાળા) છે, તે કેવા હોય છે તે બતાવે છે.

**विमुत्ता हु ते जणा, जे जणा पारगामिणो,**
**लोभमलोभेण दुगुंछमाणे लद्धे कामे नाभि गाहइ ७४**

દ્રવ્યથી એટલે ધન. સગાંના અનેક રીતના પ્રેમથી મુકાયલા; અને ભાવથી વિષય કષાયથી પ્રત્યેક સમયે છુટતા સાધુઓ જે ભવિષ્યકાળમાં વધારે વધારે નિર્લોભી બને છે, તે પુરુષો સર્વ પ્રાણીને સમાનભાવે ગણી નિર્મમત્વવાળા બની (સંસારથી) પારગામી બને છે. પાર તે મોક્ષ છે, કારણકે, સંસાર–સમુદ્રના કિનારે જવાની વૃત્તિનાં કારણો જ્ઞાન, દર્શન, ચારિત્ર એ ત્રણ છે, તે ત્રણને પાર કહે છે. જેમ, લોકમાં સારા વરસાદને ચોખાનો વરસાદ કહે છે.

એટલે કારણને કાર્યમાં સમાવ્યું; તેથી તે પ્રમાણે જ્ઞાન-દર્શન ચારિત્રનો પારે જવાનો આચાર જેમનો છે, તેઓ સંસારના મોહથી કે, વિષયકષાયથી મુક્ત થાય છે.

પ્રશ્ન:—તેઓ કેવીરીતે સંપુર્ણ પારગામી થાય ?

ઉત્તર:— જોકે, આલોકમાં લોભ છે, તે બધાને તજવો દુર્લભ છે. જેમકે, ક્ષપક શ્રેણીમાં ચઢેલા મુનિને પણ ઓછો ઓછો કરતાં જરા જરાપણ લોભ રહે છે, તેવા જરા લોભને પણ ઉત્તમ સાધુ સંતોષવડે પૂર્વના લોભને નિંદતો; અને છોડતો સામે આવતા સુંદર વિલાસોને ( લોકો પ્રાર્થના કરે; છતાં પણ ) સેવતો નથી. જેમ, મહાત્મા પોતાનાં શરીરમાં પણ મહત્વ રહિત થયલો છે, તે પર વસ્તુના વિષયસુખમાં લુબ્ધ થતો નથી જેમકે, બ્રહ્મદત્ત, ચક્રવર્ત્તિએ પોતાના પૂર્વભવના ભાઇ ચિત્રમુનિને ઓળખીને પ્રાર્થના કર્યા છતાં પણ, તેણે ભોગો ન સ્વીકાર્યા.

ઉપર પ્રમાણે સુંદર ભોગો જેણે ત્યાગ્યા; તે ત્યાગવાથી બીજું પણ ત્યાગેલું જાણવું તે આ પ્રમાણે. ક્રોધને ક્ષમાથી, તથા માનને કોમળતાથી, માયાને સરળતાથી, એ પ્રમાણે બધા દુર્ગુણોને નિંદી ઉત્તમ સાધુ છોડે છે.

સૂત્રમાં લોભ લેવાનું કારણ એ છે કે, તે બધા કષાયમાં મુખ્ય છે તે બતાવે છે. તે લોભમાં પડેલો સાધ્યે અસાધ્યના વિવેકથી શૂન્ય છે તથા કાર્ય અકાર્યના વિચારથી

રહીત બનીને એક ધનમાંજ દ્રષ્ટિ રાખનારોજ પાપના મૂળમાં ઉભો રહીને સર્વ ક્રિયાઓ કરે છે કહ્યું છે કે.

**" धावेइ रोहणं तरइ सायरं, भमइ गिरि णि गुंजे सुं मारेइ बंधवंपिहु पुरिसो तो होइ धणलुद्धो ॥ १ ॥**

જે ધનનો લોભીઓ હોય તે પહાડ ચઢે છે સમુદ્ર તરે છે પહાડની ઝાડીમાં ભમે છે બંધુઓને પણ મારે છે.

**अडइ बहुं वहइ भरं, सहइ छुहं पावमायरइ धिट्ठो कुल सील जाइपच्चय, ठिइं च लोभद्दुओ चयइ ॥२॥"**

ઘણું ભટકે છે ઘણોભાર વહન કરે છે ભૂખને સહે છે. પાપ આચરે છે કુળ શીલ જાતિ વિશ્વાસ ધીરજ એ બધાને લોભથી પીડાએલો ધૃષ્ટ પુરૂષ ત્યજે છે.

તેથી આપ્રમાણે ઉત્તમ સાધુએ પ્રથમથી લોભ વિગેરેથી દીક્ષા લીધી હોય અને તેવા ભોગ મળતાં લાલચ થાય તો પણ મન દ્દઢ કરીને લોભ વિગેરેનો ત્યાગ કરવો કેટલાક લોભ વિના પણ દીક્ષાલે છે તે બતાવે છે.

**विणावि लोभं निक्खम्म एस अकम्मे जाणइ पासइ, पडिलेहाए नावकंखइ, एस अणगारित्ति पवुच्चइ अहो य राओ परितप्पमाणे कालकालसमुट्ठाइ संजोगट्ठी अट्ठालोभी, आलुंपे सहक्कारे विणिविट्ठचित्ते इत्थ सत्थे पुणो पुणो से आयबले से नाइ-**

**बले से मित्तबले से पिच्चबले से देवबले से रायबले से चोरबले से अतिहिबले से किविणबले, से समणबले, इच्चेएहिं, विरुव रूवेहिं कज्जेहिं दंडसमायाणं संपेहाए भया कज्जइ, पावमुक्खुत्ति मन्नमाणे, अदुवा आसंसाए ॥ सू. ७९ ॥**

ભરત ચક્રવર્ત્તી વિગેરે કોઇ લોભના કારણ વિના પણ દીક્ષાને મેળવીને અથવા સૂત્ર પાઠાંતરમાં विणइत्तुलोभं છે તેનો અર્થ સંજવલન લોભને જડમૂળથી દૂર કરીને પોતે ઘાતી કર્મની ચોકડીને દુર કરીને આવરણ રહિત નિર્મળ કેવળ જ્ઞાન પ્રાપ્ત કરી સર્વ વિશેષથી જાણે છે અને સામાન્યથી જુએ છે. અર્થાત્ જેણે પૂર્વે બતાવેલો અનર્થોનું મૂળ જે લોભ છે. તેને તજ્યો છે તેનો લોભ દૂર થતાં મોહનીય કર્મ ક્ષય થતાં અવશ્યે ઘાતી કર્મનો ક્ષય થાય છે અને નિર્મળ કેવળ જ્ઞાન પ્રગટ થાય છે તેથી બીજાંકર્મ જે ભવઉપગ્રાહિક છે તેપણ દૂર થાય છે (જેનાં ઘાતીકર્મ દૂર થયાં તેનાં અઘાતી કર્મ સર્વથા સ્વયં નષ્ટ થાય છે.) તેથી લોભ દુર થતાં અકર્મા એવું વિશેષણ સૂત્રમાં આપ્યું છે. આ પ્રમાણે લોભતજવો દુર્લભ અને તજવાથી અવશ્ય કર્મનો ક્ષય થાય છે તેથી શુંકરવું તે કહે છે પ્રતિ ઉપેક્ષણા એટલે ગુણ દોષનો વિચાર કરી ગુણોને ગ્રહણ કરવા અને લોભ છોડવો અથવા લોભનાં

કડવાં ફળને વિચારી તેના અભાવમાં જે ગુણ તેને ચાહીને તે લોભને જે ત્યજે તેનેજ અણગાર કહેવો.

અનેજે અજ્ઞાનવડે મનમાં મુંઝાએલો છે તે અપ્રશસ્ત મૂળ ગુણ સ્થાનમાં રહી વિષય કષાય વિગેરેમાં ફસેલો હોય તે દુઃખ પામે છે એ બધું ફરીથી સારો સાધુ યાદ કરેકે સંસારી જીવ અલોભને લોભવડે નિંદે અને વિષયસુખમળતાં તેને ભોગવે અને લોભને છોડી સાધુ થઇ પાછો લોભમાં ગૃધ્ધ બની બહોળા કર્મવાલો કંઇ પણ જાણે નહીં તથા જુવે નહીં (કામાન્ધ જન્મથી આંધળા કરતાં પણ વધારે આંધળો છે) અને હૃદયનાં ચક્ષુ મીચાવાથી વિવેક રહીત બની ભોગોને વાંચ્છે છે. અને પહેલા ઉદ્દેશામાં જે બતાવ્યું તે અહિ જાણવું.

આ પ્રમાણે ઉત્તમ સાધુ વિચારે છે કે લોભી રાત દિવસ દુખ પામતો અકાળમાં ઉડતો ભોગ વાંચ્છુક અર્થ લોભી લુંટારો વિચાર વગરનો ઘેલા જેવો બને છે અને પૃથ્વી વિગેરે જીવોને ઉપઘાત કરી શસ્ત્રો વારંવાર ચલાવે છે.

વલી તે પોતાની શરીર શકિત વધારવા જુદા જુદા ઉપાયો વડે આલોક પરલોકના સુખને નાશ કરનારી ક્રિયા કરે છે તેનીચે મુજબ છે.

માંસથી માંસ વધે તેથી પંચેંદ્રિય જીવોને હણે છે તથા ચોરી વિગેરે કરે છે તે સૂત્રમાં બતાવ્યું છે એજ પ્રમાણે

સંસારી જીવ સગાંને પુષ્ટ કરવા મિત્રને પુષ્ટ કરવા મથે છે એટલે તે શક્તિ વાલાં હશે તો હું તેમની મદદથી આપ-દામાંથી બચીશ તથા પ્રેત્ય બળ વધારવા બસ્ત (ઘેટું) વિગેરેને તે હણે છે, તથા દેવબળ વધારવા (પ્રસન્ન કરવા) રાંધવા, રંધાવાની ક્રિયા (નૈવેદ્ય કરે છે,) અથવા રાજાનું બળ વધારવા રાજાનું ઇચ્છિત કરે છે, અથવા અતિથિનું બળ વધારવા ચાહે છે, તે અતિથિ નિઃસ્પૃહ હોય છે.કહ્યું છે કેઃ—

" तिथिपर्वोत्सवाः सर्वे, त्यक्ता येन महात्मना ।
अतिथिस तं विजानीयाच्छेषमभ्यागतं विदु ॥१॥"

જે મહાત્માએ તિથિના, તથા પર્વના બધા મહોત્સવો તજ્યા છે, તેને અતિથિ કહેવો; અને બાકીનાને અભ્યાગત કહેવો; તેનો સાર આ છે. તેના માટે પણ પ્રાણીઓને દુઃખ ન આપવું; એજ પ્રમાણે કૃપણ–શ્રમણ વિગેરેને માટે પણ જાણવું. જે સંસારીજીવ બીજાઓને માટે કે, પોતાનાં આલોકનાં સુખ છે, તેના માટે જુદી જુદી જાતનાં હિંસકકૃત્યો કરી; એટલે પિંડદાન વિગેરે આપી બીજા જીવોને દુઃખ આપે છે, તેઓને અલ્પલાભને બદલે મહાન દુઃખ મળવું જાણીને ઉત્તમ પુરુષે તે પાપ ન કરવું જોઇએ. છતાં, અજ્ઞાનથી, અથવા મોહથી હણાયલો ભયથી તેવાં પાપ કરે છે, અથવા કુગુરુના ખોટા ઉપદેશથી પાપકર્મમાં પણ, ધર્મ માની દુષ્ટ કૃત્ય કરે છે, અથવા કાંઇપણ આશાથી પાપ કરે છે, તે બતાવે છે. અગ્નિ જે છ

જીવનિકાયનું ઘાત કરનાર શસ્ત્ર છે, છતાં તે અગ્નિમાં પીપળાનું, અરણીનું લાકડું હોમે છે, અથવા સમિત્તિ (એક જાતનું લાકડું ) લાજ્ય, (ધાણી) વિગેરે નાંખે છે, અને તેમાં ધર્મ સમજે છે, તથા બાપનું શ્રાદ્ધ કરવામાં ઘેટા વિગેરેનું માંસ રાંધીને બ્રાહ્મણોને જમાડે છે, અને વધેલું પોતે ખાય છે. (આ રીવાજ ગુજરાત વિગેરે દેશોમાં નથી; પણ બંગાળ દક્ષિણ વિગેરેમાં છે.)

તે આ પ્રમાણે જુદા જુદા ઉપાયોવડે અજ્ઞાનથી હણાયલી બુદ્ધિવાળા પાપથી છુટવાના બહાને દંડ મેળવવારૂપ તે તે ક્રિયાઓ પ્રાણીઓને દુઃખ આપનારી કરે છે. અર્થાત્ અનેક શત કરોડની સંખ્યાના ભવમાં ભોગવવા છતાં પણ ન છુટાય તેવું અઘોર પાપ કરે છે, અથવા પાપથી છુટવાનું માનીને અજ્ઞાનદશાથી નવાં પાપજ બાંધે છે.

અથવા ન મેળવેલું ફરીથી મેળવવાની ઇચ્છાથી પ્રાણીઓને દુઃખ આપી પોતે દંડ મેળવે છે તે આ પ્રમાણેઃ—

આ મને બીજા લોકમાં, અથવા આ લોકમાં પછીથી કાંઇ ઊંચપદ અપાવશે; એવી ઈચ્છાથી તે પાપ કરવામાં વર્તે છે.

અથવા પોતે ધનની આશાથી મૂઢ બનીને રાજાની સેવા કરે છે, (અને રાજાને ખુશી કરવા પ્રજાને પીડવાના અનેક પાપ કરે છે.) કહ્યું છે કેઃ—

**आराध्य भूपतिमवाप्य ततो धनानि, भोक्ष्या-**

मेहे किल वयं सततं सुखानि; इत्याशया धनविमो-हितमानसानां, कालः प्रयाति मरणावधिरेव पुंसाम् ॥ १ ॥

રાજાને પ્રસન્ન કરીને તેની પાસેથી ધન મેળવીશું અને પછી અમે રોજ સુખ ભોગવીશું. આવી આશાથી ધનથી મોહ પામેલા મનવાલા માણસોને આખી જીંદગી સુધીકાળ વીતી જાય છે. ( પણ તેઓ ધર્મ આરાધી શકતા નથી. )

एहि गच्छ पतोत्तिष्ठ, वद मौनं समाचर ।
इत्याद्याशाग्रहग्रस्तैः, क्रीडन्ति धनिनोऽर्थिभिः ॥२॥

આવ, જા, પડ, ઉઠ, બોલ, ચુપ રહે આ પ્રમાણે બોલનારા ધનવાળા છે. તે ધનની ઇચ્છાવાલા ગરીબોને વારંવાર રમાડે છે. આ પ્રમાણે સારા સાધુએ સમજીને શું કરવું તે શાસ્ત્ર-કાર કહે છે.

तं परिण्णाय मेहावी नेव सयं एएहिं कज्जेहिं दंडं समारंभिज्जा, नेव अन्नं एएहिं कज्जेहिं दंडं समारंभा विज्जा, एएहिं कज्जेहिं दंडं समारंभं तंपि अन्नं न समणुजाणिज्जा, एस मग्गे आरिएहिं पवेइए, जहेत्थ कुसले नो वालिं पिज्जासि, त्तिबेमि, ॥ सू. ७६ ॥ लोगविजयस्स बितिओ उद्देसो ॥२॥

પહેલા અધ્યયનમાં પરિજ્ઞા બતાવેલી છે. તેમાં બે પ્રકારનાં

સ્વકાય અને પરકાય વાલાં દુઃખ દેનારાં શસ્ત્રને ચલાવવાં નહી અથવા પહેલા ઉદ્દેશામાં બતાવેલ વિષય તથા માતાપિતા સંબંધી પ્રેમનું અપ્રશસ્ત ગુણમૂળ સ્થાન સમજીને તથા કાળ અકાળે રખડવું તે સમજીને અથવા અમૂલ્ય અવસર તથા સુગુરૂનો બોધ તથા પાંચે ઈંદ્રિયોનું વિચક્ષણપણું તથા વૃધ્ધાવસ્થામાં તેની હાની વિગેરે સમજીને તથા આજ ઉદ્દેશામાં શરીર શકિત વધારવા અથવા સગા વહાલાંનું બળ વધારવા દંડનું લેવું (નવા પાપ બાંધવાનું) જ્ઞપરિજ્ઞાવડે જાણીને મર્યાદામાં રહેલા મુનિએ પ્રત્યાખ્યાન પરિજ્ઞાવડે પાપ કૃત્ય છોડી દેવાં તે બતાવે છે.

પોતે જાતે શરીર શકિત વધારવાનાં કે બીજાં દુષ્ટ કૃત્યો કરવા વડે જીવોને દુઃખ ન આપે તેમ હિંસા જુઠ વિગેરે પાપ કૃત્ય બીજા પાસે ન કરાવે, અથવા પાપીઓને મન વચન અને કાયાથી કોઈ પણ રીતે સહાયતા કે અનુમોદના ન કરે.

આવો સર્વ જીવને અભય દાન દેવાનો ઉપદેશ તીર્થંકરે કર્યો છે. તેવું સુધર્મા સ્વામી જંબુસ્વામીને કહે છે.

જ્ઞાન વિગેરેથી યુકત ભાવમાર્ગ જેનાથી કોઇ પણ જાતનું દૂષણ કે દંડ કે પાપ લાગવાનાં નથી તે મન વચન અને કાયાએ કરી કરવો કરાવવો અને અનુમોદવો જોઇએ તેમ કરનારા આર્ય પુરૂષો છે. એટલે જેટલા પાપ ધર્મ છે.

તેમને છોડી સર્વ પ્રકારે ઉત્તમ માર્ગમાં જે જીવો જોડાયલા છે તેઓ સંસાર સમુદ્રથી કિનારે પહોંચેલા અને ઘાતી કર્મનો અંશ પણ નાશ કરનાર જીવો સંસારની અંદર રહેલા બધા ભાવોને જાણનારા સર્વજ્ઞ તીર્થંકર પ્રભુએ દેવ મનુષ્યની સભામાં બધાએ સમજી શકે તેવી તથા બધાના મનના સંશય છેદનારી વાણી વડે આ માર્ગ કહ્યો છે. પોતે તે પ્રમાણે વર્ત્તેલા છે એવો આ માર્ગ જાણીને ઉત્તમ પુરૂષે ઉપર બતાવેલાં પાપ કૃત્યોને છોડીને બધાં તત્વ જાણીને પોતાનો આત્મા પાપોમાં ન લેપાય તેમ સર્વ પ્રકારે કરવું. આ પ્રમાણે હું કહું છું બીજો ઉદ્દેશો સમાપ્ત થયો.

હવે ત્રીજો ઉદ્દેશો કહે છે.

બીજા ઉદ્દેશાની સાથે ત્રીજાનો આ પ્રમાણે સંબંધ છે. ગયા ઉદ્દેશામાં કહ્યું કે સંયમમાં દઢતા કરવી અને અસંયમમાં ઉપેક્ષા કરવી અને તે બંને પણ કષાય દુર કરવાથી થાય તેમાં પણ માન ઉત્પત્તિના આરંભથી ઉંચ ગોત્રમાં જન્મે છે તે ઉત્થાપેલો (અહંકારી) થાય તેથી તે દુર કરવા કહેવાય છે તેથી બીજા અને ત્રીજાનો આ સંબંધ છે કે બુધ્ધિમાન સાધુ રાગ દ્વેષમાં ન લેપાય તેજ પ્રમાણે બુધ્ધિમાન સાધુ ઉંચ ગોત્રના અભીમાનમાં પણ ન લેપાય શું માનીને અહંકાર ન કરવો તે સિધ્ધાંતકાર બતાવે છે.

**से असइं उच्चागोए असइं नीआगोए, नो हीणे**

**नो अइरित्ते, नोऽपीहए, इय सखायं को गोयावाई को माणावाई ? कंसि वा एगे गिज्झा, तम्हा नो हरिसे नो कुप्पे, भूएहिं जाण पडिलेह सायं सूत्र. ७७**

આ સંસારી જીવ અનેક વાર માન સત્કારને યોગ્ય એવા ઉંચગોત્રમાં આવ્યો છે તથા અનેકવાર નીચ ગોત્રમાં જયાં લોકો નિંદે તેવામાં પણ પોતે જનમ્યો છે તે કહે છે. નીચ ગોત્રના ઉદયથી અનંત કાળ તિર્યંચગતિમાં સંસારી જીવ રહેલ છે ત્યાર પછી ભટકતો જીવ નામ કર્મની ૯૨ ઉત્તર પ્રકૃતિના કર્મવાળો બની તેવા તેવા અધ્યવ સાયે ઉત્પન્ન થએલો આહારક શરીર તેનું સંઘાત બંધન અંગોપાંગ દેવગતિ તથા અનુપૂર્વી મલી બે તથા નરકગતિ અને અનુપૂર્વી મલી બે એ વૈક્રિય ચતુષ્ઠય ( ચોકઠું ) એ ૧૨ કર્મ પ્રકૃતિને નિર્લેપ કરીને (દૂર કરીને) બાકીની ૮૦ પ્રકૃતિવાલો બની તેજસ અને વાયુ કાયમાં ઉત્પન્ન થયો ત્યાર પછી મનુષ્યગતિ તથા અનુપૂર્વી મલી બે તે દુર કરીને ઉંચ ગોત્રને પલ્યોપમના અસંખ્યેય ભાગવડે ઉદ્વલ કરે છે. એથી તેજસ વાયુકાયનો પહેલો ભાંગો થયો તે આ પ્રમાણે નીચ ગોત્રનો બંધ, અને ઉદય પણ, અને તેજ કર્મની સકર્મતા ( સત્તા ) છે. ત્યાંથી નીકળીને બીજી કાયના એકેં-દ્રિયમાં આવીને ઉપજે; તો, તેજ ભાંગો થાય; અને ત્રસ-

કાયમાં પણ અપર્યાપ્ત અવસ્થામાં પણ તેજ ભાંગો થાય; અને જ્યાંસુધી ઊંચ ગોત્રનો નિર્લેપ ન થાય; તો બીજો ચોથો એમ બે ભાંગા થાય તે બતાવે છે. નીચ ગોત્રનો બંધ, અને ઉદય, તથા તેજ કર્મપણાની સત્તાથી ઉભયરૂપે બીજો ભાંગો થાય; તથા ઊંચ ગોત્રનો બંધ નીચ ગોત્રનો ઉદય, અને સતકર્મપણું બંને રૂપે છે. એ ચોથો ભાંગો છે, પણ બાકીના ચાર ભાંગા નથીજ થતા; કારણકે:— તિર્યંચ યોનિમાં ઊંચ ગોત્રના ઉદયનો અભાવ છે. તેજ ઊંચ ગોત્રના ( અહંકારથી ) ઉદ્વલનવડે કલંકવાળા ભાવમાં આવેલો જીવ અનંતકાળ સુધી એકેંદ્રિયમાં રહે છે, અથવા ઉદ્વલન થયા વિના તિર્યંચમાં અનંત ઉત્સર્પિણી, અને અવસર્પિણી રહે છે.

પ્રશ્ન:—આવલિકાના સંખ્યેય ભાગ સમય સંખ્યાવાળા પુદ્ગળ પરાવર્ત્ત એમ જોઈએ; પણ પુદ્ગળપરાવર્ત્ત કેમ જોઈએ?

આચાર્યનો ઉત્તર:—જેઓ ઔદારિક, વૈક્રિય તૈજસ, ભાષાઅનાપાન, ( શ્વાસોશ્વાસ ) મન=( આ છ થાય છે, પણ સાત લખેલ છે. આહારક એ ટીકામાં લખવું રહી ગયું છે. ) કર્મસપ્તકથી સંસારના વચલા ભાગમાં પુદ્ગળો આત્માની સાથે એકમેકપણે પરિણમેલા છે, તે પુદ્ગળ પરાવર્ત છે, એવું કેટલાક આચાર્ય કહે છે.

બીજા આચાર્યનો મત એવો છે કે, દ્રવ્ય ક્ષેત્ર કાળ, અને ભાવ, એમ ચાર ભેદે વર્ણવે છે, અને આ પ્રત્યેક પણ બાદર, અને સૂક્ષ્મ. એમ બે ભેદે અનુભવે છે, તથા દ્રવ્યથી બાદર જે ઔદારિક, વૈક્રિય, તેજસ કાર્મણના ચાતુષ્ઠય (ચોકડા વડે) સર્વ પુદ્ગળો ગ્રહણ કરીને છોડી દીધા ત્યારે થાય છે, અને સૂક્ષ્મ છે, તે એક શરીરવડે બધા પુદ્ગળો સ્પર્શવાળા થાય ત્યારે જાણવું.

( ૨ ) ક્ષેત્રથી બાદર જ્યારે ક્રમ, અને ઉત્ક્રમવડે મરતા જીવને બધા લોકાકાશના પ્રદેશ સ્પર્શવાળા થાય ત્યારે હોય છે, અને સૂક્ષ્મ તો ત્યારેજ જાણવો કે, એક વિવક્ષિત આકાશ ખંડમાં મરેલો, જ્યારે તેના પ્રદેશોની વૃદ્ધિ થાય; ત્યારે સર્વે લોકાકાશને વ્યાપ્ત થાય ત્યારેજ જાણવું.

( ૩ ) કાળથી બાદર જ્યારે ઉત્સર્પિણી, અને અવસર્પિણીના જેટલા સમયો છે, તેટલા ક્રમ, અને ઉત્ક્રમવડે મરણ પામવાવડે સ્પર્શ કરે છે ત્યારે જાણવું; પણ સૂક્ષ્મ તો, ઉત્સર્પિણીના પ્રથમ સમયથી આરંભીને ક્રમવડે સર્વ સમયો મરનારા જીવે બધા સ્પર્શ કર્યા હોય ત્યારે જાણવું (૪) ભાવથી બાદર જ્યારે અનુભાગના બંધના અધ્યવસાયના સ્થાનો ક્રમ અને ઉત્ક્રમ વડે મરેલા જીવથી વ્યાપ્ત થાય ત્યારે કહે છે.

અનુભાગના બંધના અધ્યવસાયનું પ્રમાણ પ્રથમ સં-

યમ સ્થાનના અવસરમાં કહી ગયા છીએ અને સૂક્ષ્મ તો જઘન્ય અનુભાવ બંધના અધ્યવસાય સ્થાનથી આરંભીને જ્યારે બધામાં પણ ક્રમે કરીને મરેલો થાય ત્યારે જાણવું તેથી આ પ્રમાણે કલંકી ભાવને પામેલો અથવા બીજો કોઇ જીવ નીચ ગોત્રના ઉદયથી અનંત કાળ સુધી પણ તિર્યંચમાં રહે છે. મનુષ્યમાં પણ નીચ ગોત્રનાજ ઉદયથી તેવા નિંદનીય સ્થાનમાં ઉત્પન્ન થાય છે તથા કલંક વાલો જીવપણ બેઇંદ્રિય વિગેરેમાં ઉત્પન્ન થયેલો પહેલા સમયમાં પર્યાપ્તિના ઉત્તર કાળમાં ઉંચ ગોત્ર બાંધીને મનુષ્યમાં અનેક વાર ઉંચ ગોત્ર મેળવે છે. ત્યાં ત્રીજા ભાંગામાં રહેલો અથવા પાંચમા ભાંગામાં ઉત્પન્ન થએલો છે તે આપ્રમાણે છે.

નીચગોત્ર બાંધે છે. અને ઉંચગોત્રનો ઉદય હોય છે. અને કર્મપણું ( સત્તા ) બંનેનું છે તે ત્રીજો ભાંગો અને પાંચમા ભાંગામાં ઉંચગોત્ર બાંધે છે તથા તેનોજ ઉદય છે. અને સકર્મપણું (સત્તા) બંનેનું છે છઠો અને સાતમો ભાંગો તો જે બંધથી ઉપરત ( દૂર ) થયોહોય તેને થાય છે અને તેનો વિષય ન હોવાથી તે બંનેનો અધિકાર નથી. તે બંને બંધના ઉપરમમાં ઉંચગોત્રનો ઉદય થાય છે અને સકર્મ પણું બંનેમાં કાયમ છે તે છઠ્ઠો ભાંગો થયો અને સાતમો ભંગો શૈલેશી અવસ્થામાં દ્વિચરમ ( છેલ્લા સમયના અગાડીના સમયમાં ) નીચગોત્ર ખપાવે છતે ઉંચગોત્રનો

ઉદય હોય તેનેજ છે. અને સત્તા પણ ઉંચગોત્રની છે. આ-પ્રમાણે ઉંચ નીચ ગોત્રમાં રહેલા જીવે અહંકાર ન કરવો જોઇએ તેમ દીનતા પણ ન કરવી જોઇએ.

ઉંચ અને નીચ તે બંને ગોત્રનો બંધ અધ્યવસાય સ્થાનના કંડકો સમાન છે. સૂત્રમાં બતાવે છે કે.

णो हीणे, णो अइरित्ते જેટલાં ઉંચ ગોત્રમાં અનુભાવ બંધના અધ્યવસાયના સ્થાન કંડક છે તેટલાંજ નીચગોત્રમાં પણ છે અને તે સર્વે અનાદિ સંસારમાં આ જીવે વારંવાર અનુભવેલાં છે. તેથી ઉંચગોત્રના કંડકના અર્થ પણે જીવ હીણો પણ નથી તેમ વધારે પણ નથી એજ પ્રમાણે નીચગોત્ર કંડકમાં પણ સમજવું તે સંબધમાં "નાગાર્જુનીયા" (          ) આ પ્રમાણે કહે છે.

"एगमेगे खलु जीवे अईं अद्धाए असइं उच्चा-गोए असइं नीआगोए, कंड गट्टयाए नो हीणे नो अइरित्ते"

એક એક જીવ ભૂત કાળમાં અનેકવાર ઉંચ નીચ ગો-ત્રમાં આવ્યો. અને ઉંચ નીચના અનુભાગ કંડકની અપે-ક્ષાએ હીન કે અતિરિક્ત નથી તેજ કહે છે. ઉંચ ગોત્ર કંડકવાલો એક ભવિક અથવા અનેક ભવિકમાંથી નીચ ગોત્રના કંડકો ઓછાં નથી તેમ વધારે પણ નથી. એવું

સમજીને અહંકાર કે હીનતા ન કરવી. ( અર્થાત્ સમાધિ રાખવી તેજ સાધુપણું છે. ) તે બતાવે છે. કારણ કે ઉંચ નીચ સ્થાનમાં કર્મના વશથી ઉત્પન્ન થાય છે. તેજ પ્રમાણે બળ-રૂપ-લાભ વિગેરે મદના સ્થાનોનું અસ મંજસપણું ( અસ્થિરતા ) સમજીને સાધુએ શું કરવું તે કહે છે. જાતિ વિગેરેનો કોઇ પણ મદ સાધુ ન વાંચ્છે. અથવા તેવી ઇચ્છા પણ ન કરે કારણકે ઉંચ નીચ સ્થાનમાં આ જીવ ઘણી વાર ઉત્પન્ન થયો, એવું સમજીને કોણ ગોત્રનો-કે-માનનો અભીલાષી થાય.! અર્થાત્ મારૂં ઉંચ ગોત્ર બધા લોકોને માનનીય છે. તેવું બીજાનું નથી. એવું કયો બુદ્ધિવાન મનુષ્ય માને.!

મેં તથા બીજા જીવોએ ઉંચ અને નીચ એ બધાં સ્થાનોને અનેક વાર પૂર્વે અનુભવેલાં છે. તેજ પ્રમાણે ગોત્રના નિમિત્તે માન-વાદી કોણ થાય. અર્થાત્ જે સંસારના સ્વરૂપને સારી રીતે જાણે છે, તે અહંકારી ન થાય. વલી અનેકવાર તે સ્થાનો પૂર્વે અનુભવે છતે હમણાં એકાદ ઉંચ ગોત્ર વિગેરે અસ્થિર સ્થાનકમાં આવતાં રાગ વિગેરેના વિરહથી ગીતાર્થ થએલ કોણ મમત્વ કરે.!

એનો ભાવાર્થ આ છે. કે કર્મનું પરિણામ જેણે જાણ્યું છે તેવો મુનિ આ સેવાને ધારણ કરે. અદ્ભપણાને ક્યારે ચોજે કે જો પૂર્વે તેણે તેવું ન મેળવ્યું હોય તો. પણ ખરી

રીતે તેણે ઘણી વખત ઉંચગોત્ર વિગેરે મેળવ્યું છે. તો તે ઉંચગોત્રના લાભથી કે અલાભથી અહંકાર, હીનતા, ન કરવાં તેવું સૂત્રમાં કહ્યું છે. કારણ કે અનાદિ સંસારમાં ભટકતા જીવે ભાગ્યને આધારે ઘણી વાર ઉંચ નીચ ગોત્રનાં સ્થાન અનુભવેલાં છે. તેથી કોઇ વખત ઉંચ નીચ ગોત્ર મેળવીને ડાહ્યો પુરૂષ જે ખરાબ તથા સારી વસ્તુને ઓળખે છે તે ઉંચ ગોત્ર વિગેરેથી અહંકાર ન કરે. કહ્યું છે કે-

**“सर्व सुखान्यपि बहुशः प्राप्तान्यटता मयाऽत्र संसारे।**
**उच्चैः स्थानानि तथा, तेन न मे विस्मयस्तेषु ॥१॥**

બધાંએ સુખોને મેં આ સંસારમાં ભમતાં મેળવ્યાં છે. ઉંચ સ્થાન પણ મેળવ્યાં છે, તેથી હવે મને તેનામાં કાંઇ આશ્ચર્ય જોવામાં આવતું નથી.

**जइ सोऽवि णिज्जरंभओ पडिसिद्धो अट्ठमाण महणेहिं।**
**अवसेस मयट्ठाणा, परिहरि अव्वा पयत्तेणं ॥२॥**

જો કે, નિર્જરાને માટે ઊંચ ગોત્રના મદનો નિષેધ કર્યો છે, તોપણ આઠ માનને મથનારા સાધુઓએ પ્રયત્નવડે બીજાં મદસ્થાન પણ ત્યાગીદેવાં. તેજ પ્રમાણે, નીચ ગોત્રમાં કે, નિંદનીક સ્થાનમાં ઉત્પન્ન થઇને દીનતા ન કરવી. તેજ સૂત્રમાં કહ્યું છે કેઃ—“ **नोकुप्ये** ” ભાગ્યવશથી લોકમાં નિંદનીક જાતિ કુળ રૂપ બળ લાભ વિગેરેમાં ઓછા પણું પા-

બીને સાધુએ ક્રોધ ન કરવો મનમાં વિચારવું કે મારે નીચ સ્થાન અથવા બીજાના હલકા શબ્દ સાંભળીને મારે દુઃખ શા માટે માનવું. મેં પૂર્વે,તેવું ઘણીવાર અનુભવ્યું છે. તેથી દીનતા ન કરવી. કહ્યું છે કે.

**"अवमानात्परिभ्रंशा द्वध बन्ध, धन क्षयात् ।**
**प्राप्ता रोगाश्च, शोकाश्च, जात्यन्तर शतेष्वपि ॥१॥**

અપમાનથી નીચ દશા થવાથી અથવા વધ બંધ કે ધનના ક્ષયથી માણસે ખેદ ન કરવો કારણકે પૂર્વે આ જીવે રોગ શોક જુદી જુદી જાતિમાં સેંકડો વાર ભોગવ્યાછે.

**संते य अविम्हइउं पंडिएण य असंते ।**
**सक्काहु दुमोवमि'अहिअएण' हिअंधरं तेण ॥२॥**

પંડિત પુરુષે પ્રાપ્તિમાં આશ્ચર્ય ન કરવું; અને અપ્રાપ્તિમાં નાખુશ થવું નહિ. ઝાડની ઉપમાવાળા હૃદયવડે હિતને ધરનારા પુરુષને શક્ય છે.

(ઝાડ બધાં દુઃખ સહે; પણ ત્યાંથી ખસે નહિ; તેમ હૃદય સ્થિર કરી દુઃખસુખ સહેવાં.)

**होऊण चक्कवट्टी, पुहइवई विमल पंडरच्छत्तो ।**
**सोचेव नाम भुज्जो अणाह सालालओ होइ ॥३॥**

ચક્રવર્તી કે, પૃથ્વીપતિ નિર્મળ સફેદ છત્રને ધરનારો પહેલાં પોતે બન્યો; અને તેજ પુરુષ પોતે (તેજ જન્મમાં)

અનાથ આશ્રમમાં રહેનારો ભાગ્યવશથી બને છે. ( વર્ત-માનમાં જર્મનીનો બાદશાહ કેસર, તથા રૂશીયાનો ઝાર, તથા અમેરીકાનો પ્રેસીડેન્ટ વિલ્સન, કેવા ઊંચ પદે હતા; અને હાલ કેવી સ્થિતિમાં છે, તે વિચારતાં બીજાં માણ-સોને માન કે દીનતા, કેવીરીતે થાય; અથવા એક જન્મમાં જુદી જુદી અવસ્થાની નીચ–ઊંચપણાની સ્થિતિ કર્મવશથી અનુભવે છે, તેથી ઊંચ–નીચ ગોત્રની કલ્પના મન-માંથી કાઢીને તથા બીજા પણ મનના વિકલ્પ દૂર કરીને શું કરવું ? તે કહે છેઃ—

જીવોને સંસારમાં આવાં ઊંચ–નીચ પદ હમણાં થાય છે. પછીથી થવાનાં છે, અને પૂર્વે થયાં છે, એવું વિચા-રીને શિષ્યને ગુરુ કહે છે કેઃ—તારી તીક્ષણ બુદ્ધિથી જાણ કે, જીવને કર્મવશથી સુખ આવે છે, તેમ દુઃખ પણ આવે છે, તથા તેનાં કારણો પણ વિચાર, ( જીવે જેવાં પુન્યપાપ કર્યાં હોય; તેવાં સુખદુઃખ મળે છે.

વળી અવિગાન ( )પણે પ્રાણીઓ સુખને ઇચ્છે છે. અહીંયાં જીવજંતુ પ્રાણી વિગેરે શબ્દોપયોગ લક્ષણવાળાં દ્રવ્યના મુખ્ય શબ્દોને છોડીને "સત્તાવાચિ" શબ્દ "ભૂત" શબ્દને લેવાથી એમ સૂચવ્યું કે, જેમ આ ઉપયોગ લક્ષણવાળો પદાર્થ અવશ્ય સત્તાને ધારણ કરે છે, તે સુખને વાંચ્છે છે, અને દુઃખને ધિક્કારે છે, સુખ

પુન્યના ઉદયથી છે, તેથી એમ જાણવું કે, બધી પણ શુભ પ્રકૃતિઓ પુન્યના ઉદયથી છે. જેથી શુભ નામ ગોત્ર આયુષ્ય વિગેરે કર્મ પ્રકૃતિઓને દરેક જીવ ચાહે છે. અને અશુભને નિંદે છે. આ પ્રમાણે છે તો શું કરવું તે કહે છે.

**समिए एयाणुपस्सी, तं जहा–अन्धत्तं बहिरत्तं मूयत्तं काणत्तं कुंटत्तं खुज्जतं वडभत्तं सामत्तं सबलत्तं सह पमाएणं अणेगरूवाओ जोणीओ संघायइ विरूव रूवे फासे परि संवेयइ (सूत्र ७८)**

અથવા શુભ અશુભ કર્મ બધા જીવોમાં જોઈને ડાહ્યા પુરૂષે તે જીવોને અપ્રિય હોય તેવું કૃત્ય ન કરવું એવો શાસ્ત્રકારનો ઉપદેશ છે, આ સંબંધમાં "નાગાર્જુનીયા" કહે છે.

**"पुरिसेणं खलु दुक्खुव्वे अ'सुहेसए"**

જીવ દુઃખને કાઢવા તથા સુખને મેળવવા ઇચ્છે છે. તેથી જીવની પ્રરૂપણા કરવી અને તે પૃથ્વી પાણી વાયુ અગ્નિ વનસ્પતિ સૂક્ષ્મ બાદર વિકલ પંચેંદ્રિય સંજ્ઞી અસંજ્ઞી પર્યાપ્તા અપર્યાપ્તા વિગેરે પહેલા અધ્યયનમાં બતાવ્યા છે અને તે દુઃખને છોડવાની ઇચ્છા વાલા તથા સુખને મેળવવાની ઇચ્છા વાલા જીવોનું પોતાની ઉપમાએ માનતા સાધુએ પોતાના સુખના માટે જીવોને દુઃખ આપવાનાં હિંસા વિગેરે સ્થાન છોડવા ઇચ્છતા પુરૂષે પંચ મહાવ્રતોમાં

પોતાનો આત્મા સ્થાપન કરવો, અને તે મહાવ્રતો પૂરાં પાળવા માટે ઉત્તર ગુણો પણ પાળવા જોઇએ તેજ વાત આ સૂત્રમાં લાવ્યા છે, તે કહે છે.

પાંચ સમિતિથી બનેલો હવે પછી કહેવાતાં શુભ અશુભ કર્મનું સ્વરૂપ જાણે એટલે અંધપણું બહેરાપણું મુગાપણું કાંણાપણું અને કુંટપણું વિગેરે કર્મનાંજ ફળ છે. તે જીવોમાં શાક્ષાત્ જોઇને પોતે સમજે, કે હું દુઃખ, બીજાને આપીશ, તો તે મને પણ ભોગવવું પડશે તે ખુલાસાવાર કહે છે.

## હવે સમિતિનું વર્ણન કહે છે.

સમ્ ઉપસર્ગ ઇ. ધાતુ અને તિ. પ્રત્યય લાગવાથી સમિતિ શબ્દ બન્યો છે. અર્થાત્ સમ્યક્ વર્ત્તન તે સમિતિ છે. તેના પાંચ ભેદ છે. (૧) ઇર્યા સમિતિ તે જોઇ વિચારી પગલું ભરવાનું છે, જેથી બીજા જીવોની તથા પોતાની રક્ષા થાય, ( જોઇને ચાલે તો, પગ નીચે કીડી વિગેરે મરે નહી, તેમ ઠોકર પણ ન લાગે ) આ અહિંસા નામના પહેલા મહાવ્રતને ટેકો આપનાર છે. તેથી અહિંસા બરોબર પળે છે. ( ૨ ) ભાષા સમિતિ તે અસત્ય અહિતકારક વચન રોકવા માટે છે, અર્થાત્ સાધુએ બીજું મહાવ્રત પાળવા, જોઇ વિચારીને બોલવું. તથા (૩) એષણા સમિતિ તે સાધુને કોઇનું પણ ચોરીને કે પુછ્યા વિના કાંઇ પણ ન લેવું–તે ત્રીજું મહાવ્રત પાળવા માટે છે,

એટલે નિર્દોષ ભોજન વિગેરે દિવસના પ્રકાશમાં માલીકની રજા લઈ વાપરવાનું છે. બાકીની બે સમિતિઓ. (૪) આદાન–એટલે વસ્તુ લેવી–મુકવી તે સમિતિ તથા (૫) ઉત્સર્ગ–એટલે શરીરમાંથી કે મકાન વિગેરેમાંથ નીકળતો મળ વિગેરે યોગ્ય સ્થાને નાંખવો. કે જેથી બીજાને પીડા ન થાય, તે બધા મહાવ્રતમાં સર્વોત્તમ અહિંસા નામના પહેલા મહાવ્રતની સિદ્ધિ માટે છે, આ પ્રમાણે પંચ મહાવ્રતો મેળવીને પાંચ સમિતિ પાળતા સાધુને બીજા જીવોનું સુખ વિગેરે દેખાય છે, અથવા જે રીતે પોતે બંનાનું ભલુ ચાહનારો થાય. છે તે સૂત્ર વડેજ બતાવે છે. અંધપણું વિગેરે જે જે વિરૂપ રૂપોમાં સંસારી જીવો સંસારમાં ભ્રમણ કરતા ઘણી અવસ્થાઓ ભોગવે છે. તે બતાવે છે તેમાં એકેંદ્રિય બેએંદ્રિય ત્રણેંદ્રિય એ આંખ વિનાના દ્રવ્ય અને ભાવ અંધા છે (આપણી માફક તેમને આંખો જોતાની નથી) તથા ચારેંદ્રિય વાલાથી જોવાની આંખો છતાં ધર્મના અભાવે મિથ્યા દૃષ્ટિઓ ભાવ અંધા છે.( સારા માઠાનો તેમને વિવેક નથી )કહ્યું છે કે.

"एकंहि चक्षुरमलं सहजो विवेक, स्तद्वाद्भिरेव सह संवसति द्वितीयम्; एतद्वयं भुवि न यस्य स तत्वतोऽन्ध, स्तस्यापमार्ग चलने खलु कोऽपराधः ॥१॥"

જેને નિર્મળ ચક્ષુ સમાન સ્વભાવીક વિવેક છે અને તેવા વિવેક સાથે એમને સોબતરૂપ બીજું નેત્ર છે. આ બંને ચક્ષુ જેમને નથી તે હૃદયના આંધળા કુમાર્ગે જાય તો તે બીચારાનો ખરેખર શું અપરાધ છે ?

જે વીતરાગનો ધર્મ પામેલા છે તેઓ સમ્યક્ દૃષ્ટિ છે. તેમને કોઈ પણ કારણે આંખનું તેજ નાશ પામ્યું હોય તે દ્રવ્ય અંધા જાણવા પણ ખરા દેખતા કોને કહેવા કે જે દ્રવ્યથી પણ આંધળા નથી અને ભાવથી પણ આંધળા નથી અર્થાત્ આંખે જુએ છે, અને વિવેકથી વર્ત્તે છે.

તેથી દ્રવ્ય અને ભાવથી ભિન્ન એવું બંને પ્રકારનું જેને અંધપણું છે, તે એકાન્તથી દુઃખ આપનારૂં છે. કહ્યું છે કે.

**"जीवन्नेव मृतोऽन्धो, यस्मात्सर्वाक्रियासु परतन्त्रः।**
**नित्यास्तमितदिवाकर, स्तमोऽन्धकारार्णवनिमग्नः ॥१॥**

જીવતાંજ મુવા જેવો આંખથી આંધળો છે. કે તે બીચારો બધી ક્રિયામાં પરતંત્ર છે. જેને ચક્ષુ નથી તેને હમેશાં સૂર્ય અસ્ત થએલો છે અને પોતે અંધકારના સમુદ્રમાં ડુબ્યો છે.

**लोकद्वयव्यसनवह्निविदीपिताङ्ग, मन्धं समी-**

क्ष्य कृपणं परयष्टिनेयम् । को नोद्विजेत भयकृज्जननादिवोग्रा, त्कृष्णाहिनैकनिचितादिव चान्धगर्त्तात् ? ॥२॥" (વસંતતિલકા)

આલોક પરલોકમાં દુઃખના અગ્નિમાં બળતા અંગવાલો તથા પારકાની લાકડીએ દોરાતા દુઃખી આંધળાને જોઇને કોણુ ખેદ ન પામે? અથવા ભયને પમાડનાર એવો ભયંકર કાળો સાપ અંધારાની ખાડાવાળી જગ્યામાં જે એક દૃષ્ટિએ કરડવાની ઇચ્છાવાલો બેઠેલો છે તેને જોઇને તેના આગળ જતાં જેવો ભય લાગે છે, તેવી રીતે અંધપણુના ખાડાનું દુઃખ કોને ભયંકર ન લાગે. ?

જેમ ઉપર આંધળાનું દુઃખ બતાવ્યું તે પ્રમાણે કેટલાક જીવો કર્મના વશથી બહેરાપણું ભોગવે છે. અને જેને સારા કે માઠા વિવેકનું ભાન નથી તે આ લોક પર લોકનું જે સારૂં ફળ છે, તેની ક્રિયા કરવાને તે અશક્ત છે. કહ્યું છે કે-

"धर्मश्रुति श्रवणमङ्गलवर्जितो हि, लोक श्रुति श्रवण संव्यवहारबाह्यः । किं जीवतीह बधिरो ? भुवि यस्य शब्दाः, स्वप्नोपलब्ध धन निष्फलतां प्रयान्ति ? ॥१॥ (વસંતતિલકા.)

ધર્મનાં વચન સાંભળવાના કલ્યાણુથી દૂર થયેલ તથા

લોકના વચન સાંભળવાના વહેવારથી બહાર થએલ છે. તે બહેરો આ દુનીયામાં કેમ જીવે છે.? કે જેને કહેલા શબ્દો સ્વપ્નમાં મેળવેલા ધનની માફક નિષ્ફળતાએ જાય છે.

**स्वकलत्रबालपुत्रकमधुरवचःश्रवणबाह्यकरणस्य।**
**बधिरस्य जीवितं किं, जीवन्मृतकाकृति धरस्य ॥२॥**

પોતાની સ્ત્રી તથા નાના પુત્રનાં મધુર વચન સાંભળવાથી વિમુખ એવા બહેરાનું જીવિત જીવતો છતાં પણ મરેલાનો આકાર ધરનારનું કઈ ગણત્રીમાં છે ? (નકામું છે.)

આ પ્રમાણે મુગાંને પણ એકાંત દુઃખનો સમૂહ ભોગવવાનું છે. કહ્યું છે કેઃ—

**"दुःखकरमकीर्तिकरं, मूकत्वं सर्वलोकपरिभूतम्।**
**प्रत्यादेशं मूढाः कर्म्म कृतं किं न पश्यन्ति ? ॥१॥"**

દુઃખને કરનાર અપજશવાળું સર્વલોકમાં નિંદાપાત્ર મુગાપણું છે, તે પોતાનાં કર્મોનું કરેલું ફળ બીજાને ભોગવાતાને મૂઢો કેમ જોતા નથી ? ( પોતે પાપ કરશે; તો, તેવું ફળ ભોગવવું પડશે. )

તેજ પ્રમાણે કાણાપણું પણ દુઃખરૂપે છે. કહ્યું છેઃ—

**" काणो निमग्न विषमोन्नतदृष्टिकः शक्तो विरागजनने जनमातुराणाम्। यो नैव कस्यचिदुपैति मनः प्रियत्व, मालेख्य कर्म्म लिखितोऽपि किमु स्वरूपः ? ॥१॥"** (વસંતતિલકા.)

વિષમસ્થાનમાં ડુબેલો, જેને એકજ દૃષ્ટિ ( આંખ ) છે. જે પોતે કાણો હોવાથી વૈરાગ્ય ઉત્પન્ન કરવામાં શક્તિવાન છે, અને જન્મદુઃખીઓમાં તે છે. પોતે કોઇનાં પણ મનને વહાલો લાગતો નથી. આલેખવા જોગ કર્મથી લખાયો છતાં; જે બીજાને વહાલો ન લાગે; તેનું સ્વરૂપ ગઇ ગણત્રીનું છે ?

આ પ્રમાણે કુંટપણું એટલે, જેના હાથપગ વાંકા હોય; અથવા ઠીંગણાપણું હોય; અથવા જેની પીઠ વડની (ખુંધાના) આકારે હોય; તથા રંગે કાળો હોય; તથા શબળ ( ) પણું હોય. આવું સ્વભાવિક કદરૂપું શરીર હોય; અથવા, પછવાડે કર્મના વશથી તેવો થાય; તો, ઘણું દુઃખ ભોગવે છે.

વળી પ્રમાદથી એટલે, વિષયક્રીડાના કારણે સારાં કામમાં એટલે, ધર્મમાં પ્રમાદ કરવાથી સંકટ, વિકટ, શીત, ઊષ્ણ વિગેરે, અનેક ભેદવાળી યોનીમાં પોતે ભ્રમણ કરે છે, અથવા પ્રથમ બતાવેલી ચોરાશીલાખ જીવાયોનીમાં એકસરખું ભ્રમણ કરે છે. અને નવાં નવાં આયુષ્યો બાંધીને તેમાં જાય છે. અને તે યોનીઓમાં જુદી જુદી જાતનાં દુઃખોને અનુભવે છે, તેજ પ્રમાણે ઉંચગોત્રનો અહંકાર કરવામાં હણાએલા ચિત્તવાળો અથવા નીચ ગોત્રના કારણે દીન બનેલો, અથવા આંધળો બેહેરો થવા છતાં અજ્ઞાની જીવ પોતે પોતાનું કર્તવ્ય નથી જાણતો તથા પૂર્વે કરેલાં કર્મનું આ ફળ છે, તે જાણતો નથી. તથા સંસારની બુરી દશાને ભૂલી

જાય છે. અને હિત-અહિતને વિસારે છે. તેમજ ઉચિત વાતને ગણુતો નથી. તે તત્વને ભુલેલો મૂઢ બનેલો હોય તેજ ઉંચ ગોત્ર વિગેરેમાં અહંકાર કરે છે. તેજ કહે છે—

**से अबुज्झमाणे हओ वहए जाइ मरणं अणुपरियट्टमाणे, जीवियं पुढो पियं 'इह' मेगेसिं माणवाणं, खित्तवत्थुममाय 'माणाणं' आरत्तं विरत्तं मणिकुंडलं सह हिरण्णेण इत्थियाओ परिगिज्झति, तत्थे व रत्ता, न इत्थ तवो वा दमो वा नियमो वा दिस्सइ, संपुण्णं बाले जीविउकामे लालप्पमाणे मुढ विप्परियासमुवेइ। (सू. ७९)**

પૂર્વે કહેલાં ઊંચગોત્રનો અભિમાની અથવા આંધળાં, બહેરાં વિગેરેનાં દુઃખને ભોગવતો; અથવા કર્મવિપાકને ન જાણુતો હત ઉપહત છે એટલે, જુદી જુદી જાતના રોગથી શરીરે પીડાતાં હણાયલો છે, તથા બધા લોકમાં પરાભવ પામવાથી ઉપહત છે, અથવા ઊંચગોત્રના અહંકારથી ઊચિત કાર્યને છોડવાથી વિદ્વાન પુરૂષોના મુખથી, જેનો અપયશ પડઘો પડવાથી તે હણાયલો છે, તથા અભિમાન કરવાથી અનેક ભવમાં અશુભકર્મ બાંધીને, નીચગોત્રના ઉદયને અનુભવતો ઉપહત છે, અને તે દુઃખથી મૂઢ બને છે, તે દરેક જગ્યાએ જોડવું.

તેજ પ્રમાણે જાતિ ( જન્મ–મરણ ) એ બન્નેને " પાણી કાઢવાના રેંટના ન્યાયે " નવા નવા જન્મ–મરણનાં દુઃખ-સંસારના મધ્યભાગમાં રહિને તે જીવ ભોગવે છે, અથવા ક્ષણેક્ષણે ક્ષયરૂપ આવીચીમરણથી દરેક ક્ષણે જન્મ, તથા વિનાશને અનુભવતો દુઃખસાગરમાં ડુબેલો સઘળું નાશવંત છતાં, તેને નિત્ય માનીને; જેમાં હિત થવાનું છે, તેને પણ અહિત માની વિમુખ થાય છે. ( ધર્મ, જે સુખ ને આપનાર છે, તે ધર્મને છોડી દુઃખ આપનાર વિષયમાં ખેંચાય છે.) કહ્યું છે કેઃ–

આયુષ્યને નિત્ય માનીને અથવા, અસંયમજીવિત દરેક પ્રાણીને વધારે વહાલું છે. એટલે, આ સંસારમાં અજ્ઞાન અંધકારથી હણાએલા ચિત્તવાલા મનુષ્યને તથા બીજા પ્રાણીઓને વિષય રસમાં જીવવું વહાલું છે, તે બતાવે છે.

આયુષ્ય વધારવા માટે રસાયણ વિગેરે ક્રિયાઓ બીજા જીવોને જે દુઃખ કરનારી છે. તેને કરે છે. તથા ચોખા વિગેરેનું ક્ષેત્ર ખેડાવે છે. ધોળાંઘર ( હવેલીઓ ) વિગેરે બંધાવે છે. તથા આ મારાં છે. એમ માનીને તેના ઉપર વધારે પ્રેમ કરે છે. તથા થોડાં રંગેલાં અથવા જુદી જુદી જાતનાં રંગેલાં અથવા વગર રંગેલાં વસ્ત્રો તથા રત્નોનાં કુંડળો તથા સોનું તથા સ્ત્રી વિગેરે મેળવીને તેમાં એટલે ઉપર કહેલી રમણીય વસ્તુઓમાં ગૃદ્ધ થએલા છે. તે મૂઢપુરૂષો દુઃખ આવતાં ગભરાય છે. અથવા તેમની શરીર શકિત બરોબર હોય ત્યારે તેઓ ધર્મ વિગેરેને ઉત્તમ બોલતા

નથી પણ તપ તે અણુસણ વિગેરે તથા "ઇંદ્રિયોનું દમન તથા અહિંસાનો નિયમ ફળવાળો નથી એમ તેઓ ઉલટું બોલે છે. તે બતાવે છે, તપ નિયમ ધારણ કરેલા ધર્મિ જીવને તેઓ કહે છે. કે" આ તપ વિગેરેનું ફળ ભવિષ્યમાં નથી. ફકત આલોકમાં કાયાને દુઃખ અને ભોગ વિગેરેથી દૂર રહેવું એ તમને ઠગવા માટે ગુરૂઓએ ખોટું બતાવેલું છે.

વલી બીજા જન્મમાં સુખ મળશે. એ પણ ખોટો ગુરૂએ ભ્રમ આપેલો છે. કારણકે હાથમાં આવેલા ભોગો તથા સુખો ભોગવવાં છોડીને ભવિષ્યમાં સુખની આશા કરવી એ વધારે પાપરૂપ છે તેથી વર્ત્તમાનનું સુખ ચહાનારા સંસારી જીવો (ગુરૂના વચનને ઉંચાં મૂકી) ભોગ ભોગવવામાં એક પુરૂષાર્થ માની અવસરે અવસરે સંપૂર્ણ ભોગોને ભોગવતો અજ્ઞાની જીવ લાંબા આયુષ્યને ઇચ્છતો ભોગોને માટે અતિશય કુવચન બોલતો વચન દંડનું પાપ બાંધે છે. એટલે જે માણસ એમ બોલે કે તપ તથા ઇંદ્રિય દમન અથવા અહિંસાદિક નિયમ ફળવાલું નથી એવું બોલનારો મૂઢ તત્વને ન જાણનારો હત ઉપહત થએલો નવાં નવાં જન્મ મરણ કરી જીવિત ક્ષેત્ર સ્ત્રી વિગેરેમાં લોલુપ બની તત્વમાં વિમુખ અને અતત્વમાં તત્વ માનીને હિત અહિતની બાબતમાં પણ ઉલટો ચાલે છે. તે બતાવે છે.

**दाराः परिभवकारा बन्धुजनो बन्धनं विषं विषयाः**
**कोऽयं जनस्य मोहो ? ये रिपवस्तेषु सुहृदाशा ॥१॥**

સ્ત્રીઓ અપમાનને કરનારી, બંધુજન બંધન સમાન તથા ઇંદ્રિયોના વિષયો વિષ સમાન છે. છતાં માણસને આ કેવો મોહ છે કે જે ખરેખરા શત્રુ છે. તેમાં મિત્રપણાની આશા રાખે છે. પણ જેઓ શુભ કર્મ ઉપાર્જન કરીને મોક્ષની ઇચ્છાવાલા બનેલા છે તે કેવા છે તે બતાવે છે.

इणमेव नावकंखंति, जे जणा धुव चारिणो। जाई मरणं परिन्नाय, चरे संकमणे दढे (!) नत्थि कालस्स णागमो, सव्वे पाणा पिआउया, सुहसाया दुक्ख पडिकुला अप्पिय वहा पियजीविणो जीवि-उकामा, सव्वेसिं जीवियं पियं, तं परिगिज्झ दुपयं चउप्पयं अभिजुंजियाणं संसिंचिया णंतिविहेण जाऽवि से तत्थ मत्ता भवइ, अप्पा वा बहुया वा, से तत्थ गड्डिए चिट्ठइ, भोयणाए, तओ से एगया विविहं परिसिट्ठं संभूयं महोवगरणं भवइ, तंपि से एगया दायाया वा विभयन्ति, अदत्तहारो वा सेअवहरति, रायाणो वा से विलुंपंति, नस्सइ वा से विणस्सइ वा से अगारडहेण वा से डज्झइ इय, से परस्सऽट्ठाए कूराइं कम्माइं बाले पकुव्वमाणे तेण दुक्खेण संमूढे। विप्परियासमुवेइ, मुणिणा

हु एयं पवेइयं, अणोहंतरा एए नो यओहं तरित्तए, अतीरंगमा एए नो य तीरं गमित्तए, अपारंगमा एए नो य पारं गमित्तए, आयाणिज्जं च आयाय तंमि ठाणे न चिट्ठइ, वितहं पप्पाऽखेयन्ने तंमि ठाणंमि चिट्ठइ (सू. ८०)

જેઓ ધ્રુવચારિ એટલે મોક્ષનું કારણ જ્ઞાન વિગેરે છે. તેને મેળવવાના સ્વભાવવાલા છે તેવા ધર્માત્મા પુરૂષો ઉપર કહેલા અસાર જીવિત ક્ષેત્ર ધન સ્ત્રી વિગેરેને ચહાતા નથી

અથવા ધુતચારી એટલે ધુત તે ચારિત્ર તેમાં રમણતા કરનારા છે. અર્થાત્ ચારિત્ર લઈ તેને પૂર્ણ પાળી મોક્ષ મેળવે તે સંસારને ચહાતા નથી.

વલી ભોગના અભાવે જ્ઞાન મેળવીને જન્મ મરણના દુઃખને જાણીને તેવા પુરૂષે સંક્રમણ ( ચારિત્ર ) માં રમણતા કરવી એવું શિષ્યને ગુરૂ કહે છે. કે વિશ્રોતસિકા રહિત અથવા પરિસહ ઉપસર્ગ આવતાં તારે કંટાળવું નહી અથવા હે શિષ્ય તું શંકા રહીત મનવાલો થઇ સંયમમાં રહે એટલે શિષ્યે તપ દમન નિયમ વિગેરે આલોકમાં જે કષ્ટ છે. તે પરભવનું અનંતુ સુખ આપશે એવું નિઃશંકપણે માનીને ધર્મમાં આસ્થા રાખે; અને તે તપ નિયમ વિગેરે કરે; અને તેથીજ પોતે તપના પ્રભાવથી રાજા-મહારાજાઓને પણ પૂજવાયોગ્ય થાય છે.

જેણે વિષયકષાયને જીત્યા છે, તેવા તપસ્વી શાંત પુરૂષને અહીં જે સુખરૂપ ફળ મળ્યું છે, તથા તેણે બધા જોડકાંને દૂર કરી સમભાવ મેળવ્યો છે, તેવા પુરૂષને પરલોક કદાચ ન હોય; તોપણ તેનું કંઇ બગડતું નથી. (ઉપશમભાવમાં અહીંજ અનંતું સુખ છે, તેને પરલોકના સુખની ઈચ્છાજ નથી. કહ્યું છે કે:—

"संदिग्धेऽपि परे लोके, त्याज्यमे वाशुभं बुधैः ।
यदि नास्ति ततः किं स्या,दस्ति चेन्नास्तिको हतः
॥१॥"

પરલોક છે કે નહિ? એવી એવી શંકાવાળા લોકમાં પંડિત પુરૂષોએ પાપને છોડવુંજ જોઇએ; જો પરલોક નથી; તો, તેનું શું બગડવાનું છે? અને પરલોક છે, તોપણ, તેનું શું બગડવાનું છે? એથી પરલોક ન માનનારો નાસ્તિક હણાયો. અર્થાત પાપને કરનારો આલોકમાંજ નાસ્તિક કેદમાં પડી દુઃખ ભોગવે છે, તોપણ તેની આશા પુરાતી નથી; અને આસ્તિક ભોગને રોગ માની તેની આશા મૂકે છે, તો તે દેવની માફક પૂજાય છે. તેથી ગુરૂ મહારાજ શિષ્યને કહે છે કે તમારે પોતાના વશમાં રહેલું સંયમ સુખ મેળવવામાં દઢ રહેવું. પણ આવું ન વિચારવું કે થોડા વર્ષ પછી અથવા વૃદ્ધાવસ્થામાં ધર્મ કરીશ. કારણ કે મૃત્યુનું આવવું અનિશ્ચીત છે. કે હમણાં

મૃત્યુ નહિ આવે. કારણ કે સોઉપક્રમ આયુષ્યવાળા જીવને કોઇ અવસ્થા એવી નથી કે-જેમાં કર્મરૂપી અગ્નિમાં પડનારા લાખના ગોળા માફક જીવ પીગળી ન જાય. કહ્યું છે કે-

**शिशुमशिशुं कठोरम कठोरमपण्डितमपि च पण्डितं, धीरमधीरं मानिनममानिनमपगुणमपि च बहुगुणम् । यतिम यतिं प्रकाशम वर्ली नम चेतन मथ सचेतनं, निशि दिवसेऽपि सान्ध्य समयेऽपि विनश्यति कोऽपि कथमपि ॥१॥"**

બાળક, જુવાન, કઠોર, કોમળ, મૂર્ખ, પંડિત, ધીર, અધીર, અહંકારી, દીન, ગુણ રહિત, ઘણા ગુણવાળો, સાધુ, અસાધુ, પ્રક.શવાળો, અપ્રકાશવાળો, અચેતન, સચેતન, અર્થાત્ જેટલા જીવો સંસારમાં છે. તે બધા કાળ ( મૃત્યુ ) થી દિવસમાં, રાત્રીમાં, અથવા સંધ્યાના સમયમાં પણ કોઇ રીતે નાશ પામે છે. તેથી મૃત્યુના સર્વેને કષવાપણાને સમજીને ઉત્તમ પુરૂષે અહિંસા વિગેરે મહાવ્રતોમાં સાવચેત થવું જોઇએ. શા માટે તે કહે છે.

**"सव्वे पाणा पिया उया."**

એટલે સૂત્રમાં બતાવ્યા પ્રમાણે બધા જીવોને પોતાનું આયુષ્ય પ્રિય છે.

શંકા-સિદ્ધને આયુષ્ય પ્રિય નથી, તેથી તમારા કહેવામાં દોષ આવશે.

ઉત્તર—એટલા માટેજ અમે મુખ્ય શબ્દ જીવને ન વાપરતાં પ્રાણ શબ્દ વાપર્યો છે. અને તેથી પ્રાણ ધારણ કરનાર સંસારી જીવજ લેવા. તેથી તમારો વાંધો નકામો છે.

**"सव्वे पाणा पिया यया"**

આ પાઠ છે. એટલે આયુષ્યને બદલે આયત શબ્દ છે. અને તેનો અર્થ આત્મા છે.

કારણ કે તે અનાદિ અનંત છે. અને બધાને પોતાનો આત્મા વહાલો છે. અને સુખની વાંચ્છા દુઃખનો નાશ કરવાની અભિલાષા છે. કહ્યું છે કે—

**सुह साया दुक्ख पडि कूला.**

આનંદરૂપ—સુખ છે, તેનો સ્વાદ કરવો તે. સુખ ભોગવવાની ઇચ્છાવાળા જાણવા; અને અસાતા તે દુઃખ. તેના દ્વેષી જાણવા; તથા પોતાનો ઘાત કરે; તો, પોતે અપ્રિય માને છે, તથા જીવિતને પ્રિય માને છે, એટલે દીર્ઘ આયુષ્ય વાંચ્છે છે, અને તે પણ અસંયમ જીવિત વાંચ્છે છે, એટલે દુઃખમાં પીડાઇને પણ, અંતદશામાં પણ જીવવાને ઇચ્છે છે. કહ્યું છે કેઃ—

**"रमइ विहवी विसेसे ठितिमित्तं धेत्र वित्थरो महई।**
**मग्गइ शरीर महणो, रोगी जीए च्चिय कयत्थो ॥१॥"**

વૈભવવાળો વિશેષ વૈભવમાં રમે છે. થોડાવાળો પણ

રહેવાને ઇચ્છે છે. નિર્ધન પણ પોતાનાં શરીરને સંભાળે છે. રોગી પણ જીવવામાં કૃતાર્થ માને છે.

તેથી આ પ્રમાણે સર્વ પ્રાણી સુખના જીવિતના અભિલાષી છે, અને સંસારી–નિર્વાહ આરંભ વિના નથી; અને આરંભ છે, તે પ્રાણીને ઉપઘાત કરનાર છે, અને પ્રાણીઓને પોતાનું જીવિત વધારે વહાલું છે, તેથી વારંવાર ગુરૂમહારાજ ઉપદેશ આપે છે કે—દરેકને સર્વદા ઇંદ્રિયોના વિષય વહાલા છે, અને તેથી વિષયોને ધ્યાનમાં રાખીને શું કરે છે? તે કહે છે. બે પગવાળાં દાસ દાસી, ચાર પગવાળાં ગાય ઘોડા વિગેરે ઉપભોગમાં લઇને; ધનનો સંચય કરીને; મન, વચન, અને કાયાથી કરવું કરાવવું; અને અનુમોદનાવડે પોતાનાં મનુષ્ય–જન્મમાં જે કંઇ જીંદગી પરમાર્થમાં ગુજારવી જોઇએ; તેને બદલે તેને આરંભમાં, એટલે પાપકર્મમાં રોકીને વ્યર્થ કરે છે. તે વખતે અર્થમાં ગૃદ્ધ થયલો પોતે ક્લેશને ગણુતો નથી. ધનને રક્ષણ કરવાનો પરિશ્રમ વિચારતો નથી; તથા તેની ચંચળતાને ધ્યાનમાં લેતો નથી, તેના નકામાપણાને વિસરે છે. (ધનના અપાયો ભૂલીને લાભજ નજરે જુએ છે, અને પાપમાં રક્ત રહે છે.) કહ્યું છે કે–

**कृमिकुलचित्तं लालाक्लिन्नं विगन्धि जुगुप्सितं, निरुपमरसप्रीत्या खादन्नरास्थि निरामिषम्। सुर-**

**पतिमपि श्वा पार्श्वस्थं सशाङ्कितमीक्षते, न हि गणयति क्षुद्रो लोकः परिग्रह फल्गुताम् ॥१॥"**

કૃમિના સમૂહથી વ્યાપ્ત અને લાળથી ભરેલું દુર્ગંધવાળું નિંદનીક એવું માંસ વિનાનું હાડકું મોઢામાં મમરાવતો અધીક સ્વાદ તેમાં માનતો કુતરો-પાસે ઉભેલા ઇંદ્રને પણ શંકાથી જુએ છે. (કે રખેને મારૂં હાડકું ઇંદ્ર લઇ ન જાય.) આ ઉપરથી નિશ્ચય એમ જણાય છે કે ક્ષુદ્ર જંતુ છે. તે પોતાની સંઘરેલી વસ્તુની અસારતા જાણતો નથી. તે પૈસાને શા માટે ચાહે છે, તે કહે છે. ભોજનને માટે-ઉપભોગને માટે-ધનને ઇચ્છિ તેવી તેવી ક્રિયામાં વર્ત્તે છે. એટલે અવલગન. (બીજાનો આશરો લેવા) વિગેરેની ક્રીયા કરે છે. તેમાં લાભાંતરાય કર્મના ક્ષય ઉપશમમાં જુદી જુદી જાતનું મળેલું અને વાપરતાં બચેલું સાચવવા મહાન ઉપકરણ ભેગાં કરે છે.

અને કોઈ પાપીને તેવા લાભનો ઉદય ન હોય, તો ધનની ઇચ્છાએ તે રંક મનુષ્ય સમુદ્ર ઓળંઘે છે, પહાડ ચઢે છે. ખાણુ ખોદે છે, ગુફામાં પેસે છે, પારાનો રસ બનાવી તેના વડે સુર્વણ સિદ્ધિ (કીમીયો) કરવા ચાહે છે. રાજાનો આશ્રય લે છે, ખેતી કરાવે છે, આ બધી ક્રીયામાં પોતાને અને પરને દુઃખ આપવા વડે પોતાના સુખના માટે મેળવેલું ધન પોતે કષ્ટ કરેલું હોય છતાં કોઇ વખત તેના

પામના ઉદયથી તેના પીતરાઈઓ તેમાં ભાગ પડાવે છે. અથવા દગાથી લે છે. ચોરો ચોરે છે. રાજાઓ દંડે છે. અથવા પોતે રાજના ભયથી જંગલમાં નાસી જાય છે. અથવા તેનું જુનું ઘર પડી જાય છે. અથવા અગ્નિથી બળતાં ધન નાશ પામે છે. લુંટાઈ જાય છે. આવાં ઘણાં કારણોથી અર્થ નાશ પામવાનો છે. એથી ઉપદેશ કરે છે કે, હે શિષ્ય! અર્થનો મેળવનારો બીજાનાં ગળાં રેસનારો પાપ કરીને અજ્ઞાની જીવ તે ધનથી સુખ ભોગવવાને બદલે દુઃખ ભોગવતાં મુઢ બનીને ઘેલો થાય છે. અને તેથી વિવેક નાશ થવાથી કાર્ય-અકાર્યને માનતો નથી. તેજ તેની વિરૂપતા છે. કહ્યું છે કે—

"राग द्वेषाभिभूतत्त्वा, त्कार्याकार्य पराङ्मुखः।
एष मूढ इति ज्ञेयो, विपरीत विधायकः ॥१॥"

રાગદ્વેષથી ઘેરાવાથી કાર્ય અકાર્યના વિચારમાં શૂન્ય એવો વિપરીત કાર્ય કરનારો મૂઢ માણુસ જાણવો.

આ પ્રમાણે મૂઢપણાના અંધકારમાં છવાયાથી જેને આલોકના માર્ગનું જ્ઞાન નથી એવા સુખના અર્થિઓ છતાં દુઃખને પામે છે. તેથી સર્વજ્ઞ વચન રૂપ દીવાને બધા પદાર્થનું સ્વરૂપ ખરેખરૂં બતાવનાર જાણીને ગુરૂ કહે છે. હે મુનિઓ તેનો આશ્રય તમે લ્યો.

મેં આ મારી બુદ્ધિથી નથી કહ્યું. એવું સુધર્માસ્વામી જંબુ સ્વામીને કહે છે, ત્યારે કોણે કહ્યું? તે કહે છે.

ત્રણે કાળમાં જગત વિદ્યમાન છે. એવું જે માને તે મુનિ જાણવા અને તે ત્રણે કાળનું જ્ઞાન જેને હોય તે સર્વજ્ઞ તીર્થંકર છે. તેમણે કહ્યું છે. તેઓએ અનેકવાર પોતાના પૂન્ય બળથી ઉંચ ગોત્ર વિગેરે મેળવ્યું છે. અથવા પ્રકર્ષથી અથવા પ્રથમથી જ્ઞાન પ્રાપ્ત થતાંજ બધા જીવો પોતાની ભાષામાં સમજે તેવાં વચન વડે તેમણે ઉપદેશ કર્યો છે. તે કહે છે.

અનોઘ-ઓઘ બે પ્રકારે છે. દ્રવ્ય ઓઘ તે નદીનું પૂર વિગેરે છે. અને ભાવ ઓઘ તે આઠ પ્રકારનું કર્મ અથવા સંસાર છે. તે આઠ કર્મથી સંસારી જીવ અનંત કાળ ભમે છે. તે ઓઘને જ્ઞાન દર્શન અને ચારિત્ર રૂપી વહાણમાં બેઠેલા મુનિઓ તરે છે. અને જેઓ નથી તરતા તે અનોઘંતરા છે, અર્થાત્ જેઓ મુનિ ધર્મ પાળે છે. તેઓ તરે છે. અને જેઓ તે ધર્મને છોડી વિષયના લાલચુ બને છે, તે જૈનેતર અથવા જૈનમાં પતિત સાધુ છે. તેઓ જ્ઞાન વિગેરે ઉત્તમ વહાણથી ભ્રષ્ટ થવાથી તરવાનો ઉદ્યમ કરે તો પણ સંસાર તરવા સમર્થ થતા નથી. તેજ સૂત્રમાં કહ્યું છે—

**नोय ओहं तरित्तए,**

જે સંસાર તરતા નથી તે અતીરંગમા છે, એટલે તીર તે સંસારનો પાર તેની પાસે જવું. તે તીરંગમા છે.

અને જેઓ વિષય રસમાં પડે તેઓ કિનારે ન જવાથી અતીરંગમ છે. તે કોણ? તે કહે છે. જૈનેતર અથવા પ્રથમ કહેલા ધર્મ ભ્રષ્ટ જૈન સાધુ–તે બતાવે છે. તેઓ વેષ ધારે છે છતાં સમ્યક્ આચાર ન પાળવાથી સર્વજ્ઞના કહેલા સન્માર્ગથી દુર હોવાથી કિનારે જતા નથી તેજ પ્રમાણે અપારંગમ પણ છે. અહીં પાર એટલે, સામેનો તટ જાણવો. તેજ પ્રમાણે અપારગત પણ જાણવા; એટલે વીતરાગના ઉપદેશથી વીરૂદ્ધ ચાલવાથી પારગમનમાં સફળતા મળતી નથી. આ બધું કહીને કહે છે કેઃ—તે સંસારના સુખઇચ્છકો સંસારમાંજ અનંતકાળ રહે છે. જોકે, તેઓ વેષ ધારવાથી કે, સ્વેચ્છાચારથી થોડુંક કષ્ટ પણ સહેતા હોય; તોપણ સર્વજ્ઞના ઉપદેશથી વિકળ, અને પોતાની ઇચ્છાનુસાર બનાવેલાં શાસ્ત્રની રીતિએ ચાલનારા હોવાથી સંસારપાર જવાને સમર્થ નથી.

પ્રશ્નઃ—તીર, અને પારમાં શું ભેદ છે?

ઉત્તરઃ–અહીંઆં તીર એટલે, મોહનીયકર્મનો ક્ષય લેવો. તથા બાકીનાં બીજાં ત્રણ ઘાતી કર્મ દૂર થવાથી પાર જાણવો; અથવા તીર એટલે, ચાર ઘાતી કર્મનો નાશ. અને પારમાં બાકીનાં અઘાતીકર્મનો પણ નાશ જાણવો.

પ્રશ્નઃ—જૈનેતર અથવા, પતિતસાધુ કેમ મોક્ષમાં ન જાય?

ઉત્તરઃ—જેનાથી સર્વ પદાર્થો ગ્રહણ કરાય; તે આદાનીય તે શ્રુતજ્ઞાન જાણવું. તે શ્રુતજ્ઞાનમાં કહ્યા પ્રમાણે સંયમસ્થાનમાં

જે ન વર્ત્તે તે મોક્ષમાં ન જાય અથવા લોકોને પ્રિયએવાં ભોગ-નાં અંગ દાસ દાસી ચોપગાં ધન ધાન્ય સોનું રૂપું વિગેરે ગ્રહણ કરીને અથવા મિથ્યાત્વ અવિરતિ પ્રમાદ કષાય યોગ વડે ગ્રહણ કરવા યોગ્ય કર્મ ગ્રહણ કરીને જ્ઞાનાદિમય મોક્ષમાર્ગમાં અથવા સમ્યક્ ઉપદેશમાં અથવા પ્રશસ્ત ગુણ સ્થાનમાં જે જીવ પોતાના આત્માને સ્થિર નથી કરતો તે સંસારમાં ભમે છે.

વળી તે ધર્મભ્રષ્ટ પોતે વીતરાગના ઉપદેશ સ્થાનમાં સ્થિર થતો નથી પણ તેને બદલે અનુચિત સ્થાનમાં વર્ત્તે છે. તે બતાવે છે. વિતથ તે અસત્ વચન દુર્ગતિનો હેતુ છે તેને પામીને અકુશળ અથવા ખેદને જાણનારો અસંયમ સ્થાનમાં વર્ત્તે છે. અથવા વિતથ એટલે ગ્રહણ કરવા યોગ્ય ભોગ નથી. જુદું જે સંયમ સ્થાન " છે તેને પામીને ખેદને જાણનારો નિપુણ સાધુ તેજ સ્થાનમાં એટલે કર્મને હણવા માં તત્પર રહે છે અર્થાત્ પોતાને સર્વજ્ઞ પ્રભુની આજ્ઞામાં સ્થાપે છે. આ ઉપદેશ જે શિષ્ય જયાં સુધી તત્વનો બોધ પામ્યો નથી તેને સુમાર્ગમાં વર્ત્તતા અપાય છે. પણ જે તત્વનો જાણ તથા હેય (ત્યાગવા યોગ્ય) ઉપાદેય (ગ્રહણ કરવા યોગ્ય) નું વિશેષ જાણે છે, તે બુધ્ધિવાન પુરૂષ યથા અવસરે યથા યોગ્ય કરવું, તે પોતાની મેળેજ કરે છે, તે બતાવે છે.

उद्देसो पासगस्स नत्थि, बाले पुण निहे कामसमणुन्ने असमिय दुक्खे दुक्खी दुक्खाणमेव आवहं अणुपरियट्टइ (सू. ८१) त्तिबेमि ॥ लोकविजये तृतीयोद्देशकः ॥

ઉદ્દેશ ઉપદેશ એટલે સત્ અસત્ કર્ત્તવ્ય તેના આદેશને જે જાણે તે પશ્ય જાણવો તેજ પશ્યક છે. તેને આ ઉપદેશની જરૂર નથી. તે પોતેજ સમજે છે.

અથવા પશ્યક તે સર્વજ્ઞ અથવા તેના ઉપદેશ પ્રમાણે ચાલનારો જાણવો.

જે કહેવાય તે ઉદ્દેશો. તે નારકાદિ ચાર ગતિ અથવા ઉંચ નીચ ગોત્રનું કહેવું. તે ઉપર કહેલા સર્વજ્ઞને અથવા ઉતમ સાધુને નથી. કારણ કે થોડાજ વખતમાં તેનો મોક્ષ થવાનો છે.

પ્રશ્ન—કયો માણસ વીતરાગના ઉપદેશ પ્રમાણે ચાલતો નથી? તે કહે છે—

"બાળ" રાગ વિગેરેથી મોહીત થએલો તે કષાયો તથા કર્મો વડે અથવા પરિસહે ઉપસર્ગ વડે હણાય છે. તે "નિહ" અથવા જેનાથી સ્નેહ થાય તે સ્નેહિ તે જેને છે. તે સ્નેહ વાલો રાગી જાણવો. તે ઇચ્છા સંસાર સુખનો અભિલાષી મનોહર ભોગોનો રાગી બની કામની ઇચ્છાવાલો તે કામી વારંવાર વિષયની ઇચ્છા શાંત ન પડવાથી તેના

દુઃખથી દુઃખીઓ બનેલો શરીર અને મનનાં દુઃખોથી પીડાતો રહે છે. કાંટા તથા શસ્ત્રનો ઘા અથવા ગુમડું કોઢ વિગેરેથી શરીર દુઃખ ભોગવે તથા વહાલાંનો વિયોગ અપ્રિયનો સંયોગ અનિષ્ટનો લાભ અને ઇચ્છિતનો અલાભ તથા દારિદ્ર દુર્ભાગ્યથી મનની પીડાઓ ભોગવે છે. અને તેનાથી વારંવાર આર્તધ્યાન કરતો વારંવાર તેમાં ભમે છે. એટલે દુઃખના આવર્ત્તમાં ડુબેલો સંસારમાં ભમે છે. (આ બધાનો સાર એ છે કે–જે અહંકાર કરે–દીનતા કરે તે સંસારમાં ભમે અને જે મુનિ સુખ દુઃખમાં અહંકાર દીનતા ન કરતાં ચારિત્રને સમતા ભાવે આરાધે તે મોક્ષમાં જાય) લોક વિજયનો ત્રીજો ઉદ્દેશો સમાપ્ત થયો.

---

**तओ से एगया रोग समुप्पाया समुप्पज्जंति, जेहिं वा सद्धिं संवसइ, ते वणं एगया नियया पुव्विं परिवयंति, सो वा ते नियगे पच्छा परिवइज्जा, नालं ते तव ताणाए वा सरणाए वा, तुमंपि तेसिं नालं ताणाए वा सरणाए वा जाणित्तु दुक्खं पत्तेयं सायं, भोगा मे व अणु सोयन्ति इहमेगेसिं माणवाणं (सू. ८२)**

ત્રીજો ઉદ્દેશો કહ્યા પછી ચોથો ઉદ્દેશો કહે છે.

ભોગોમાં પ્રેમ ન કરવો. એ આ ઉદ્દેશામાં છે. જેથી

ભોગીઓને શું દુઃખો થાય છે, તે બતાવે છે. પૂર્વે પણ તેજ કહ્યું છે. કે ભોગીઓને કોઇ વખતે રોગ ઉત્પન્ન થાય છે. પૂર્વે બતાવ્યું કે સંસારમાં વિષયી જીવ પરિભ્રમણ કરે છે. તે જીવ આ દુઃખોને પણ ભોગવે છે, આ પ્રમાણે ત્રીજા ઉદ્દેશાનો સંબંધ છે. તથા એના પહેલાંના સૂત્રનો આ સંબંધ છે કે બાલક જેવો જીવ પ્રેમમાં પડીને કામ ભોગ કરે છે. તે કામ દુઃખ રૂપજ છે. તેમાં આસક્ત થએલા જીવને વીર્યનો ક્ષય ભગંદર વિગેરે રોગો થાય છે. તેથી કહે છે કે કામના અભિલાષથી અશુભ કર્મ બંધાય અને તેથીજ મરણ થાય છે, પછી નરકમાં ઉત્પન્ન થાય છે. અને નરકમાંથી નીકળીને માના પેટમાં વીર્યના બીંદુમાં ઉત્પન્ન થઈ કલલ અર્બુદ પેશી વ્યુહ ગર્ભ પ્રસવ વિગેરેનાં દુઃખ ભોગવવાં પડે છે. ત્યાર પછી મોટો થતાં રોગો થાય છે. આ બધું અશુભ કર્મનું ફળ ઉદય આવતાં થાય છે, તે રોગો બતાવે છે, માથાનું દુખવું પેટમાં શૂળ ઉઠવી વિગેરે રોગો થાય છે. આ રોગ ઉત્પન્ન થતાં જેની સાથે તે વસે છે. તે સગાં તેને નિંદે છે. અથવા ચાકરી ન થતાં સગાંને તે નિંદે છે, વલી ગુરૂ કહે છે, કે હે શિષ્ય! જે સગાં ઉપર મોહ રાખે છે, તે સગાં તેના ત્રાણ રક્ષણના માટે થતાં નથી, તેમ તું પણ તેના ત્રાણ શરણના માટે થવાનો નથી, એવું જાણીને તથા જે કંઇ દુઃખ સુખ આવે

છે, તે પોતાના કર્મોનુંજ પ્રાણીઓ ફળ ભોગવે છે, તેથી રોગોની ઉત્પત્તિમાં દીનતા ન લાવવી; તથા સુંદર ભોગોને યાદ કરવા નહી, તેથી "સૂત્રમાં કહ્યું છે કે" શબ્દ રૂપ રસ ગંધ અને સ્પર્શ એ પાંચ વિષયનો અભિલાષ અમે કોઇ પણ અવસ્થામાં ભોગવીએ એવી ઇચ્છા ન કરવી તથા પૂર્વે અમારી ચઢતી અવસ્થામાં તેનો આનંદ ન લીધો, એવું પણ યાદ ન કરવું, "એટલે ઇચ્છા" સંસારમાં જેમણે વિષય રસના કડવાં ફળ જાણ્યાં નથી તેવા બ્રહ્મદત્ત ચક્રવર્તી વિગેરેને થાય છે. પણ બધાને તેવા ભોગની ઇચ્છા થતી નથી. જો તેમ ન માનીએ તો સનત્ કુમાર ચક્રવર્તી જેવાને પણ દોષ લાગે, તે બતાવે છે—

બ્રહ્મદત્ત મારણાંતિક રોગની વેદનાથી પીડાએલો સંતાપના અતિશયથી પ્રિય સ્ત્રીને સ્પર્શ કરવા માફક વિશ્વાસ ભૂમીમાં મૂર્છાને પામેલો તેને બહુ માનતો તથા કોકડું વલી ગએલો તથા વિષમતાનો વિષયી બનેલો ગ્લાનીથી પીડાએલો દુખ તલવારથી ઘવાએલો, કાળે બાથમાં લીધેલો, અને પીડાથી પીડાએલો, નિયતિએ દુર્દશામાં મૂકેલો દૈવે ભાગ્યહીન બનાવેલો છેવટના ઉચ્છવાસમાં પહોંચેલો મહા પ્રવાસના મુખમાં પડેલો દીર્ઘ નિંદ્રાના દ્વારમાં પડેલો જીવિત ઇશ (જમ) ના જીભ્હાગ્રે આવેલો, બોલીમાં ગદ ગદ બનેલો, શરીરમાં વિંહળ બનેલો, પ્રલાપમાં પ્રચુર થએલો જાંભિક

(રોગો) વડે જીતાએલો અર્થાત્ કરેલાં પાપોથી દુર્ગતિમાં જવાની તૈયારી કરી રહેલો. છતાં મહા મોહના ઉદયથી સુંદર ભોગોની ઇચ્છાવાળો પાસે બેઠેલી ભાર્યા જે પોતે પતિના દુઃખની ભયંકર વેદનાથી પીડાઇને આંખમાંથી આંસુ પાડતી રાતી આંખોવાલી સામે બેઠેલી છે. તેને કહે છે કે–હે કુરૂમતિ હે કુરૂમતિ એમ વારંવાર પોકારવા છતાં (તે સ્રીના દેખતાંજ) પોતે સાતમી નારકિએ ગયો.

ત્યાં પણ અતીશય વેદના ભોગવતો છતાં વેદનાને ન ગણકારતો તે કુરૂમતિને બોલાવે છે. આ પ્રમાણે ભોગોનો પ્રેમ કોઇક જીવોને બીજી ગતિમાં પણ તજવો દુર્લભ છે. પણ જે ઉદાર સત્વવાલા મહાન પુરૂષો છે. તેમને તે નથી, જેમકે જેણે આત્માથી શરીર જુદું જાણ્યું છે. એવા સનત કુમાર જેવા તત્વ પ્રેમીઓને તેવો ભયંકર રોગ આવવા છતાં પણ (હાયપીટ કરવાને બદલે) મેં પૂર્વે પાપ કર્યાં છે. તે હું ભોગવું છું. એવો નિશ્ચય કરીને કર્મ સમૂહને છેદવા તૈયાર થએલાને (શરીર દુઃખ છતાં પણ) મનમાં કલેશ થતો નથી. કહ્યું છે કે—

" उप्तो यः स्वत एव मोह सलिलो जन्मालवालोऽशुभो,
रागद्वेष कषायसन्तति महान्निर्विघ्न बीजस्त्वया ।
अङ्कुरितो विपत् कुसुमितः कर्म्मद्रुमः साम्प्रतं, ।

**सोढा नो यदि सम्यगेष फलितो दुःखैर धोगामिभिः ॥ १ ॥**

ઉત્તમ પુરૂષ પોતાના આત્માને સમજાવે છે. કે હે આત્મા જે મોહરૂપી પાણીવાલો અને અશુભ જન્મ રૂપી "આલવાલ" ( ઝાડને પાણી પાવાનો કયારો ) વાલો તથા રાગદ્વેષ તથા કષાયનો સમુહ તેના વડે નિર્વિઘ્નપણે મોટું બીજ તેં રોપ્યું છે તથા તે હવે રોગે કરીને અંકુરાવાલું થયું છે. વિપદાઓ તેનાં ફુલો છે. એવું કર્મરૂપી મોટું ઝાડ તેં તૈયાર કર્યું છે જો હવે તેને સારી રીતે સહન નહીં કરે તો નીચ ગતિમાં લઇ જનાર દુઃખોએ કરીને તે ફળવાળો થશે ( જો તું તેને લીધે હાયપીટ કરીશ તો ફરીથી દુઃખો ભોગવવાં પડશે ).

**पुनरपि सहनीयो दुःख पाकस्त्वयाऽयं ।**
**न खलु भवति नाशः कर्म्मणा संचितानाम् ।**
**इति सह गणयित्वा यद्य दायाति सम्यग्,**
**सद सदिति विवेकोऽन्यत्र भूयःकुतस्त्यः ? ॥ २ ॥**

જો તું હાયપીટ કરીશ તો તારે ફરીથી પણ દુઃખનો પાક ભોગવવો પડશે. કારણકે હાયપીટથી બંધાયેલાં કર્મોનો નાશ ભોગવ્યા વિના થશે નહી. આ પ્રમાણે સમજીને જે જે દુઃખ સુખ આવે તે સહન કર. તેજ વિવેક છે. તે સિવાય

બીજો વિવેક કયાંથી હોય ( વિવેકનું લક્ષણ એ છે કે દુઃખ સુખમાં હાય પીટ ન કરવી પણ સંતોષથી સહેવું )

ભોગોનું મુખ્ય કારણ ધન છે, તેથી તેનુ સ્વરૂપજ સૂત્રકાર કહે છે.

**तिविहेण जाऽवि से तत्थ मत्ता भवइ अप्पा वा बहुगा वा से तत्थ गड्ढिए चिट्ठइ, भोयणाए, तओ से एगया विपरिसिट्ठं संभूयं महोवगरणं भवइ, तंपि से एगया दायाया विभयंति, अदत्तहारो वा से हरति, रायाणो वा से विलुंपंति, नस्सइ वा से विणस्सइ वा से, अगारडाहेण वा से डज्झइ इय, से परस्स अट्ठाए कूराणि कम्माणिबाले पकुव्वमाणे तेण दुक्खेण मूढे विप्परिया समुवेइ सूत्र ८३**

ત્રણ પ્રકારે એટલે મન, વચન, અને કાયાથી તેની પાસે જે કંઇ મીલકત થોડી અથવા ઘણી છે. તેમાં ભોગી ગૃદ્ધ થઇને રહે છે. તે માને છે કે—આ મીલકત મારે ભવિષ્યમાં ભોગ ભોગવવા કામ લાગશે. તેથી તેનું રક્ષણ કરવા મહાન ઉપકરણો રાખે છે. પણ જો તેનું એકઠું કરેલું ધન કોઇપણ રીતે નાશ પામે છે એટલે પીતરાઇયો ભાગ પડાવે, ચોરો ચોરી કરે, રાજાઓ લુંટે. નાશ પામે, બળીજાય વિગેરેથી પોતાને ભોગમાં ન આવવાથી ઇચ્છા પુરી

ન થતાં તે ઘેલો બને છે. અને ધનને માટે ક્રૂર કર્મ કરતો અજ્ઞાની. જીવ તેના દુઃખ વડે મૂઢ બને છે. આ બધું પૂર્વે કહેલું છે. તેથી સમજી લેવું. અહીં નથી કહેતા આ પ્રમાણે દુઃખના વિપાકવાલા ભોગોને જાણીને ડાહ્યા મુનિએ શું કરવું તે કહે છે.

**आसं च छन्दं च विगिंच धीरे !, तुमं चेव तं सल्लमाहट्टु जेण सिया तेण नोसिया, इणमेव नाव बुज्झंति जे जणा मोहपाउडा, थीभि लोए पव्वहिए, ते भो !- वयंति एयाइं आययणाइं, से दुःक्खाए मोहाए माराए नरगाए नरगातिरिक्खाए, सययं मूढे धम्मं नाभि जाणइ, उआहु वीरे, अप्पमाओ महामोहे, अलं कुसलस्स पमाएणं संतिमरणं संपेहाए भेउरधम्मं संपेहाए, नालं पास अलं ते एएहिं सू० ८४**

ગુરૂ ઉત્તમ શિષ્યને કહે છે કે-

તું ભોગોની આશાઓને તથા ભોગોના અભિલાષોને છોડ, ધી. ( બુદ્ધિ ) તેના વડે રાજે. ( શોભે ) તે ધીર પુરૂષ જાણવો. તેવા ઉત્તમ શિષ્યને ગુરૂનો ઉપદેશ લાગે છે. તેથી કહે છે કે હે શિષ્ય! ભોગમાં દુઃખજ છે. અને તેમાં સુખની પ્રાપ્તિ નથી. ( મૃગતૃષ્ણામાં જળ નથી. પણ જળનો ખોટો આભાસ છે તેમ ભોગોમાં સુખ નથી. )

આ પ્રમાણે શિષ્યને ગુરૂ સમજાવે છે. અથવા પોતે આત્માને સમજાવે છે. કે હે આત્મા તું ભોગની આશા વિગેરે શલ્યને છોડીને પરમશુભ સંયમ તેનું સેવન કર. પણ ભોગોને વિસરી જા કારણકે જે જે પૈસા વિગેરેના ઉપાયથી ભોગ ઉપભોગની આશા છે તેના વડે મળતો નથી. એટલે જેના વડે ભોગો મળે તેજ ધન વિગેરેથી કર્મની પરિણતિ વિચિત્ર હોવાથી ધાર્યા કરતાં ઉલટું થાય છે. તેનું એક દષ્ટાંત (એક મારવાડી દક્ષિણમાં પૈસા પેદા કરી ૫૦ વર્ષની ઉમરે મારવાડમાં જઇ સુખની અભિલાષાએ કન્યાના પિતાને ધન આપી પરણ્યો, જુવાન સ્ત્રી બીજી સ્ત્રીઓનાં ઘરેણાં વિગેરેથી પોતાના પતિને તેવાં ઘરેણાંનો આગ્રહ કરીને રાત્રીએ પીડવા લાગી. દ્રવ્યના અભાવે અને કમાવાની અશક્તિથી દિવસે કમાવાનું દુઃખ અને રાત્રીએ સ્ત્રીનાં ઘરેણાં વિગેરેનું દુઃખ તેથી કંટાળી તે બીચારાએ આપઘાત કરી પોતાનો પ્રાણ ખોયો અને સુખને બદલે ઘણું દુઃખ ભોગવ્યું,)

અથવા ગુરૂ મહારાજ કહે છે કે જેના વડે કર્મ બંધન થાય તે કૃત્ય તારે ન કરવું. એટલે પાપના કામમાં ન વર્ત્તવું અથવા જેના વડે રાજના ઉપભોગ વિગેરેનો કર્મ બંધ છે, તે ન કરવું. ( એટલે સંયમથી રાજ સુખ ન વાંચ્છવું ) અથવા જે સાધુ પણાથી મોક્ષ થાય તેજ સાધુ જો ભોગમાં

પડે તો મોક્ષને બદલે સંસાર ભ્રમણ થાય (માટે સાધુએ દરેક જગ્યાએ વિવેકથી વર્ત્તવું.)

આ પ્રમાણે અનુભવથી નિશ્ચય કરેલું છતાં મોહથી હારેલા જીવો સત્ય વાતને સમજતા નથી. આજ હેતુનું વિચિત્રપણું છે કે જે પુરૂષો તીર્થંકર પ્રભુંના ઉદ્દેશથી રહીત છે. તેઓનું મોહ તથા અજ્ઞાન વડે અથવા મિથ્યાત્વના ઉદયથી તત્ત્વ સંબંધી જ્ઞાન ઢંકાએલું છે. તેઓ મોહનીય કર્મના ઉદયથી મૂઢ બને છે. અને તેઓને સ્ત્રીઓ ભોગનું મુખ્ય કારણ છે, તે બતાવે છે.

એટલે યુવાન સ્ત્રીઓના કટાક્ષ અંગના ચાળા સુંદર દેખાવ હાથના લટકા વિગેરેથી આ લોક (સંસારી જીવ સમૂહ) આશા અને અભિલાષથી હારેલા જીવો ક્રૂર કર્મ કરીને નરક વિપાક ફળ રૂપ શલ્યને મેળવીને તે દુર્ગતિના દુઃખ રૂપ ફળને વિસરીને મોહથી સુમતિ (અંતરાત્મા) ને વિસરેલો પ્રકર્ષે કરીને પીડાએલો પરાજીત બને છે. એટલે પોતેજ પરવશ થાય છે. એટલું નહીં પણ બીજાઓને પણ વારંવાર ખોટો ઉપદેશ આપીને દુર્ગતિમાં લઇ જાય છે. તે મૂઢો આ પ્રમાણે બોલે છે. આ સ્ત્રી વિગેરે ઉપભોગને વાસ્તે આનંદનાં સ્થાન બનાવેલાં છે. એના વિના શરીરની સ્થિતિ નજ થાય અને તે ઉપદેશ તેઓના દુઃખના માટે થાય છે. એટલે તેમના કહેવા પ્રમાણે ચાલનારને પણ

શરીર તથા મનનાં દુઃખો ભોગવવાં પડે છે. અથવા મોહનીય કર્મ બંધાય છે, અથવા તે અજ્ઞાની બને છે. અને વારંવાર તેમને મરણનાં દુઃખ થાય છે. નરકમાં જવું પડે છે, ત્યાંથી નીકળીને તિર્યંચ થવું પડે છે. આ બધાનું મૂળ કારણ સ્ત્રીમાં મોહ પામવાનું છે. એટલે સર્વ ભોગોમાં મુખ્ય ભોગનું સ્થાન આ સ્ત્રી છે. અને તેથીજ બધાં દુઃખ છે એમ બધી જગ્યાએ સંબંધ લેવો.

આ પ્રમાણે સ્ત્રીના હાવભાવથી તેના અંગ જોવામાં રસીઓ બનેલો ઉપર કહેલી યોનીઓમાં ભમતો છતાં આત્માના હિતને જાણતો નથી. તથા નિરંતર દુઃખથી હારીને મૂઢ બનેલો ક્ષમા વિગેરે દશ પ્રકારના લક્ષણવાલા સાધુ ધર્મને જાણતો નથી. અને તે ધર્મ દુર્ગતિના ભ્રમણને રોકનાર છે. તેવું જાણતો નથી. આ તીર્થંકરે કહેલું છે કોણે કહ્યું? તે કહે છે.

જેણે સંસારનો ભય વિસાર્યો તે વીર પ્રભુએ કહ્યું છે. હે શિષ્યો, તમારે મહા મોહમાં એટલે સ્ત્રીઓના હાવભાવમાં રક્ત થવું નહીં પણ સાવચેત રહેવું. તેજ મહા મોહનું કારણ છે. એટલે તે સ્ત્રીમાં જરાએ પણ રાગી ન થવું. પ્રમાદ ન કરવો. આ નિપુણ બુદ્ધિવાલા શિષ્યને માટે આટલું વચન બસ છે. વલી મદ્ય, વિષય, કષાય, નિદ્રા, વિકથા, એ પાંચ પ્રકારના પ્રમાદથી તમારે સાવચેત રહેવું કારણકે તે પ્રમાદ ઉપર કહેલાં દુઃખો આપવાને માટેજ છે.

પ્રશ્ન—શું આધાર લઇને પ્રમાદને છોડવો ?

ઉત્તર—શાંતિ એટલે શમન તે બધા કર્મનો નાશ જાણવો તે મોક્ષ તેજ શાંતિ છે.

પ્રાણીઓ વારંવાર ચાર ગતિના સંસારમાં મરણ જેના વડે પામે છે, તે સંસાર છે. તે શાંતિ અને મરણ એ બન્નેને વિચારીને પ્રમાદ છોડવો. ગુરૂ કહે છે કે હે શિષ્ય, એક બાજુ પ્રમાદીને વારંવાર જન્મ મરણનું દુખ છે. અને બીજી બાજુ અપ્રમાદીને જન્મ મરણના ત્યાગરૂપ અનંતું સુખ છે એ બન્નેને કુશાગ્ર બુદ્ધિવાલા શિષ્યે વિચારીને વિષય કષાય રૂપ પ્રમાદને ન કરવો.

અથવા શાંતિ વડે મરણ એટલે મરણ સુધી જે ફળ થાય છે. તે વિચારીને પ્રમાદ ન કરવો. એટલે જીવતાં સુધી ઉત્તમ પુરૂષે કોઇપણ સાથે કલેશ ન કરવો. અને તે કલેશ પ્રમાદથી થાય છે માટે પ્રમાદ ન કરવો.

વળી વિષય કષાય અને સ્ત્રીના વિલાસ રૂપ જે પ્રમાદ છે તે શરીરના અંદર રહેલો છે. અને તે શરીર પોતાની મેળે નાશ પામનારૂં છે. તો તેવા નાશવંત શરીરને વિચારીને સાધુએ પ્રમાદ ન કરવો. (જે શરીરના માટે પ્રયાસ થાય તે શરીર નાશવંત છે. ધન અહીંજ રહેવાનું છે.) એટલે ભોગો ભોગવવા છતાં પણ તૃપ્તિ થતી નથી. તેમ ભોગો અભિલાષને સંતોષ પમાડી શકતા નથી. તેથી તું જાણ

(એક પુરૂષે પૈસાથી પાંચસો યુવતીઓ ખરીદ કરી એક સ્થંભાના મહેલમાં રાખી તેની ચોકી માટે પોતેજ નીચેના દરવાજે દિવસે બેસતો આ પ્રમાણે એકજ સ્ત્રીને સુખ અને ૪૯૯ ને દુઃખ થતું તેથી તેમણે વિચારીને આ કેદખાનામાંથી છુટવાને એક દિવસ લાગ જોઇ બધીઓ સાથે મલીને દરપણનો માર મારીને તેને મારી નાખ્યો. તે નિર્ભાગી દુઃખ પામીને નરકમાં ગયો. સ્ત્રીઓ ધન સ્વેચ્છા ચારે વાપરી પોતે પણ દુઃખ ભાગીની થઇ) માટે હે શિષ્ય ! તારી બુદ્ધિ વડે જો કે દુઃખના કારણવાલા પ્રમાદ રૂપ વિષયોનું ભોગવવું છે. તે તૃપ્તિને અથવા શાંતિને આપતા નથી.

કહ્યું છે કે—

**" यल्लोके ब्रीहियवं, हिरण्यं पशवः स्त्रियः ।**
**नालमेकस्य तत्सर्वमिति मत्वा शमं कुरु ॥ १ ॥**

આ લોકના વિષે વ્રીહિ, જવ, સોનું, પશુઓ, સ્ત્રીઓ, વિગેરે બધું પણ એક માણસની તૃપ્તિના માટે સમર્થ નથી એવું સમજીને તેનો મોહ છોડ, આત્માને શાન્ત કર.

**उपभोगो पायपरो वाञ्छति यः शमयितुं विषयतृष्णाम् ।**
**धावत्याक्रमितुमसौ, पुरोऽपरान्हे निजच्छायाम् ॥२॥**

ઉપભોગના ઉપાયમાં તત્પર થએલો જે વિષય તૃષ્ણાને શાન્ત કરવા ઇચ્છે છે તો ફરીથી અં- રે પોતાની છાયામાં

આક્રમણુ કરવાને તે તૃષ્ણા તૈયાર રહે છે ( એક ઇચ્છા પૂરી કરીકે બીજી તૈયારજ છે. તૃષ્ણાનો અંત કોઇ વખત નથી ). તેથી ભોગના લાલચુઓને તેની પ્રાપ્તિમાં કે ન પ્રાપ્તિમાં દુઃખજ છે તે બતાવે છે.

**एयं पस्स मुणी ? महब्भयं, नाइवाइज्ज कंचणं, एस वीरे पसं सिए जे न निव्विज्जइ, आयाणाए, न मे देइ न कुपिज्जा थोवं लद्धुं न खिंसए पडिसेहिओ परिणमिज्जा, एयं मोणं समणु वासिज्जासि (सू०८९) त्तिबेमि ।**

ગુરૂ સારા શિષ્યને કહે છે કે હે મુનિ ! ભોગની આશા રૂપ મહા તાપથી ઘેરાયેલા પુરૂષને કામદશાની અવસ્થાના મોટા ભયને તું પ્રત્યક્ષ જો, કામીને ડગલે ડગલે બીજાનો ભય છે. તેથી મોટો ભય તેજ દુઃખ છે. અને ભોગ લંપટોને મરણનું કારણ છે. તેથી તે મોટો ભય કહ્યો, તેથી હે શિષ્ય! આ લોક અને પરલોકમાં ભય આપનાર ભોગોને જાણુ, તેથી શિષ્યે શું કરવું તે ગુરૂ કહે છે.

માટે તું તે ભોગોથી તારા આત્માને દુર્ગતિમાં ન નાખીશ. તું કોઇ જીવોને દુઃખ ન આપીશ તેજ પ્રમાણે બીજા કોઇને જુઠું બોલી ન ફસાવીશ તેમ ચોરી પણ ન કરીશ વિગેરે પાંચે પાપોને ત્યાગજે.

જે ભોગથી દૂર રહે છે. અને જીવ હિંસાથી દૂર રહે છે. તે મહાત્માને શું ગુણ થાય છે તે બતાવે છે. તે ભોગોની આશા અભિલાષા ત્યાગનાર અપ્રમાદિ સાધુ પંચ મહાવ્રતના ભારથી પોતાનો સ્કંધ નમાવેલો અનેક કર્મ વિદારણ કરવાથી વીર પુરૂષ ઇંદ્ર વિગેરેથી સ્તુતિ કરાય છે.

પ્રશ્ન—કયા પુરૂષની સ્તુતિ થાય છે!

ઉત્તર—જે મહાત્મા આત્માને ગ્રહણ કરવા યોગ્ય તત્વને ગ્રહણ કરે છે એટલે બધાં ઘાતી કર્મ ક્ષય થવાથી બધી વસ્તુનો પ્રકાશ કરનાર કેવળ જ્ઞાન તેને પ્રકટ થવાથી અવ્યાબાધ સુખ મળે છે. તે જ્ઞાન મળવાનું મુખ્ય કારણ સંયમનું અનુષ્ઠાન છે. તેમાં દોષ લગાડતો નથી. અથવા રેતીના કોળીઆ ખાવા મુશ્કેલ છે તેવું સંયમ પાળવું કઠણ છે છતાં પાળે છે. એટલે કોઇ વખત ગોચરી ન મળે તોપણ સાધુ સંયમને મુકે નહીં તેમ મનમાં દીનતા પણ ન લાવે.

અથવા આ ગૃહસ્થ પોતાની પાસે વસ્તુ છે છતાં મને આપતો નથી. એવું માનીને તેના ઉપર ક્રોધ ન લાવે. પરંતુ મુનિએ એમ માનવું કે આ મને અંતરાય કર્મનો દોષ છે. અને ન મળવાથી તપનો લાભ થશે તેથી મને કાંઇપણ નુકસાન નથી. અથવા કોઇ થોડું આપે અથવા તુચ્છ ખોરાક આપે તોપણ દાન આપનારને નિંદે નહી.

કોઈ ગૃહસ્થ ના પાડે તો ત્યાંથી રીસાયા વિના ખસી

જવું. કક્ષણ માત્ર પણ હઠ લઇ ઉભા ન રહેવું. અથવા દાન આપનારી બાઇને કટુ વચન ન કહેવાં જેમકે તારા ગૃહસ્થાવાસને ધિક્કાર છે?

**"दिट्ठाऽसि कसेरुमई ? अणुभूयासि कसेरुमइ ? ।**
**पीयं चिय ते पाणिययं वरि तुह नामन दंसणं॥१॥"**

હે ઉદાર બુદ્ધિવાલી સ્ત્રી! તને જોઇ! હે ઉદાર બુદ્ધિ વાલી! તારો અનુભવ કર્યો! તારૂં પાણી પીધુંજ! તારૂં નામ સારૂં! આટલું બધુ છતાં પણ તારૂં દર્શન સારૂં નથી! ( આવું સાધુએ બોલવું નહિ ).

કદાચ તે આપે તો લઇને રસ્તો પકડવો, પણ ત્યાં ઉભા રહીને નીચા ઉંચા વચન વડે તેની સ્તુતિ નિંદા ન કરવી. અર્થાત્ ભાટની માફક તેનાં ખોટાં ગીતડાં ન ગાવાં. આ બધાનો સાર કહે છે.

આ પ્રવ્રજ્યાના નિર્વેદ રૂપ (શાંતિથી) દાતાર ઉપર ન આપે તો પણ કોપ ન કરવો, થોડું આપે તો નિંદા ન કરવી. આપે તો લઇને ચાલતા થવું. આ મુનિનું મૌન છે. એટલે મોક્ષાર્થિ સાધુનું આ આચરણ છે. તું પણ અનેક ભવ કોટિને ભ્રમણ કરતાં અમૂલ્ય એવા સંયમને પામીને સારી રીતે પાળજે, આમ ગુરૂ શિષ્યને સમજાવે છે. અથવા પોતના આત્માને ઉપદેશ આપે છે. કે તું રાગ દ્વેષ ન કરજે. ચોથો ઉદ્દેશો સમાપ્ત થયો.

હવે પાંચમો ઉદ્દેશો કહે છે. તેનો આ સંબંધ છે. આ લોકમાં ભોગોને તજીને સંયમ દેહ પાળવાને માટે લોકની નિશ્રાએ વિહાર કરવો જોઇએ. તે આ ઉદ્દેશામાં બતાવે છે.

આ લોકમાં સંસારથી ખેદ પામેલા ભોગના અભિલાષ તજેલા મોક્ષાભિલાષિએ પોતાનામાં ગુરૂએ સ્થાપન કરેલા પંચ મહાવ્રત ભાર વડે નિર્વંદ્ય અનુષ્ઠાન કરનારા મુનિએ દીર્ઘ સંયમની યાત્રા માટે દેહનું પરિપાલન કરવા લોકની નિશ્રાએ વિહાર કરવો જોઇએ, કારણ કે આશ્રય વિના દેહનાં સાધન કયાંથી થાય? અને દેહ વિના ધર્મ કયાંથી થાય? કહ્યું છે કે—

**"धर्म्मं चरतः साधोर्लोके निश्रापदानि पञ्चापि।
राजा गृहपतिरपरः षट्काया गणशरीरे च ॥१॥"**

ધર્મમાં ચાલનારા સાધુને લોકમાં પાંચ નિશ્રાનાં પદ છે, રાજા ગૃહસ્થ છકાય સાધુ સમૂહ તથા શરીર એ પાંચ જાણવાં, વસ્ત્ર, પાત્ર, અન્ન, આસન, શયન, વિગેરે સાધનો છે. તેમાં પણ પ્રાયઃ નિરંતર આહારનો મુખ્ય ઉપયોગ છે. અને તે આહાર ગૃહસ્થ પાસેથીજ લેવાનો છે. અને ગૃહસ્થો જુદા જુદા ઉપાયો વડે, પોતાના પુત્ર સ્ત્રી વિગેરે માટે આરંભમાં પ્રવર્તેલા છે, તેમને ત્યાં સાધુએ સંયમ દેહની રક્ષા માટે નિર્વાહ કરવા જોઇતી વસ્તુ સાધવી જોઇએ. તે બતાવે છે.

जमिणं विरुवरूवेहिं, सत्थेहिं लोगस्स 'कम्म समारंभा' कज्जंति, तं जहा अप्पणो से पुत्ताणं, धूयाणं सुण्हाणं नाईणं, धाईणं राईणं दासाणं दासीणं कम्म कराणं कम्म करीणं आएसाए पुढो पहेणाए सामासाए पायरासाए, संनिहि संनिचओ 'कज्जइ, इह'मे गेसिं 'माणवाणं' भोयणाए (सूत्र. ८६)

તત્વને જાણુનારા પુરૂષો સુખ મેળવવા દુઃખ છોડવા માટે જુદાં જુદાં શસ્ત્રો જે પ્રાણીઓને દુઃખ આપનારાં છે, તે દ્રવ્ય અને ભાવથી બે પ્રકારનાં બતાવ્યાં છે, તેના વડે પોતાનું શરીર પુત્ર દીકરી છોકરાની વહુ ન્યાતી વિગેરેના નિર્વાહ માટે કર્મના સમારંભો કરે છે, તે બતાવે છે.

સુખ મેળવવું, દુઃખ છોડવું, તેના માટે કાયાથી, અધિકરણ વડે, અથવા દ્વેષથી, પરિતાપ ઉપજાવવા વડે, અથવા જીવથી શરીર દૂર કરવાવાલી પાંચ પાપની ક્રિયાઓ છે, અથવા ખેતીવાડી વ્યાપાર વિગેરે કર્મના સમારંભો છે, તે લોકો કરે છે.

આ સમારંભ શબ્દ લેવાથી "સંરંભ." તથા આરંભ પણ જાણી લેવા એટલે શરીર અને સ્ત્રી માટે લોકો સંરંભ સમારંભ અને આરંભો કરે છે.

## સંરંભનું વર્ણન.

ઇષ્ટ પ્રાપ્તિ અનિષ્ટ છોડવું. તેને માટે પ્રાણાતિપાત વિગેરે, સંકલ્પનો આવેશ જાણવો.

## સમારંભનું વર્ણન.

સંકલ્પ કર્યા પછી તેનાં સાધન ભેગાં કરવાં, તથા કાયા અને વચનના વેપારથી બીજાને પરિતાપ વિગેરેના લક્ષણવાલો છે.

## આરંભનું વર્ણન.

ત્રણ દંડ (મન વચન કાયા) ના વ્યાપારથી મેળવેલી તથા ઉપયોગમાં લીધેલી જીવ હિંસા વિગેરેની ક્રિયા ચાલુ કરવી, તે આરંભ છે, અથવા આઠ પ્રકારના કર્મના સમારંભ, એટલે જોઇતી વસ્તુને મેળવવાના ઉપાયો કરવા તે.

સૂત્રમાં લોક શબ્દ છે, તે લોક કયો છે, કે જેના વડે આરંભો કરાય છે? તે બતાવે છે.

આત્મા શરીરથી જોડાએલો છે, તે શરીર નિભાવવા લોકો આરંભ કરે છે, તેજ પ્રમાણે પુત્ર દીકરી વિગેરે માટે પણ આરંભ કરાય છે, એટલે રસોઇ વિગેરે બનાવવી પડે છે. તેવી રીતે બીજા આરંભો પણ કરવા પડે છે એવું પૂર્વે કહ્યું છે.

પ્રશ્ન—શરીર લોક શબ્દના અર્થમાં કેવી રીતે ઘટે.?

ઉત્તર—તમારૂં કહેવું બરાબર નથી, કારણ કે પરમાર્થ

દૃષ્ટિથી જોનારાઓને જ્ઞાન દર્શન ચારિત્ર રૂપ આત્મ તત્વને છોડીને બાકીનું શરીર વિગેરે પણ પારકુંજ છે, કહ્યું છે કે–બહારના પુદ્ગળનું બનેલું અચેતન રૂપ કર્મનું વિપાક રૂપ પાંચે શરીરો છે. તેથી શરીર આત્મ પણ લોક શબ્દ વડે બતાવ્યો, તેથી કોઇ શરીર માટે પાપ ક્રિયાઓ કરે છે, બીજો કોઇ દીકરા દીકરી માટે, તો કોઈ દીકરાની વહુને માટે તો કોઇ ન્યાત માટે, તેજ પ્રમાણે સંબંધથી જોડાએલાં સગાં ધાવ માતા માટે, રાજા માટે દાસ દાસી માટે નોકર નોકરડી માટે આરંભ કરે છે, કોઇ પરોણા માટે કરે છે, કોઇ જુદા જુદા પુત્ર વિગેરેને પ્રહેણક ( ) માટે કરે છે, કોઇ રાત્રીમાં ખાવા રાંધે છે. કોઈ પ્રભાતમાં ખાવા રાંધે છે, તે આ બધામાં કર્મ સમારંભ છે, વળી વિશેષ કહે છે.

જલ્દી નાશ પામે તેવી વસ્તુઓને રાખી મુકે છે. દહીં ભાત મેળવી રાખે છે, તથા ઘણો કાળ રહી શકે તેવી વસ્તુઓનો સંચય પણ કરે છે, તે બાલ હરડે, સાકર, દ્રાક્ષ, વિગેરેને સંઘરે છે, આ બધું પરિગ્રહ વિગેરે આજીવિકાના કારણે છે, અથવા ધનધાન્ય સોનું. વિગેરેનો સંગ્રહ કરે છે. આ બધું શા માટે કરે છે તે કહે છેઃ—

આ લોકમાં પરમાર્થ બુદ્ધિવાળા મુનિઓને જમાડવા માટે કરે છે, એટલે કોઇ સ્વાર્થ માટે, તથા કોઇ પરમાર્થ માટે

રાત્રીમાં, પ્રભાતમાં કે દિવસમાં ભોજન માટે કે, નિર્વાહ માટે સંસારી–પાપક્રિયાઓ કરે છે, અને વિરૂપ શસ્ત્રોવડે બીજા જીવોને પીડા કરે છે. આ પ્રમાણે લોકની સ્થિતિ હોય; તો, સાધુએ શું કરવું તે કહે છે:—

**समुट्ठिए अणगारे आरिए आरियपन्ने आरियदंसी अयंसंधित्ति अदक्खु, से नाईए नाइयावए न समणुजाणइ, सव्वामगंधं परिन्नाय निरामगंधो परिव्वए (सू० ८७)**

જે સાધુ સમ્યક્ રીતે નિરંતર સંયમ અનુષ્ઠાનવડે વર્તે છે, તે જુદાં જુદાં શસ્ત્રોવડે થતી પાપક્રિયાથી મુક્ત થયલો છે, તે મુનિને ઘર નથી; તેમ મમત્ત્વ પણ નથી; તેથી તે અનગાર છે, તેમ તેને ગૃહસ્થની માફક દીકરા–દીકરી વહુ વિગેરેને પણ પોષવાં નથી. તે અનગાર પોતે બધાં પાપકર્મોથી દુર થયેલ છે, તેથી તે આર્ય છે, તેથી તે ચારિત્રને પાળવા યોગ્ય છે. વળી જેની બુદ્ધિ ઉત્તમ છે, તે આર્ય પ્રજ્ઞાવાળો જાણવો; એટલે સૂત્ર ભણ્યાથી; જેની બુદ્ધિ પરમાર્થમાં ખીલેલી છે, તથા ન્યાયમાં મન રમેલું હોવાથી તે ન્યાયને જુએ છે, તેથી તે આર્યદર્શી છે, એટલે તે જુદા "પ્રહેણક 'શ્યામા 'અશન" (પૂર્વે પરોણા વિગેરે માટે રાતે રાંધવું; વિગેરે તેનાથી મુક્ત) છે, તથા પોતે "અયંસંધિ" છે, એટલે પોતાનાં દરેક કાર્ય યોગ્યવખતે

કરનારો છે. જ્યારે જે કરવું હોય; તે પ્રમાણે કરે છે. કપડાં જોવાં; ધ્યાન રાખવું; સિદ્ધાંત ભણવો; ગોચરી જવું; પ્રતિક્રમણ કરવું. વિગેરે દરેક ક્રિયા એકબીજાને 'બાધા' વિના સમયે સમયે કરે છે, તેજ પરમાર્થને જોનારો જાણવો. તથા તે મુનિ "અદકખુ" છે, એટલે જે આર્ય છે, આર્યબુદ્ધિવાળો છે, આર્યદર્શી છે, કાળને જાણનારો છે, તેજ પરમાર્થને જાણનારો જાણવો. બીજી પ્રતિમાં સૂત્ર-પાઠમાં ભેદ છે, તે,

**अयं संधि मदक्खु છે—**

તેનો અર્થ કહે છે:—પૂર્વે બતાવેલાં ઉત્તમ વિશેષણ-વાળો સાધુ કર્ત્તવ્યકાળને જાણે છે, એટલે જે પરસ્પર હિત–અહિત, મેળવવું, છોડવું; વિગેરે ક્રિયાને બાધા ન કરતાં; પ્રથમ અવસરને જાણે છે, અને તે પ્રમાણે કરે છે, તે પરમાર્થને જાણનારો છે.

### ભાવસંધિ

જ્ઞાન દર્શન અને ચારિત્ર તેની વૃદ્ધિ શરીર વિના ન થાય, અને શરીરનો નિર્વાહ આધારના કારણ વિના ન થાય, અને તેમાં પણ સાવદ્યનો ત્યાગ કરવાનો છે. તેથી તે ભિક્ષુક જે ઉત્તમ સાધુ છે, તે પોતે દોષિત આહારને ગ્રહણ ન કરે તેમ બીજા પાસે લેવડાવે નહીં, અથવા કોઇ લે તો હોય તેને અનુમોદે નહીં, અથવા ઇંગાલ દોષ, અથવા ધુમ

દોષ, ન લગાડે, એટલે સારા આહારની સ્તુતિ ન કરે, તેમ ખરાબ આહારની નિંદા પણ ન કરે, તેજ પ્રમાણે બીજા પાસે તેવા દોષો ન લાગવા દે, તથા તેવા નિંદા સ્તુતિ કરનારાની પ્રશંસા પણ ન કરે, તથા આમ ગંધને છોડે એટલે અશુદ્ધ આહાર વડે દોષ ન લગાડવો જોઈએ.

શંકા=પૂતિ શબ્દનો અર્થ અશુદ્ધ છે, તો આમ શબ્દ શા માટે વાપર્યો ?

ઉત્તર=અશુદ્ધ તે સામાન્ય શબ્દ છે, અને પૂતિ શબ્દ લેવાથી અહીંયા આધા કર્મ વિગેરેની અશુદ્ધ કોટિ પણ બતાવી, અને તેનો મોટો દોષ હોવાથી તેનું પ્રધાનપણું બતાવવા ફરી કહ્યું છે, તેનો અર્થ આ પ્રમાણે છે. ગંધ શબ્દ લેવાથી (૧ આધાકર્મ (૨) ઔદ્દેશિકત્રિક (૩) પૂતિ કર્મ (૪) મિશ્ર (૫) બાદર પ્રાભૃતિકા (૬) અધ્યવ પૂર્વક એમ છ પ્રકારના ઉદ્‌ગમ દોષ અવિશુદ્ધ કોટિની અંદર રહેલા છે, અને બાકીના વિશુદ્ધકોટિમાં છે તે આમ શબ્દવડે બતાવ્યા છે, તથા સૂત્રમાં સર્વ શબ્દ છે, તે બધા પ્રકારોને સૂચવે છે, તેથી એમ જાણવું કે, કોઇપણ પ્રકારે અપરિશુદ્ધ, અથવા પૂતિ હોય; તો, તે દોષિત ભોજન વિગેરે જ્ઞ-પરિજ્ઞાવડે જાણીને પ્રત્યાખ્યાન, પરિજ્ઞાવડે નિરામગંધવાળો બને; એટલે નિર્દોષ ભોજન વિગેરે લેનારો વર્તે; અને; તેથી પોતે જ્ઞાન દર્શન-ચારિત્ર નામના મોક્ષમાર્ગમાં સારીરીતે વર્તે; અને સંયમ અનુષ્ઠાનને પાળે.

આમ શબ્દ ગ્રહણ કરવાથી ખરીદ કરેલું સાધુને ન કલ્પે; છતાં, અલ્પસત્ત્વવાળા સાધુને ઓછું સમજાય; તેથી વિશુદ્ધકોટિમાં રહેલ ક્રીતદોષ છે, એમ જાણીને તે લે, તેવી તેની વૃત્તિ, ન થાઓ; તે માટે ફરીથી તેનું નામ લઇને નિષેધ કરે છે. સાધુ માટે વેચાતું આણેલું; પણ સાધુએ ન લેવું તે બતાવે છે:—

**अदिस्समाणे कयविक्कयेसु, से ण किणे न किणावए, किणंतं न समणु जाणइ, से भिक्खू कालन्ने बालन्ने मायन्ने खेयन्ने खणयन्ने विणयन्ने ससमयपर समयन्ने भावन्ने परिग्गहं अममायमाणे कालाणुट्ठाई अपडिण्णे ( सू० ८८ )**

લેવું, વેચવું, તે ક્રય-વિક્રય છે. તે પોતે તેનાથી અદૃશ્ય રહે; અર્થાત્ પોતે સાધુ માટે ખરીદ કરેલી વસ્તુને ભોગવે નહિ; એટલે મોક્ષવાંચ્છક સાધુ ધર્મ ઉપકરણોને પણ ખરીદ ન કરે; બીજા પાસે ન કરાવે; તેમ ખરીદ કરનારને પ્રશંસે પણ નહિ; અથવા નિરામગંધવાળો બની સાધુપણું પાળે. અહીયાં પણ આમ શબ્દ ગ્રહણ કરવાથી હનનકોટિની ત્રિક છે, તથા ગંધ ગ્રહણવડે પચનત્રિક લેવી; તથા ક્રયણકોટિત્રિક તે પોતાનાં સ્વરૂપ બતાવનારા શબ્દવડે લીધી છે, એથી નવકોટિ પરિશુદ્ધ આહારને અંગાર ધૂમદોષરહિત સાધુ 'ભોજન' કરે અથવા વસ્તુને ભોગવે.

એ ગુણુથી ઉત્તમ સાધુ કેવો હોય તે કહે છે, તે ભિક્ષુક (સાધુ) સમયનો જાણુ હોય છે. તથા બળને જાણુનારો છે, એટલે પોતાની શરીર શક્તિ વિચારીને તે પ્રમાણે ધર્મ ક્રિયા કરે છે, પણુ બળને છુપાવી રાખતો નથી, કરવાના કામમાં પ્રમાદ કરતો નથી, તથા પોતાને કેટલી વસ્તુ જોઇશે, તેને જાણુનારો છે, તે "માત્રજ્ઞ" કહેવાય છે. તથા 'ખેદ' તે અભ્યાસ તેના વડે જાણુનારો છે. અથવા ખેદ એટલે 'શ્રમ' કે, સંસારના ભ્રમણુમાં આટલું દુઃખ છે, તેને જાણે છે. કહ્યું છે કે—

"जरा मरण दौर्गत्य, व्याधयस्तावदासताम् ।
मन्ये जन्मैव धीरस्य, भूयो भूयस्त्रपाकरम् ॥१॥

જરા (બુઢાપો) મરણુ, દુર્ગતિ, રોગ, આમોટી પીડા 'તો' 'દૂર' રહો, પણુ ધીર પુરૂષને વિચારતાં માલુમ પડશે કે, જન્મ વારે વારે લેવો, તે જન્મ વખતની અવસ્થા પણુ નિંદનીક છે, એવું હું માનું છું.

અથવા ક્ષેત્રજ્ઞ શબ્દ લઇએ તો સંસક્ત (રાગનું કારણુ) વિરૂદ્ધ દ્રવ્ય, પરિહાર્ય, (તજવા યોગ્ય) કુળ વિગેરે ક્ષેત્રનું સ્વરૂપ જાણુનારો એટલે આ જગ્યા એ જવાથી રાગ થશે, આ જગ્યાએ જવાથી દ્વેષ થશે, અમુક જગ્યાએથી અમુક વસ્તુ મળશે, આવાં ભ્રષ્ટ ક્ષેત્રમાં ગોચરી લેવા યોગ્ય નથી. વિગેરે સ્થિતિ જાણુનાર તથા "ખણુ યન્ન" એટલે ક્ષણુ

(અવસર) એટલે અમુક વખતે ગોચરી જવું, તે જાણનારો મુનિ હોય છે, તથા જ્ઞાન દર્શન ચારિત્ર ને યોગ્ય રીતે પાળવાં, તે 'વિનય' છે, તેને જાણનારો છે. તથા જૈન તથા અન્ય મતોના તત્વને જાણનારો છે, એટલે પોતાના સિદ્ધાંતનો જાણ હોવાથી ગોચરી વિગેરેમાં ગએલો સુખેથી ગોચરીના દોષોને જાણે છે. તે દોષો નીચે મુજબ છે.

## સોળ ઉદ્દગમ દોષો કહે છે.

(૧) આધા કર્મી (સાધુના માટે રાંધેલું) (૨) ઔદ્દેશિક (અમુક મુનિ માટે અમુક ભોજન બનાવેલું) પૂતિકર્મ (નિર્દોષ અન્નને આધા કર્મ સાથે મેળવવું) (૪) મિશ્ર (સાધુ તથા પોતાના માટે ભેગું બનાવેલું) (૫) સ્થાપના (સાધુના માટે રાખી મુકેલું) (૬) પ્રાભૃત્તિક. (સાધુના માટે વહેલું મોડું કાર્ય કરવું) (૭) પ્રકાશ કરણ (અંધારામાંથી અજવાળે બહાર લાવે. અથવા દીવો વિગેરે કરે તે.) (૮) ક્રીત. (વેચાતું લાવેલું.) (૯) ઉદ્યતક (ઉધારે લાવીને આપવું તે.) (૧૦) પરિવર્ત્તિત (બદલો કરીને લાવે તે.) (૧૧) અભ્યાહૃત (સામે લાવીને આપવું.) (૧૨) પદ ભિન્ન (લાખ વિગેરે શીલ તોડીને આપવું.) (૧૩) માલાપહૃત (ઉપરથી નીચે લાવીને આપવું.) (૧૪) અછેદ્ય (જોર જુલમ કરી બીજા પાસેથી લઇને આપવું) (૧૫) અનિસૃષ્ટ ("ઘણાઓની ભેગી રસોઇમાંથી વગર રજાએ એક

માણુસ આપે તે. ) (૧૬) અધ્યવ પૂર્વક ( સાધુને આવતા જાણીને તેમના માટે પૂર્વ રંધાતા અનાજમાં થોડું ઉમેરે તે. ) આ ઉપરના સોળ દોષો વોહોરાવનાર તરફથી સાધુને લાગે છે.

## સોળ ઉત્પાદ દોષો કહે છે.

(૧) ધાત્રીપિંડ. ( ગૃહસ્થના છોકરાને રમાડીને સાધુ લે તે.) (૨) દૂતીપિંડ પરદેશના સમાચાર આપીને ગોચરી લે તે. (૩) નિમિત્તપિંડ ( જ્યોતિષથી સમજાવી ગોચરી લે. ) (૪) આજીવપિંડ ( પોતાની પહેલાંની અવસ્થા બતાવી ગોચરી લે તે. ) (૫) વનીપકપિંડ ( જૈનેતર પાસે તેનો ગુરૂ બની ગોચરી લે તે. ) (૬) ચિકિત્સાપિંડ ( દવા કરીને ગોચરી લે તે. ) (૭) ક્રોધપિંડ ( ધમકાવીને ગોચરી લે તે. ) (૮) માનપિંડ ( પોતાની ઉંચ જાતિ વિગેરે બતાવીને ગોચરી લે તે (૯) માયાપિંડ ( વેષ બદલીને ગોચરી લે તે. ) (૧૦) લોભપિંડ ( સ્વાદિષ્ટ ભોજન માટે વારંવાર તે જગ્યાએ ગોચરી લેવા જાય તે. ) (૧૧) પૂર્વ સ્તવપિંડ ( પહેલાંના સગપણનો પરિચય કરાવવો ) (૧૨) પશ્ચાત્ સંસ્તવપિંડ ( તેના સંબંધીના ગુણ ગાઇને ગોચરી લે તે. ) (૧૩) વિદ્યાપિંડ ( છોકરા ભણાવીને ગોચરી લે તે. ) (૧૪) મંત્રપિંડ ( કામણ ટુમણના મંત્ર બતાવીને ગોચરી લેવી તે. ) (૧૫) ચુર્ણયોગપિંડ ( વાસ ક્ષેપ વિગેરે મંત્રી આપીને ગોચરી લે તે. ) (૧૬) મૂળ કર્મપિંડ (ગર્ભ

રહેવા સંબંધી ઉપાય વિગેરે બતાવીને ગોચરી લે તે.) આ ઉપરના સોળ દોષો ગોચરી લેનાર સાધુને પોતાને લીધે થાય છે.

## દશ એષણા દોષો આપનાર લેનારના ભેગા થવાથી બને તે કહે છે.

(૧) શંકિત (અશુદ્ધ આહારની શંકા છતાં લેવું તે.) (૨) મૃક્ષિત (અશુદ્ધ વસ્તુથી ખરડાએલા હાથે લેવું તે.) (૩) નિક્ષિપ્ત (સચિત્ત વસ્તુમાં પડેલી અચિત્ત વસ્તુ મુકેલી લેવી તે.) (૪) પિહિત (અચિત્ત વસ્તુ ઉપર સચિત્ત વસ્તુ ઢાંકેલી હોય તે અચિત્ત વસ્તુ લે તો તેનો પણ દોષ લાગે) (૫) સંહૃત (બીજા વાસણમાં નાખીને આપે તે.) (૬) દાયક. (આપનારને ભાન 'ન' હોય તે લે તે.) (૭) મિશ્ર. (ચચિત્તમાં અચિત્ત વસ્તુ મેળવીને આપે તે.) (૮) અપરિણત (અચિત્ત થયા વિનાની વસ્તુ આપે તે.) (૯) લિપ્ત. (લીટ-બળખા વિગેરે ગંદા હાથથી આપે તે.) (૧૦) ઊજ્ઝિત. (છાંટા પાડતી આપે તે. ઉપરના દશ દોષો લેનાર તથા આપનાર, બન્નેના ભેગા થાય છે.

પર સમયજ્ઞ હોવાથી ઊનાળાના બપોરે ખરા તડકાના તાપમાં તપેલા સૂરજથી પરસેવાના 'બિંદુ' ટપકતા સાધુના મેલાં શરિરને જોઇ કોઇ અન્ય ગૃહસ્થે પૂછયું કે, ભાઈ તમારામાં બધા માણસોએ ઉચિત માનેલું સ્નાન શામાટે નથી કરતા ? ત્યારે સાધુએ જવાબ આપ્યો કે,

હે બંધુ! સર્વ સાધુઓને જળનું સ્નાન છે. તે કામ (સ્રીનો અભિલાષ) તેનું એક અંગ છે. તેથી નિષેધ કર્યો છે તે સાંભળોઃ—

"स्नानं मद दर्पकरं, कामाङ्गं प्रथमं स्मृतम्।
तस्मात्कामं परित्यज्य, नैव स्नान्ति दमे रताः ॥१॥"

સ્નાન મદનો દર્પ કરાવનાર છે, તથા કામનું પહેલું અંગ છે. માટે કામને છોડનારા બ્રહ્મચારી, અને દમનમાં રક્ત થયેલા છે તેઓ સ્નાન કરતા નથી. આ પ્રમાણે સ્વ અને પરસિદ્ધાંતને જાણનારો પરને ઉત્તર આપવામાં કુશળ હોય છે, તથા ભાવજ્ઞ એટલે, ચિત્તના અભિપ્રાયને જાણનારો છે કે, આ 'દાન' આપનાર કે, વ્યાખ્યાન સાંભળનારનો આવો અભિપ્રાય છે. વળી પરિગ્રહ તે, સંયમમાં જોઇતાં ઉપકરણથી વધારે છે, તે ન લે, અને લેવાની પણ મનમાં ઇચ્છા ન રાખે; તેવા સાધુ કાળજ્ઞ, બળજ્ઞ, માત્રજ્ઞ, ક્ષેત્રજ્ઞ, ખેદજ્ઞ, ક્ષણજ્ઞ, વિનયજ્ઞ, સમયજ્ઞ, ભાવજ્ઞ હોય તો પરિગ્રહને ગ્રહણ ન કરતો યોગ્યસમયે યોગ્યક્રિયાનો કરનારો બને છે.

શંકા—પૂર્વે 'કાળજ્ઞ' શબ્દમાં તે વાત આવી છે, અને અહીં ફરીથી કેમ કહો છો?

ઉત્તરઃ—ત્યાં જ્ઞપરિજ્ઞાવડે જાણવાનું છે, અને અહીંયાં કર્તવ્ય કરવાનું છે.

વળી કોઇપણ જાતનું નિયાણું ન કરે; તે અપ્રતિજ્ઞ છે. જેમકે, ક્રોધના કારણે "સ્કંદક આચાર્યે પોતાના શિષ્યોને ઘાણીમાં પીલેલા જોઈને પ્રતિજ્ઞા કરી કે, જો મારૂં 'તપ-તેજ' હોય; તો, બીજા ભવમાં લસ્કર, વાહન, રાજધાનીસહીત પુરોહિત, જેણે મને દુઃખ દીધું છે, તે બધાનો નાશ કરીશ. તે પ્રમાણે પાછળથી દેવતા થઈને નાશ કર્યો, તેજ પ્રમાણે માનના ઉદયથી બાહુબળીએ "પ્રતિજ્ઞા કરી કે, પ્રથમ દિક્ષા લીધેલા નાના ભાઇઓને હું કેવી રીતે નમસ્કાર કરૂં. કારણ કે તેઓ કેવળજ્ઞાની થયા છે, અને હું છદ્મસ્થ જ્ઞાનવાળો છું. તેજ પ્રમાણે કપટના ઉદયથી મલ્લિ સ્વામીના જીવે પૂર્વ ભવમાં વધારે ઉંચું પદ લેવા બીજા મિત્ર સાધુઓને ઠગવા માટે કર્યું હતું. એટલે પેલા મિત્રોને અવડાવીને પોતે ઉપવાસ કરેલ હતા તે, તથા લોભના ઉદયથી પરમાર્થ ન જાણનારા વર્તમાનનો લાભ જોનાર યતિનો વેશ રાખનારા માસ ક્ષપણ (મહીના "મહીનાના ઉપવાસ) કરનારા છતાં પ્રતિજ્ઞા ( નિયાણું ) કરે છે, ( અર્થાત્ ક્રોધ, માન, માયાના લોભથી ચારિત્ર ભ્રષ્ટ ન કરવું. તે બતાવ્યું છે. )

અથવા. વસુદેવ માફક સંયમનું અનુષ્ઠાન કરતો નિયાણું ન કરે કે હું આવતા ભવમાં આવા ભોગ ભોગવનારો થાઉં અથવા ગોચરી વિગેરેમાં ગએલો એવી પ્રતિજ્ઞા ન કરે કે

મને આવીજ ગોચરી મળવી જોઇએ, અથવા જૈન મતમાં સ્યાદ્ વાદ્ પ્રધાન હોવાથી જીન વચનમાં એકાંત પક્ષ ગ્રહણ ન કરે, તે અપ્રતિજ્ઞ જાણવો, જેમ કે મૈથુન વિષય છોડીને કોઇપણ જગ્યાએ. કોઇપણ નિયમવાલી પ્રતિજ્ઞા ન કરવી. જેથી કહ્યું છે કેઃ—

" न य किंचि अणुण्णायं, पडिसिद्धं वावि जिण वरिंदेहिं।
मोत्तुं मेहुण भावं न तं विणा रागदोसेहिं ॥१॥ "

જિનેશ્વરે કંઇપણ કલ્પનીયની આજ્ઞા આપી નથી. અને કારણ પડે કોઇપણ જાતનો નિષેધ પણ કર્યો નથી; પણ તીર્થંકરોની આ નિશ્ચય વ્યવહાર 'બે'નયને આશ્રયી સમ્યક્ આજ્ઞા માનવી કે જ્ઞાનાદિ આલંબન 'ના' કાર્યમાં સત્યવડે સારા સ્વભાવવાળા સાધુએ થવું; પણ કપટથી કંઇપણ ખોટો આશ્રય ન લેવો.

તાત્વીકજ્ઞાન વિગેરેના આલંબનની સિદ્ધિથીજ મોક્ષમાર્ગની સિદ્ધિવાળા બાહ્ય અનુષ્ઠાનની સિદ્ધિ છે, કારણકે, બાહ્ય-અનુષ્ઠાનમાં અનેકાંતવાદ, અને આત્યંતિક પણું ન હોવાથી સમજવું. આજ પ્રયાણે કરેલી દ્રવ્યત્વની સિદ્ધિ થાય છે, અથવા સત્ય નામ સંયમનું છે, તેનાવડે કાર્ય ઉત્પન્ન થતાં તેમ તેમ વર્તવું; અને તેનું ઉત્સર્પણ (વધવું.) પણ શક્તિને છુપાવ્યા વિના નિર્વાહ કરવો. અર્થાત્ શક્તિ પ્રમાણે

સંયમ પાળવામાં ઉદ્યમ કરવો. આના સંબંધમાં બ્રહત્-ભાષ્યકાર કહે છેઃ—

"कज्जं णाणादीयं सच्चं पुण होइ संजमो णियमा।
जह जह सोहेइ चरणं, तह तह कायव्वयं होइ॥१॥"

જ્ઞાનાદિ કાર્ય તે સત્ય છે, અને તે સત્ય તે, સંયમ છે, માટે જેમ જેમ ચરણ ( ચારિત્ર ) નિર્મળ રહે; તેમ વર્તન કરવું.

( ઉપર બતાવેલ ટીકાનાં ટીપણમાં લીધું છે, ) પણ ટીકાની ગાથાનો અર્થ નીચે મુજબ છે. જિનેશ્વરે મૈથુન ( સ્ત્રીસંગ ) છોડીને બાકીનું જે કંઈ કર્ત્તવ્ય છે, તેમાં કોઈપણ વાતની એકાંત આજ્ઞા કરવાની આપી નથી; તેમ ન કરવાનો નિષેધ પણ કર્યો નથી. એટલે સાધુ શુદ્ધ બુદ્ધિએ જ્ઞાનદર્શન–ચારિત્રની વૃદ્ધિ માટે ઉપદેશ આપે; અને પોતે વર્તે. ફક્ત રાગદ્વેષ વિના [illegible] થાય નહીં; માટે તેનોજ નિષેધ કર્યો છે.

"दोसा जेण निरुज्झंति जेण जिज्झंति पुव्वकम्माइं।
सो सो मुक्खोवाओ, रोगावत्थासु समणं व ॥२॥

જેનાવડે દોષો દુર થાય અથવા ન થાય; અને જેનાવડે પૂર્વનાં કર્મ ક્ષય થાય; તેજ મોક્ષનો ઉપાય, એટલે અનુષ્ઠાન સાધુએ કરવાં. જેમકે, રોગમાં ઉચિત ઔષધ આપવાવડે, તથા પથ્ય–ભોજનવડે રોગની શાંતિ કરે છે,

તેજ પ્રમાણે સાધુએ ઉત્સર્ગ–અપવાદને આચરવાં; પણ રાગદ્વેષ ન કરવા અને કર્મો ખપાવવાં.

વળી કોઈ વખત, તેજ ઔષધ ઉપયોગી હોય છે, તેમ કોઇ વખત, અનુઉપયોગી પણ છે, તેથી જરૂર પડતાં અપાય; તેજ પ્રમાણે સાધુનાં અનુષ્ઠાનમાં પણ સમજવાનું છે. નીચે ટીપણુમાં લખ્યું છે કે:—

"उत्पद्यते हि साऽवस्था, देशकालामयान् प्रति ।
यस्यामकार्यं कार्यं स्यात् कर्मकार्यं च वर्जये ॥१॥"

તે અવસ્થા દેશકાળના રોગપ્રત્યે છે. કેજેમાં, અકાર્ય તે કાર્ય થાય; અને કાર્ય તે અકાર્ય થાય; માટે દેશ, અને કાળ વિચારી રોગને વૈદ્યે ઔષધ આપવું.

जे आसिवा उ हेउ भवस्स ते चेव तत्तिया मुक्खे ।
गणणाइया लोगा दुण्हवि पुण्णा भवे तुल्ला ॥२॥"

જેટલા હેતુઓ ભ્રમણના છે, તેટલાજ હેતુઓ મોક્ષના પણ છે, અને તે ગણત્રીએ ગણાય તેવા નથી; પણ બંને બરાબર છે. આ બધાનો પરમાર્થ એ છે કે, સાધુએ રાગ-દ્વેષ કર્યા વિના પોતાની શક્તિને અનુસાર એકાંત ન પકડતાં જ્ઞાનદર્શન–ચારિત્ર્યની આરાધના કરવી.

ઉપર પ્રમાણે " अयंसंधि " ત્યાંથી લઇને " काले अणुट्ठाइ " સુધી અગીઆર પિંડેષણા બતાવી છે. આ પ્રમાણે હોય તો પ્રશ્ન થાય છે, અપ્રતિજ્ઞાવાળો આ સૂત્ર વડે

એમ સિદ્ધ થયું કે કોઇએ ક્યાંય પણ પ્રતિજ્ઞા ન કરવી, ત્યારે શાસ્ત્રમાં આવે છે કે જુદા જુદા અભિગ્રહો કરવા તેથી શું સમજવું ?

આચાર્યનો ઉત્તર–સૂત્રમાં આપેલ છે કે,

**दुहओ छेत्ता नियाइ, वत्थं पडिग्गहं कंबलं पायपुंछणं, उग्गहणं च कडासणं एएसु चेव जाणिज्जा**

**( सू० ८९ )**

રાગ અને દ્વેષ વડે જે પ્રતિજ્ઞા થાય છે, તેને છેદીને નિશ્ચયથી જે કરે તે નિયાતિ એટલે જ્ઞાન, દર્શન, ચારિત્ર, નામનોજ મોક્ષ માર્ગ છે, તેમાં અથવા સંયમ અનુષ્ઠાનમાં અથવા ભિક્ષાદિમાં પ્રતિજ્ઞા કરે, એટલે રાગ દ્વેષ વિનાની પ્રતિજ્ઞા ગુણવાલી છે. અને રાગ દ્વેષવાલી પ્રતિજ્ઞા દુઃખદાઈ છે, હવે તે સાધુ ઉપરના ગુણવાલો રાગ દ્વેષને છેદીને શું કરે તે કહે છે. પોતે જોઇતાં વસ્ત્ર, પાત્ર, કંબલ, પાદપુંછન વિગેરે નિર્દોષ જાણીને લે, તેની વિધિ બતાવે છે.

પૂર્વે કહ્યા મુજબ જે ગૃહસ્થો પોતાના પુત્ર વિગેરે માટે આરંભમાં વર્તેલા છે. તથા પોતાને જોઈતી વસ્તુનો સંગ્રહ કરનારા છે. તેમને ત્યાં જઇ લેવા યોગ્ય ન લેવા યોગ્ય વસ્તુની તપાસ કરે એટલે શુદ્ધ ને લે. અને દોષિતને છોડી દે તે કેવી રીતે જાણે તે કહે છે.

વસ્ત્ર શબ્દ લેવાથી વસ્ત્રની એષણા (શુદ્ધિ) બતાવી અને

પાત્ર શબ્દ લેવાથી પાંતરાંની શુદ્ધિ બતાવી. કંબલ શબ્દથી આવિક (                ) પાંતરાનો નિયોગ ગુચ્છા વિગેરે બતાવ્યા, તથા સવાર સાંજ કે રાતના કારણ વિશેષે ખુલ્લામાં નીકળવું પડે. તો ઓઢવાની કામળ પણ સૂચવી તેજ પ્રમાણે પાદ પુંછન તે રજો હરણ (ઓઘો) જાણવો, આ સૂત્રોથી ઓઘ ઉપધિ અને ઉપગ્રહીક ઉપધિ બતાવી તેજ પ્રમાણે વસ્ત્ર એષણા તથા પાત્રેષણા પણ સૂચવી.

## અવગ્રહ કહે છે.

જેની આજ્ઞા લઇને ક્ષેત્રમાં ફરાય; તે અવગ્રહ છે. તે પાંચ પ્રકારે છે. (૧) ઇંદ્રનો અવગ્રહ (૨) રાજાનો અવગ્રહ (૩) ગામના માલીક પટેલ વિગેરેનો અવગ્રહ (૪) ઘરવાલાનો અવગ્રહ (૫) પ્રથમ ઉતરેલા સાધુનો અવગ્રહ આ પ્રમાણે અવગ્રહની બધી પ્રતિમાઓ સૂચવી; તેથી તેનું પણ સમર્થન કર્યું, અને અવગ્રહના કલ્પનું વર્ણન આ સૂત્રમાં કહે છે—

## કટાસણ કહે છે.

કટ શબ્દથી સંથારો જાણવો. અને આસન શબ્દથી આસંદક વિગેરે બેસવાનાં આસન જાણવાં, જેનામાં બેસાય, તે આસન છે. અને તેજ શય્યા છે. તેથી આસન શબ્દથી શય્યા પણ જાણવી, તેનું સ્વરૂપ કહ્યું. ઉપર બતાવેલ સાધુને ઉપયોગી સર્વ વસ્તુ વસ્ત્ર વિગેરે તથા આહાર વિગેરે આરંભ

કરનારા ગ્રહસ્થ પાસેથી મળતા જાણવા અને તેમાં આમગંધ (દોષિત) છોડીને વિદોષ જેમ મલે, તેમ વર્તે.

પ્રશ્ન—આવી રીતે ગૃહસ્થોને ત્યાં જતાં જે મલે, તે લે કે તેની કંઇ હદ છે? તે બતાવે છે.

**लद्धे आहारे अणगारो मायं जाणिज्जा, से जहेयं भगवया पवेईयं, लाभुत्ति न मज्जिज्जा अलाभुत्ति न सोइज्जा, बहुंपि लद्धुं न निहे, परिग्गहाओ अप्पाणं अवसक्किज्जा ( सू० ९० )**

સાધુને આહાર મલતાં વિચારે કે હું લઇશ, તો પછી મારે ખાતર નવો આરંભ ગૃહસ્થને કરવો પડશે કે નહી તેવું વિચારીને લે, કે જેથી નવો આરંભ ન કરવો પડે; તેવીજરીતે વસ્ત્ર–ઔષધ વિગેરેમાં પણ જાણીલેવું; તથા નવો આરંભ ન કરવો પડે; પણ પોતાને વધારે પણ ન આવે; તે ધ્યાનમાં રાખીને લે, આ હું મારી બુદ્ધિથી નથી કહેતો; પરંતુ જિનેશ્વરે આ ઉદ્દેશાથી માંડીને હવેપછીનું બધુંએ બતાવેલું છે તે કહે છે:—

તે જિનેશ્વર ચોત્રીસ અતિશયયુક્ત કેવળ જ્ઞાનીએ અર્ધમાગધી ભાષામાં કહ્યું છે, અને બધી ભાષાવાળા જાણે, તેવા શબ્દોમાં દેવતા–મનુષ્યની સભામાં કહ્યું. આવું સુધર્માસ્વામી જંબુસ્વામીને કહે છે:—

તથા વસ્તુ મળતાં મને વસ્ત્ર-આહારનો લાભ થયો. હું લબ્ધિમાન છું, એવો અહંકાર ન કરે; તેમ યાચવા છતાં મળે તો, દીન પણ બને; એટલે વસ્તુ ન મળતાં ખેદ ન કરે કે, મને ધિક્કાર છે! હું મંદભાગી છું! કે, સર્વને સર્વ વસ્તુ આપનાર દાતાર હોવા છતાં, મને નથી મળતું. તેથી સાધુએ લાભઅ-લાભમાં મધ્યસ્થપણું રાખવું. કહ્યું છે કેઃ—

**"लभ्यते लभ्यते साधु, साधुरेव न लभ्यते ।**
**अलब्धे तपसो वृद्धि, र्लब्धे तु प्राणधारणम् ॥१॥"**

મળે તો સારૂં, અને ન મળે તોપણ સારૂં. કારણકે, ન મળે તો, ન ભોગવવાથી તપશ્યાનો લાભ થશે; અને મળવાથી પ્રાણનું ધારણ થશે.

આ પ્રમાણે પિંડપાત્ર, વસ્ત્રોની એષણા બતાવી છે.

### હવે વધારે ન સંઘરે તે કહે છે.

ઘણું મળે તો મોહ ન કરે; અને વધારે લઈને રાખી ન મુકે; એટલે થોડો પણ સંગ્રહ ન કરે. જેમ આહાર વધારે ન લે, તેમ સંયમ ઊપકરણ કરતાં વધારે વસ્ત્રપાત્ર વિગેરે ન લે, તે સૂત્રમાં કહ્યું છે કેઃ—

### પરિગ્રહ કહે છે.

ધર્મઊપકરણથી જેટલું વધારે ઊપકરણ લેવું, તે પરિગ્રહ છે. માટે વધારે મળતું ન લે, અથવા સંયમ ઊપકરણમાં પણ મૂર્છા કરવાથી પરિગ્રહ છે. કહ્યું છે કેઃ—

(તત્વાર્થ અ. ૮. સૂ.) મૂર્છા પરિગ્રહ છે, તેથી વધારે મળતું છોડીને જોઈતાં લીધેલાં ઉપકરણમાં પણ મૂર્છા ન કરે.

શંકા જે કંઇ ધર્મઉપકરણ વિગેરેનો પરિગ્રહ છે, તે પણ ચિત્તની મલીનતા ( રાગ ) શિવાય થતો નથી. કહ્યું છે કેઃ—પોતાને ઉપકાર કરનારમાં રાગ થાય; તો ઉપ-ઘાત કરનાર ઉપર દ્વેષ પણ થાય; તેથી પરિગ્રહ રાખતાં રાગદ્વેષ નજીક આવે છે, અને તેનાથી કર્મ બંધ થાય છે, માટે તમો કહો છો કે, ધર્મઉપકરણ પરિગ્રહ નહીં; તે કેવીરીતે માનીએ ? કહ્યું છે કેઃ—

**"ममाहमिति चैष यावदभि मान दाहज्वरः,**
**कृतान्त मुखमेव तावदिति न प्रशान्त्युन्नयः।**
**यशः 'खुख'पिपासि तै,रयमसावनर्थोत्तरैः, ।**
**परैरपसदः कुतोऽपि, कथमप्यपाकृष्यते ॥१॥"**

આ મારૂં એવો જ્યાં સુધી અભિમાન રૂપ, દાહજ્વર રહેલો છે, ત્યાં સૂધી જમના મુખમાં જવાનું છે તેમ ત્યાં સુધી શાંતિ પણ નથી તેમ ઉન્નતિ પણ નથી.

માટે જસ અને સુખના વાંચ્છકોએ પરિણામે આ અનર્થ છે એમ જાણે છે, તેથી તે ઉત્તમ પુરૂષોએ આ મમતાના દુર્ગુણને કોઇપણ રીતે ગમે ત્યાંથી ખેંચી કાઢવો જોઇએ.

આચાર્યનો ઉત્તર-તેવો દોષ નથી, કારણ કે ધર્મ ઉપ-

કરણમાં સાધુઓને આ મારૂં છે, એવો પરિગ્રહનો આગૃહ નથી. એજ શાસ્ત્રમાં કહ્યું છે કે,

"અવિ અપ્પણોऽવિ દેહંમિ, નાયરંતિ માઇઉં"

જે મુનિઓને પોતાના શરીરમાં પણ મમત્વ નથી, તે બીજામાં મમત્વ કેવી રીતે કરે? ( ન કરે. )

જે અહીંઆં કર્મ બંધના માટે લેવાય તેજ પરિગૃહ છે, પણ જેનાથી કર્મની નિર્જરા થાય ( કર્મ ઓછાં થાય ) તે પરિગ્રહજ નથી, ( સાબુનો લેપ કરવાથી પૂર્વના તેલ વિગેરેના લેપમાં વધારો થતો નથી, પણ તેલને ખાઇ વસ્ત્ર સાફ બનાવે છે. તેવી રીતે જોઇતું ઉપકરણ સંયમની રક્ષા કરે છે. ) કહ્યું છે કે,

अन्नहा णं पासए परिहरिज्जा, एस मग्गे आयरिएहिं पवेइए, जहित्थ कुसले नोवलिंपिज्जासि त्तिबेमि ॥

આ પ્રકારે દેખતો બનીને ( વિચાર પૂર્વક ) પરિગ્રહ છોડે જેમ ગૃહસ્થો તત્વ જાણ્યા વિના આ લોકના સુખના માટે પરિગ્રહ સંઘરવા જુએ છે, પણ સાધુઓ તેમ કરતા નથી, તેનો આશય આ છે. આચાર્યને આશ્રયી આ વધારાનું ઉપકરણ છે પણ મારૂં નથી, જેમાં રાગ દ્વેષનું મૂળ છે, તે પરિગ્રહનાં આગ્રહનો યોગ અહીં નિષેધવો પરંતુ

ધર્મ ઉપકરણનો નિષેધ ન કરવો, તેના વિના સંસાર સમુદ્ર થી પાર જવાય નહીં. કહ્યું છે કે-

**"साध्यं यथा कथञ्चित् स्वल्पं कार्यं महच्च न तथेति।**
**प्लवनमृते न हि शक्यं, पारं गन्तुं समुद्रस्य ॥१॥**

કોઈ નાનું કાર્ય ગમે તેમ સાધી લેવાય, પણ મોટું કાર્ય તેમ સિદ્ધ ન થાય. કદાચ નાનું ખાબોચીઉં કુદીને જવાય પણ નાવ વિના સમુદ્રની પાર જવું શક્ય નથી. જેઓ ધર્મોપકરણને પણ પરિગ્રહ માને છે, તેવા દિગંબર બંધુઓ માટે આ સંબંધમાં મતભેદ છે, તેથી અવિવક્ષિત અર્થને તીર્થંકરના અભિપ્રાયને અનુસારે સાધવાની ઇચ્છાથી કહે છે, કે "એસમગ્ગે" મૂળ સૂત્રમાં બતાવ્યા પ્રમાણે આ ધર્મોપકરણ પરિગ્રહને માટે નથી, એવું પૂર્વે કહ્યું, તે માર્ગ તીર્થંકરોએ કહ્યો છે, કારણ કે સર્વ પાપરૂપ "હેય" ધર્મથી જેઓ દૂર છે. તે આર્યો, તીર્થંકરો, છે, પણ જેઓ ધર્મોપકરણને ઇચ્છતા નથી. તેવાઓએ પણ કુંડિકા, તટ્ટિકા સંબણિકા અશ્વવાળધિ, વિગેરે ઇચ્છાનુસાર ઉપકરણ રાખવાનો માર્ગ પોતાની મેળે શોધી કાઢ્યો છે, તેમ અમારા ઉપકરણો નથી.

(વર્તમાનમાં શ્વેતાંબર સાધુઓ પાસે રજોહરણ મુહપત્તિ વિગેરે ધર્મોપકરણો છે, ત્યારે દિગંબર સાધુઓ પાસે મોરની પીછીનું ઉપકરણ વિગેરે છે, અને ટીકા કારના

સમયમાં તે વખતે દિગંબર સાધુઓ જેમ કરતા હશે. તેને ઉદ્દેશીને લખ્યું છે, ખરી રીતે તે ચર્ચા કરવા કરતાં પરમાર્થ દ્રષ્ટિએ જોનારા બંને પક્ષના સાધુઓ રાગદ્વેષ રહીત બની જે ભવિષ્યમાં અને વર્તમાનમાં વધારે લાભદાયી થાય તેવાં ધર્મોપકરણ વાપરી સંયમનો નિર્વાહ કરે અને સમ્યક્જ્ઞાન દર્શન ચારિત્રની આરાધના કરે.)

અથવા ઉપરની ચર્ચા બૌધ મતના મૌદગલિ તથા સ્વાતિ પુત્ર એ બંનેથી બૌદ્ધ મતનું જે મંતવ્ય છે. તેને આશ્રયી કહ્યું છે.

તેજ પ્રમાણે ધર્મોપકરણનું કોઇ ખંડન કરતો હોય. તો તેમને પણ તે પ્રમાણે સમજાવવા.

કારણ કે જિનેશ્વરે પરોપકારના માટે રાગદ્વેષ રહીત થઇને જે કહ્યું છે. તેના બહુ માનના માટે આટલું લખવું પડયું. અને તેટલા માટેજ આ જિનેશ્વરના કહેલા માર્ગમાંજ ઉત્તમ સાધુએ ઉદ્યમવાલા થવું, તેજ સૂત્રમાં કહે છે કે આ કર્મ ભૂમી છે. જેમાં મોક્ષના ઝાડના બીજ સમાન બોધી (સમ્યકત્વ) તથા સર્વ સંવર રૂપ ચારિત્ર પામીને કર્મમાં જેમ લેપ ન થાય, નવાં કર્મ ન બંધાય તેમ આ ઉત્તમ માર્ગમાં વર્તવું, તે વિદિત વેદ્ય ( પંડિત ) જાણવો, જો તે માર્ગ ઉલંઘીને બતાવેલાં ધર્મ અનુષ્ઠાન ન કરે તો કર્મનો બંધ થાય. તેથી આ સતપુરૂષોનો માર્ગ છે તેથી પોતે ચારિત્ર

લેતાં પ્રથમ સર્વ જીવને સમાધિ આપવા રૂપ પ્રતિજ્ઞા કરી છે, તે છેવટનો ઉચ્છવાસ લેતાં સુધી પાળવી જોઇએ. કહ્યું છે કે-

"लज्जां गुणौघजननीं जननीमिवार्या; मत्यन्त शुद्ध हृदयामनु वर्तमानाः तेजास्विनः सुखमसूनपि सन्त्यजन्ति; सत्यस्थिति व्यसनिनो न पुनः प्रतिज्ञाम् ॥१॥"

ગુણના સમૂહની માતા તથા અત્યંત શુદ્ધ હૃદય બનાવનારી જે લજ્જા છે, તેને શ્રેષ્ઠ માતા માફક માનીને તેની પાછળ ચાલનારા તેજસ્વી પુરૂષો ( સાધુઓ ) સુખે કરીને પોતાના પ્રાણ પણ ત્યજે છે, પરંતુ સત્ય સ્થિતિને ચાહનારા તેઓ પોતાની પ્રતિજ્ઞાનો ભંગ કરતા નથી. આ પ્રમાણે સુધર્માસ્વામી જંબુસ્વામીને કહે છે કેઃ—મેં ઉપર પ્રમાણે જે કહ્યું; તે મહાવીર પ્રભુનાં ચરણસેવન કરતાં સાંભળ્યું છે, તે તને કહ્યું છે. માટે પરિગ્રહથી આત્માને દુર કર; એવું જે કહ્યું છે, તે સંસારી–વાસનાના ઉચ્છેદ વિના ન થાય; અને તે સંસારી–વાસના પાંચ પ્રકારના ઇંદ્રિયોના વિષયરસને અનુસરનારા અભિલાષો છે, અને તે તજવા મુશ્કેલ છે. તેથી કહે છે કેઃ—

कामा दुरतिक्कमा, जीवियं दुप्पडिवूहगं, ।

**काम कामी खलु अयं पुरिसे, से सोयइ जूरइ तिप्पइ परितप्पइ ॥ (सूत्र ९२)**

## કામ કહે છે.

કામના બે ભેદ છે. (૧) ઇચ્છાકામ, (૨) મદનકામ. તેમાં, મોહનીય કર્મના ભેદ હાસ્ય ( હાંસી. ) રતિથી ઉત્પન્ન થયેલ ઇચ્છાકામ છે, અને મોહનીયકર્મના વેદના ઉદયથી મદનકામ છે. તે બંને પ્રકારના કામોનું મૂળ મોહનીયકર્મ છે, તેના સદ્ભાવમાં કામનો ઉચ્છેદ કરેવો મુસ્કેલ છે, એટલે તેનો વિનાશ કરવો દુર્લભ છે, તેથી મુનિને એમ સમજાવ્યું કે, તારે પ્રમાદ ન કરવો, આ કામમાં પ્રમાદ ન કરવો; પણ જીવિતમાં પ્રમાદ ન કરવો. કારણકે, ક્ષણ ક્ષણ જે ઓછી થાય છે, તે વૃદ્ધિ પાપવાની નથી; અથવા સંયમ–જીવિતનો સંસારીવાસનામાં પડતાં દુઃખેકરીને નિર્વાહ થાય છે. અર્થાત્ સંયમ પાળવો મુશ્કેલ થાય છે. કહ્યું કે:—

**"आगासे गंगसोउव्व, पडिसोउव्व दुत्तरो ।**
**बाहाहिं चेव गंभीरो, तरिअव्वो महोअही ॥१॥**

આકાશમાં ગંગા નદીનો પ્રવાહ છે, તેને સામે જઇને તરવું મુશ્કેલ છે; અથવા મહાસાગર હાથવડે તરવો મુશ્કેલ છે.

**बालुगा कवलो चेव, निरासाए हु संजमो ।**
**जवा लोह मया चेव, चावेयव्वा सुदुक्करं ॥२॥"**

વેળુ ( રેતી )ના કોળીઆ મુશ્કેલ છે. તેજ પ્રમાણે ઇંદ્રિયોનો કોઇપણ જાતનો સ્વાદ જેમાં નથી; તેવું સંયમ પાળવું ઘણું મુશ્કેલ છે, અથવા લોઢાના બનાવેલા જવ ચાવવા મુશ્કેલ છે. તેવું સંયમ પાળવું મુશ્કેલ છે.

આ અભિપ્રાય પ્રમાણે અભિલાષ તજવા મુશ્કેલ છે, તે બતાંવ્યા છતાં, વધારે ખુલાસા માટે કહે છે. કામકામી એટલે, ઇંદ્રિય–વિષયરસનો લાલચુ જીવ જે છે, તે શરીર, અને મન સંબંધી ઘણાં દુઃખોને ભોગવશે તે બતાવે છે.

એટલે ઇચ્છીત વસ્તુ ન મળતાં, અથવા તેનો વિયોગ થતાં તેમો શોક કરીને જેમ, તાવ ચઢેલો ઘેલો માણસ બકે છે, તેમ પોતે પોક મૂકીને રડે છે.

"गते प्रेमाबन्धे प्रणयबहुमाने च गलिते,
निवृत्ते सद्भावे जन इव जने गच्छति पुरः ।
तदुत्प्रेक्ष्योत्प्रेक्ष्य प्रियसखि गतांस्तांश्च दिवसान्,
न जाने को हेतुर्दलति शतधा यन्न हृदयम् ? ॥१॥"

પ્રેમનું બંધન નાશ પામતાં, અથવા પ્રણય (વહાલા ) નું બહુ માન ઓછું થતાં, અથવા સદ્ભાવ ઓછો થતાં જતો રહેતાં પ્રેમ, માણસમાં માણસની માફક આગળ જાય છે, તેને જોઇ જોઇને કોઈ સ્ત્રી પોતાની સખીને કહે છે કે:— હે સખી ! તે ગયેલા દિવસોને જ્યારે યાદ કરૂં છું, ત્યારે હું નથી જાણતી કે; કયો હેતુ મને સો પ્રકારે દુઃખ આપે

છે? પણ, તે મારૂં હૃદય ભેદતો નથી. ( આ વિલાપ પ્રેમી સ્ત્રીપુરૂષોના વિયોગમાં અથવા, બંનેને કંઈપણ કારણે ભેદ પડતાં, વીરહી બનેલાં પોતાનાં હેતસ્વી આગળ પૂર્વનાં સુખો યાદ કરીને કહે છે ):—

તેજ પ્રમાણે પોતે હૃદયથી ઝુરે છે.

"प्रथमं तस्मथेदं चिन्तनीयं तवासी,
ह्लुजनदृपि तेन प्रेम कृत्वा जनेन ।
हत हृदय ! निराश क्लीब ? संतप्यसे किं ?,
न हि जलगततोये सेतुबन्धाः क्रियन्ते ॥१॥"

હે હૃદય ( પહેલું આ તારે ચિંતવવું જોઇએ કે, તારો પ્રેમીજન પ્રેમ કરીને છુટો પડી ગયો છે! હે હૃદય! હે આશારહિત! હે નપુંષક! તું હવે શામાટે ખેદ કરે છે! પાણી ગયા પછી પાળો બાંધવી નકામી છે. ( પોતે પોતાનાં હૃદયને ઠપકો આપે છે. કે, તારાં વહાલાં સંબંધીને જવા કેમ દીધો? અને હવે, ગયા પછી રોયે શું થાય? પાણી જયારે જોઈતું હતું; ત્યારે પાળ બાંધીને કાં રોકી ન લીધું?) તથા જેના ઘરમાં મોત થાય; તે પોતે મર્યાદાથી ભ્રષ્ટ થાય છે. એટલે શરીર, અને મનનાં દુઃખોથી પીડાગ્ર છે. તથા તેજ પ્રમાણે, ઘણું વહાલું સગું ગુજરીગયું હોય; તો કેટલાંક લોકો પશ્ચાતાપ કરે છે કે—હે, વહાલા પુત્ર! હે વહાલી સ્ત્રી! તું મને મુકીને કેમ જતી રહી? ઇત્યાદિ.

અથવા કોઇ જગ્યાએ કોપ કરીને ગયેલો હોય. અર્થાત્ નાશી ગયેલો હોય; અને બંનેનો વિયોગ થાય તો પછીથી, કહે કેઃ—મેં તારૂં કહેવું ગુસ્સામાં ન માન્યું; તેથી તું રીસાઈને ચાલ્યોગયો. ઇત્યાદિ વ્યર્થ દુઃખો ભોગવે છે.

આ બધાં દુઃખો શોક વિગેરે જે કહ્યાં છે, તે બધાંએ જે મનુષ્યો વિષય–વિષના આશ્રયમાં અંતઃકરણને રાખે છે, તેમની દુઃખની અવસ્થા સૂચવે છે. ( કેટલીક સ્ત્રીઓ રડી રડીને આંધળી થાય છે, કોઈ છાતી કુટીને પોતાનાં નાનાં બાળકોને અથવા, પોતાના ગર્ભાશયને અથવા, ગર્ભમાં રહેલાં બાળકને દુઃખ આપે છે, કેટલીક અજ્ઞાન સ્ત્રીઓ માથાં કુટીને પીડાય છે.) અથવા શોક કરે છે. એટલે યૌવન, ધન, મદ વિગેરેના મોહથી ઘેરાયલા મનવાળો વિરૂદ્ધ કૃત્ય કરીને જ્યારે બુઢ્ઢાપો થાય; ત્યારે, મોતનો સમય આવતાં મોહ દુર થતાં પસ્તાય છે. કે, મેં દુર્ભાગીએ પૂર્વમાં બધા શ્રેષ્ઠ પુરૂષોએ આચરેલો સુગતિમાં જવાના એક હેતુરૂપ અને દુર્ગતિદ્વાર અટકાવવાને બારણાંની પાછલી ભુગળસમાન ધર્મ ન કર્યો. કહ્યું છે કેઃ—

**"भावित्रीं भूतानां परिणति मनालोच्य नियतां,**
**पुरा यद्यत् किञ्चिद्विहितमशुभं यौवनमदात् ।**
**पुनः प्रत्यासन्ने महति परलोकैक गमने,**
**तदेवैकं पुंसां व्यथयति जरा जीर्णवपुषाम् ॥१॥"**

નિશ્ચય કરીને જીવોને ભવિષ્યમાં થનારી અવસ્થાને

વિચાર્યા વિના મેં જુવાનીમાં જે જે અશુદ્ધ કૃત્યો કર્યાં છે, તે પરલોકમાં જવાના વખતે બુઢ્ઢાપાથી જીર્ણ થયેલા શરીરવાળા પુરૂષને ખેદ પમાડે છે. (કે, મેં ધર્મ ન કર્યો. હવે, મારી શી દશા થશે! તથા હવે પસ્તાયે શું લાભ?) તથા તેજ પ્રમાણે કડવાં ફળ અહીં ભોગવતાં, પાપીઓ પણ ઝુરે છે, વિગેરે ઉપર બતાવ્યા માફક લંપટોને દુઃખ પડે છે, તે બુદ્ધિમાન વાંચકે વિચારી લેવું. કહ્યું છે કેઃ—

"सगुणमपगुणं वा कुर्वता कार्यजातं,
परिणतिरवधार्या यत्नतः पण्डितेन।
अतिरभसकृतानां कर्म्मणामाविपत्ते,
र्भवति हृदयदाही शल्य तुल्यो विपाकः ॥१॥"

ગુણવાલું કે અવગુણવાલું કાર્ય કરતાં પહેલાં બુદ્ધિમાને પ્રયાસથી વિચારવું કે એનું પરિણામ શું આવશે. કારણ કે ઉતાવળમાં કરેલા કાર્યનું ફળ ભોગવતાં તે સમયે હૃદયને બાળનારો શલ્ય સમાન પશ્ચાતાપ વિપત્તિના માટે થાય છે—

આવું કોણ ન શોચે તે બતાવે છે. કહ્યું છે કે—

आययचक्खू लोगविपस्सी लोगस्स अहो भागं जाणइ उड्ढं भागं जाणइ, तिरियं भागं जाणइ, गड्ढिए लोए अणुपरियट्टमाणे संधिं विइत्ता इह मच्चिएहिं, एस वीरे पसंसिए जे बद्धे पडिमोयए

**जहा अंतो तहा बाहिं जहा बाहिं तहा अंतो अंतो अंतो पूइ देहं तराणि पासइ, पुढोवि सवंताइ पंडिए पडिलेहाए ॥ (सू. ९३)**

જેને આ લોક અને પરલોકના પરિણામનાં દુઃખ જોવામાં ( વિચારવામાં ) વિશાળ દૃષ્ટિ (જ્ઞાન) છે. તે વિશાળ ચક્ષુવાળો બને છે. તે ઉપર કહેલા ભોગોને ઘણા અનર્થોનું મૂળ સમજીને તેને છોડીને "શમ સુખ" (વીતરાગ દશા) ને અનુભવે છે. તથા સંસારી લોકો જે વિષય રસમાં પડતાં અતિશય દુઃખી થએલા છે. (એટલે કુમાર્ગે જતાં ગુપ્ત ઇંદ્રિ સડતાં વિસફોટકનો રોગ થતાં કે ક્ષયથી મરતાં જોઇને) પોતે તેવા કુમાર્ગને ઇચ્છતો નથી. તેથી પ્રશમ સુખને અનેક પ્રકારે જુએ છે. તેથી તે લોકવિદર્શી છે. અથવા લોક એટલે ઉર્દ્ધ અધઃ તથા તિર્યક્ (સ્વર્ગ પાતાળ અને મૃત્યુ) એ ત્રણ લોકમાં ચાર ગતિમાં થતાં દુઃખો સુખોના કારણોને તથા ત્યાં ભોગવાતા આયુષ્ય વિગેરે ને જુએ છે. તે બતાવે છે.

લોકના અધો ભાગમાં શું છે તે જાણે છે. એટલે ધર્મ અધર્મ અસ્તિકાયથી વ્યાપ્ત આકાશ ખંડનો નીચલો ભાગ જાણે છે. તેનો સાર આ છે કે જીવો જે કર્મો વડે ત્યાં ઉત્પન્ન થાય છે. તથા ત્યાં સુખ દુઃખનો વિપાક કેવો છે. તેને જાણે છે. (નારકિના જીવોને થતું દુઃખ પોતે જાણે છે. તથા ભૂવનપતિ વ્યંતરના દેવોનું સુખ પણ જાણે છે.)

તેજ પ્રમાણે ઉર્દ્ધ તથા તિર્યક્ લોકને પણ જાણે છે. (ઉર્દ્ધ લોકમાં બૈમાનીક દેવ તથા મોક્ષનું સુખ છે. તે જાણે છે. તથા તિર્યક્ લોકમાં જ્યોતિશના દેવતાનું સુખ તથા ધર્મી મનુષ્યનું સુખ તથા પાપી તથા તિર્યંચ પ્રાણીનું દુઃખ જાણે છે.) અથવા લોક વિદર્શી તે કામ મેળવવા પૈસો પેદા કરવા એક ધ્યાન રાખનારા પુન્ય પાપને ભૂલી ગએલા અન્ય લોકોને પોતે જુએ છે. તે બતાવે છે. જે કામ વિગેરેમાં અથવા તેને પ્રાપ્ત કરવાના ઉપાયમાં લાગેલો છે. તેને વારંવાર આચરવાથી બંધાતા તથા અશુભ કર્મ વડે સંસાર ચક્રમાં ભમતા જોઈને પોતે વિશ[illegible] અભિલાષથી દૂર થવા કેમ સમર્થ ન થાય? (અર્થાત્ [illegible]ા માણસ દુઃખ વિચારી પાપથી દૂર ભાગે.)

ગુરૂ શિષ્યને કહે છે—હે શિષ્ય! સંસારના ભોગોમાં રાચતા અને તેથી દુઃખી થતા જીવોને તું જો, વળી આ મનુષ્ય લોકમાં જે જ્ઞાનાદિક ભાવ સંધિ છે. તે મનુષ્ય લોકમાંજ સંપુર્ણ પ્રાપ્ત થાય છે, (કેવળ જ્ઞાન યથાખ્યાત ચારિત્ર જે મોક્ષના હેતુઓ છે, તે મનુષ્યનેજ છે. માટે મર્ત્ય લોકને લીધો છે,) અને જે ડાહ્યો છે તે પોતે ઉપર બતાવેલ તત્વને સમજીને વિષય કષાય વિગેરેને છોડે છે, તેજ વીર પુરૂષ છે. તે સૂત્રકાર બતાવે છે એટલે જે આયત ચક્ષુવાલો છે. તથા લોકના વિભાગના સ્વભાવને યથાવસ્થિત

પણે જાણે છે. તે ભાવ સંધિનો જાણ છે, અને વિષય તૃષ્ણાને છોડનારો છે. તે વીર પુરૂષ કર્મને વિદારણ કરવાથી વખાણાયેલો છે. અર્થાત્ તત્વ જાણનારા પુરૂષોએ તેની પ્રશંસા કરી છે.

તે આ પ્રમાણે તત્વજ્ઞાની બનીને બીજું શું કરે છે તે કહે છે—

"જે વદ્ધે" એટલે દ્રવ્ય ભાવ બંધન વડે બંધાએલા છે. તેમને પોતે મુક્ત બની બીજાને મુકાવનાર છે. તેજ દ્રવ્ય ભાવ બંધનો વિમોક્ષક (મુક્તિ અપાવનાર) છે. તે વાચાની યુક્તિ વડે બતાવે છે. જેવી રીતે પોતે અભ્યંતરથી મુકાએલો છે, તેવી રીતે બહારથી પણ મુક્ત છે, એટલે અંદર આઠ પ્રકારની કર્મની બેડી છે, તે છોડાવે છે. તથા પુત્ર, સ્ત્રી, વિગેરેને પણ છોડાવે છે, એટલે જેમ આઠ પ્રકારની કર્મની બેડી છે. તેમ બહારનું સગાંનું બંધન છે, તે બંને મોક્ષ ગમનમાં વિઘ્નનું કારણ છે, તે બંનેથી મુકાવે છે—

અથવા આ કેવી રીતે મુકાવે છે. તે કહે છે. પોતે પોતાના વિશાળ જ્ઞાન વડે તત્વનો પ્રકાશ કરી બોધ આપવા વડે મુકાવે છે.

બોધ આપતાં પોતે કહે છે કે આ કાયા, વિષ્ટા, પિશાબ, માંસ, લોહી, પરૂ, વિગેરે ગંદી વસ્તુથી ભરેલી

અસાર છે. એટલે વિષ્ટાનું ભરેલું માટલું અંદર પણ ગંદું છે. અને બહારથી પણ તેવુંજ છે. તે પ્રમાણે આ કાયા, અંદરથી ગંદી છે અને બહારથી લગાડેલા સારા પદાર્થને પણ ગંદા બનાવે છે. કહ્યું છે કે—

"यदि नामास्य कायस्य यदन्तस्तद्बहिर्भवेत्।
दण्डमादाय लोकोऽयं, शुनः काकांश्च वारयेत् ॥

આ કાયાની જેવી અંદરની ગંદકી છે, તેવી સાક્ષાત્ બહાર જણાતી હોત તો લોકો હાથમાં દંડ લઈને કુતરાને અને કાગડાને વારતા હોત (બહારથી માંસના લોચા જોઈને કાગડા ચુંથત, અને વિષ્ટાને જોઈને કુતરા બાઝત, તેથી લાકડી લઈને હાંકવા પડત.)

આ પ્રમાણે જેમ બહાર અસારતા છે. (પરસેવાની ગંધ બહાર દેખાય છે. તે અનુમાને) અંદર પણ કાયા ગંદી છે, તે જાણે છે. વલી જેમ જેમ શરીરમાં ઉંડાણમાં તપાસે તેમ તેમ વિશેષ ગંદી એટલે માંસ રૂધિર મેદ મજ્જા વિગેરે જણાય છે. તથા કોઢ રકતપીત વિગેરે રોગો આવતાં ઉપર કહેલી બધીએ મલીનતા સાથે પ્રત્યક્ષ દેખાય છે,

અથવા શરીરનાં નવે દ્વારોથી ઝરતી ગંદકી છે, કાનનો મેલ આંખના પીયા બળખો લાલ પિશાબ ઝાડો વિગેરે છે. તે સીવાય બીજી વ્યાધિથી ગુમડાં પાકતાં લોહી, પરૂ, તથા રસીવાળા પદાર્થો વિગેરેથી ગંદકી છે—

આ પ્રમાણે બધું જોઇને પંડિત પુરૂષ વિચારે છે કે દ્વારો વહે છે, ગુમડાં રોમે રોમે પીડા કરે છે. તે તત્વ સમજનારો તેનું સ્વરૂપ જાણે તેજ કહે છે—

**"मंसट्ठि, रुहिरण्हारुवणद्धऽकलम लयमेव मज्जासु। पुण्णांणि चम्मकोसे दुग्गंधे असुइबीभच्छे ॥१॥"**

માંસ, હાડકાં, લોહી, સ્નાયુ, વિગેરેથી બંધાએલા તથા મલીન મેદ મજ્યા વિગેરેથી ભરેલા અને અસુચિથી બીભત્સ એવા દુર્ગંધીવાલા ચામડાના કોથળા રૂપે કાયામાં.

**संचारिमजंत ग लं त व च्चमुत्तं तसे अपुण्णंमि। देहे हुज्जा किं रागकारणं असुइहेउम्मि ? ॥२॥**

તથા વિષ્ટા પિશાબ ઝરનારાં યંત્રવાળા પરસેવાથી ભરેલા શરીરમાં જ્યાં જ્યાં અશુચિનો હેતુ છે. તેમાં રાગનું કારણ કેવી રીતે થાય ? આ પ્રમાણે દેહની અંદરની ગંદકી જાણીને તથા બહાર પણ ઝરતું છે, તે જોઇને ડાહ્યા માણસે શું કરવું તે કહે છે.

**से मइमं परिन्नाय मा य हु लालं पच्चासी, मा तेसु तिरिच्छमप्पा णमावायए, कासंकासे खलु अयं पुरिसे, बहुमाई कडेण मूढे, पुणो तं करेइ लोहं वेरं बड्ढेइ अप्पणो, जमिणं परिकहिज्जइ इमस्स**

**चेव पडिवूहणयाए, अमरा य महासड्ढी अट्टमेयं तु पिहाए अपरिण्णाए कंदइ। (सू. ९४)**

પૂર્વે કહેલો બુદ્ધિમાન સાધુ જેની સિદ્ધાંત ભણવાથી સંસ્કારવાલી બુદ્ધિ થએલી છે, તે દેહના સ્વરૂપને તથ. કામના સ્વરૂપને એ પ્રકારની પ્રતિજ્ઞા વડે શું કરે તે કહે છે—

હે સાધુ—તું 'લાળ ઝરતા' અને બળખા વારંવાર પડતા મોંઢાનો અભિલાષિ ન થઈશ. એટલે જેમ બાળક પોતાની પડતી લાળને વિવેકના અભાવે ચાટે છે. તેમ તું તજેલા ભોગોને પાછા સ્વીકારતો નહી અર્થાત્ ભોગો તજીને પાછા ન ભોગવતો.

વલી. તે સંસારમાં ભ્રમણ કરાવનાર અજ્ઞાન અવિરતિ મિથ્યા દર્શન વિગેરેને તિરશ્ચીન (તિરછિ ગતિ) અથવા પ્રતિકુળ ઉપાય વડે, ઉલંઘી જા, અને નિર્વાણના ઝરણરૂપ જ્ઞાન દર્શન વિગેરેમાં તું અનુકુળતા કર, એટલે તું અજ્ઞાન વિગેરેમાં આત્માને ડુબાવીશ નહી, અને જ્ઞાનાદિ કાર્યમાં પ્રતિકુળતા ન કરીશ તેથી સાવચેત રહેવું.

જે પ્રમાદી છે, તે અહીં પણ શાંતિ નથી પામતો; એટલે, જે જ્ઞાનથી વિમુખ થઈને ભોગનો અભિલાષિ થઈને તિરછી ગતિમાં પડે છે, તે પુરુષ કર્તવ્યતામાં મૂઢ બનેલો છે. તે માને છે કે, આ મેં એમ કર્યું; અને હવે એમ કરીશ; એવી ભોગના અભિવાષની તૃષ્ણામાં વ્યાકુળ બનેલો

ચિત્તની શાંતિને નિશ્ચે ભોગવતો નથી. (સૂત્રમાં ભૂત ભવિષ્ય લીધો; પણ વર્તમાનકાળ અતિ સૂક્ષ્મ હોવાથી ન લેતાં, અતીત અનાગત ભૂત ભવિષ્ય લીધા છે.)

આ પ્રમાણે મેં કર્યું અને કરીશ; એમ વિચારનારા કામાતુરને શાંતિ નથીજ થતી. કહ્યું છે કેઃ—

**"इदं तावत् करोम्यद्य, श्वः कर्त्ताऽस्मीति चापरम्।**
**चिन्तयनान्निह कार्याणि, प्रेत्यार्थं नावबुध्यते ॥१॥"**

આ હમણાં કરૂં છું. અને બીજું સવારમાં કરીશ; એમજ્યા તે વિચારતાં તેને, અહીં પરલોકને માટે કંઇ ધર્મ કૃત્ય સૂઝતું નથી.

અહીં દહીંના ઘડાવાળા ભીખારીનું દૃષ્ટાંત કહે છે. કોઈ રંકને કોઇ જગ્યાએ ભેંસને ચારતાં દુધ મળેલું; તેનું દહીં કરીને વિચારવા લાગ્યો કે, આનું ઘી બનાવી, અને તેથી, પૈસા પેદા કરી, વેપાર કરીને બૈરી પરણીશ; અને પુત્ર ઉત્પન્ન થઇને મોટો થતાં, ખાવા બોલાવવા આવશે; ત્યારે લાત મારીશ. વિશેરે તુરંગમાંજ પગ અફાળતાં, માથું ધુણાવતાં દહીંનો ઘડો પડયો; અને ઘડો ફુટી ગયો; તેથી બધા તુરંગ દુર થયા. ન ખાધું; ન કોઈને પુન્ય માટે આપ્યું. એ પ્રમાણે બીજા પણ જીવો કરવા કરાવવાના સંસારી-કર્તવ્યમાં મૂઢ બનીને પોતાનો આરંભ નિષ્ફળ કરે છે.

અથવા જેમાં કષાય તે "કાસ" સંસાર છે. તેને

કસે; એટલે સન્મુખ જાય; તે જ્ઞાન વિગેરેમાં પ્રમાદ કરનારો છે તે કહે છે. એટલે, સંસારભ્રમણ કષાયથી છે, એટલે તેમાં માયા લીધી; એટલે જે બહુમાયી છે, તે ક્રોધી માની અને લોભી પણ જાણવો; અને અશુભકૃત્ય કરવાથી મૂઢ બનેલો સુખ વાંચ્છતો છતાં દુઃખજ ભોગવે છે. કહ્યું છેઃ—

**"सोउं सोवणकाले मज्जणकाले य मज्जिउं लोलो।**
**जेमेउं च वराओ जेमण काले न चाएइ ॥१॥"**

જે સ્વાર્થી છે, તે રાતના સુવાનું, અને દિવસમાં નાવાની વખતે, નાવાનું; તથા જમવા વખતે, જમવાનું. તે સુખેથી કરી શક્તો નથી. આના સંબંધમાં મમ્મણ શેઠનું દૃષ્ટાંત પૂર્વે કહેલું છે, તેના જેવો કાસંકષ એટલે, બહુ કપટી. તેણે કરેલાં કપટથી બનેલો મૂઢ, જે જે કરે, તેનાવડે વેરનો પ્રસંગ થાય; તે કહે છેઃ—તે કપટી બીજાને ઠગવા લોભનું કૃત્ય કરે છે, જેથી વેર વધે છે, અથવા લોભ કરીને નવાં કર્મ બાંધીને, સેંકડો નવા ભવ કરે છે, અને નવાં વેર વધે છે. તે કહે છેઃ—

**"दुःखार्तः सेवते कामान्, सेवितास्ते च दुःखदाः।**
**यदि ते न प्रियं दुःखं, प्रसङ्गस्तेषु न क्षमः ॥१॥"**

દુઃખથી પીડાયલો કામ ભોગને સેવે છે, અને પરિણામે તે દુઃખ આપે છે, તેથી ગુરુ શિષ્યને કહે છેઃ—હે

મુનિ! તને જો, દુઃખ પ્રિય ન લાગતું હોય; તો, તે ભોગોનો સ્વાદ છોડ.

પ્રશ્નઃ—જીવ, એવાં શું કૃત્ય કરે છે કે, પોતાને વેર વધે છે?

ઉત્તરઃ—આ નાશવંત શરીરની પુષ્ટિ માટે જીવહિંસા વિગેરે પાપક્રિયાઓ કરે છે, તે ક્રિયામાં હણાયલા સેંકડો પ્રાણીઓ નાશ પામે છે, તેથી મરેલા જીવો સાથે વેર બંધાય છે. જે ઉપર કહી ગયા કે, ભવભ્રમણમાં કપટ કરવાથી વેર વધે છે, અથવા ગુરુ કહે છેઃ—આ વારંવાર હું જે ઉપદેશ આપું છું, તેનું કારણ એ છે કે, સંસારમાં વેર વધે છે, તેથી સંયમનીજ પુષ્ટિ કરવી તે સારૂં છે.

હવે બીજું કહે છે. જે દેવતા નહીં છતાં, દેવતા માફક દ્રવ્ય-જુવાની સ્વામીપણું, સુંદર રૂપ, વિગેરેથી યુક્ત હોય: તે મનુષ્ય અમર (દેવતા) માફક આચરે તે અમરાય (દેવતાઇ)-પુરુષ કહેવાય; તે મહાશ્રદ્ધી એટલે, જેને ભોગમાં, અને તેને મેળવવાના ઉપાયમાં ઘણી લાલસા (શ્રદ્ધા) હોય; તે, મહાશ્રદ્ધી (પાપારંભી) છે, તેનું દૃષ્ટાંત કહે છેઃ—રાજગૃહ-નગરમાં મગધસેના નામની ગણિકા (વેશ્યા) રહેતી હતી. તેજ નગરમાં ધનશેઠ નામનો સાર્થવાહ હતો. તે કોઈ વખતે ઘણું ધન આપીને, તે વેશ્યાનાં ઘરમાં પેઠો. તેના રૂપયૌવન-ગુણોનો

સમૂહ, દ્રવ્ય વિગેરેની લાલચથી વેશ્યાએ તેને સ્વીકાર્યો; પણ તે શેઠનું આવક, ખર્ચના હીસાબની જંજાળમાં મન રોકાયાથી તે વખતે, વેશ્યાને નજરે પણ જોઇ શક્યો નહીં. (મતલબ કે, વેપારની ધુનમાં, વેશ્યા સાથે વાત પણ કરી નહીં.) આ વેશ્યા પોતાના રૂપયોવન–સુંદરતાના અહંકારથી દુઃખી થઇ. તેને અતિ દુઃખી જોઇને જરાસંઘ રાજાએ કહેવડાવ્યું કે, તારૂં દુઃખનું કારણ શું છે? અથવા તું કોની સાથે રહે છે! વેશ્યાએ કહ્યું કે હું અમર સાથે રહું છું, રાજાએ પૂછયું કે કેવી રીતે? તેણે કહ્યું કે મને રાખનાર શેઠ આ પ્રમાણે પૈસાદાર છે, અને ભોગના અભિલાષીઓ ધનમાં આસક્ત બનેલા દેવતા માફક ક્રિયામાં વર્તે છે, ખાવા પીવામાં તથા બીજી ક્રિયામાં દેવતા માફક વિલાસ ભોગવે છે, પણ કામનો અભિલાષિ શરીર અને મનની પીડામાં પીડાએલો બહારથી સુખી અને અંદરથી દુઃખી ભોગોની ઇચ્છાવાલો છતાં ભવિષ્યના વેપારની ચિન્તામાં પડેલો મને જોતો પણ નથી, તેથી મારાં બધાંએ સુખો એક સુખ વિના રદ છે, તેથી ગુરૂ શિષ્યને કહે છે, સંસારી કામી જીવોનાં દુઃખ જોઇને તેમને સુખી ન માનતાં ભોગોની ઇચ્છા ન કરવી.

વલી સંસારી ભોગ વાંચ્છકનું સ્વરૂપ કહે છે. પોતે કામના સ્વરૂપને અથવા તેના કડવા વિપાકને ન જાણીને

તેમાં ચિત્ત રાખેલો બીજાની સુંદર સ્ત્રીઓ જોઇને તે ન મળવાથી અથવા પોતાની વહાલી પ્રિયા મરી જવાથી તેની આકાંક્ષામાં રાત દિવસ શોક કરે છે; કહ્યું છે કે:—

"चिन्ता गते भवति साध्व समान्ति कस्थे,
मुक्ते तु तृप्तिरधिका, रमितेऽप्य तृप्तिः।
द्वेषोऽन्न्यभाजि वश वर्तिनि दग्धमानः
प्राप्तिः सुखस्य दयिते न कथाश्चिदास्ति ॥१॥"

નાશ પામે તો ચિન્તા થાય, પાસે હોય તો તેના ધાકથી ગભરામણ થાય, ત્યાગ કરે તો તેની ઈચ્છા થાય, ભોગવતાં અતૃપ્તિ થાય, અથવા પતિ કે પત્ની બીજા સાથે સંબંધ કરે, તો દ્વેષ થાય, વશ કરે તો પતિ બળેલા જેવો થાય, તેથી કરીને સુખની પ્રાપ્તિ પતિથી સ્ત્રીને કદાપી પણ નથી, આ પ્રમાણે ધન વિગેરેમાં પણ સમજવું કે કોઇપણ પ્રકારે કામ વિપાકમાં સુખ નથી, પણ પરિણામે દુઃખજ છે, એવું બતાવીને સમાપ્ત કરવા કહે છે.

**से तं जाणह जमहं बेमि, ते इच्छं पंडिए पवयमाणे से हंत्ता, छित्ता भित्ता लुंपइत्ता, विलुंपइत्ता उद्दवइत्ता, अकडं करिस्सामिति मन्नमाणे, जस्सावि य णं करेइ, अलं बालस्स संगेणं, जे वा से कारइ बाले, न एवं अणगारस्स जायइ (सू. ९५) त्तिबेमि।**

જેથી કામના અભિલાષો દુઃખનાજ હેતુઓ છે, તેવું તમે જાણો તેથી હું કહું છું, મારો ઉપદેશ ચિત્તમાં રાખવા માટે કાનેથી સાંભળો અને ખોટી વાસનાને છોડી દો.

શંકા—અહીંઆં કામવાસનાનો નિગ્રહ બતાવ્યો, તે બીજા ઉપદેશથી પણ કાર્ય સિદ્ધિ થાત તેથી આચાર્ય કહે છે. "તે इच्छं" કામ ચિકિત્સામાં પણ પંડિત અભિમાની પોતે તેવા વચન બોલતો અથવા વ્યાધિની ચિકિત્સાનો ઉપદેશ કરતો અન્ય દર્શનીસાધુ જીવના ઉપમર્દનમાં વર્તે છે. એટલે જે ભવિષ્યના કડવા વિપાકને ભૂલે છે, તે બીજાને સંસાર ભોગવવાના ( કોકશાસ્ત્ર ) ગ્રંથનો ઉપદેશ કરે છે, જેના વડે અજ્ઞાની જીવો વિષય સુખ લેવા શરીર શક્તિ વધારવા અનેક પાપ કરે છે, તેનું મૂળ કારણ તેવા ઉપદેશને કહેવાથી બીજા જીવોને લાકડી વિગે-રેથી મારનારો તથા શૂળ વિગેરેથી કાન વિગેરેનો ભેદનારો તથા ગાંઠ છોડવી, વિગેરેથી ધન ચોરનારો, તથા લૂંટ કે ખાતર પાડીને ધન લેનારો તથા જીવ લેનારો બને છે.

કારણ કે કામ ચિકિત્સા કે શરીરની પુષ્ટિ, કે રોગનું નિવારણ તત્વ દૃષ્ટિથી વિમુખ પુરૂષોને જીવ હિંસા સિવાય થતું નથી. વલી કેટલાક પંડિત માની પુરૂષો એમ ગર્વ કરે છે કે તેણે કામ ચિકિત્સા વિગેરે ન કરી પણ હું તો

કરીશ્ર્જ ! એમ માનીને પોતે હણવા વિગેરેની ક્રિયા કરે છે, તેથી કર્મ બંધ થાય છે, તેથી જે કુવાસના અથવા જીવ હિંસાના ઔષધોનાં શાસ્ત્ર બનાવે છે તે પરિણામે દુર્ગતિને આપનાર શાસ્ત્ર હોવાથી તે અકાર્ય છે.

વલી કહે છે કે, જે પોતે ચિકિત્સા કરે છે. તે કરનાર અને કરાવનાર બંને પાપ ક્રિયાઓના ભાગી છે, તેથી તેવી દુર્ગતિમાં જનારા અજ્ઞાની જીવની સંગત પણ ન કરવી, કારણ કે તેથી કર્મ બંધ થાય છે, અને જીવ હિંસાથી ઔષધ કરાવે, તેની પણ સોબત ન કરવી.

ઉત્તમ સાધુઓને ઉપર કહેલ પ્રાણીઓની હિંસાવાલું કામ વાસનાનું અથવા વૈદક શાસ્ત્રનું ભણવા ભણાવવાનું હોય નહીં. એટલે જેમ બાળ જીવો કરે, તેમ સાધુઓને કરવું કલ્પે નહીં, તેઓનું વચન પણ સાધુઓએ સાંભળવું નહીં, આવું સુધર્માસ્વામી જંબુસ્વામીને કહે છે, પાંચમો ઉદ્દેશો સમાપ્ત થયો.

## હવે છઠો ઉદ્દેશો કહે છે.

પાંચમા સાથે છઠ્ઠા ઉદ્દેશાનો આ સંબંધ છે, કે સંયમ દેહના નિર્વાહ માટે લોકોમાં જવું, પણ તેમની સાથે પ્રેમ ન બાંધવો એવું કહ્યું તે હવે સિદ્ધ કરે છે.

આ સૂત્રનો પૂર્વના સૂત્ર સાથેનો સંબંધ કહે છે:-એટલે,

"૯૫ મા" સૂત્રની છેવટે કહ્યું કે:—ઉત્તમ સાધુને ચિકિત્સા વિગેરે ન હોય. અહીંયાં "૯૬" સૂત્રમાં પણ તેજ કહે છે.

**से तं संबुज्झमाणे आयाणीयं समुट्ठाय तम्हा पावकम्मं नेव कुज्जा न कारवेज्जा। (सू. ९६)**

જેને ચિકિત્સા નહોય; તે અનગાર કહેવાય; અને જે જીવોને દુઃખ આપનાર ચિકિત્સાનો ઉપદેશ આપવો; અથવા તેવું કૃત્ય કરવું તે પાપ છે, એમ જાણીતો (ગીતાર્થ) સાધુ જ્ઞ-પરિજ્ઞાવડે તથા, પ્રત્યાખ્યાન પરિજ્ઞાવડે જાણીને તથા, પાપ છોડીને આદાનીય (ગ્રહણ કરવા યોગ્ય) પરમાર્થથી ભાવ આદાનીય જ્ઞાનદર્શન-ચારિત્ર છે, તેને ગ્રહણ કરીને પાપકર્મ કોઈપણ વખતે ન કરે તેમ ન કરાવે; અને કરનારને અનુમોદના પણ ન આપે.

અથવા, તે સાધુ જ્ઞાન વિગેરે, મોક્ષનું સાચું કારણ છે, એમ જાણીને, સંયમ-અનુષ્ઠાનમાં સાવધ થઇને સર્વ-સાવદ્ય (પાપનાં) કૃત્ય મારે ન કરવાં; એવી પ્રતિજ્ઞારૂપ-પર્વત ઉપર ચઢીને શું કરે છે? તે કહે છે:—

આ સાવદ્યના આરંભની નિવૃત્તિરૂપ-સંયમ લીધો છે, તેથી, મુનિએ પાપકર્મની ક્રિયા ન કરવી. મનથી પણ ઇચ્છવી નહીં; પોતે બીજા પાસે પણ કરાવવી નહીં; એટલે, નોકર વિગેરેને પાપકર્મમાં પ્રેરવાં નહીં; તથા, "૧૮" પ્રકારનું પાપજીવ-હિંસા, જુઠું, ચોરી, કુચાલ, પરિગ્રહ

મમતા, ક્રોધ, માન, માયા, લોભ, રાગદ્વેષ, કજીઓ, અભ્યાખ્યાન, પૈશૂન્ય, રતિ અરતિ, પરનિંદા, માયા મૃષાવાદ, (કપટનું જુઠ,) મિથ્યાદર્શન-શલ્યને પોતે ન કરે; તેમ, ન બીજા પાસે ન કરાવે; તથા, પાપ કરનારી પ્રશંસા ન કરે; એમ, મન, વચન, કાયાથી ત્યાગ કરે.

પ્રશ્ન:—એક પાપ કરે; તેને બીજાં પાપ લાગે કે નહીં?

ઉત્તર:—તે શાસ્ત્રકાર બતાવે છે.

**सिया तत्थ एगयरं विप्परामुसइ छसु अन्नयरंमि कप्पइ सुहट्ठी लालप्पमाणे, सएण दुक्खेण मूढे विप्परियासमुवेइ, सएण, विप्पमाएण पुढो वयं, पकुव्वइ, जंसिमे पाणा पव्वहिया पडिलेहाए नो निकरणयाए, एस परिन्ना पवुच्चइ कम्मो वसंती।**

કોઇ પાપઆરંભમાં પૃથ્વીકાય વિગેરેનો સમારંભ કરે છે, તે એક પ્રકારનું આશ્રવદ્વાર પ્રારંભે છે, તે છ કાયના આરંભમાં વર્તે છે, તે જાણવું. જોકે, પોતે એકને હણવાનો વિચાર કરે છે, છતાં સંબંધને લીધે સર્વ હણાય છે.

પ્રશ્ન=જ્યારે કોઇપણ એકકાયને હણવા આરંભ કરે ત્યારે બીજી કાયના સમારંભનું પાપ અથવા સર્વ પાપોમાં વર્તે છે તેવું કેમ મનાય?

ઉતર—કુંભારની શાળામાં પાણીને અડકવાના દૃષ્ટાંત વડે જાણવું. એટલે પાણીને અડકતાં પાણી સાથે રહેલી

માટીને સ્પર્શ થાય તેથી બીજી પૃથ્વીકાયનો આરંભ થયો અને પાણીમાં રહેલી વનસ્પતિનો આરંભ થયો, તે હાલતાં વાયુનો સમારંભ થાય, ત્યાં રહેલી અગ્ની પ્રદીપ્ત થાય. એ પ્રમાણે અગ્નિ બળતાં ત્રસ જીવોનો આરંભ થાય. ( માટે સાધુએ દરેક જગ્યાએ વિચારીને પગ મૂકવો ) અથવા પ્રાણાતિપાત આશ્રવદ્વારમાં વર્તવાથી, અથવા એક જીવના અતિપાત ( હિંસા ) અથવા એક કાયાના આરંભથી બીજા જીવોનો પણ ઘાતક સમજવો, તથા પ્રતિજ્ઞા લોપવાથી તે બીજું પાપ બાંધે છે. કારણ કે જીવ હિંસાની આજ્ઞા જીનેશ્વરે આપી નથી, તથા પ્રાણીઓના પ્રાણ લેવાની આજ્ઞા પ્રાણીઓ આપતા નથી, માટે ચોરીનો દોષ છે, તથા સાવદ્યના ગ્રહણ કરવાથી પરિગ્રહવાળો પણ છે, અને પરિગ્રહમાં મૈથુન તથા રાત્રી ભોજન પણ આવે, કારણ કે ગ્રહ કાર્ય વિના સ્ત્રી ભોગવાય નહીં. એથી એકના આરંભમાં બધી કાયાનો આરંભ છે, અથવા ચાર આશ્રવદ્વારને રોકયા વિના ચાર મહાવ્રતમાં તથા તથા છઠ્ઠા રાત્રી ભોજન વિરમણવ્રત કેવી રીતે થાય ? એથી બધાનો આરંભ લાગે અથવા એક પાપ આરંભ કરે, તે અકર્તવ્યમાં પ્રવર્તવાથી છએ કાયના આરંભનો દોષિત છે, અથવા જે એક પણ પાપ કરે, તે આઠે પ્રકારના કર્મને ગ્રહણ કરી વારંવાર તેમાં પ્રવર્તે છે.

પ્રશ્ન—શા માટે તે પાપ કરે છે ?

ઉત્તર—સુખનો અર્થિ તે વારંવાર અયુક્ત બોલે છે, અને કાયાથી દોડવા-કુદવાની ક્રિયા કરે છે, અને પૈસો પેદા કરવા ઉપાયોને મનથી ચિંતવે છે, તે કહે છે. ખેતી વિગેરે કરીને પૃથ્વીનો આરંભ કરે છે, સ્નાન માટે પાણીનો, તાપવા માટે અગ્નિનો, ગરમી દૂર કરવા હવાનો ( પંખાવડે ) તથા ખાવાને માટે વનસ્પતિ અથવા પશુ હત્યા વિગેરેનો આરંભ કરે છે, આ પાપ કરનાર ગૃહસ્થ અથવા વેષધારી સાધુ રસનો રસીઓ બનીને સચિત્ત લવણ વનસ્પતિ ફળ વિગેરેને ગ્રહણ કરે છે, તથા બીજી વસ્તુ પણ વાપરે છે, તે સમજી લેવું.

આ પ્રમાણે જે વધારે બોલનારો હોય, તે પાપ કર્મથી બીજા નવા જન્મના દુઃખ રૂપી ઝાડનું કર્મ બીજ પણ વાવે છે, અને તેથી દુઃખના ઝાડનું કાર્ય પ્રકટ થશે, તે તેણે અહીં કર્યું. માટે આત્મીય ( પોતાનું ) કર્યું. અને તે પાપ કર્મના વિપાકનો ઉદય થતાં મૂઢ માણસ પરમાર્થને ન જાણવાથી, ધર્મ કરવાને બદલે સુખને મેળવવા પ્રાણીને દુઃખ આપવાનાં કૃત્યો કરે છે, અર્થાત્ સુખને બદલે ભવિષ્યમાં પણ દુઃખજ પામશે. કહ્યું છે કેઃ—

"दुःखद्विद् सुखलिप्सु, मोहान्धत्वाद दृष्ट गुणदोषः
यां यां करोति चेष्टां तया तया दुःखमादत्ते ॥१॥"

દુઃખનો દ્વેષી, સુખનો ચાહક, મોહથી આંધળો થવાથી

ગુણ દોષને ન જાણનારો જે જે ચેષ્ટાઓ કરે છે, તેનાથી પોતે દુઃખજ પામે છે. અથવા તે મૂઢ હિત મેળવવા, અહિત છોડવાના વિવેકથી શૂન્ય ઉલટો ચાલે છે, એટલે હિતને અહિત માને છે. તથા અહિતને હિત માને છે, તથા કાર્યને અકાર્ય, પથ્યને અપથ્ય વિગેરેમાં પણ સમજવું; એટલે એમ બતાવ્યું કે, મોહ તે અજ્ઞાન છે, અથવા મોહનીયનો ભેદ છે, તે બંને પ્રકારના મોહથી મૂઢ બનેલો અલ્પ સુખના માટે તેવો તેવો આરંભ કરે છે કે, જેનાવડે શરીરના અને મનના દુઃખના વ્યસનોને પામીને અનંત કાળના સંસાર ભ્રમણની પાત્રતાને પામે છે. વલી મૂઢની બીજી અનર્થની પરંપરા બતાવે છે, એટલે પોતાના આત્મા વડે મદ્ય વિગેરેના પ્રમાદથી એટલે ઇંદ્રિયોનો રસ લેવો, કષાયો કરવા, વિકથા કરવી, અથવા ઘણી નિદ્રા કરવાથી જુદું જુદું વૃત ( પાપના ચાળા ) કરે છે. અથવા વય એટલે પોતાનાં કર્મ વડે જેમાં જીવો ભ્રમણ કરે છે તે વય સંસાર જાણવો, એટલે એક એક કાયમાં ઘણો કાળ રહેવાથી તેનો અનંતોકાળ દુઃખમાં વીતે છે.

અથવા કારણમાં કાર્યનો ઉપચાર કરીએ; તો, પોતાના જુદી જુદી રીતે કરેલા પ્રમાદથી બંધાયલાં કર્મવડે વય એટલે, કોઇપણ અવસ્થા ભોગવે, તે એકેંદ્રિય વિગેરેમાં કલલ, અર્બુદ વિગેરેથી લઇને, એક દિવસના જન્મેલા બાળક

પણુ વિગેરેની અવસ્થામાં વ્યાધિથી પીડાયલા, અથવા દારિદ્ર તથા દુર્ભાગ્ય વિગેરેનાં દુઃખથી પ્રાપ્ત થયેલ તે પ્રકર્ષ કરીને બાંધે છે. ( એટલે પૂર્વે કર્મ બાંધે; અને પછીથી ભોગવે; તે આશ્રયી વયઃ શબ્દ લીધો છે.

તે સંસારમાં અથવા, ઉપર કહેલી અવસ્થામાં પ્રાણીઓ પીડાય છે તે બતાવે છે. जं सि मे. એટલે, આ પોતાના કરેલા પ્રમાદના કારણે અશુભકર્મનાં ફળ ભોગવતાં ચારગતિવાળા આ સંસારમાં અથવા, એકેંદ્રિયાદિ અવસ્થામાં પ્રાણીઓ દુઃખોથી પીડાય છે, ( એવું ગુરૂ શિષ્યને કહે છે કે તું જો. )

તેઓ સુખને માટે આરંભમાં રાચીને મોહથી ધર્મને બદલે અધર્મ કરીને ગૃહસ્થો તથા સાધુ વેષધારી તથા, પાખંડીઓ પીડાય છે. ( જે બ્રહ્મચર્યને બદલે કુશીલ સેવે; તેને ઇંદ્રિય સડતાં સંસારમાંજ નરકવાસ ભોગવવો પડે. વૈદની ગુલામી કરવી પડે; અને વધારે રોગ ન વધે; તે માટે, બધી ઇંદ્રિયો વશમાં રાખવી પડે; એ કુમાર્ગે ચાલ્યાનું ફળ છે. )

જો, એવીરીતે પ્રાણીઓ પોતાનાં પાપોથી અહીં પીડાતાં દેખાય; તો શું કરવું ? તે કહે છેઃ—આ સંસાર-ભ્રમણમાં પોતાનાં કૃત્યોનું ફળ ભોગવવામાં સમર્થ જીવોનું સ્વરૂપ જાણીને અથવા, ગૃહસ્થવડે માર ખાતાં અથવા, પરસ્પર લઢતાં અથવા રોગાદીની પીડાઓ ભોગવતાં, તેમનાં કર્મનાં ફળ ભોગવતાં જાણીને પંડિત સાધુએ નિશ્ચયથી તેનો ત્યાગ

કરવો; એટલે, સર્વથા અથવા, નિશ્ચયથી પ્રાણીઓને જુદા જુદા દુઃખોની અવસ્થા જેમાં થાય; તે "નિકરણ" અથવા "નિકાર" છે, અને તેજ અશુભકર્મ શરીર મનનું દુઃખ ઉત્પાદક છે, તે કર્મને સાધુ ન કરે; એટલે જેથી પ્રાણીઓને પીડા થાય; તેવું કૃત્ય સાધુ ન કરે; (સાધુએ કોઇ પણ જાતનો પાપારંભ ન કરવો;) તેથી શું થાય તે કહે છે.

આ જે સાવદ્ય વેપારની નિવૃત્તિરૂપ–પરિજ્ઞા છે, તેજ તત્ત્વથી પ્રકર્ષથી 'પરિજ્ઞાન' કહેવાય છે, પણ શૈલુષ (ઠગની) માફક મોક્ષ ફળ રહિત જ્ઞાન નથી.

આ પ્રમાણે જ્ઞ–પરિજ્ઞા, તથા પ્રત્યાખ્યાન પરિજ્ઞાવડે પ્રાણીનો નિકાર (હિંસા) છોડવાવડે સાધુને મોક્ષ મળે છે, એટલે કર્મો શાન્ત પામે છે, સંપૂર્ણ જોડલાં રાગ દ્વેષ વિગેરેનાં છે, તે બધાં સંસાર ઝાડનાં બીજ રૂપ કર્મ છે, તેનો ક્ષય થાય છે, તે જીવ હિંસાની ક્રિયા દૂર કરનારને થાય છે.

અને આ કર્મ ક્ષયમાં વિઘ્ન રૂપ જીવ હિંસાનું મૂળ આત્મામાં વિષય વાસનાનું મમત્વ છે, તે દુર કરવા કહે છે.

**जे ममाइयमइं जहाइ से चयइ ममाइयं, से हु दिट्ठपहे मुणी जस्स नत्थि ममाइयं, तं परिन्नाय मेहावी विइत्ता लोगं वंता लोगसन्नं से मइमं परि-**

कमिज्जासि त्तिबेमि ॥ नारइं सहई वीरे, वीरे न सहई रतिं । जम्मा अविमेण वीरे, तम्हा वीरे न रज्जइ ॥१॥ (सू. ९८)

સંસારી જડ વસ્તુમાં મારાપણાની મતિ તેને જે સાધુ પરિગ્રહના કડવાં ફળને જાણે છે, તે છોડે છે. તે પરિગ્રહ દ્રવ્યથી અને ભાવથી એમ બે પ્રકારે છે, તે બંને પ્રકારની પરિગ્રહની બુદ્ધિ છોડવાથી અંતરનો ભાવ પરિગૃહ પણ નિષેધ કર્યો, અને પરિગૃહની બુદ્ધિ વિષયનો પ્રતિષેધ કરવાથી બહારનો દ્રવ્ય પરિગૃહ પણ તજવાનો કહ્યો અથવા કાકુન્યાયે લઇએ તો એમ અર્થ થાય કે, જે પરિગ્રહના વિચારનું મલિન જ્ઞાન છોડે, તેજ પરમાર્થથી બહાર અને અંદરનો પરિગ્રહ છોડે છે, તેનો અર્થ આ છે.

સંબંધ માત્રથી ચિત્તના પરિગ્રહની કાળાશનો અભાવ છે. જેમ નગરમાં સાધુ રહે, અથવા પૃથ્વી ઉપર બેસે, છતાં જેમ જીનકલ્પી મુનિને નિષ્પરિગૃહતાજ છે, તેમ સ્થવિર કલ્પીને પણ જાણવું, તેથી શું સમજવું તે કહે છે.

જે મુનિ જાણે છે કે મોક્ષમાં મુખ્ય વિઘ્નનો હેતુ તથા સંસાર ભ્રમણનું કારણ છે, તે પરિગ્રહ મમત્વથી છુટવાના વિચારવાળો છે, તેજ દેખતો છે, તેણેજ મોક્ષનો માર્ગ જ્ઞાનાદિક જોયું છે, તે દ્રષ્ટ પથ છે.

અથવા દષ્ટ ભય લઈએ તો સાતે પ્રકારનો ભય જે

શરીર વિગેરેના મમત્વથી સાક્ષાત્ દેખાય છે, અથવા વિચારતાં પરંપરાએ જણાય છે, તે સાતે પ્રકારના ભયને જાણનારો નિશ્ચયથી થાય છે, તેનો વધારે ખુલાસો કરે છે.

જેમ મમત્વ ન કરે, પરિગ્રહ ન રાખે, તે દૃષ્ટ ભય છે, એમ સમજીને પૂર્વે બતાવેલા પરિગ્રહને તે જ્ઞ પરિજ્ઞા વડે જાણીને પ્રત્યાખ્યાન પરિજ્ઞાવડે ગીતાર્થ મુનિ પરિગ્રહના આગ્રહવાળા એકેંદ્રિયાદિ સંસારી-જીવલોકને દુઃખી જાણીને પોતે પ્રાણીગણની દશ પ્રકારની મમત્વસંજ્ઞા ( પરિગ્રહને ) ત્યાગે છે, તેજ મુનિ સત્ અસત્ના વિવેકને જાણનારો છે તેને ગુરૂ કહે છે. તું સંયમ અનુષ્ઠાનમાં યોગ્ય રીતે ઉદ્યમ કર,

અથવા, આઠ પ્રકારનાં કર્મને અથવા, કર્મનું મૂળ રાગદ્વેષાદિ છ રિપુવર્ગ છે, તેને અથવા, વિષયકષાયને જીતવા પરાક્રમ કર એવું હું કહું છું.

તે મુનિ સંયમ અનુષ્ઠાનમાં પરાક્રમ કરનારો પરિગ્રહના આગ્રહને છોડનારો મુનિ કેવો થાય છે તે કહે છેઃ—

( સારાં કામમાં વિઘ્ન વધારે આવે તેમ ) કદાચ તે સંસારનો ઘર, સ્ત્રી, ધન, સોનું વિગેરે પરિગ્રહ છોડનાર અકિંચન મુનિને સંયમ અનુષ્ઠાન કરતાં મોહનીયકર્મના ઉદયથી સંયમમાં અરતિ થાય; તોપણ, તે સંયમ સંબંધી અરતિને પોતે સહન કરે; ( તેમાં મન ન રાખે; ) પણ

વધારે વૈરાગ્યથી વીર બનીને આઠ પ્રકારના કર્મશત્રુને પ્રેરણા કરીને તે શક્તિમાન બનેલો વીર અસંયમમાં અથવા, વિષય–પરિગ્રહમાં રતિ ન કરે; અને સંયમમાં જે અરતિ થાય; અને વિષયમાં રતિ થાય તેથી, વિમન બનીને શબ્દાદિમાં રમણતા ન કરે; એટલે, રતિ અરતિ, એ બંનેને છોડવાથી ખેદી મનવાળો ન થાય; તેમ, રાગ પણ ન કરે તે બતાવે છે.

જેણે રતિ, અને અરતિમાં મન ન લગાડયું તે વીર છે, અરે જે વીર છે, તે પાંચ ઇંદ્રિયના વિષયમાં આસક્તિ ન કરે ત્યારે શું કરવું ? તે કહે છેઃ—

**सद्दे फासे अहियासमाणे निव्विंद नंदिं इह जीवियस्स । मुणी मोणं समायाय, धुणे कम्म सरीरगं ॥२॥ पंतं लूहं सेवंति वीरा संमत्त दंसिणो । एस ओहंतरे मुणी तिन्ने मुत्ते विरए वियाहिए, त्तिबेमि ।** (सू. ९९)

જેથી રતિ–અરતિને ત્યાગીને મનોહર શબ્દ વિગેરેમાં સાધુ રાગ ન કરે; તેમ, ખરાબમાં દ્વેષ પણ ન કરે. તે સ્પર્શ વિગેરેમાં પણ સારીરીતે સહન કરે; એટલે, મનોજ્ઞ શબ્દ સાંભળીને આનંદ ન માને; તેમ, ખરાબ સાંભળીને ખેદ ન કરે; તે પ્રમાણે શબ્દ, તથા સ્પર્શ લીધાથી બીજી ઇંદ્રિયના વિષયમાં પણ જાણવું. કહ્યું છે કેઃ—

"सद्देसु अ भद्दयपावएसु, सोयविसय मुवगएसु ।
तुट्ठेण व रुट्ठेण व समणेण सया न होअव्वं ॥१॥

સુંદર કે, ખરાબ શબ્દ કાનમાં આવતાં સાધુએ ખુશ અથવા નાખુશ હમેશાં, ( કોઇપણ વખતે ) ન થવું. એજ પ્રમાણે રૂપગંધ વિગેરેમાં પણ જાણવું, તેથી, શબ્દ વિગેરેમાં પણ મધ્યસ્થતા રાખનારા શું કરે? તે કહે છેઃ—

આ ગુરૂની ઉપાસના કરનાર શિષ્ય જે વિનેય છે, તેને અથવા, મોક્ષાભિલાષી બીજાને પણ આ ઉપદેશ છે. કે, તું સારી રીતે જાણ કે. ઐશ્વર્ય, વૈભવ વિગેરેથી મનની જે પ્રસન્નતા છે, તેને દુર કર. આ મનુષ્ય લોકમાં જે સંયમ વિનાનું જીવિત છે; તેને ત્યજી દે, અથવા વૈભવ વિગેરેથી કુદરતી જે આનંદ થાય છે, કે મને આ આવી ઉત્તમ સમૃદ્ધિ મળી છે, મળે છે. અને મળશે. એવો જે વિકલ્પ થાય છે, તે આનંદના વિકલ્પને પણ તું નિંદ, વિચાર કે આ પાપના કારણ રૂપ અસ્થિર સમૃદ્ધિવડે શું લાભ છે! કહ્યું છે કેઃ—

विभव इति किं मदस्ते ? च्युतविभवः किं विषाद-
मुपयासि ?
करनिहितकन्दुकसमाः पातोत्पाता मनुष्याणाम् ॥१॥

અમારો વૈભવ છે, એવો તને મદ શું કામ થાય છે! અને વૈભવ જતાં ખેદ કેમ કરે છે? તું જાણતો નથી કે માણસોને મળેલી રિદ્ધિ હાથમાં રમવાના દડા માફક પડે છે,

ને ઉછળે છે ! આ પ્રમાણે રૂપ વિગેરેમાં પણ જાણવું. તે સંબંધી સનતકુમારનું દૃષ્ટાંત જાણવું.

અથવા પાંચ અતિચારને પણ તું જે પૂર્વે કર્યા હોય, તેને નિંદ અને થતાને રોક અને આવતાને અટકાવ, કેવી રીતે ? તે કહે છે. ત્રણ કાળને જાણનાર તે મુનિ છે, અને મુનિનું મૌન તે સંયમ છે, અથવા મુનિનો ભાવ તે મૌન અને વચનનું સંયમ છે, અને તે પ્રમાણે કાયા અને મનનું પણ જાણવું તે મન વચન અને કાયાના સંયમને આદરી ને કર્મ શરીર, અથવા ઔદારિક વિગેરે શરીરને આત્માથી જુદું કર, અર્થાત્ તેનો મમત્વ મૂક, તે મમત્વ કેવી રીતે મૂકાય ? તે કહે છે. પ્રાન્ત એટલે રસ રહીત તથા ઘી વિગેરેથી રહીત લુખ્ખું ભોજન કર, અથવા દ્રવ્યથી અને ભાવથી પ્રાન્ત એટલે વિગત ધુમ તે ગોચરી કરતાં દ્વેષ ન કરવો, તથા રૂક્ષ ભાવ એટલે સારી ગોચરીમાં રાગ ન કરવો, તે અંગાર દોષ રહીત, વીર સાધુઓ ગોચરી કરે છે, તે સાધુઓ, સમત્વ દર્શી છે. તે રાગદ્વેષ રહીત છે, અથવા સમ્યકત્વ દર્શી છે, એટલે પરમાર્થ દૃષ્ટિવાલા છે. તેઓ જાણે છે. કે આ શરીર કૃતઘ્ન છે; નિરૂપકારી છે. એના માટે પ્રાણીઓ આલોક પરલોકમાં કલેશ કરી દુઃખ ભોગવનારા છે. (અને અનેક આ દેશમાં એક આ દેશ છે) તેથી રસ રહીન લુખ્ખું ખાનારો તથા સમદર્શી કર્માદિ

શરીર છોડીને ભાવથી ભવ ઓઘને તરે છે. તે ઉત્તમ ક્રિયા કરતાં ભવ ઓઘને તરે છે. અને જે બાહ્ય અભ્યંતર પરિગ્રહથી રહીત છે. તે મુક્ત છે. એટલે જે નિર્મળ ભાવથી શબ્દાદિ વિષયનો રાગ ત્યજે તે વિરત છે, અને મુક્તપણે તથા વિરતપણે જે વિખ્યાત છે, તેજ મુનિ ભવ ઓઘને તરે છે, અથવા તે તર્યો છે, એમ જાણવું જે મુનિ આ પ્રમાણે મુકત અને વિરત પણાથી વિખ્યાત ન થયો, તે કેવો દુઃખી થશે તે બતાવે છે.

**दुव्वसुमुणी अणाणाए, तुच्छए गिलाइ वत्तए, एस वीरे पसंसिए, अच्चेइ लोयसंजोगं एस नाए पवुच्चइ** (सूत्र. १००)

વસુ દ્રવ્ય છે. અને ભવ્ય અર્થમાં ઉત્પન્ન કર્યું છે. તે મોક્ષ રૂપી ભવ્ય દ્રવ્ય છે. એટલે મુકિત ગમન યોગ્ય જે દ્રવ્ય તે વસુ છે, અને ખરાબ માર્ગે વપરાય તે દુર્વસુ છે. એટલે દુરૂપયોગ કરનાર જે મુનિ છે. તે મોક્ષ ગમનને અયોગ્ય છે. (અર્થાત્ તે સંયમ રૂપ વસુને ખોટે માર્ગે લે છે, તેથી તેનો મોક્ષ ન થાય.) આમ શાથી થાય? તે કહે છે. તીર્થંકરના ઉપદેશથી શૂન્ય બની સ્વેચ્છાચારી બને છે.

પ્રશ્ન—શાથી તે સ્વછંદી બને છે.?

ઉત્તર—પ્રથમ કહેલા ઉદ્દેશામાં બતાવ્યું છે. તે સઘળું અહી જાણવું, તે આ પ્રમાણે છે. મિથ્યાત્વથી મોહીત લોક છે. તેમાં તત્વ સમજવું દુર્લભ છે અને વ્રતોમાં આત્માને

રોકવો તે કઠણ છે. અને રતિ અરતિને દાબવી તથા પાંચ ઇંદ્રિયના વિષયમાં ઇષ્ટ અનિષ્ટમાં સમભાવ ભાવવો તથા પ્રાન્ત (નિરસ) તથા લુખ્ખો આહાર કરવો. આવી તીર્થંકરની આજ્ઞા તલવારની ધાર ઉપર ચાલવા માફક પાળવી કઠણ છે. તથા અનુકૂળ પ્રતિકૂળ જુદા જુદા ઉપસર્ગો સહેવા કઠણ છે. અને તે ન સહેવાનું કારણ અનાદિ અતીત કાળ સુખની ભાવના જીવને છે. તે સ્વભાવથી દુઃખમાં બીકણ અને સુખનો પ્રિય બનીને વીતરાગની આજ્ઞાને પાળતો નથી. તેમાં દુઃખ માને છે. કારણ કે આજ્ઞા સહન કરવાની છે. સુખ કે દુઃખમાં સમભાવ રાખવાનો છે, તે ભૂલી પરવશ બની તુચ્છ એટલે, પાપના ઉદયથી, દ્રવ્યથી, નિર્ધન અથવા, ઘટ અથવા જળ વિગેરેથી રહિત બને છે. ( પીવાને પાણી પણ મળતું નથી. ) તથા ભાવથી રિક્ત એટલે જ્ઞાનદર્શન-ચારિત્ર તેને મળતું નથી; એટલે, તે મૂર્ખ સાધુને કોઈએ પ્રશ્ન કરતાં જવાબ આપવામાં અશક્ત હોવાથી બોલવાને શરમ આવે છે, અથવા, જ્ઞાનવાળો છતાં, ચારિત્રભ્રષ્ટ હોવાથી; ખરૂં બોલતાં પોતાની પૂજા નહીં થાય; માટે શુદ્ધ માર્ગ કહેવાના અવસરે બોલતાં શરમાય છે. પોતે પરિગ્રહ રાખે; ત્યારે કોઇ પૂછે કે, સાધુને ધન રાખવું કલ્પે ? ત્યારે પોતે કહે કેઃ—ધન રાખવામાં દોષ નથી; એવું ખોટું પણ બોલે. જે કષાયરૂપી-મહાવિષનો

ટાળનાર ભગવાનની આજ્ઞા પાળનાર તે 'સુવસુ' મુનિ છે, તે જ્ઞાનથી ભરેલો પ્રભુના કહેલા માર્ગને બતાવનારો કર્મને વિદારવાથી વીર બનેલો ઉત્તમ પુરૂષોએ પ્રશંસેલો છે. (જે આજ્ઞા પાળે; તે પ્રશંસા તથા સદ્‌ગતિને પામે; અને જે આજ્ઞા ન પાળે; તે અપમાન અને દુર્ગતિ પામે.).

વળી "અચ્ચેઇ" ભગવાનની આજ્ઞાને અનુસરનારો વીરપુરૂષ અસંયત લોકથી જે મમત્વ થાય તેને ત્યજે છે, તે લોક બે પ્રકારના છે. એટલે, બાહ્ય, ધન, સોનું, માતાપિતા વિગેરેમાં મમત્વ થાય છે, તે તથા હૃદયમાં રાગદ્વેષ વિગેરે અથવા તેનાથી બંધાતાં આઠ પ્રકારનાં કર્મ, તે અભ્યંતર લોક (મમત્વ) છે તેનો સંયોગ ઉલ્લંઘે છે. અર્થાત મમત્વ ત્યાગે છે.

જો, એમ છે તો, શું કરવું? તે કહે છેઃ—જે આ લોકના મમત્વનું ઉલ્લંઘન છે, તે સારો માર્ગ એટલે, મોક્ષાભિલાષિઓનો આચાર છે, તે કહે છેઃ—અથવા 'પરં" તે આત્મા છે, તેને મોક્ષમાં લઇ જાય છે, તે "નાય" (માગધી સૂત્ર પ્રમાણે) છે તેનો અર્થ આ છે. કે જે, લોકનો સંયોગ ત્યજે; તેજ શ્રેષ્ઠ આત્માના મોક્ષનો ન્યાય છે. સદ્-ઉપદેશથી મોક્ષ મેળવનારો કહેવાય છે.

એમ હો; પણ, તે ઉપદેશ કેવો છે તે કહે છેઃ—

**जं दुक्खं पवेइयं इह माणवाणं, तस्स दुक्खस्स**

कुसला परिन्नमु दाहरंति, इइ कम्मं परिन्नाय, सव्वसो जेअणन्न दंसी, से अणन्ना रामे, जे अणण्णारामे, से अणन्नदंसि, जहा पुण्णस्स कत्थइ तहा तुच्छस्स कत्थइ, जहा तुच्छस्स कत्थइ तहा पुण्णस्स कत्थइ (सूत्र. १०१)

જે દુઃખ અથવા દુઃખનું કારણ અથવા, લોકના મમત્વથી બંધાતું કર્મ તીર્થંકરોએ બતાવ્યું છે કે, આ સંસારમાં જીવોને આવાં આવાં દુઃખો છે, તે દુઃખને અથવા તેનાં કર્મને ધર્મ કથાની લબ્ધિ પ્રાપ્ત કરેલા જૈન તથા જૈનેતર મતના જાણ ગીતાર્થ યોગ્ય વિહાર કરનારા; બોલે તેવું પાળનારા, નિદ્રા જીતેલા; ઇંદ્રયો વશ રાખનારા દેશકાળ, વિગેરેનું સ્વરૂપ જાણનારા; ઉત્તમ ગુણોવાળા સાધુઓ વિગેરે આવી પરિજ્ઞા બતાવે છે કે, દુઃખોનું મૂળ કારણ તથા, તેનું રોકાવાનું કારણ આ પ્રમાણે છે. તે જાણીને જ્ઞ-પરિજ્ઞાવડે પ્રત્યાખ્યાન પરિજ્ઞાવડે પાપને ત્યાગે છે. વળી, ઉપર દુઃખ થવાનો વિચાર વિગેરે મનુષ્ય તથા, બીજા જીવોનું કહ્યું તે દુઃખ જાણવાની તથા, દુઃખનું મૂળ પાપ ત્યાગવાની બે પ્રકારની પરિજ્ઞા-ગીતાર્થ સાધુઓએ બતાવી. તે પરિજ્ઞા કરીને તથા, પાપનાં મૂળ આશ્રદ્વાર જાણીને છોડવાં તે કહે છેઃ—

જ્ઞાનનું શત્રુપણું (ભણનારને વિઘ્ન કરવું) વિગેરે કરવાથી જ્ઞાનાવરણીય કર્મ બંધાય છે. તેમ આઠે કર્મ

સંબંધી જાણીને પ્રત્યાખ્યાન પરિજ્ઞા વડે પાપ છોડીને તેના આશ્રવદ્વારમાં મન-વચન-કાયાથી-કરવા-કરાવવા તથા અનુમોદવા વડે પોતે ન વર્ત્તે, અથવા સર્વથા જાણીને કહે છે. સર્વથા 'પરિજ્ઞાન' તે કેવળીને ગણધરને અથવા ચૌદ પૂર્વે સાધુને છે.

અથવા સર્વથા "કહે છે" એટલે આક્ષેપણિ વિગેરે ચાર પ્રકારની ધર્મ કથા છે તે ટીપણામાં નીચે મુજબ છે.

स्थाप्यते हेतु दृष्टान्तैः स्वमतं यत्र पण्डितैः ।
स्याद्वाद ध्वनिसंयुक्तं सा कथाऽऽक्षेपणी मता ॥१॥

હેતુ અને દૃષ્ટાંત વડે પંડિતો જેમાં સ્યાદ્વાદ વાદને અનુસરી જે વચન બોલે, તે વચન યુક્ત જે કથા તે આક્ષેપણી છે.

मिथ्या दृशां मतं यत्र, पूर्वा पराविरोधकृत् ।
तन्निराक्रियते सद्भिः सा च विक्षे पणीमता ॥२॥

મિથ્યા દૃષ્ટિઓના મતને તેમનો પૂર્વ અપર વિરોધ બતાવી ઉત્તમ પુરૂષો તેનો નિષેધ કરે, તે કથા વિક્ષેપણી છે.

यस्याः श्रवण मात्रेण, भवेन्मो क्षाभिलाषिता ॥
भव्यानां सा च विद्वद्भिः प्रोक्ता संवेदनी कथा ॥३॥

જેના સાંભળવા માત્રથી ભવ્ય પુરૂષોને મોક્ષની અભિ-

લાષા થાય, તેવી વિદ્વાનોની કહેલી કથાને સંવેદની કથા કહે છે.

**यत्र संसारभोगाङ्ग, स्थितिलक्षणवर्णनम् ।**
**वैराग्य कारणं भव्यैः सोक्ता निर्वेदनी कथा ॥४॥**

જે સંસાર ભોગના અંગોની સ્થિતિના લક્ષણનું વર્ણન છે અને વૈરાગ્યનું કારણ છે તેવી કથાને ભવ્ય પુરૂષો કહે છે તે નિર્વેદની કથા જાણવી.

તે કથા કેવી છે. તે કહે છે બીજું એટલે જૈન સિવાયનું જે તત્વ તેને માને તે અન્યદર્શી-તથા ન અન્યદર્શી તે યથા યોગ્ય પદાર્થ જાણનારો સમ્યક્ દષ્ટિ જિન વચન માનનારો ગીતાર્થ સાધુ છે તે મોક્ષ સીવાય બીજા માર્ગમાં રમતો નથી.

હેતુ અને હેતુવાળા-ભાવવડે સૂત્રને જોડવા કહે છે કે જે ભગવાનના ઉપદેશથી અન્ય સ્થાનમાં રમણતા ન કરનારો તે અનન્ય દર્શી છે અને જે અનન્ય દર્શી છે તે બીજે રમે નહી કહ્યું છે કે—

**" शिवमस्तु कुशास्त्राणां वैशेषिकषष्टि तंत्र बौद्धानाम् ।**
**येषां दुर्विहितत्वाद्भग,वत्यनुरज्यते चेतः ॥१॥"**

કુશાસ્ત્રો જે, " વૈશેષિકષષ્ટિતંત્ર " તથા, બૌદ્ધનાં રચેલાં

છે, તેમનું પણ ભલું થાઓ; કારણકે, તેમનામાં વિસંવાદ જોઈને જિનેશ્વરના વચનમાં અમારૂં મન રંજીત થાય છે.

આ પ્રમાણે સમ્યકૃત્વનું સ્વરૂપ કહેલ છે, તે કહેનાર રાગદ્વેષ દૂર કરનારો થાય છે તે બતાવે છે.

जहा पुण्णस्स. વિગેરે.

તીર્થંકર, ગણધર, આચાર્ય વિગેરે જે પ્રકારે ઇંદ્ર ચક્રવર્ત્તી માંડલીક રાજા વિગેરે પુન્યવાન–જીવને ઉપદેશ કરે છે. તેજ પ્રમાણે કઠીયારા વિગેરે તુચ્છ જીવોને પણ ઉપદેશ કરે છે. (બંનેમાં તેમનો સમભાવ છે,) અથવા પૂર્ણ તે જાતિ, કુળ, રૂપ, વિગેરેથી પુણ્યવાન છે, અને નીચ જાતિ કુરૂપવાળો તે તુચ્છ છે, અથવા, વિજ્ઞાનવાળો પૂર્ણ તથા, અન્ય સામાન્ય બુદ્ધિવાળો તુચ્છ છે, તે દરેકને ઉત્તમ પુરૂષો સમાનભાવે ઉપદેશ કરે છે. કહ્યું છે કે:—

"ज्ञानैश्वर्यधनोपेतो, जात्यन्वय बलान्वितः ।
तेजस्वी मतिमान् ख्यातः पूर्णस्तुच्छो विपर्ययात् ॥१॥

જ્ઞાન, ઐશ્વર્ય અને ધનવાળો, તથા જાતિવંશ, તથા બળવાળો, તેજસ્વી, બુદ્ધિમાન પ્રખ્યાત એ ગુણવાળો પૂર્ણ કહેવાય; અને તેથી રહિત તે તુચ્છ કહેવાય. આનો પરમાર્થ આ છે કે, સાધુઓ, ભીક્ષુક વિગેરેને તેના કલ્યાણ માટે સ્વાર્થ રાખ્યા વિના ઉપદેશ કરે છે. તેજ પ્રમાણે ચક્રવર્ત્તી વિગેરેને પણ ઉપદેશ કરે છે.

અથવા ચક્રવર્તી વિગેરેને સંસારથી પાર ઊતારવાના હેતુને જેવા આદરથી કહે છે, તેજ પ્રમાણે ભીક્ષુકને પણ કહે છે. આ વાકયથી સાધુમાં "નિરીહતા" ( નિસ્પૃહતા ) બતાવી.

પણ એવો નિયમ નથી કે, બધાને એક સરખી રીતે કહેવું; પણ જેમ જેને બોધ લાગે તેમ તેને કહેવું; એટલે, બુદ્ધિમાનને સમજાવવું હોય તો, સૂક્ષ્મ વાત કહેવી; અને સામાન્ય બુદ્ધિગાળાને સાદી વાત કહેવી; તથા રાજાને કહેતાં તેના અભિપ્રાયને અનુસરીને કહેવું; એટલે, ઊપદેશકે વિચારવું કે, આ રાજા અન્ય દર્શનના આગ્રહવાળો છે કે, મધ્યસ્થ બુધ્ધિવાળો છે કે સંશયવાળો છે ? કે, સંશયરહિત છે ? તથા આગ્રહવાળો છતાં, કુથીર્થિઓએ કદાગ્રહવાળો બનાવ્યો છે કે, પોતે કદાગ્રહી છે ? જો, એવો હોય; તો, તેને આ પ્રમાણે કહેતો ક્રોધ થાય. જેમકે:—

"दशसूना समश्चक्री, दशचक्रिसमो ध्वजः
दशध्वजासमो वेश्या, दशवेश्या समो नृपः ॥१॥"

દશસૂના (             ) સમાન ચક્રી છે, અને દશચક્રી સમાન ધ્વજ છે. (             ) છે, અને દશધ્વજ સમાન વેશ્યા છે. અને દશ વેશ્યા જેવો એક રાજા છે. માટે ( આટે આવું ન બોલવું. ) તેની ભક્તિ રૂદ્ર, વિગેરે દેવતા ઉપર હોય; તો, તેનું ચરિત્ર કહેતાં તેને તેના પાપના

ઉદયથી સત્ય કહેતાં પણ, મોહ ઉત્પન્ન થતાં દ્વેષી થાય; અને દ્વેષી થઇને શું કરે તે પણ કહે છેઃ—

**अवि य हणे अणाइयमाणे, इत्थंपि जाण सेयंति नत्थि, केयं पुरिसे कं च नए? एस वीरे पसंसिए, जे बद्धे पडियमोयए, उड्ढं अहं तिरियं दिसासु से सव्वओ सव्व परिन्नाचारी, न लिप्पई छण पएण वीरे से मेहावी अणुग्घायण खेयन्ने जे य बन्ध पमुक्ख मन्नेसी कुसले पण नो बद्धो नो मुक्के। (सू. १०२)**

ક્રોધાયમાન થયલો રાજા વાચાથી અપમાન કરે; અને તેનું ગાયું ન ગાવાથી વખતે મારવા પણ તૈયાર થાય; એટલે, લાકડી-ચાબકાથી સાધુને મારે. કહ્યું છે કેઃ—

**"तत्थेव य निट्ठवणं बंधण निच्छुभण कडगमद्दो वा।**
**निव्विसयं व नरिंदो। करेज्ज संघं पि सो कुद्धो ॥१॥"**

ક્રોધામાન થયલો નિષ્ઠાપન (          ) કરે; બંધન કરે; દેશનીકાલ કરે; સેના પાસે માર મરાવે; અથવા, પોતાનાં રાજ્યમાં આવતાં બંધ કરે અથવા સંઘને પણ દુઃખ આપે; તે પ્રમાણે, તચ્ચનિક (          નો) ઉપાસક-નંદબળની કથાથી એટલે, બુદ્ધની ઉત્પત્તિના કથાનકથી; ભાગવત મતનો ભલ્લિગ્રાહનાં દૃષ્ટાંતથી રૌદ્ર-

મતનો પેઢાલનો પુત્ર સત્યકી ઊમાના દષ્ટાંતને સાંભળવાથી દ્વેષી થાય છે. (બીજા મતના ગુણો ન જોતાં ઇર્ષારૂપે-કથાઓ જોડી કાઢેલ છે, તેવી કથા કહેતાં બીજા મતવાળાને ક્રોધ થાય છે. માટે, બને ત્યાંસુધી ગુણપ્રાપ્તિનીજ કથા કરવી;) અથવા- ભીખારી કાણોકુંટ (હાથપગની ખોડવાળો) તેને ઊદ્દેશીને ધર્મફળના ઊપદેશરૂપ-કથા કહેતાં તેને ક્રોધ થાય. આ પ્રમાણે, વિધિ ન જાણનારો કથા કહે; તો, તેને બાધા (પીડા) થાય છે, તથા તેમાં પરલોકનો પણ કંઇ લાભ નથી વિગેરે જાણવું. જોકે, સુમુક્ષુને ધર્મકથાપરના હીત માટે કહેતાં પુન્ય છે, પણ જો, કહેનાર સભાને ન ઓળખે; અને દ્વેષનું વચન બોલે; તો, તેને શાસ્ત્રકારે પુન્ય બતાવ્યું નથી.

અથવા રાજાનું અપમાન થતાં ધર્મકથા કહેનાર સાધુને હણે; એટલે, રાજા પશુવધનો યજ્ઞ કરે; તથા, શ્રાદ્ધ, હોમ, વિગેરે કરે; તેમાં, ધર્મ માનતો હોય; તે સમયે ધર્મકથા કહેનાર સાધુ રાજાના સાંભળતાં કહે કેઃ—તેમાં ધર્મ નથી; તો, રાજા ક્રોધી થઇને દુઃખ આપે.

અથવા, જે જે અવિધિએ કહે; તેમાં પણ સાધુને શ્રેય નથી. તે બતાવે છે.

સાક્ષર પંડિતની સભામાં પક્ષહેતુ દષ્ટાંત વિગેરે છોડીને પ્રાકૃત ભાષામાં કહેવું તે અનુચિત છે, તથા મૂર્ખાની સભામાં

તત્ત્વ સમજાવવા જવું; તે પણ અનુચિત છે. એજ પ્રમાણે કંઇપણ અનુચિત કાર્ય કરતો સાધુ જૈનધર્મની હીલનાજ કરે છે, અને તેને પાપનોજ બંધ છે, તેનું કલ્યાણ થવાનું નથી; માટે, તેવા વિધિ ન જાણનારા પુરૂષે મૌન ધારણ કરવું વધારે સારૂં છે. ( કે બીજાને ક્રોધ ઉત્પન્ન કરી અશુભકર્મ પોતે ન બાંધે. ) કહ્યુ છે કે:—

**"सावज्जणवज्जाणं, वयणाणं जो न याणइ विसेसं ।**
**वुत्तुंपि तस्स न खमं, किमंग पुण देसणं काउं ॥१॥"**

જેને સાવદ્ય, અને નિર્વદ્ય વચનનું જાણપણું નથી; તેને બોલવાનો પણ અધિકાર નથી. તો, તેને ઉપદેશ આપવાનો અધિકાર ક્યાંથી હોય ? આ પ્રમાણે છે. તો, ધર્મ-કથા કેવીરીતે કરવી તે કહે છે:—જે, પોતાની ઇંદ્રિયોને વશમાં રાખનારો છે, વિષય વિષનો વેરી છે, સંસારથી ઉદ્વેગ મનવાળો છે, અને વૈરાગ્યથી જેનું હૃદય ખેંચાયલું છે, તેવો માણુસ ધર્મને પૂછે; તો, તે સમયે આચાર્ય વિગેરે ધર્મકથા કહેનારે વિચારવું કે, આ પુરૂષ કેવો છે ? મિથ્યા-દૃષ્ટિ છે કે ભદ્રક છે ? અથવા, કેવા આશયથી પૂછે છે ? એનો ઇષ્ટદેવ કયો છે ? એણે કયો મત માન્યો છે ? વિગેરે વિચારીને યોગ્ય ઉત્તર સમય ઊચિત કહેવો તે બતાવે છે.

એનો સાર આ છે કે ધર્મ કથાની વિધિ જાણનારે પોતે આત્મામાં પરિપુર્ણ હોય તે સાંભળનારનો વિચાર કરે

કે દ્રવ્યથી તે કેવો છે. તથા આક્ષેત્ર કેવું છે? જેમાં તચ્ચનિક (               ) ભાગવત અથવા બીજા મત વાલે અથવા પતિત સાધુએ અથવા ઉત્કૃષ્ટ સાધુઓએ આ ક્ષેત્રને કેવા રૂપમાં બનાવ્યું છે. અને કાળ તે સુકાળ છે કે દુકાળ છે. અથવા વસ્તુ મળે તેમ છે કે નહીં. અને ભાવથી જોવું કે પૂછનાર માણસ મધ્યસ્થ ભાવવાળો છે. કે રાગી દ્વેષી છે, વિગેરે વિચારીને જેમ તે બોધ પામે, તેવી ધર્મ કથા કરવી. ઉપરના ગુણવાળો માણસ ધર્મ કથા કરવાને યોગ્ય છે. બીજાને અધિકાર નથી. કહ્યું છે કે—

"जो हेउवायपक्खंमि, हेउओ आगमम्मि आगमिओ।
सो ससमयपण्णवओ सिद्धंत विराहओ अण्णो॥१॥"

જે હેતુવાદ પક્ષમાં હેતુને બતાવનાર છે. આગમમાં આગમ બતાવનાર છે. તે સ્વસમયનો પ્રજ્ઞાપક (ઉન્નતિ કરનાર) અને બીજો સિદ્ધાંતનો વિરાધક છે. (જો પૂછનાર હેતુ માગે તો હેતુ બતાવે અને યુક્તિથી સિદ્ધ કરે અને આગમ પ્રમાણ માગે તો આગમ બતાવે તે બંનેનો જાણનારો બીજાને ધર્મ કથા કહે તે યોગ્ય છે.)

જે ઉપર પ્રમાણે ધર્મ કથાની વિધિને જાણનારો છે. તે પ્રશસ્ત છે, અને જે પુન્યવાન અને પુન્યહિનને ધર્મ કથામાં સમદૃષ્ટિની વિધિએ જાણે છે. તથા સાંભળનારનો વિવેક કરી શકે. તેવા ગુણવાળો કર્મને વિદારણ કરનાર

વીર સાધુ, ઉત્તમ પુરૂષોથી વખાણાએલો છે. વળી તેનું વર્ણન કરે છે.

## જે બદ્ધે વિગેરે.

તે આઠ પ્રકારના કર્મ વડે અથવા સ્નેહ રૂપ સાંકળ વિગેરેથી બંધાએલા પ્રાણીઓને ધર્મ કથા સંભળાવવા, વિગેરેથી મુકાવનારો થાય તેજ તીર્થંકર ગણધર અથવા આચાર્ય વિગેરે ઉપર કહેલી ધર્મ કથાની વિધિ જાણનારો છે.

તે કયે સ્થાને રહેલા જીવોને મુકાવે છે? તે કહે છે. ઉંચે રહેલા જ્યોતિષી વિગેરેને તથા નીચે ભવન પતિ વિગેરેને તથા તિર્યંચ તથા મનુષ્યને બોધ આપે છે. (દેવતાના જીવો સમ્યક્ત્વ પામે અને તિર્યંચ પંચેંદ્રિય ચારિત્રનો થોડો ભાગ અને મનુષ્ય પુર્ણ ચારિત્ર પણ પામે.)

વળી તે વીર પુરૂષ બીજાને મુકાવનારો હમેશાં બંને પરિજ્ઞાએ પોતે ચાલે છે, એટલે, સર્વોત્તમ જ્ઞાને યુક્ત છે, અને સર્વ સંવર ચારિત્ર પાળનાર છે, તે પોતે જે ગુણોને મેળવે છે તે કહે છેઃ—

પોતે હિંસાથી થતાં પાપે લેપાતો નથી; (એટલે કોઈની હિંસા કરતો નથી.) (ક્ષણનો અર્થ હિંસા કર્યો છે,) તે મેધાવી (બુદ્ધિમાન) પણ છે, એટલે, જેનાવડે જીવો ચાર ગતિમાં ભમે તે અણ (કર્મ) છે, તેનો ઘાત કરે; તે ખેદને જાણનારો નિપુણ મુનિ છે. એટલે, તે કર્મ

ક્ષય કરવાનો ઉદ્યમ કરનારા મોક્ષાભિલાષીઓને કર્મ ક્ષય કરવાની વિધિ બતાવનાર પણ છે, તે મેધાવી, કુશળ, વીર મુનિ છે, તથા, જે પ્રકૃતિ, સ્થિતિ, રસ, પ્રદેશ. એમ ચાર પ્રકારનાં બંધનોથી મોક્ષ કરાવે; અથવા, તેનો ઉપાય બતાવે; તે 'અન્વેષિ' પણ છે, (તે પુર્વનાં વાકય સાથે જોડવું;) એટલે, જે જીવ હત્યાને દુર કરે; ખેદને જાણે; તે મૂળ ઉત્તર પ્રકૃતિના ભેદોવડે ભિન્ન, તથા યોગનિમિત્તે આવતી કર્મપ્રકૃતિ, તથા, કષાય-સ્થિતિવાળી કર્મની બંધાતી અવસ્થાને જાણે છે. બાંધવું; સ્પર્શ કરવો; નિધત્ત કરવું। નિકાચિત કરવું. આ કર્મ પરિણામને આશ્રયી બંધાય છે, અને સારા ભાવથી તેનો નાશ થાય છે, એ બંનેને તે જાણે છે.

પ્રશ્નઃ—આ ફરીથી કેમ કહ્યું?

ઉત્તરઃ—પુનરૂક્ત દોષ લાગતો નથી; કારણકે, એનાવડે કર્મ છોડવાનું બતાવ્યું છે.

પ્રશ્નઃ—ઉપર બતાવેલા ગુણોવાળો સાધુ છદ્મસ્થ કહેવો કે, કેવળી કહેવો?

ઉત્તરઃ—ઉપરનાં વિશેષણ કેવળી સાધુને ન ઘટે; માટે, છદ્મસ્થ લેવો; તો કેવળીની શી વાત.

પ્રશ્નઃ—કુશલ સાધુના કેવા ગુણો હોવા જોઇએ?

ઉત્તરઃ—કુશળ એટલે, જેણે ઘાતિકર્મનો સંપૂર્ણ ક્ષય કર્યો છે, તે તીર્થંકર અથવા, સામાન્ય કેવળી છે.

અને છદ્મસ્થ—ઘાતિકર્મથી બંધાયલો મોક્ષાર્થિ, તથા, તેના ઉપાયને શોધનારો છે, અને કેવળી પોતે ઘાતિકર્મનો ક્ષય થવાથી પોતે કર્મથી બંધાયલો નથી; પણ, અઘાતિ ચાર કર્મ જે ભવ ઉપગ્રહીક છે, તે તેને હોવાથી પોતે મુક્ત પણ નથી; અથવા, તેવા ગુણીને છદ્મસ્થજ કહીએ કહીએ છીએ. કે, 'કુશળ' તે, જેણે જ્ઞાનદર્શન—ચારિત્ર મેળવેલું છે, તથા મિથ્યાત્વ, અને બાર કષાયોનો ઉપશમ કરેલો હોવાથી; તેને ઉદયમાં ન હોવાથી તે 'બંધ' ન કહેવાય. આ પ્રમાણે, ગુણવાન સાધુ કુશળ હોય; પછી, તે કેવળી હોય કે, છદ્મસ્થ હોય; પણ, તે સાધુના આચારને પાળતો હોવો જોઇએ. જેમ, સાધુ માટે કહ્યું; તેમ, બીજા મોક્ષાભિલાષીએ પણ વર્ત્તવું તે બતાવે છે.

**से जं च आरभे जं नारभे, अणारद्धं च न आरभे, छणं छणं परिण्णाय लोगसन्नं च सव्वसो (सू. १०३)**

જે સંયમ અનુષ્ઠાનને સંપુર્ણ કર્મક્ષય માટે આદરે; તે મિથ્યાત્વ અવિરતિ વિગેરે સંસારનાં કારણને ન આરંભે; એટલે, સાધુ પણું આરાધે; અને સંસારીપણું છોડે; એટલે, અઢારે પ્રકારનાં પાપો વિગેરે જે એકાંતથી દુર કરવાનાં છે, તેવાં પાપો છોડીને સંયમ અનુષ્ઠાનને કરી ને મોક્ષ પામે; અને કેવળી, અથવા, ઉત્તમ સાધુઓએ જેને અનાચીર્ણ કહ્યું;

તે પોતે ન કરે; અને મોક્ષ અનુષ્ઠાન કરે. વળી, જિનેશ્વરે જે ત્યાગવા યોગ્ય કહ્યું; તેમાં, મુખ્યત્વે હિંસા છે. તે હિંસાનાં કારણને જાણીને સાધુ તેને છોડે. જ્ઞ-પરિજ્ઞાએ જાણે; અને પ્રત્યાખ્યાન પરિજ્ઞાએ ત્યાગે; અથવા, ક્ષણનો અર્થ હિંસાને બદલે સમય લઈએ; તો, સમયને જાણીને તે કાળે તે કામ કરે.

વળી લોક જે ગૃહસ્થો છે, તેમને સુખની અભિલાષા છે, અથવા, તે કારણે તેને પરિગ્રહની સંજ્ઞા છે, તેવી સંસારી-વાસનાને સાધુ છોડે, તે મન, વચન, કાયાથી પોતે ન કરે, ન કરાવે; ન અનુમોદે; તેથી કહ્યું કે:—ઉપરના ગુણવાળો ધર્મકથા-વિધિ જાણનારો, બંધાયલા ને મુકાવનારો કર્મને છેદવામાં કુશળ, અને બંધ-મોક્ષની ખોળ કરનારો સુમાર્ગે ચાલનારો, કુમાર્ગને સમજી અઢાર પાપને રોકનારો, સંસારી-લોકની સ્થિતિ જાણનારો જે મુનિ છે, તેને શું થાય તે બતાવે છે.

**उद्देसो पासगस्स नत्थि, बाले पुणे निहे कामे; समणुन्ने असमिय दुक्खे दुक्खी, दुक्खाणमेव आवट्टं अणुपरियट्टइ, (सू. १०४) त्तिबेमि लोक विजया-ध्ययनम् ॥२॥**

જે પરમાર્થથી જોનારો છે, તેને ત્રીજા ઉદ્દેશાથી લઈને આ ઉદ્દેશાના છેડા સુધી જે દોષ બતાવ્યા; જેમાંથી નારકાદિ ગતિ ભોગવવી પડે; તે ઉદ્દેશો છે, તે ગીતાર્થ સાધુને ન હોય;

તથા બાળ ( મૂર્ખ ) સંસાર પ્રેમી હોય; તે સ્નેહ કરીને કામની ઇચ્છાથી દુઃખના આવર્ત્તમાંજ વારંવાર વર્ત્તે છે. એવું હું કહું છું. ( ટીકાના શ્લોક ૨૫૦૦ છે. ) છઠ્ઠો ઉદ્દેશો સમાપ્ત થયો. સૂત્ર અનુગમ તથા સૂત્રા લાપક નિષ્પન્ન નિક્ષેપો સૂત્રને સ્પર્શ કરનારી નિર્યુક્તિ સહીત પૂરો થયો, નયોનું વર્ણન બીજે સ્થળે કહ્યું છે. અહી સંક્ષેપમાં જ્ઞાન ક્રિનાનું પ્રધાનપણું જાણવું. તેમાં પણ પોતે જ્ઞાનવાળો જ્ઞાનને એકાંત ખેંચે અને ક્રિયા ઉડાવે અથવા ક્રિયાવાળો ક્રિયાને પકડી રાખે તો તે મિથ્યાત્વી છે. શિષ્યને એમ કહ્યું કે તમારે બંનેને અપેક્ષા પૂર્વક સમજીને બંનેને આરાધવાં ૐ શાંતિ.

લોક વિજય નામનું બીજું અધ્યયન સમાપ્ત થયું.

આ સૂત્રનો ત્રીજો ભાગ તૈયાર થાય છે—

સમાપ્ત.